


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

-૨૦૨૦
૨૮-૨-૬૭

મારા પરમ પૂજ્ય પિતાશ્રી
સ્વ. સકરચંદ ચુનીલાલ

મારા પરમ પૂજ્ય કાકાશ્રી
સ્વ. ડાહ્યાભાઈ ચૂનીલાલ
સ્વ. શનાભાઈ ચૂનીલાલ
તેમજ

અમારા સમગ્ર કુટુંબની ઈચ્છાને માન આપીને
પરમપૂજ્ય સ્વ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત
માનનીય શ્રી કૈલાસસાગર સૂરિશ્વરજી મ. સા.નો
દીક્ષા સમારોહ આજથી ૪૬ વર્ષ પૂર્વે અરિહંત દાદાની અસીમ
કૃપા વડે અમારા દલાલ મેન્શનવાળા નિવાસસ્થાને
(હાલમાં રસિલા ભુવન, પાલડી) ઉજવાયો હતો.
તેની સુમંગલ સ્મૃતિમાં આ ગ્રંથ પરમ
પૂજ્ય આચાર્ય ભગવંતને એવી મંગલ
કામના સાથે અર્પણ કરીએ છીએ કે આ
ગ્રંથ "જૈનં જયંતિ શાસનમ્" ની આરાધના
અને સેવા સમર્પણમાં નિમિત્તિરૂપ
બની રહો એવી અભ્યર્થના

સાથે..........

નરેન્દ્રભાઈ સકરચંદ તથા સમગ્ર કુટુંબ પરિવાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

• નિર્દોષ મુનિ

• કારતક સુદ એકમ
વિ. સંવત ૨૦૪૧

• ૨૦૦૦ નકલ

Serving JinShasan
gyanmandir@kobatirth.org

• ૨૧૦ + ૧૨ પૃષ્ઠ

• પ્રકાશક
શ્રી સીમન્ધર સ્વામિ જિન
મંદિર ખાતુ, મહેસાણા.

• કિંમત ૧૦-૦૦

• મુદ્રક
પદ્મ પ્રિન્ટર્સ
અમદાવાદ.
ફોન : ૨૫૪૪૬

# સં મ ર્પ ણ

— મારા જીવનરૂપી ઉદ્યાનને નવપલ્લવિત કરનાર પરમ તારક ગુરુદેવ શ્રીશ્રીશ્રી ૧૦૦૮ શ્રીમત્ કૈલાસસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ !

— આપશ્રીએ મારા ઉપર અમીદૃષ્ટિ વરસાવી મારા જીવનને નવપલ્લવિત કર્યાં છે.

— મારા આત્મારૂપી બાગમાં વ્રતારોપણ રૂપી બીજારોપણ તથા વાણીરૂપી પાણીનું સિંચન કરી મારા જીવનને અંશતઃ પણ મુનિભાવ અને મોહજિત રૂપ બનાવી અનહદ ઉપકાર કર્યો છે.

— આપના મારા ઉપર થયેલા આ અનહદ ઉપકારનો બદલો વાળી શકવા તો હું સમર્થ નથી જ છતાં યત્કિંચિત્ ઋણમુક્ત થવાના પ્રયાસરૂપ આ ગ્રંથ આપના કરકમળમાં વિનમ્રભાવે સ-મ-ર્પ-ણ કરી મારા આત્માની યત્કિંચત્ કૃતાર્થતા અનુભવું છું.

લિ.

આપનો ચરણકિંકર

**સંયમસાગરની કોટિશઃ વંદન.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

-શ્રીરસ્તુ-

## ગ્રંથની વિશિષ્ટતા

વિવિધ રસથાળથી ભરપૂર આ પ્રતને સરળ ગુજરાતી ભાષામાં મૂકવા માટે-

વિદ્વન્માન્ય પરમારાધ્યપાદ પરમપૂજ્ય આચાર્ય શ્રીમત્ **કૈલાસસાગર સૂરિશ્વરજી** મહારાજ સાહેબના સં. ૨૦૪૭ **પાલી** (રાજસ્થાન)ના ચાતુર્માસ વખતે તેઓશ્રીના શિષ્ય પરમ પૂજ્ય **સંયમસાગરજી** **(સંયમના સમુદ્ર)** મહારાજ સાહેબે સંયમની સાધના માટે જાણે અંતરમાંથી અપૂર્વ પ્રેરણા જ ન પ્રાપ્ત કરી હોય તેમ આ પ્રતને સહુ રસપૂર્વક વાંચી શકે અને વ્યાખ્યાનમાં પણ ઉપયોગમાં લઈ શકે એ દૃષ્ટિ સામે રાખી આ સુંદર ચરિત્રનો ગુજરાતી અનુવાદ તૈયાર કરી પુસ્તક રૂપે છાપવાની પ્રેરણા આપી આબાલગોપાલમાં ઘણો ઉપકાર કર્યો છે.

આ પુસ્તકમાં આવેલા રસોનો આનંદ તેને વાંચવાથી જ મળી શકે જેથી સુજ્ઞજનોને ખાસ વાંચવા વિનંતિ.

લિ.

**પંડીતશ્રી લહેરચંદ કેસરીચંદ સંઘવી**

અમદાવાદ, ઠે. ઢાલગરવાડ, જૈનચાલી

**છબીલદાસ કેશરીચંદ સંઘવી**

(શેઠશ્રી કેશવલાલ બુલાખીદાસ સંચાલિત શ્રી ભટ્ટીબાઈ સ્યાદ્વાદ સંસ્કૃત પ્રાકૃત પાઠશાળાના પ્રાધાનાધ્યાપક)

દાદાસાહેબની પોળ—**ખંભાત**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust



પ. પૂ. ગુરુદેવ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્
કૈલાસસાગરસૂરીશ્વરજીના ચરણ કમલોમાં
કોટીશઃ કોટી વાર વંદના.

# સ્વ. સકરચંદ ચુનીલાલ શાહ

( વિજાપુરવાળા )



સ્વર્ગવાસ : ૨૪-૫-૧૯૫૯

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# સ્વ. વિમળાબેન સકરચંદ શાહ



જન્મ : વિ. સં. ૧૯૬૮ આસો સુદ-૧૫
સ્વર્ગવાસ : વિ. સં. ૨૦૨૪ ચૈત્ર વદ-૮

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાએ વિચાર્યું કે-મારા પૂર્વજો માથામાં ધોળો વાળ આવતાં પહેલાં જ સંયમ સ્વીકારી આત્મસાધના કરતા હતા હું કેવો પ્રમાદી-અભાગી કે હજુ સુધી સંસારના ભોગવિલાસોમાં રગદોળાઈ રહ્યો છું.

આમ ખૂબખૂબ આત્મચિંતન કરી સાંસારિક ભોગ-વિલાસોને તિલાંજલિ આપી રાજપાટ છોડી દઈ પુત્રને રાજ્ય સોંપી ચારિત્ર લઈ આત્મ સાધના કરવા નીકળી પડયા.

એક વખત આત્મસાધના માટે કાર્યોત્સર્ગ ધ્યાનમાં લીન બનેલા હતા તેવા સંજોગોમાં અગ્નિના તણખા ઉડવાથી તેમનું શરીર દાઝી ગયું. તેથી ગોવાળીયાઓએ ખબર આપતાં તે નગરમાં રહેલાં + કુંચિક નામના શ્રાવક શેઠે ગામમાં લાવી ત્યાં રહેલા બીજા મુનિઓ પાસે **અચ્ચંકારી ભટ્ટ!** ને ત્યાંથી લક્ષપાક તેલ વહોરી લાવી તેનું વિલેપન કરાવી મુનિને સાજા કર્યા.

ત્યારપછી તે મુનિપતિ કુંચિક શેઠના આગ્રહથી કુંચિક શેઠને ત્યાં ચાતુર્માસ રહ્યા. ત્યાં તેમના ઉપર કુંચિક શેઠે પોતાના ઘરની ચોરીનો આરોપ મૂકયો.

---

+ આખાય નગરના ધર્મસ્થાનકોની ચાવીઓ શેઠના ઘેર રહેતી હોવાથી તે શેઠ કુંચિક શેઠ તરીકે પ્રસિદ્ધિને પામ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તો પણ મુનિ ઉદ્વેગ ન પામતાં સમતાભાવમાં રહ્યા તે સંબંધમાં તે બંને—મુનિ તથા શેઠને જુદી જુદી રીતે એક બીજાને સમજાવતાં દૃષ્ટાંતો પરસ્પર કહ્યાં તેમાં એક દૃષ્ટાંત શેઠે તો, તેના ઉપર સમજણ આપતું બીજું મુનિએ, એમ ૧૮ દૃષ્ટાંતો આપ્યાં.

આમ પરસ્પર વાર્તાલાપરૂપે આપેલાં મુખ્ય ૧૮ દૃષ્ટાંતો વાંચકને અતિરસતરબોળ રાખવા સાથે વૈરાગ્યરસનું પોષણ મળે તેવાં આપેલાં હોવાથી ચરિત્ર અતિરસિક બન્યું છે. એ એનાં રચયિતાની ખૂબી છે.

આ દૃષ્ટાંતો રૂપે થયેલા વાર્તાલાપ પછી મુનિ નિષ્કલંક બન્યાં અને કુંચિક શેઠે પણ વૈરાગ્ય પામી ચારિત્ર લીધું અને ગામેગામ વિહાર કરતાં નિરતિચાર ચારિત્ર પાળી અંતે સમાધિપૂર્વક કાળધર્મ પામી પહેલા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા ત્યાંથી મહાવિદેહમાં ઉત્પન્ન થઈ મોક્ષપદને પામશે.

મુનિપતિ મુનિનું ચરિત્ર અદ્‌ભૂત હોઈ અવશ્ય વાંચવા યોગ્ય છે અને તેમાં આવતાં દૃષ્ટાંતો ઘણાં જ રસિક અને અસરકારક હોવાથી ચરિત્ર નાનું હોવા છતાં અતિરસમય બન્યું છે. જે વાંચશે તે જરૂર વૈરાગ્ય પામશે.

આ ગ્રંથ અંગે જુદા જુદા કર્તાની ત્રણ હસ્તપ્રતો =શ્રી કમલસૂરિ જ્ઞાનભંડાર–અમર જૈનશાળા–ટેકરી ખંભા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તના ભંડારમાંથી તેમના સૌજન્યથી મળતાં તેનો પણ કેટલોક આધાર લેવામાં આવેલ છે તે બદલ તેમના ઋણી છીએ.

આ સંબંધમાં એક બીજી વાત પણ ટાંકવી જરૂરી માનીએ છીએ—

શ્રી જંબૂકવિએ વિક્રમસંવત્ ૧૦૨૫ માં સંસ્કૃત ભાષામાં **શ્રીમણિ પતિચરિત્ર** રચ્યું છે તેનું સંશોધન પંડિત પ્રવરશ્રી ભગવાનદાસ હરખચંદ પાસે પરમ પૂજ્ય આચાર્ય ભ. શ્રીમન્નીતિ સૂરીશ્વરજી મહારાજ સાહેબે કરાવી તેઓશ્રીની પ્રેરણાથી વિક્રમસંવત્ ૧૯૭૮માં શ્રી હેમચંદ્રાચાર્ય ગ્રંથમાળા–અમદાવાદ તરફથી શ્રી ચુનીલાલ દોલતરામની સહાયથી બહાર પાડેલ.

આ મણિપતિચરિત્ર-પ્રસ્તુત મુનિપતિચરિત્ર રૂપે જ છે અને વિસ્તારથી છે.

શ્રી મુનિપતિ ચરિત્રના કર્તા જુદા જુદા મહાપુરુષો છે. તેનો ટુંક ખ્યાલ નીચે પ્રમાણે છે—

૧. ઉપરોક્ત મણિપતિ ચરિત્રરૂપે

૨. આચાર્ય ભગવંત શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે વિક્રમસંવત ૧૧૭૨માં પ્રાકૃતભાષામાં પદ્યમય રચેલ છે અને તે અતિસંક્ષિપ્ત છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૩ પ્રાકૃત ચરિત્રના અનુવાદરૂપે કોઈક આચાર્યે સંસ્કૃતમાં ગદ્યમાં રચેલ છે.

૪. પ્રાસંગિક જુદી જુદી કથાઓના સંગ્રહરૂપે વિસ્તારથી સંસ્કૃત ભાષામાં ગદ્યબંધ વડે કોઈક આચાર્યે રચેલ છે. જેનું પંડિતશ્રી હીરાલાલ હંસરાજ જામનગરવાળાએ પ્રકાશન કરેલ છે અને મારા ખ્યાલ પ્રમાણે તેની જ બીજી આવૃત્તિ–સંશોધન કરી પ. પૂ. પંન્યાસ શ્રી રત્નાકરવિજયજી મ. સા. એ પ્રકાશિત કરેલ છે.

આ બધો ખ્યાલ આપવામાં કે નોંધ લખવામાં કાંઈ શાસ્ત્રવિરુદ્ધ લખાઇ જવામાં દોષ રહ્યો હોય તે બમારો છે અને સાર સાર હોય તે પ્રેરણા આપનાર મહાપુરુષોનો છે,

મુનિ શિવસાગર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ॐ अर्हम् नमः

# શ્રી મોહજિત્ ચરિત્ર અંગે અંશતઃ

એ આગમધર વિદ્વાનોને ધન્ય છેકે – કષદ અને તાપની કસોટીએ થયેલ શુદ્ધ સુવર્ણરૂપ આગમવાણીને ભવ્યજનહિતાર્થે સરળ અને સુસંગત અર્થમાં ઉતારી આપી છે.

વર્તમાનયુગમાં ભવચક્રપુરની પોળે પોળે ઝગડાએ ઘર ઘાલ્યું છે માનવીને ચારે તરફથી ક્રોધ–માન–માયા–લોભની ભૂતાવળ વળગી છે

"એને દ્રવ્ય મેળવવાથી શાંતિનો શ્વાસ મળતો નથી"

"કીર્તિનાં કોટડાંમાંથી શાંતિનો અવાજ સરખોએ આવતો નથી."

ચારે તરફથી શાંતિની શોધખોળ ચાલી છે પણ ક્યાંય શાંતિનું નામ નિશાન નજરે પડતું નથી.

એક મજુરને પણ શાંતિ નથી અને એક ક્રોડપતિને પણ શાંતિ નથી.

આમ શાંતિની ચારે બાજુ શોધ થઈ રહી છે છતાં સાંસારિક કોઈ હેતુઓમાં શાંતિ મળતી જ નથી અને જંજાળ જળો બનીને લોહી ચૂસી રહી છે તેવા અતિ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કપરા અને—સદ્‌ગુણ પ્રાપ્ત કરવામાં અતિ મોંઘા બનેલા આ કાળમાં આધ્યાત્મિક અમૃતરસનું પવિત્ર ઝરણું જ દોટ મૂકતા જગતને થોભાવી શકે તેમ છે. શાંતિ આપી શકે તેમ છે. પ્રેરણાનું અમૃત પાઈ શકે તેમ છે.

આવું અમૃતપાન કરાવવા માટે પરમપૂજ્ય મુનિરાજશ્રી **ક્ષેમસાગરજી** મહારાજ સાહેબે અર્થ ઘટન પૂર્વકનાં નામો કલ્પી—

"શ્રી મોહજિત્ ચરિત્રની" રચના કરી છે. મોહજિત્ રાજા વાસ્તવિક રીતે મોહને જીતનાર તરીકે ઓળખાવ્યા છે.

કોઈ એક પ્રસંગે ઈંદ્ર મહારાજે ઈંદ્ર સભામાં કહ્યું કે મોહજિત્ રાજાએ અને તેના પરિવારે ખરેખર સાચા અર્થમાં મોહને જીતેલો છે તેને કોઈ તેમાંથી ચલિત કરી શકે તેમ નથી. આ રીતે ઈંદ્રસભામાં મોહજિત્ રાજાના વખાણ સાંભળીને એક મિથ્યાત્વી દેવને વિશ્વાસ ન આવવાથી તેને ચલિત કરવા માટે આવે છે પણ રાજા તેમજ તેમનું આખુંય કુટુંબ કોઈ રીતે ચલિત થતું નથી તેનું ખરેખર સુંદર ભાષામાં વર્ણન કર્યું છે.

## ગ્રંથકર્તા અને રચના સમય

આ ચરિત્રના કર્તા ખરતરગચ્છીય આચાર્ય શ્રીમદ્ ત્રૈલોક્ય સાગરજી મ.ના સામ્રાજ્યમાં રહેલા શ્રી સુખસાગરજી મહારાજના શિષ્ય પૂર્ણ સાગરજીના શિષ્ય **ક્ષેમસા-**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગરજી મહારાજે કોશ્ચ નામના નગરમાં વીર સંવત ૨૪૩૯ અને વિક્રમ સંવત્ ૧૯૭૦ માં રચના કરેલ છે

આ ચરિત્ર આધ્યાત્મિક ઉત્ક્રાંતિ પ્રાપ્ત કરવામાં ઉત્તમોત્તમ સાધન રૂપ છે.

આ ગ્રંથ પહેલાં પાલી (રાજસ્થાન) નિવાસી સૂજીભાઈએ સંસ્કૃત ભાષામાં પ્રગટ કરાવેલ તે અલભ્ય બનતાં

તેની બીજી આવૃત્તિ........

પ. પૂ. જિનેન્દ્રવિજયજી મ. સા. એ પ્રગટ કરેલ છે.

આ ગ્રંથને સરળ ગુજરાતી ભાષામાં મૂકવા વૈરાગ્ય રસરત્નાકર પરમારાધ્યપાદ પરમ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમત્ કૈલાસ સાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબનાં શિષ્યરત્ન પ. પૂ. સંયમ સાગરજી મહારાજ સાહેબે તેઓશ્રીના પરમ પૂજ્ય ગુરુવર સાથેના સં. ૨૦૪૦ ના પાલીના ચાતુર્માસ વખતે પ્રેરણા આપી ગુજરાતી અનુવાદ કરાવી છપાવેલ છે.

જ્યાં જ્યાં ક્ષતિ રહી જવા પામી હોય તે બદલ વાંચકોને ધ્યાન ખેંચવા વિનંતી છે.

લી.

મુનિ નિર્મલસાગર

મુનિ પ્રશાન્તસાગર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ॐ अर्हम्

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમોનમઃ

અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમ સ્વામિ ગણધરેભ્યો નમોનમઃ

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરેભ્યો નમ :

શ્રી કૈલાસ સાગર સૂરિભ્યો નમ :

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

॥ શ્રી જિનાય નમઃ ॥

પૂર્વાચાર્ય પ્રણીત

# શ્રી મુંનિપતિ ચરિત્રમ્

: મંગલ :

સ્યાદ્વાદ, અનેકાન્તવાદ, સિદ્ધાન્તાર્થના ઉપદેશક અને સદ્‌ગુરુસ્વરૂપ શ્રી વીર ભગવાનને નમસ્કાર કરીને—

—ગદ્ય બંધ રૂપે અલ્પ વિસ્તૃત શ્રી મુનિપતિની કથા કહીશ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જંબૂદ્વીપના દક્ષિણ ભારતના અંગ નામના દેશમાં મુનિપતિ નામનું નગર છે.

જે નગરમાં શ્રીમંતોનાં રહેઠાણો દેવતાઓના વિમાન જેવાં શોભી રહ્યાં છે. તે નગરમાં લોકો રોજ શ્રેષ્ઠ ઘી ની જ મુખ્યતાવાળાં ભોજન કરતા હતા. અનેક જિનમંદિરોમાં મનોહર જિનેશ્વરની પ્રતિમાઓ શોભી રહી.

તે નગરમાં મુનિપતિ નામે મહાપ્રતાપી પરાક્રમી અને ન્યાયનિષ્ઠ રાજા રાજ્ય કરતો હતો, તે રાજાને પૃથ્વી નામની રાણી હતી, તે રાણી વિવેક, વિનયશીલ વિગેરે ગુણોથી સુશોભિત હતી. જાણે ગુણોરૂપી સુગંધથી ભરપૂર પુષ્પની માલા જ ન હોય—!

તે બંને દંપતીને મુનિચંદ્ર નામનો પુત્ર થયો રાજકુમાર–દેવગુરુ માતાપિતાનો ભક્ત અને રાજ્યભારની ધુરાને વહન કરી શકે તેવો હતો. કહ્યું છે કે—

તેનું જ જીવન–જીવવું સફલ છે કે–જેને પોતાના ચિત્તને અનુસરનારી ભાર્યા મળી હોય, વિનયમાં તત્પર પુત્રો હોય અને રાજ્ય પણ એવું હોય જે રાજાનો કોઈ શત્રુ ન હોય.

+તે જ રાજ્ય શોભાયમાન ગણાય છે કે–જે

---

+આ શ્લોકમાં બધા 'વ' નો પ્રાસ મેળવ્યો છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજ્યમાં વાવડીઓ હોય, કિલ્લો મજબૂત હોય, વિહારક્ષેત્રો (ફરવાનાં સ્થાનો) સુંદર હોય, શ્રેષ્ઠરૂપયુક્ત વનિતા (સ્ત્રી) સુંદર બોલનારી હોય, વનો પણ સુંદર હોય, ઉદ્યાનો હોય, વૈદ્યો સારા હોય, બ્રાહ્મણો વાદવિવાદ કરતા હોય, હોંશિયાર પુરુષો, વેશ્યાઓ, વેપારીઓ, નદીઓ હોય, વળી જેમાં મુનિઓ વિદ્યાવાન હોય, પરાક્રમી, વિવેકરૂપી ધનવાળા અને વિનયયુક્ત શ્રેષ્ઠીઓહોય, શ્રેષ્ઠ વસ્ત્રો મળતાં હોય, હાથી, ઘોડા, ખચ્ચર વિ. પણ જે રાજ્યમાં હોય તે જ રાજ્ય શોભે છે.

હવે એક વખત એવું બન્યું કે–અંતઃપુરમાં રહેલા તે મુનિપતિ રાજાના મસ્તક ઉપરના વાળોને રાણી જુએ છે (ઓળી રહી છે) તે વખતે તેમાં એક પળીયુ (સફેદ વાળ)ને જોઈને મશ્કરીમાં રાણીએ રાજાને કહ્યુ કે,—

"હે સ્વામી, ચોર આવ્યો" તે સાંભળીને આકુળ વ્યાકુળતાથી આમતેમ જોતો રાજા કહેવા લાગ્યો "હે પ્રિયા ! કયાં છે તે ચોર ? ત્યારે રાણીએ કહ્યું કે,—

"ઘડપણે મોકલેલો આ ચોર આવ્યો" એમ કહીને તે સફેદવાળ રાજાને બતાવ્યો, ત્યારે રાજાએ વિચાર્યું–અરે ! હજુ પણ હું વિષયોની આસકિતથી બંધાયેલો છું ! હું હજી સંસારમાં જ રહ્યો છું !કારણકે આશા માટે કહ્યું છે કે–

"અંગ ગળી જાય, મસ્તક સફેદવાળવાળું થઈ મુખ બોખું (દાંત વિનાનું થઈ જાય), આમ વૃદ્ધ પુરુષને લાકડી લઈને ચાલવું પડતું હોય તો પણ આશારૂપી પિંડને છોડતો નથી, અર્થાત કે તેની આસક્તિ ઓછી થતી નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"ઘડપણ આવ્યા પછી પ્રાણી ધર્મ કરવાની શક્તિવાળો રહેતો નથી. ખરેખર મેં તો વૃદ્ધાવસ્થા આવવા છતાં મારી આત્મસાધનાનો વિચાર સરખો કર્યો નહીં, હવે તો હું પુત્રને રાજ્ય આપીને દીક્ષા જ ગ્રહણ કરૂં. આમ વિચારી રાજાએ પુત્રને રાજ્ય આપ્યું.

એ જ વખતે તે જ નગરના ઉપવનમાં ધર્મઘોષ નામના મુનિ સમોસર્યા–આવ્યા. રાજા વિગેરે બધા પરિવાર સહિત મુનિને વંદન કરવા ગયા. ગુરુએ પણ તેઓને ધર્મનો ઉપદેશ આપ્યો.

"જે મનુષ્ય કૃતઘ્ન (કરેલા ઉપકારને ભૂલી જનારો) હોય, નિર્દય હોય, પાપાચરણ કરનારો હોય, બીજાઓનો દ્રોહ કરનાર હોય, રૌદ્ર ધ્યાનમાં જ તત્પર હોય, અને ક્રૂર હોય, તે મરીને નરકે જ જાય છે"

જેનામાં કાવ્ય–શક્તિ હોય, રોગરહિત હોય, અત્યંત બુદ્ધિ હોય, સ્ત્રીઓને પ્રિય લાગતો હોય, જેને સુવર્ણનો લાભ થતો હોય દેવોમાં પણ પૂજાપાત્ર થતો હોય, અને સ્વજનો ઉપર જેની ભક્તિ હોય, આવો માનવી સ્વર્ગમાંથી આવેલો હોય તેમ જાણવું. નરકમાંથી આવનાર મનુષ્યનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

"રોગી હોય, સ્વજનો ઉપર વેર રાખતો હોય, દરિદ્ર હોય, મૂર્ખાઓની જ સોબત કરતો હોય, અત્યંત ક્રોધ કરતો હોય, જેના બોલ પણ કડવા જ હોય, આવો માનવ નરકમાંથી આવેલો હોય તેમ સમજવું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મોટી મોટી આશાઓ રાખતો હોય, ગમે તેટલું મળે તો પણ સંતોષ ન હોય, કપટી હોય, લોભી હોય, ભૂખાળવો હોય, મૂંગો, માંદો, આળસુ હોય, આવો માનવ તિર્યંચયોનિમાંથી આવેલો જાણવો.

સર્વને અનુકૂળ વર્તનવાળો, વિનયયુક્ત, તેમજ દયા દાનની રુચિવાળો હોય, પ્રસન્ન મુખવાળો હોય, સૌમ્ય હોય, આવો માનવ મનુષ્ય ગતિમાંથી આવેલો જાણવો. વળી કોમળતા, સરળતાથી ભરપૂર હોય, કષાય રહિત હોય, ન્યાયયુક્ત હોય, ગુણને જ ગ્રહણ કરનારો હોય, તે મરીને મનુષ્યમાં જનારો હોય છે.

ચાડીઓ હોય, દુષ્ટબુદ્ધિવાળો હોય, મિત્રોની સાથે પણ કજીયા જ કરતો હોય અને આર્ત્ત ધ્યાનમાં જ રહ્યા કરતો હોય તેવો જીવ મરીને તિર્યંચ ગતિમાં જનારો હોય છે.

આવાં પ્રકારનાં ગુરુનાં વચનો સાંભળીને બોધ પામેલા રાજાએ પરિવારની રજા લઈને તે જ ગુરુની પાસે દીક્ષા લીધી.

જેણે બંને પ્રકારની (ગ્રહણ અને આસેવન) શિક્ષણનો અભ્યાસ કર્યો છે છ એ પ્રકારના જીવ સમૂહની રક્ષામાં તત્પર, અષ્ટ પ્રવચનમાલાનો આરાધક તે રાજર્ષિ હંમેશા સૂત્રોનું અધ્યયન કરવા લાગ્યો. એમ કરતાં અનુક્રમે છઠ્ઠ અઠ્ઠમ આદિ તપના પ્રભાવથી તેને આમર્ષ ઔષધિ લબ્ધિઓ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉત્પન્ન થઈ. ત્યાર પછી અનુક્રમે ગીતાર્થ સ્વરૂપવાળા થયેલા આ રાજર્ષિ ગુરુની આજ્ઞા પામી એકાકી વિહાર કરવા લાગ્યા.

હવે એક વખત ઠંડીની ઋતુમાં વિહાર કરતા કરતા તે અવંતી નગરીના બહારના ઉદ્યાનમાં આવ્યા અને ત્યાં નગરની નજીકમાં જ કાયોત્સર્ગ પ્રતિમાપૂર્વક મેરાની જેમ અત્યંત નિશ્ચલ, જેટલામાં થયા તેટલામા કેટલાક ગોવાળીઆઓના બાલકો ગાયોને ચરાવીને વનમાંથી પાછા ફરતા તે મુનિની નજીકમાં આવ્યા અને તે મુનિને ધ્યાનમાં રહેલા જોઈને તેઓએ વિચાર્યું કે, અરે! આ રાતે મહાન્ ઠંડા વાયુથી પરાભવ પામતાં આ સાધુને ઘણું કષ્ટ થશે. એમ વિચારી તેમની ઠંડીથી રક્ષા કરવા તે ગોપાલ બાલકોએ ભક્તિથી પોતપોતાના વસ્ત્રો ચારે બાજુ વીંટાળી દીધાં અને પછી તેઓએ વિચાર્યું કે, પ્રભાત સમયે આવીને આપણે આપણાં વસ્ત્ર લઈ લઈશું. ત્યાર પછી તે ગોપાલ બાલકો પોતપોતાના સ્થાને ગયા.

હવે તે જ નગરીમાં બોધિભટ્ટ નામનો એક બ્રાહ્મણ રહે છે તે બ્રાહ્મણ–ધનાઢ્ય છે, દાનેશ્વરી અને દયાળુ તરીકે લોકમાં પ્રસિદ્ધ છે તે સરળ આશયવાળો છે અને ખેતીના કાર્યમાં કુશળ છે તેને **ધનશ્રી** નામની પત્ની છે; પરંતુ અસતીઓમાં અગ્રેસર, પાપમાં રક્ત, ખરાબ આચરણવાળી પરપુરુષમાંજ આસક્ત અને અત્યંત ધૂતારી છે, કહ્યુ પણ છે કે—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જુઠું બોલવું, સાહસ કરવું, કપટ કરવું; મૂર્ખતા કરવી, અતિલોભીપણું અપવિત્રતા, નિર્દયતા આ બધા દોષો સ્ત્રીઓમાં સ્વભાવરૂપે બની ગયેલા હોય છે.

તે બ્રાહ્મણ તલ એકઠા કરવા લાગ્યો તેથી તે બ્રાહ્મણ લોકોમાં **તિલભટ્ટ** એ નામથી ઓળખાવા લાગ્યો. પરંતુ તે ભોળો ભલો હોવાથી પોતાની પત્નીના ખરાબ આચરણને જાણતો નથી.

હવે પરપુરુષમાં આસક્ત થયેલી તે પાપી ધનશ્રીએ ભોગ-ઉપભોગ વિ. માં લુબ્ધ થઇને તાંબૂલ સુખડી-મિઠાઈ વિ. મેળવવા ગુપ્ત રીતે પોતાના પતિએ એકઠા કરેલા તે બધા તલ વેચી નાખ્યા, ત્યારપછી એક વખત તે દુષ્ટાએ વિચાર્યું—

મેં બધા તલ તો વેચી નાખ્યા, હવે ભર્તારને હું શું જવાબ આપીશ! પણ તે જ વખતે તત્કાલ ઉત્પન્ન થયેલી બુદ્ધિવાળી તેણીએ કાળી ચૌદશને દિવસે બે પ્રહર વીતિ ગયેલ એટલે મધ્યરાત્રિએ નગરમાંથી બહાર જઈને જે સ્થાને તે મુનિપતિ સાધુ કાયોત્સર્ગમાં રહેલા હતા. ત્યાં આવીને પોતાનું પહેરવાનું વસ્ત્ર ત્યાં મૂકીને અને પોતે નગ્ન થઈને પંખીઓનાં પીંછાંથી પોતાના શરીરને ચારે બાજુથી ઢાંકી દીધું. ત્યારપછી તેણે કંકાલથી પોતાના મોંઢાને કાળું કરી એક હાથમાં ખેરના અંગારાથી ભરેલુ. એક શરાવ ધારણ કરીને અને બીજા હાથમાં એક

P.P. Ac. Gunratnasuri M.S.     Jun Gun Aaradhak Trust

તરવાર ધારણ કરીને છૂટા કેશવાળી સાક્ષાત્ જાણે શક્તિ જ ન હોય તેમ તે ક્ષેત્રમાં પોતાનો ભરથાર તિલ ભટ્ટ હતો ત્યાં જઈને આ પ્રમાણે કહેવા લાગી—

"તલને ખાઉં કે તિલ ભટ્ટને ખાઉં" આમ વારંવાર બોલતી અને વચમાં વચમાં હાથમાં રહેલ અગ્નિ ભરેલા શરાવને ફૂંકથી ઉદ્દીપન કરતી તે પોતાનું મસ્તક ધૂણાવવા લાગી. આથી તેને જોઈને ભય પામેલો બ્રાહ્મણ જેટલામાં થરથર ધ્રુજવા લાગ્યો, તેટલામાં તેની નજીક આવીને તે પાપીણી કહેવા લાગી કે—અરે પાપી બ્રાહ્મણ ! ઘણા કાળે મેં તને જોયો, હવે તો હું મારા હાથે જ તને મારી નાખીશ. તે સાંભળી ભયભીત થયેલો તે બ્રાહ્મણ કહેવા લાગ્યો—

"હે દેવિ ! હું ગરીબ છુ" તમો કહો તેમ કરનારો હું તમારો દાસ છું. માટે મારા ઉપર દયા લાવો. એમ કહી તે બ્રાહ્મણ તેના પગમાં પડયો ત્યારે તેણીએ કહ્યું— હે બ્રાહ્મણ ! શું તું મને નથી ઓળખતો, હું તો જગ-પ્રસિદ્ધ તિલભક્ષિણી (તલખાનારી) દેવી છું. જો તારી જીવવાની ઈચ્છા હોય તો તારા બધા તલ મને આંપી દે. હવે પછી તારે તે તલનું નામ પણ ન લેવું. મરણથી ભય પામેલા બ્રાહ્મણે પણ તે સ્વીકારી લીધું. ત્યારપછી તેણીએ કહ્યું: "હે બ્રાહ્મણ ! મેં તારા તે બધા તલ ખાઈ નાખ્યા છે. અને તને મેં છોડી દીધો છે. હવે તું સ્વસ્થ થઈ પોતાના ઘેર જા એમ કહીને પોતાનું કાર્ય જેણે

P.P. Ac. Gunratnasuri M.S.    Jun Gun Aaradhak Trust

પુરૂં કર્યું છે એવી તે પણ ત્યાંથી ચાલીને ત્યાં જ તે સાધુની પાસે આવી. ત્યાં પાણીથી પોતાના શરીરને સાફ કરીને પોતાનાં વસ્ત્રો પહેર્યાં.

એટલામાં ત્યાં તે વખતે તે સાધુ પાસે કેટલાક પુરુષો એક મરેલા પુરુષ (મડદાને)ને સળગાવીને ચાલ્યા ગયા. તે અગ્નિમાં વાયુથી પ્રેરિત એક ઘાસનો પૂળો પડયો તેથી ત્યાં પ્રકાશ થયો. તે પ્રકાશમાં તે પાપિણીએ તે મુનિપતિ મુનિ ત્યાં ધ્યાનસ્થ રહેલા જોયા. તેમને જોઈને તે દુષ્ટાએ વિચાર્યું: અરે! આ મુનિએ મારૂં ચરિત્ર જોઈ લીધું છે અને તે મારૂં બધું ચરિત્ર લોકોની આગળ કહેશે. આમ વિચારી તેણીએ તે અગ્નિ તે જ મુનિપતિ મુનિના મસ્તક ઉપર નાખ્યો ત્યારે ગોપાલ બાલકોએ તે મુનિ ઉપર તેમની ઠંડીથી રક્ષા કરવા માટે નાખેલા વસ્ત્રો સળગ્યાં તેથી તે મુનિ પણ કંઈક દાઝયા અને પૃથ્વી પર પડી ગયા અને તે મુનિને ઘણી જ પીડા થઈ

હવે તે દુષ્ટા તો પોતાને ઘેર ગઈ અને તેનો પતિ પણ ભયથી ધ્રુજતા અંગવાળો ઘેર આવીને તે પોતાની સ્ત્રી સામે કહેવા લાગ્યો—

"હે પ્રિયા! હાલમાં મને વનદેવતાએ હેરાન કર્યો છે માટે મારા માટે શય્યા તૈયાર કર" તેણીએ પણ તે પ્રમાણે કર્યું—

અને જેટલામાં તે શય્યામાં સૂતો તેટલામાં તો તે દાહજવરથી (તાવમાં) મરીને સદ્‌ગતિને પામ્યો. ત્યાર પછી તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાપિણીનું ખરાબ આચરણ લોકોએ જાણી તેની નિંદા કરી અને ગામની બહાર કાઢી મૂકી. તે પાપિણી ઘણાં પાપો કરી મરીને નરકે ગઈ.

હવે સવાર થતાં તે ગોપાલ પાલકો પોતાનાં વસ્ત્ર લેવા માટે તે મુનિ પાસે આવ્યા; પરંતુ, ત્યાં બળી ગયેલા અને પડી ગયેલા જોઈને એ મનમાં ખૂબ દુઃખી થયા. કહ્યું છે કે—

"વગર વિચાર્યે કરેલું કાર્ય પસ્તાવા માટે જ થાય છે. વિચારીને કામ કરનારાઓ આપત્તિરૂપી સમુદ્રમાં પડતા નથી"

ગોવાળીઆઓ વિચારવા લાગ્યા કે, અરે! આપણને તો મોટું પાપ લાગ્યું. આપણને લાભ મેળવવા જતાં મૂલની જ હાનિ થઈ અમે તો સાધુના સુખ માટે આ કર્યું, પણ તે તો ઉલટું દુઃખરૂપ થયું.

હવે તે બધા મળીને નગરની અંદર કુંચિક નામના શેઠને ઘેર ગયા.

"નગરમાં જેટલાં જિનમંદિરો હતાં તે બધાંની કુંચિઓ તે શેઠને ઘેર રહેતી, તેથી તે શેઠનું કુંચિક એવું નામ પ્રસિદ્ધ થયું."

તે ગોવાળીઆઓએ તે શેઠની પાસે જઈ તે સાધુનું સર્વ વૃત્તાંત્ત તે શેઠને જણાવ્યું. તે સાંભળી દુભાયેલા તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શેઠ જલ્દી જલ્દી તેઓ સાથે તે સાધુ પાસે ગયા. ત્યાર પછી તે સાધુને સુખાસન (પાલખી)માં બેસાડીને તે પોતાને ઘેર લાવ્યા. એકાંતસ્થાનમાં તેમને રાખ્યા. ત્યાર પછી શેઠ નગરની અંદરના ઉપાશ્રયમાં રહેલ બીજા મુનિઓની પાસે જઈને કહ્યું: હે મહાત્માઓ ! કોઈ એક મુનિ નગર બહાર કાયોત્સર્ગમાં રહેલા હતા. તેમને રાત્રિમાં કોઈ પાપીએ અગ્નિથી દઝાડયા છે, અમે તેમને મારા ઘેર લાવ્યા છીએ હવે તેમની સેવા માટે તમે સાવધાન થાઓ. મુનિઓએ કહ્યું, હે ઉત્તમશ્રાવક ! તેને લગતું અમારે ઉચિત હોય તે કામ બતાવો ! "ત્યારે શેઠે કહ્યું" તમે અચ્ચંકારિભટ્ટાને ઘેર જઈને લક્ષપાક તેલ લાવો. બાકીનું બધું ઔષધ વિગેરે હું કરીશ ત્યારપછી તેઓ મુનિઓમાંના બે મુનિઓ તે અચ્ચંકારિભટ્ટાને ઘેર ગયા. તેણે પણ ઊઠીને બંને મુનિ યુગલને વંદન કર્યું. તે મુનિયુગલે તેમની પાસે તે તેલ માગ્યું.

### અચ્ચંકારીભટ્ટાની ક્રોધ નહીં કરવાની દેવસભામાં પ્રશંસા અને તેમની થયેલી પરીક્ષા

સૌ ધર્મ દેવલોકમાં પોતાની સભામાં ઉપસ્થિત થયેલા સૌ ધર્મેન્દ્રે દેવોની આગળ કહ્યું કે "હે દેવો ! હાલમાં મનુષ્યલોકમાં અચ્ચંકારિભટ્ટા સમાન કોઈ ક્ષમા રાખનાર નથી અને ક્ષમાથી ચલિત કરવા માટે કોઈ સમર્થ નથી. આવું ઈંદ્રનું વચન સાંભળીને કોઈક મિથ્યાદષ્ટિ દેવ તેની પરિક્ષા કરવા માટે અચ્ચંકારીભટ્ટાના ઘેર આવીને તે વખતે અદૃશ્યરૂપે રહ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અચ્ચંકારિભટ્ટાએ તે વખતે સાધુને આપવા માટે દાસી પાસે તે તેલનો કુંભ ઘરમાંથી લવડાવ્યો પણ; તે દેવે પોતાની શક્તિથી વચમાં જ તે કુંભ દાસીના હાથમાંથી પાડી નાખ્યો; તેથી, તે બધું તેલ ભૂમિ ઉપર પડી નાશ પામ્યું. ત્યારે તેણીએ દાસી પાસે તેલનો બીજો કુંભ લેવડાવ્યો તે પણ તે દેવે પાડી નાખ્યો. એમ ત્રણ વાર થઈ મહામૂલા ત્રણેય લક્ષપાક તેલના કુંભો દેવે પાડી દીધા તો પણ અચ્ચંકારિભટ્ટાએ પોતાની દાસી ઉપર કોપ ન કર્યો ત્યારે મુનિઓએ કહ્યું : "હે શ્રાવિકા ! સાધુને ન ખપે એવું હોઈ હવે અમે તેલ નહીં લઈએ. અમારા નિમિત્તે તારૂં ઘણું તેલ નાશ પામ્યું, તો પણ હે મહાભાગ ! તેં કોઇના પેટ ઉપર કોપ ન કર્યો, અચ્ચંકારિભટ્ટાએ કહ્યું : હે મહાનુભાવો મારે ઘેર ઘણુંય તેલ છે તો તમારે તે સુખે ગ્રહણ કરી શકાય તેવું છે. મારો આજનો દિવસ સફલ થયો કે જેથી આજે હું સુપાત્રદાન આપી શકીશ : કહ્યું પણ છે કે—

" સુપાત્રદાનથી ધનાઢય થાય છે. ધનના સારા ઉપયોગથી પુણ્ય મેળવે છે, પુણ્યપ્રભાવથી સ્વર્ગ મેળવે છે અને સ્વર્ગમાં ઘણાં સુખો પ્રાપ્ત થાય છે "

વળી દાન પાંચ પ્રકારના છે—

(૧) અભયદાન (૨) સુપાત્રદાન (૩) અનુકંપાદાન (૪) ઉચિતદાન (૫) કીર્તિદાન

આમાંનાં પહેલાં બે દાનથી મોક્ષ અને પછીનાં ત્રણ દાનથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભોગ વિ. મળે છે. એમ કહી તેણી ચોથો કુંભ પોતાના ઘરમાં જઇને લઈ આવી અને તે કુંભ તેણીના શીલ પ્રભાવથી ફૂટી ન ગયો : કહ્યું છે કે—

"દેવો, દાનવો, ગંધર્વો, યક્ષો, રાક્ષસો, કિન્નરો, બધા બ્રહ્મચારીને નમસ્કાર કરે છે. કારણ કે બ્રહ્મચારી દુષ્કર કાર્ય કરનાર છે."

ત્યાર પછી તેણીએ તે તેલ તે બંને મુનિઓને આપ્યું. મુનિઓએ જરૂરિયાત પ્રમાણે તે ગ્રહણ કર્યું ત્યાર અચ્ચંકારિભટ્ટાએ તે મુનિઓને કહ્યું : કે હે મુનિ ભગવંતો, આ ભવમાં જ મેં ક્રોધનું ફલ ભોગવ્યું છે તેને યાદ કરી મેં ક્રોધના પચ્ચકખાણ કર્યાં છે ત્યાર પછીથી હું મોટો અપરાધ કરનાર ઉપર પણ ક્રોધ કરતી નથી : કહ્યું છે કે—

"ક્રોધ અનર્થોનું મૂલ છે, સંસારને વધારનાર ક્રોધ છે, ધર્મનો નાશ કરનાર ક્રોધ છે, માટે ક્રોધને છોડી જ દેવો જોઈએ"

ત્યાર પછી મુનિઓએ કહ્યું : 'હે સુશ્રાવિકા ! આ ભવમાં તેં ક્રોધનું ફલ કેવી રીતે ભોગવ્યું અને કઈ રીતે તેં ક્રોધનો ત્યાગ કર્યો ? આ તારૂં બધું ચરિત્ર અમારી આગળ કહે; ત્યારે તેણીએ કહ્યું—

"આ જ નગરમાં **ધન** નામે શેઠ રહેતા હતા. તેમને **કમલશ્રી** નામની પ્રિયા હતી તે બંને દંપતિને આઠ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુત્રો થયા. અને તે પુત્રો ઉપર હું એકની એક પુત્રી થઈ. મારૂં ભદ્રિકા એવું નામ પાડયું. હવે એક વખત મારા પિતાએ પોતાના સ્વજનો પાસે કહ્યું: આ મારી પુત્રી મને મારા પ્રાણથી પણ પ્રિય છે, તેથી તેનો કોઈએ પણ અચ્ચંકાર (તિરસ્કાર) ન કરવો ત્યારથી માંડીને મારૂં અચ્ચંકારિભટ્ટા નામ પ્રસિદ્ધ થયું. આમ સ્વજનોથી લાલન–પાલન કરાતી હું આઠ વરસની થઈ. કલાચાર્ય પાસે હું કલાઓને શીખી, ત્યાર પછી કલાચાર્ય પાસે નવ તત્ત્વ વિગેરે અધ્યયન કરીને મેં સમ્યકત્વ. મૂલ બાર વ્રત ગ્રહણ કર્યાં. અનુક્રમે યૌવન પામવા છતાં પણ મારૂં મન પાણિગ્રહણ કરવા (પરણવા) ઇચ્છતું નથી એક વખત મારા પિતાએ પાણિગ્રહણ માટે મને પૂછ્યું ત્યારે મેં કહ્યું: "કે હે પિતા હું તે જ પુરૂષ સાથે પાણિગ્રહણ કરીશ કે જે મારા વચનનો સ્વીકાર જ કરનારો હોય—મારૂં કહ્યું જ કરનારો હોય નહીં તો હું ધર્મ જ કરતી રહીશ ત્યારે મારા પિતાએ કહ્યું કે હે પુત્રી તું વિવાહ કરવાનું સ્વીકાર કારણ કે કહ્યું છે કે—

"સ્ત્રીઓનો પહેલો આધાર પોતાનો પ્રિય (પતિ) બીજો આધાર પુત્ર, ત્રીજો આધાર ભાઈ, આ સિવાય બીજો કોઈ સ્ત્રીઓને પૃથ્વી ઉપર આધાર નથી."

પિતાએ આ પ્રમાણે કહેવા છતાં પણ મેં મારો પોતાનો અભિગ્રહ છોડયો નહીં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે અનેક વર મારા પાણિગ્રહણ માટે આવવા લાગ્યા અને તે બધાંની પાસે મારા પિતા મારા કહ્યા પ્રમાણે કહેવા લાગ્યા; પણ, કોઈ તે વાતને સ્વીકારતું નહોતું. એમ ઘણા દિવસો જતાં હું પણ પ્રૌઢ કન્યા થઈ.

હવે તે જ નગરનો રહેવાસી સુબુદ્ધિ નામનો પ્રધાન મને જોઈને અત્યંત કામાતુર થયો અને મારા પિતાની પાસે તેણે મારી માગણી કરી ત્યારે મારા પિતાએ તેને કહ્યું: "કે જે મારી પુત્રીના કહ્યા પ્રમાણે કરે તેને જ હું મારી પુત્રી આપીશ, નહીં તો નહીં આપું. ત્યારે મંત્રીશ્વરે પણ મારા પિતાનું તે વચન સ્વીકાર્યું. ત્યાર પછી મહોત્સવ; કરવા પૂર્વક મારા પિતાએ તે પ્રધાન સાથે મારૂં પાણિ-ગ્રહણ કરાવ્યું. ત્યાર પછી હું મંત્રીને ઘેર રહેતી. મારા દિવસો સુખમાં વ્યતીત થવા લાગ્યા. તેનો પરિવાર પણ મને ઘરના દેવની જેમ માનવા લાગ્યો

હવે એક દિવસ મેં મારા પતિની આગળ કહ્યું: "હે સ્વામી સંધ્યા વખતે જ તમારે ઘેર આવી જવું તેમજ રાત્રિમાં ભય થવાના કારણે ઘરની બહાર કયાંય જવું નહીં. મંત્રીએ વિચાર્યું કે આ તો અતિસુંદર વાત છે અને મેં મારા હિતની વાત જ તે કહે છે, એમ વિચારી મંત્રીએ તે વાત સ્વીકારી લીધી.

હવે આ પ્રમાણે હંમેશાં તે કરતા હતા ત્યારે એક વખત રાજાએ મંત્રીને પૂછયું: "હે મંત્રી! હમણાં તમે સંધ્યા સમયે જ કેમ ઘેર જતા રહો છો?" ત્યારે મંત્રીનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વૃત્તાન્તને જાણનાર એક સભ્યે કહ્યું: "હે સ્વામિની આ મંત્રી પોતાની પત્નીના ભયથી જ હંમેશાં જલ્દી જલ્દી ઘેર જતા રહે છે ત્યારે આશ્ચય પામતાં રાજાએ પૂછયું: આમાં પત્નીનો શો ભય છે? ત્યારે મંત્રીએ બનેલી બધી વિગત રાજાને વિસ્તારથી જણાવી દીધી. આથી રાજાએ પણ તે મંત્રીને આનંદ પ્રમોદ માટે રાત્રે બે પહોર સુધી પોતાની પાસે જ રાખ્યા ત્યાર પછી મુક્ત કરાયેલા તે મંત્રી બાકી રહેલી રાત્રિના સમયે ઘેર આવ્યા. તેમનું આગમન જોતાં જ મેં ક્રોધથી કમાડને અત્યંત બંધ કરી દઈને ઘરની અંદર જ રહી. મંત્રીએ ઘણીવાર કહેવા છતાં મેં કમાડ ઉઘાડયાં નહીં. અંતે મેં વિચાર્યું કે મારો પ્રિય મારે માટે કરીને ખિન્ન થાય છે, તો કમાડ તો ઉઘાડું, પછી મારા વિચાર પ્રમાણે હું કરીશ. એમ વિચારી મેં કમાડ ઉઘાડયા. ત્યાર પછી જયારે મારા પ્રિય પતિ ઘરમાં આવ્યા ત્યારે હું ક્રોધથી ધમધમેલી હતી મેં વિચાર્યું કે હમણાં જ પિતાના ઘેર ચાલી જાઉં એમ વિચારી હું તે જ વખતે ઘરની બહાર નીકળી ગઇ. તે વખતે મારા પતિએ વિચાર્યું કે આ લઘુચિંતા માટે બહાર ગઈ હશે.

હવે રાત્રિમાં બહાર ચાલી મને. ચોરોએ પકડી લીધી. અને મારાં વસ્ત્ર અને આભરણ લઇને તે મને પોતાની પલ્લીમાં લઈ ગયો. ત્યાં તે ચોરે મને પલ્લી પતિને ભેટરૂપે ધરી દીધી. તે પલ્લી પતિએ ભોગ ભોગવવા માટે મારી પાસે માગણી કરી મેં તે માગણી સ્વીકારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નહીં. તેથી મારા ઉપર ક્રોધાયમાન થયો. અને પલ્લીપતિ મને રોજ ખૂબ માર મારવા લાગ્યો. મેં પણ તેને કહ્યું કે હું પ્રાણત્યાગ કરીશ (મરી જઇશ) પણ મારા શિયળનું ખંડન તો નહીં જ કરૂં.

આમ તેણે મને ઘણી પીડા, પમાડી પણ મેં તેનું વચન માન્યું જ નહીં, ત્યારે તેની માતાએ તે પલ્લી-પતિને કહ્યું: "કે–પુત્ર! આ મહાસતી છે. એને બહું પીડવાથી જો શ્રાપ આપશે તો ખરેખર પુરુષનું મરણ થઈ જશે. આ સંબંધમાં હે પુત્ર! તને હું દષ્ટાંત કહું છું. તે તું સાંભળ–"

## પરિવ્રાજકની કથા

એક ગામમાં કોઈ પરિવ્રાજક (સાધુ) રહેતો હતો. તે અખંડ તપ કરતો હતો. તપના પ્રભાવથી તેને તેજો-લેશ્યાની લબ્ધિ ઉત્પન્ન થઈ. એક વખત વૃક્ષની નીચે રહેલા તેના મસ્તક ઉપર કોઈ બગલીએ વિષ્ટા કરી, ત્યારે તે પરિવ્રાજકને મહાનક્રોધ ઉત્પન્ન થયો; અને તેથી તે બગલી ઉપર તેણે તેજોલેશ્યા મૂકી, તેથી તે બળી ગયેલી બગલી મરણ પામી.

હવે તે તાપસે વિચાર્યું કે આજથી માંડીને હવે પછી જે કોઈ મારી અવજ્ઞા (તિરસ્કાર) કરશે તેને હું નક્કી તેજોલેશ્યાથી બાળી નાખીશ. એમ વિચારી તે તાપસ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નગરમાં ભિક્ષા લેવા કોઈ શ્રાવકને ઘેર ગયો. તે શ્રાવકની પત્ની પતિવ્રતા શીલવાળી મહાસતી હતી; અને ભોજન કરતા પોતાના પતિની પાસે બેઠેલી હતી, તે કારણે તેણીએ કંઈક વિલંબે ભિક્ષા લાવી, તેથી ક્રોધાયમાન થયેલા તે તાપસે તેના ઉપર તેજોલેશ્યા મૂકી. પરંતુ, પોતાના શિયળના પ્રભાવથી તે બળી નહીં અને તે મહાસતીએ તાપસને કહ્યું : "હે દંડી હું તે બગલી નથી, તે સાંભળી ચમત્કાર પામેલા તાપસે કહ્યું : "હે સુશીલા, વનમાં બનેલી આ વાત તેં કેવી રીતે જાણી ?" તેણીએ કહ્યું : "હે તાપસ ! આ બધી વાત વારાણસી નગરીમાં રહેતો કુંભાર તને કહેશે, માટે ત્યાં જઈને તેને તું પૂછ. ત્યાર પછી અત્યંત આશ્ચર્ય પામેલા તે તાપસે ત્યાં જઈને તેને પૂછયું, તેણે કહ્યું કે– 'હે તાપસ ! શીલના પ્રભાવથી તેણીને જ્ઞાન ઉત્પન્ન થયું છે, તે જ્ઞાનના બળથી તે બધું જાણે છે. મને પણ શીલના પ્રભાવથી તેવું જ જ્ઞાન થયું છે, તેથી હું પણ તે બધું જાણું છું. આથી તું પણ તે જ્ઞાન મેળવવાના વિષયમાં પ્રયત્ન કર"

આ કથાનક સાંભળીને તે ભીલોનો નાયક પલ્લીપતિ મારા ઉપરથી વિરક્ત (વિરાગવાળો) થયો.

હવે તે જ નગરમાં કોઈક પુરુષ વેપાર કરવા માટે આવ્યો. તેની પાસેથી ધન લઈને પલ્લીપતિએ મને તે વેપારીને વેચી. તેણે પણ ભોગને માટે મારી પાસે માગણી કરી. તેનું કહેવું પણ મેં ન જ કર્યું, તેથી તેણે નિર્દય-

પણે મારા શરીરમાંથી લોહી બહાર કાઢીને એક વાસણમાં નાખ્યું. આમ સાત દિવસ સુધી તેણે મારા શરીરમાંથી લોહી કાઢયું. અને વાસણમાં નાંખ્યું તે લોહીમાં ઘણા કીડા ઉત્પન્ન થયા. તે કીડાવાળા લોહીથી તે રંગાટી વેપારી વસ્ત્રો રંગવા લાગ્યો. આમ મારા શરીરમાંથી લોહી ખેંચવાથી મારું શરીર ફીકકું પડી ગયું.

હવે એક વખત તે જ નગરમાં મારો ભાઈ વેપાર કરવા માટે આવ્યો. તેણે મને ઓળખી, ત્યારે તેણે તે રંગાટી વેપારીને પૂછયું : ' હે રંગાટી ! આ સ્ત્રીને તેં કયાંથી મેળવી ? તેણે કહ્યું 'કોઈક વેપારી પાસેથી મેં તેનું મૂલ્ય આપીને ખરીદેલી છે. મેં ભોગ માટે માગણી કરવા છતાં તે માની જ નહીં, તેથી હું આ રીતે તેના લોહીને બહાર કઢાવું છું. ત્યારે મારા ભાઈએ વિચાર્યું : આ તો મારી બહેન છે તો પણ એને હું પૂછું : તેથી તે મારા ભાઈએ મને પૂછયું : "હે ભદ્રે તું કોણ છું ? કયાંની રહેવાસી છું ? કોની તું પુત્રી છું ? ત્યારે મેં કહ્યું : "હે મહાસત્વશાલી પુરુષ હું અવંતીમાં રહેનાર ધનશ્રેષ્ઠિની પુત્રી, સુબુદ્ધિ છું. મંત્રીની પત્ની છું. મારા કર્મના દોષથી હું અહીં આવી ચડી છું.

ત્યારે તેણે મને પોતાની બહેન તરીકે ઓળખીને, તે રંગાટીને ધન આપીને, મને તેની પાસેથી છોડાવી, પોતાને ઉતારે લાવ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારપછી તે મારા ભાઈએ મને સારાં વસ્ત્ર, આભરણ વિગેરેથી શણગારીને ઘેર લઈ જઈને પિતાને સોંપી, ત્યાર પછી આ મારો બધો વૃત્તાન્ત મારા સ્વામિએ પણ સાંભળ્યો. ત્યાર પછી તે મારા ભર્ત્તાર મને પોતાના ઘેર લઈ ગયા અને તે જ દિવસથી મેં પણ ક્રોધના પચ્ચકખાણ કર્યા. (હવે કદિ ક્રોધ કરવો નહીં.) તેથી હવે હું મરણાંત કષ્ટ આવે તો પણ કોઇના ઉપર ક્રોધ કરતી નથી.

હવે દેવે પણ તેનાં આ બધાં વચનો સાંભળીને પ્રગટ થઈને તેને ખમાવીને ઇંદ્રે કહેલો સમસ્ત વૃત્તાન્ત તેને જણાવ્યો. તેથી સંતોષ પામેલા તે દેવે પૂર્વે ફોડી નાખેલા તે તેલના કુંભોને સાજા (સારા) કરીને તેણીને કહ્યું: "હે મહાસતી ! તું વરદાન માગ" કારણ કે કહ્યું છે કે—

"દિવસે થયેલી વીજળી, રાત્રે ગર્જના થવી, સફળ હોય એટલે વરસાદ લાવે જ, તેમ રાજાનું સન્માન અને દેવદર્શન સફળ જ હોય એટલે ફળ આપનારૂં બને."

તેણીએ કહ્યું: "હે દેવ ! મને કોઇપણ વસ્તુની ઇચ્છા જ નથી. ત્યારપછી તે દેવ ત્યાં સોનૈયાની વૃષ્ટિ કરીને પોતાને સ્થાને ગયો.

આવું તે અચ્ચંકારિભટ્ટાનું ચરિત્ર સાંભળીને તે બંને મુનિવરો પણ તે તેલ લઈને કુંચિક શેઠને આપીને પોતાના ઉપાશ્રયમાં ગયા. શીલરૂપી અલંકાર ધારણ કરનારી અચ્ચંકારિભટ્ટા પણ અંતે સમાધાનપૂર્વક મરીને દેવલોકમાં ગઈ અને દેવને લગતાં સુખો ભોગવીને તે મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષે જશે.

**"અચ્ચંકારિભટ્ટાની કથા સમાપ્ત"**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાર પછી–તે કુંચિક શેઠે તે તેલથી તે મુનિપતિ સાધુને રોગરહિત (નિરોગી) કર્યા. સ્વસ્થ થયેલા તે મુનિપતિ સાધુએ કુંચિક શેઠને ધર્મનો ઉપદેશ આપ્યો—

"ધર્મ કરવાથી સારા કુલમાં જન્મ મળે છે. ધર્મ કરવાથી સુંદર શરીર મળે છે, સૌભાગ્ય મળે છે આયુષ્ય બલ વિગેરે ધર્મથી મળે છે, ધર્મથી જ નિર્મલ યશ, વિદ્યા, અર્થ, સંપત્તિ, બધું ધર્મ કરવાથી જ મળે છે. (આ બધાં ધર્મનાં જ ફળ છે.)

હવે એક વખત વિહાર કરવા ઈચ્છતા તે મુનિપતિ સાધુની પાસે રાગી થયેલા તે કુંચિકશેઠે વિનંતિ કરી હે મહામુનિ! વર્ષાકાલ નજીક આવી રહ્યો છે. આથી, ચાર માસ સુધી અહીં જ સ્થિરતા કરો. મુનિએ પણ તેની તે વિનંતિનો સ્વીકાર કરી. તેના ઘરની નજીકના એક ઓરડામાં ચોમાસું રહી હંમેશાં તે કુંચિક શેઠને ધર્મોપદેશ આપવા લાગ્યા. અને રાતાં પડતાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેવા લાગ્યા.

કુંચિક શેઠનો પુત્ર ધન વિગેરે માટે હંમેશા પિતા સાથે કજીઓ કરતો હતો ત્યારે શેઠે વિચાર્યું: ખરેખર! આ મારો પુત્ર મારૂં ધન લઇ જ લેશે. આથી તે ધન કોઈ ગુપ્ત સ્થાનમાં હું મૂકી દઉં એમ વિચારી તેણે જ્યાં તે સાધુ રહેલા હતા ત્યાં ગુપ્ત રીતે પોતાનું ધન ભૂમિમાં સંતાડી દીધું, પરંતુ, કોઈપણ રીતે તેના પુત્રે ત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જાણી લીધું. તેથી તે પુત્રે ગુપ્ત રીતે તે ધન તે ભૂમિમાંથી લઇને તેની જગ્યાએ એક મોટો પથરો ભૂમિમાં મૂકી દીધો. હવે ચોમાસું વીતિ જતાં તે શેઠે તે થાપણને જોઈ–પરંતુ યથા સ્થા નેમળી નહીં ત્યારે શેઠે વિચાર્યું: ખરેખર ! આ મુનિએ જ મારૂં ધન લીધું હોય એમ લાગે છે. આમ વિચારીને તે શેઠે મુનીને કહ્યું: હે સ્વામી આપે તો સેચનક હાથીની જેમ કૃતઘ્ન થઇને મારૂં ધન લઈ લીધું. સાધુએ કહ્યું: "હે શેઠ, સેચનક હસ્તિની શી વાત છે?" શેઠે કહ્યું સાંભળો:

## સેચનક હસ્તિની કથા

ગંગાનદીના કિનારે એક હાથીઓનું ટોળું હતું તે ટોળાનો માલીક હાથી ભોગની ઈચ્છાથી પેદા થતા પુરુષ હાથીઓ (બચ્ચાંઓ) ને મારી નાખતો હતો અને હાથિણીઓ હોય તે તેમનો સાચવતો હતો. તેનું તે ચેષ્ટિત જોઈનો એક હાથિણીએ તપસ્વિઓના આશ્રમે જઇનો ગુપ્ત રીતે બચ્ચા હાથીનો જન્મ આપ્યો. અનુક્રમે મોટો થયેલો તે હાથી સૂંઢમાં ભરેલા પાણીથી આશ્રમનાં વૃક્ષોનું સિંચન કરતો હોવાથી **સેચનક** એવા નામથી પ્રસિદ્ધ થયો. હવે યૌવનાવસ્થા પામેલા તે સેચનક હાથીએ તે ટોળામાં રહેલા પોતાના પિતા હાથીનો જોઈનો તેનો મારી નાખ્યો અનો પોતે જ યૂથનો માલીક થયો. ત્યાર પછી તે સેચનકે વિચાર્યું કે જેમ મને મારી માતાએ આ આશ્રમમાં જન્મ આપ્યો તેમ બીજી કોઈ હાથિણી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બીજા કોઇ હાથીને પણ જન્મ આપશે અને પેદા થયેલો હાથી કોઈક કાલે મને પણ મારનારો થશે. માટે આ આશ્રમનો નાશ કરવો, એ જ મારા ભવિષ્ય માટે હિતકારક છે. એમ વિચારીને તેણે તે આશ્રમનો જ નાશ કર્યો.

## સેચનક હાથીની કથા સમાપ્ત

આમ તે સેચનક હાથીએ જેમ તે ઉપકારી તાપસોના આશ્રમનો નાશ કર્યો તેમ હે મુનિ! તમે પણ આપને આશ્રય આપનાર મારૂં જ ધન લઈ લીધુ. વળી હે સાધુ! આ વિષય ઉપર એક બીજું પણ દૃષ્ટાંત છે તે સાંભળો:

## કૃષ્ણ પાક્ષિક મંત્રીની કથા

જંબૂદ્વીપના દક્ષિણાર્ધભરતક્ષેત્રના મધ્યખંડમાં **પૃથ્વીભૂષણ** નામનું નગર છે ધર્મ અર્થ, કામ, મોક્ષ, વિગેરે પુરુષાર્થોને પ્રાપ્ત કરવાના સ્થાનરૂપ તીર્થંકર ચક્રવતી વિગેરે સત્પુરુષરૂપી રત્નોની ઉત્પત્તિના સ્થાનરૂપ એ નગરમાં—

દેવ, દાનવ, માનવ વિગેરે જુદી જુદી જાતના વેષને ધારણ કરનાર સર્વ સંસારી જીવોના નાચને જોવામાં તત્પર **શુક્લપક્ષ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને **શુભપરિણામા** નામની પટ્ટરાણી છે, તે રાજાનો નિર્દયોમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અગ્રેસર સમાન, ખોટી, સાક્ષીવાળો કપટનું ઘર, એવો કૃષ્ણ-પાક્ષિક નામનો મંત્રી છે.

હવે એક વખત તે નગરમાં વિદેશથી આવેલા એક વેપારીએ રાજાને ઊલ્ટી શિક્ષાવાળો એક ઘોડો ભેટ કર્યો. તેની પરીક્ષા કરવા માટે રાજા તે ઘોડા ઉપર ચઢીને વન તરફ ચાલ્યો અને એમ કરતાં તે ઘોડાથી અપહરણ કરાયેલો તે રાજા શૂન્ય જંગલમાં આવી પડ્યો. ઘોડો મરી ગયો. ભુખ તરસથી પીડાયેલો રાજા નજીકમાં રહેલા સરોવરમાંથી પાણી પીને હવે શું કરવું એમાં જ મૂઢ થઈ ગયેલો, વનમાં ભમવા લાગ્યો. એટલામાં તેણે એક તાપસને જોયો. તે તાપસને નમસ્કાર કરીને રાજા તેની સાથે તેના આશ્રમે ગયો. એક કન્યાને જોઇને રાજા આશ્ચર્ય પામતો વિચારે છે કે—અહો રૂપ સૌભાગ્ય અને સૌન્દર્યથી ભરપૂર આ કોની કન્યા હશે? આવી તેને જોઇને તે રાજા તેનાં ઉપર રાગી થયો, તે કન્યા પણ રાજાને જોઈ તેના ઉપર રાગવાળી થઈ, કારણકે—

દાન જલ્દી જલ્દી પ્રીતિ ઉપજાવે છે
સ્રીઓ જલ્દી જલ્દી મનને હરણ કરે છે
ધર્મ કરવાથી જલ્દી જલ્દી મોક્ષ મળે છે
અને પાપી જલ્દી જલ્દી પતન પામે છે

હવે તે રાજાને તેવા પ્રકારની ચેષ્ટાવાળો જોઇને તાપસે કહ્યું: "હે મિત્ર! તું શું જોઈ રહ્યો છે?" "રાજાએ કહ્યું: "હે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તાપસ! આ કન્યા કોની પુત્રી છે! કોની પ્રિયા છે? આ આશ્રમમાં શા માટે રહે છે?" ત્યારે તાપસે જવાબ આપ્યો:

વિવેકાદ્રિ નામના પર્વત ઉપર ધર્મસેન નામનો વિદ્યાધર રાજા છે તેની આ નિવૃત્તિ નામની પુત્રી છે. એક વખત આં કન્યા ઉપરની ભૂમિમાં ગોખમાં રહેલી હતી ત્યારે આકાશમાર્ગે કોઈક વિદ્યાધરે પોતાની વિદ્યાના બલથી તેનું અપહરણ કર્યું. ત્યારે તેના પોકારને સાંભળીને તેના પિતા તેની પાછળ દોડયા. ત્યારે ભય પામેલા તે વિદ્યાધરે તે કન્યાને ભૂમિ ઉપર નાખી દીધી. ત્યારે તેના પિતાએ તે કન્યાને પોતાના હસ્તકમલમાં ધારણ કરીને તે કન્યાને મારી પાસે મૂકી છે, અને તેમણે મને કહ્યું કે હું તે વૈરી વિદ્યાધરને મારીને જ્યાં સુધીમાં ન આવું ત્યાં સુધી તમે આનું રક્ષણ કરજો. કદાચ તે વિદ્યાધર સાથે લડાઈ કરતાં મારૂં મરણ થઈ જાય તો કન્યાને તમારે કોઈ પરકાય પ્રવેશની વિદ્યાને જાણનાર, કોઈ સત્પુરુષને આપવી. આમ કહીને તે ગયા છે. આ વાતને ઘણો કાલ વીતી ગયો. પરંતુ, તે વિદ્યાધર હજુ સુધી આવ્યા નથી.

ત્યારપછી તે તાપસે તે રાજાને તે કન્યા ઉપર રાગી થયેલ જાણીને, સારા મુહૂર્તે તે રાજા સાથે કન્યાનું પાણિ-ગ્રહણ (લગ્ન) કરાવ્યું.

એટલામાં તે રાજાનું સૈન્ય ત્યાં આવી પહોંચ્યું. રાજા નિવૃત્તિ કન્યા સહિત સૈન્ય સાથે જેટલામાં પોતાના નગર તરફ જવા તૈયાર થયો, તેટલામાં તાપસે રાજાને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"હે રાજા ! જ્યારે તમે પરકાય પ્રવેશ વિદ્યાને પ્રાપ્ત કરો ત્યારે જ તમે આ કન્યાને અંતઃપુરમાં દાખલ કરજો. વિદ્યા પ્રાપ્ત ન થાઈ હોય ત્યાં સુધી અંતઃપુરમાં દાખલ કરશો નહીં" એવા સોગન લેવડાવવાપૂર્વક તાપસે રાજાને વિસર્જન કર્યા.

હવે રાજાએ પણ પોતાના નગરની નજીકમાં આવી તે કન્યાને બહારના ઉદ્યાનમાં, મહેલમાં મૂકીને પોતે મહોત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કર્યો.

એક વખત રાજાએ મંત્રીને પૂછ્યું : "હે મંત્રી ! હવે મારે પરકાય પ્રવેશવિદ્યા કેવી રીતે મેળવવી ?" મંત્રીએ કહ્યું : "હે સ્વામી ! તમે અહીં એક દાનશાળા ખોલો કે જેથી તેમાં દાન લેવા માટે ઘણા યોગીઓ, વિદ્યાસિદ્ધ પુરુષો આવશે. તેઓમાંના કોઈકની પાસેથી તો જરૂર તે વિદ્યા તમને મળી જશે." રાજાએ તે પ્રમાણે કરાવ્યું ત્યારે તે દાનશાળામાં કાપડિયા વિગેરે ઘણા મુસાફરો દાન લેવા માટે આવવા લાગ્યા. આમ છ માસ વીતી ગયા.

એક વખત ત્યા આવેલા એક કાપડિયાને મંત્રીએ પૂછ્યું : 'હે કાપડિયાભાઈ ! વિદેશમાં ભ્રમણ કરતા તમે કોઈ સ્થાને પરકાય પ્રવેશવિદ્યાને ધારણ કરનારો કોઈ યોગી જોયો ખરો ?' તેણે કહ્યું : "હે મંત્રી ! મેં ખરેખર એવો જ એક યોગી જોયો છે. મારા નગરથી બાર યોજન દૂર એક મોટું વન છે. તે વનમાં પ્રવેશમાર્ગમાં બે તાડનાં ઝાડ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમાં એક ઝાડ ઉપર જ્યારે કાગડાનું દર્શન થાય ત્યારે ત્યાં ન જવું, પણ જ્યારે રાજહંસનું દર્શન થાય ત્યારે ત્યાં જવું. અને પછી તે જંગલને વટાવીને લોકાગ્ર નામનો પર્વત આવશે. તે પર્વતના શિખર ઉપર સદાનંદ નામના યોગીઓનો અગ્રેસર પદ્માસને રહેલો છે. તે યોગીન્દ્રની પાસે પરકાય પ્રવેશ નામની વિદ્યા છે. તે સાંભળી ખુશ થયેલા પ્રધાને તે સ્વરૂપ રાજાને જણાવ્યું. ખુશ થયેલા રાજાએ ત્યાં જવા માટે તે કાપડિયાને માર્ગ પૂછયો. તેણે કહ્યું : "હે રાજન્! તમારા દેશની આગળ બાર ગામ આવશે, તેનાથી આગળ નવ મહાનગરી આવશે, તેનાથી આગળ જતાં પાંચ મહાપાટણો (કોડપતિ વસતા હોય તે નગરીને પાટણ કહેવાય છે.) આવશે. એમ કહી તે કાપડિયો પોતાને સ્થાને ગયો.

હવે રાજા ત્યાં જવા માટે બધી સામગ્રી ભેગી કરીને નિવૃત્તિના ઘેર ગયો. નિવૃત્તિએ કહ્યું : "હે સ્વામી ત્યાં જતાં તમારે મંત્રી સાથે ન રાખવો. કારણકે તે દુષ્ટ છે, દ્રોહ કરનાર છે અને અસત્યમાં જ આનંદ માનનારો છે. કારણકે–

"સર્વ રીતે જે મેળવવા યોગ્ય હોય તે તો રસ્તે જતા મુસાફર પાસેથી પણ મેળવી શકાય છે. પણ જે ન જ મેળવવા યોગ્ય હોય તે તો પુત્ર, સગાં વ્હાલાં કે ભાઇઓ પાસેથી પણ મેળવી શકાતું નથી"

હવે તે રાજા રસ્તાનું ભાથું વિ. લઇને ત્યાંથી ચાલ્યો,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારે પ્રધાન પણ રાજાની શરીરની જાણે છાયા જ ન હોય તેમ રાજાની સાથે ચાલ્યો. રાજાએ એને આવતો રોકયો; પણ, તે પાછો ન ફર્યો, ત્યારે સરળ સ્વભાવના રાજાએ દયા લાવી તે કપટી પ્રધાનને સાથે લીધો.

આમ તે બંને નિરંતર પ્રયાણ કરતાં કરતાં સાતસો યોજન ગયા અને અનુક્રમે બાર ગામ, નવ નગર અને પાંચ પાટણને ઓળંગીને તે બંને પર્વતના શિખર ઉપર પહોંચ્યા. ત્યાં તે બંનેએ પદ્માસને રહેલા એક યોગીન્દ્રને જોયા. યોગીન્દ્રને જોઈને તે બંને ખૂબ હર્ષિત થયા, ત્યારપછી રાજા તે યોગીન્દ્ર પાસે બેસીને એક ધ્યાનથી તેમની સેવા કરવા લાગ્યો. આમ કેટલાય દિવસો જતાં તે **સદાનંદ** નામના યોગીન્દ્ર સંતુષ્ટ થઈ રાજાને કહેવા લાગ્યા: "હે રાજન્! હું તારા ઉપર તુષ્ટ થયો છું; આથી તમે વરદાન માગો." ત્યારે રાજાએ કહ્યું: "હે સ્વામી, મને પરકાય-પ્રવેશવિદ્યા આપો. યોગીએ પણ રાજાને તે વિદ્યા આપી ત્યારે તે મંત્રી આંખોમાંથી આંસુ સારતો વિલાપ કરવા લાગ્યો. તેને આંસુ સારતો જોઈને રાજાએ તે યોગીને વિનંતી કરી :"હે ભગવન્! મારા ઉપર મહેરબાની કરીને આ મારા મંત્રીને પણ વિદ્યા આપો'

**સદાનંદ** યોગીએ કહ્યું : "હે રાજન્ ! આ તમારો મંત્રી મહાપાપી છે, મેલા હૈયાવાળો છે, કિંપાકફળ સરખો દેખાવમાં સારો છે. અંતરથી ઝેરી છે; આથી, તેને વિદ્યા આપવાથી ઉલટો તને જ અનર્થ ઉત્પન્ન થશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાએ કહ્યું : "હે સ્વામી ! આ મંત્રી આશા રાખીને આવ્યો છે, તો મારા ઉપર કૃપા કરીને તેને પણ તે વિદ્યા આપો." આમ રાજાનો આગ્રહ થવાથી તે યોગીએ તે મંત્રીને પણ તે વિદ્યા આપી.

હવે તે રાજા અને મંત્રી તે યોગીને નમસ્કાર કરી ત્યાંથી પાછા ફર્યા અને જંગલને વટાવીને એક સરોવરમાં જલક્રીડા કરવા (નહાવા) આવ્યા. તેના કાંઠે રાજાએ એક મરેલા હાથીનું કલેવર પડેલું જોયું ત્યારે રાજાએ વિચાર્યું" આ કલેવરમાં પેસીને હું મારી વિદ્યાની પરીક્ષા કરૂં. આમ વિચારી તે રાજાએ પોતાનું કલેવર મંત્રીને સોંપીને હાથીના કલેવરમાં પ્રવેશ કર્યો અને ત્યાર પછી હાથીરૂપે થયેલો તે રાજા જંગલમાં ફરવા લાગ્યો.

હવે મંત્રીએ વિચાર્યું : અરે આ પણ સરસ અવસર પ્રાપ્ત થયો છે. એમ વિચારી તે મંત્રીએ વિદ્યાથી પોતાનો આત્મા રાજાના શરીરમાં સ્થાપન કર્યો અને પોતાનું શરીર હતું તેના ટુકડે ટુકડા કરીને પોતે વૃક્ષની મધ્યમાં રહ્યો હતો એટલામાં ત્યાં આવેલા હાથીરૂપ ધારી રાજાએ પોતાનું કલેવર ન જોયું.

ત્યાર પછી રાજાના રૂપને ધારણ કરનાર મંત્રીએ મહોત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કર્યો. સામંતો વિગેરેની આગળ તેણે કહ્યું : કે જે મંત્રી હતો તેને માર્ગમાં સિંહે મારી નાખ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે તે મંત્રી નિવૃત્તિ કન્યાના ધવલ ગૃહમાં ગયો ત્યારે તેણીએ કહ્યું: “હે સ્વામી ! તમે જયારે દેશાંતર ગયા ત્યારે મેં અભિગ્રહ લીધેલા છે કે છ માસ સુધી મારે ભુમિશયન કરવાપૂર્વક બ્રહ્મચર્ય પાળવું તેમજ ત્યાં સુધી આયંબીલનું તપ કરવું.”

હવે રાજાના રૂપને ધારણ કરનાર મંત્રીએ વિચાર્યું કે છ માસ ક્ષણવારની જેમ હમણાં ચાલ્યા જશે એમ વિચારી તે પોતાના સ્થાને ગયો. તે નિવૃત્તિ કન્યાએ વિચાર્યું કે અશુભના વખતે કાલ વિતાવવો એ જ શ્રેષ્ઠ છે, એમ વિચારી તે તપ કરવા લાગી.

હવે અહીં હાથીના કલેવરમાં રહેલો રાજાનો જીવ વિલાપ કરી કરીને પોતાના નગર તરફ ચાલ્યો. તેટલામાં તો તે હાથીને મારી નાખવા પ્રધાને પોતાનાં પુરુષોને મોકલ્યા. તે પુરુષોએ થાકી ગયેલા શરીરવાળા, સામે આવતા તે હાથીને મારી નાખ્યો ત્યારે રાજાના જીવે તે હાથીના કલેવરને છોડીને પોતાનો આત્મા એક હરણના કલેવરમાં નાખ્યો. તે હરણને પણ મારી નાખવા માટે મંત્રીએ પારધિઓને મોકલ્યા. તે પારધિઓએ તે હરણ મારી નાખ્યું. ત્યારે રાજાના જીવે એક પોપટનાં કલેવરમાં પ્રવેશ કર્યો ત્યાર પછી તે આકાશ માર્ગે ઊડીને સાંજના ટાઇમે નિવૃત્તિ કન્યાના ધવલગૃહની નજીકના ઉદ્યાનમાં ગયો અને રાતે એક આંબાના વૃક્ષ ઉપર બેઠો. ત્યારે મંત્રીએ તેને મારી નાખવા માટે પાશિકોને મોકલ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેઓએ યુક્તિ કરી તે પોપટને પોતાની જાળમાં પાડયો. ત્યાર પછી જેટલામાં તે પાશિકો પોપટનું ગળું મરડવાનું કહે છે તેટલામાં પોપટે તેઓની સામે કહ્યું:હે પાશિકો, તમારે મને કોઇ ધનવાનને વેંચી એક લાખ સોનામહોર ગ્રહણ કરવી. જેથી તમને પણ મોટા દ્રવ્યનો લાભ થશે. તે સાંભળી લોભમાં આવી ગયેલા તેઓ એ પોપટને લઈ ચૌટામાં ગયા.

હવે તે પોપટના શરીરમાં રહેલો રાજા વિચારે છે કે "સમુદ્રનો પાર પામવાની જેમ મારે એક દુઃખનો જ્યાં પુરો અંત આવતો નથી ત્યાં ટેર બીજું દુઃખ આવીને ઊભું જ રહે છે. છિદ્રો હોય ત્યાં ઘણા જ અનર્થો થતા હોય છે

તે પોપટને જોઈને બધા લોકો તેની કિંમત પૂછ લાગ્યા. પેલા પાશિકો તેનું એક લાખ મૂલ્ય બતાવે ત્યારે કોઈ તેને વેચાણ રાખતું નથી.

હવે એટલામાં **નિવૃત્તિ** રાણીની દાસી ત્યાં શા વિગેરે લેવા માટે આવી, તે દાસીને જોઈને પોપટે કહ્ "અરે કપિંજલા! તારી સ્વામિની (નિવૃત્તિ રાણી) નિરો છે ને ! તે બધી રીતે કુશલ છે ને ? તે સાંભળી આશ્ચર્ય પામેલી દાસીએ જલ્દી જલ્દી નિવૃત્તિ રાણી પાસે જઈને તે પોપટની તે વાત કહી. ત્યારે રાણી લાખ સોનામહોરો લાવવા માટે તે દાસીને રાજા પાસે મોકલ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દાસીએ જ્યારે પોપટને ખરીદ કરવા માટે લાખ સોનામહોર રાજા પાસે માગી ત્યારે રાજાએ કહ્યું: "લાખ સોનામહોરથી તો હાથી–ઘોડા ખરીદ કરાય. પણ સ્ત્રીઓ ઓછી બુદ્ધિવાળી બુદ્ધિવિનાની હોય છે કે જેઓ આ રીતે એક પોપટને ખરીદવા માટે કરીને લાખ સોનામહોરોનો વિનાશ કરવા તૈયાર થાય છે, એમ કહીને રાજાએ તે દાસીનો તિરસ્કાર કરીને કાઢી મૂકી.

દાસીએ રાણીની પાસે જઈને રાજાએ કહ્યા પ્રમાણેની વાત કહી ત્યારે રાણીએ દાસીને કહ્યું: "હે કપિંજલા ! ખરેખર આ મારો સ્વામી જ નથી. મારો સ્વામી ઘણો જ ઉદાર છે, આ તો કોઈક લોભી વાણીઓ છે !"

ત્યાર પછી રાણીએ સવાલાખ સોનામહોરની કિંમતની પોતાની મુદ્રિકા (વીંટી) દાસી હસ્તક તે પારધિકોને આપી તે પોપટને લેવડાવીને સોનાના પાંજરામાં રાખ્યો. તે જ વખતે રાણીનું ડાબું અંગ ફરકયું અને તે ફરકવાની સાથે શરીરમાં રોમાંચ પણ થયો.

હવે અહીં રાજાના રૂપને જેણે ધારણ કર્યું છે તે મંત્રી પણ ત્યાં આવ્યો. પણ તેના ઉપર રોષ પામેલી નિવૃત્તિ રાણી તેની સાથે વાત પણ કરતી નથી. મંત્રી તો પોપટને જોઈને તેને ઓળખી ગયો અને ઓળખીને પાંજરામાંથી બહાર કઢાવીને તેના ઉપર વેર રાખી તેને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મરાવી નાખ્યો. તે જ વખતે રાજા તે પોપટના કલેવરને છોડીને ત્યાં જ રહેલા એક ભમરાના કલેવરમાં પેસી ગયો.

હવે રાણીએ કહ્યું: હે દેવ! તમે મારા પોપટને કેમ મરી નાખ્યો.? મેં મારૂં પોતાનું જ દ્રવ્ય ખર્ચીને વેચાતો લીધો હતો, તો હવે આ પોપટને તમે સજીવન કરી આપો! જો સજીવન નહીં કરો તો હું અગ્નિમાં પડી બળી મરીશ. ત્યારે મંત્રી તે રાણીના મરી જવાના ભયથી પોતાનું શરીર ઓરડામાં પથારીમાં મૂકીને પોપટના કલેવરમાં પેઠો તે જ વખતે રાજાએ પોતાનું શરીર શૂન્ય પડેલું જોઈ ભમરાના શરીરમાંથી નીકળી તે રાજાના શરીરમાં પેસી ગયો. ત્યાર પછી તે રાજા બહાર આવ્યો. રાણી પણ તે રાજાને જોઈ અત્યંત ખુશ ખુશ થઈ ગઈ અને રાજાએ પોતાની બધી વાત વિસ્તારથી રાણીને જણાવી ત્યારે મંત્રીના જીવવાળા તે પોપટને રાણીએ લોઢાના પાંજરામાં નાખ્યો

હવે ખુશ થયેલો તે રાજા તે નિવૃત્તિ રાણીની સાથે દિવ્યભોગ ભોગવવા લાગ્યો.

આ પરકાય પ્રવેશને લગતી કથાની ઘટના નીચે પ્રમાણે સમજવી—

નગરી તે સંસારી જીવોના નિવાસરૂપ સમજવી. તેમાં દુકાનોની શ્રેણીઓ તે ચોરાશી લાખ જીવોની યોનિરૂપ સમજવી. તેમાં શુકલપાક્ષિક નામનો રાજા એટલે અર્ધ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુદ્ગલ પરાવર્તનકાળ સુધી જ રહેનારો સંસારી જીવવિશેષ સમજવો; અને કૃષ્ણપાક્ષિક નામનો મંત્રી તે અનંતા ભવભ્રમણ કરનાર જીવવિશેષ સમજવો. તેમાં વિવેકરૂપ પર્વત, શુક્લધ્યાનમાં પરાયણરૂપ તાપસ, ચારિત્રરૂપી વિદ્યાધર રાજા તેની મુક્તિરૂપી નિવૃત્તિ નામની પુત્રી, કાપડિયારૂપી સાત્ત્વિક ઉપદેશ આપનારા ગુરુ, સાતસો યોજનરૂપ સાતરાજ પ્રમાણ ઉર્દ્ધલોક, બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તરવિમાન, તાડના ઝાડ ઉપર રહેલા કાગડારૂપી દીર્ઘકાલીન સંસારી જીવ, થોડો જ સમય સંસારમાં પરિભ્રમણ કરનાર જીવરૂપ રાજહંસ, સદાનંદ નામના યોગીરૂપ શ્રી વિતરાગ ભગવંત જાણવા. તેમની પાસે રહેલ પંચાંગીરૂપ પરકાય પ્રવેશ વિદ્યા જાણવી, હાથીના કલેવરરૂપ નરકગતિ સ્થાન જાણવું, હરણના કલેવરરૂપ તિર્યંચગતિ સ્થાન, પોપટના કલેવરરૂપ મનુષ્યગતિ સ્થાન અને ભમરાના કલેવરરૂપ દેવગતિ સ્થાન અને ફરી રાજા પાછો મનુષ્યગતિરૂપ પોતાના દેહમાં પાછો આવ્યો ત્યાર પછી તે પાંચમી મુક્તિગતિને પામ્યો.

તેથી હે ભગવન્ ! મારું ધન લઈ લેતા તમે પણ કૃષ્ણપાક્ષિક મંત્રી જેવું કામ કર્યું.

## કૃષ્ણપાક્ષિક મંત્રીની કથા સમાપ્ત

મુનિએ કહ્યું : "હે શેઠ, તે મંત્રી સરખા અમને તું ન કહે, કારણકે સાધુઓ તો નિર્લોભી હોય છે, જેમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુહસ્તિસૂરિના ચાર શિષ્યો હતા તેમ. શેઠે કહ્યું— તે કેવા સાધુઓ હતા મુનિએ કહ્યું—

## સુહસ્તિસૂરિના ચાર શિષ્યોની કથા

મગધ દેશમાં રાજગૃહ નામે નગરમાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને સુનંદા અને ચેલ્લણા નામની બે રાણીઓ હતી; તે બંનેમાંથી સુનંદાનો પુત્ર **અભયકુમાર** નામનો ચારે બુદ્ધિ (ઔત્પાતિકી વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી) ના નિધાનરૂપ રાજાનો મંત્રી હતો.

હવે એક વખત ૩૪ અતિશયોથી સુશોભિત, ૧૪ હજાર સાધુઓ અને ૩૬ હજાર સાધ્વીજીઓથી પરિવરેલા, ચાર દેવ–દેવીઓથી વ્યાપ્ત, આઠ મહાપ્રાતિહાર્યોથી યુક્ત, સુશોભિત ભગવાન શ્રી **મહાવીરપ્રભુ** પૃથ્વી ઉપર વિહાર કરતા કરતા રાજગૃહ નગરના **ગુણશીલ** નામના ચૈત્યમાં સમોસર્યા !

દેવોએ કરેલા સમોસરણમાં ભગવાને પૂર્વના દ્વારેથી પ્રવેશ કરીને પૂર્વસન્મુખ સિંહાસન ઉપર બેસીને સર્વ-ભાષામાં પરિણામ પામનારી વાણીથી માલકોશરાગમાં ધર્મની દેશના આપી.

હવે એટલામાં જિનેશ્વર ભગવાન પધાર્યાના સમાચાર આપતી ઉદ્યાનપાલકે વધામણી આપતાં મહારાજા શ્રેણિકે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેને ઉચિત દાન આપી પોતાના પરિવાર સહિત ભગવાનને વંદન કરવા ઉદ્યાનમાં આવ્યા. ભગવાનને ત્રણ વાર પ્રદક્ષિણા કરી, વિધિપૂર્વક નમસ્કાર કરી યોગ્યસ્થાને બેઠેલા રાજાએ દેશના સાંભળી :

એટલામાં ત્યાં કોઢથી નષ્ટ થઈ ગયેલા શરીરવાળો દુર્ગંધથી ભરેલો, કોઈ એક પુરુષ આવ્યો, અને તેણે આવી ભગવાનને નમસ્કાર કરી, ભગવાનની પાસે આવી પોતાના શરીરમાંથી નીકળતા લોહી વિગેરેથી ચંદનથી જાણે લેપ કરતો હોય તેમ ભગવાનના ચરણોનો લેપ કરવા લાગ્યો. તેનું તેવું સ્વરૂપ જોઈને રોષ પામેલા શ્રેણિક મહારાજાએ વિચાર્યું કે આ પાપી તો ત્રણ જગતને માન્ય દેવ, દાનવ, માનવોના ઈંદ્રોથી પૂજ્ય ભગવાન શ્રી જિનેશ્વર દેવની આશાતના કરે છે, એથી આ માણસ તો ખરેખર હણવા યોગ્ય ગણાય. આમ રાજા જ્યાં વિચારે છે તેટલામાં જિનેશ્વર ભગવંતે છીંક કરી ત્યારે તે કોઢીઆએ તું મર એ પ્રમાણે કહ્યું. એટલામાં શ્રેણિક રાજાએ પણ છીંક કરી ત્યારે તું ઘણું જીવ એમ તે કોઢીઆએ કહ્યું તે જ વખતે અભયકુમારે પણ છીંક કરતાં તેનો તું જીવ કે મર એમ તે કોઢીઆએ કહ્યું અને તે જ વખતે કાલસૌરિકે છીંક કરતાં તેને તું ન જીવ ન મર એમ તે કોઢીઆએ કહ્યું. આવાં તે કોઢીઆનાં વચન સાંભળીને ફરી શ્રેણિક રાજાએ વિચાર્યું : ખરેખર ! આ દુષ્ટે જિનેશ્વર ભગવાનને તું મર એમ કેમ કહ્યું ?

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

આમ વિચારીને રોષ પામેલા રાજાએ પોતાના સુભટોને હુકમ કર્યો કે હે સુભટો! આ સ્થાનેથી ઊઠે એવો જ આ કોઢીઆનો તમારે જલ્દી પકડી લેવો અને મારી નાખવો.

હવે દેશના પૂરી થતાં ભગવંતને નમસ્કાર કરીને જેવો તે કોઢીઓ બહાર આવ્યો તેવો જ તેને શ્રેણિક રાજાના સુભટોએ ઘેરી લીધો; પરંતુ, તે કોઢીઓ તે બધા સુભટોને જોઈ રહ્યો ને તે તો દેવતાઈ સ્વરૂપનો ધારણ કરી આકાશમાં ઊડી ગયો.

આ બધું વૃત્તાન્ત જાણીને અત્યંત આશ્ચર્ય પામેલા રાજાએ શ્રીસર્વજ્ઞ ભગવાનને પૂછયું : "હે ભગવન્! આ તે આવો કેવો પુરુષ છે કે જેણે પોતાના શરીરમાંથી નીકળતા લોહીથી આપના ચરણોને લીંપ્યા!" ભગવાને કહ્યું : "હે રાજન, તેના વૃત્તાંતને તમે સાંભળો :

## કોઢીઆની કથા

વત્સ દેશમાં કૌશાંબી નામની એક પ્રસિદ્ધ નગરી છે. તે નગરીમાં શતાન્તક નામનો રાજા રાજ્ય કરતો હતો. ત્યાં જ મહાદરિદ્રી મૂર્ખશિરોમણિ સેમુક નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેને પ્રિયકાન્તા નામની પત્ની હતી. તે બ્રાહ્મણ રોજ સાત ગામોમાં ભિક્ષા માગે અને તેથી અતિકષ્ટપૂર્વક પોતાનો પેટગુજારો કરે. હવે એક વખત તેની સ્ત્રીને ગર્ભની પ્રાપ્તિ થઈ, તે વખતે તે પત્નીએ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેને કહ્યું: "હે નાથ! મને પ્રસૂતિનો અવસર પ્રાપ્ત થયો છે; આથી તમે મારા માટે ઘી વિગેરે લઇ આવો." બ્રાહ્મણે જવાબ આપ્યો: હે પ્રિયા, મારી પાસે તો કાંઈ વિદ્યા વિગેરેની કુશળતા નથી કે જેથી ઘી વિગેરે કંઈ મેળવી શકું! કારણ કે કલાકારો જ ધનને મેળવી શકે છે. સ્ત્રીએ કહ્યું: "તો હે સ્વામી! તમે રાજા પાસે જાઓ, રાજાની સેવા કરો, જેથી ખુશ થયેલો રાજા તમને ધન આપશે." ત્યારે તે ભટ્ટ બીજોરૂં વિગેરે ફૂલ લઈને રાજા પાસે ગયો અને રાજા પાસે તે ફળ ભેટણારૂપે કરીને તે રાજાની સેવા કરવા લાગ્યો.

એક વખત ખુશી થયેલા રાજાએ કહ્યું: "હે બ્રાહ્મણ! તું અહીં શેને માટે આવ્યો હતો?" બ્રાહ્મણે કહ્યું: "હે સ્વામી! ધનવિનાના અને મૂર્ખ શિરોમણિ મને કયાંયથીય ધનની પ્રાપ્તિ થતી નથી; તેથી ધન માટે હું આપની સેવા કરૂં છું. રાજાએ કહ્યું: "તો તારે રોજ વનમાં જઈ પુષ્પો લાવીને મને આપવાં અને હંમેશાં બે રૂપિયા મારા ભંડારી પાસેથી લેવા" હવે તે બ્રાહ્મણ પણ હંમેશાં તે પ્રમાણે કરવા લાગ્યો.

હવે એક વખત તે કૌશાંબીના રાજાને ચંપા નગરીના રાજા સાથે વિરોધ થયો. ત્યારે ચંપાનગરીનો રાજા ચતુરંગ સેના સાથે આવ્યો અને કૌશાંબીમાં આવીને નગરીને ઘેરો ઘાલ્યો. હવે કૌશાંબીનો શતાન્તક રાજા બિલની અંદર પેસી ગયેલા સાપની જેમ કૌશાંબીના મધ્યમાં રહ્યો રહ્યો જ તે ચંપા નગરીના રાજા સાથે યુદ્ધ કરે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એમ કરતાં વરસાદનો સમય આવતાં ચંપાનગરીના રાજાએ વિચાર્યું: હવે પાછા જવું એ તો સારૂં નહીં; અહીં જ રહેઠાણ બનાવીને જ રહેવું. એમ વિચારી ચંપાનગરીનો રાજા કૌશાંબીમાં જ પોતાના સૈન્ય સાથે રહ્યો.

હવે અહીં એવું બન્યું કે શતાન્તક રાજાનું સૈન્ય બહુ થોડું છે એમ માનીને ચંપાનગરીના રાજાના કેટલાક સુભટો વર્ષા ઋતુમાં પોતાના સ્વજનોને મળવા માટે પાછા ચાલ્યા ગયા; અને કેટલાંક પોતાનાં ખેતરોમાં અનાજ વાવવા માટે ગયાં. આમ ઘણાં ચાલ્યા જવાથી થોડા જ સૈન્ય સહિત ચંપાનગરીનો રાજા ત્યાં નિશ્ચિંત થઈને રહ્યો.

હવે એક વખત વર્ષાઋતુના સમયમાં તે સેમુક બ્રાહ્મણ પુષ્પ લેવા માટે જ્યારે વનમાં ગયો ત્યારે ચંપાનગરીના રાજાને થોડા જ સૈન્યવાળો ત્યાં જોઇને જલ્દી જલ્દી નગરની અંદર આવીને પોતાના માલિક શતાન્તક રાજાને તેણે તે બધી વાત કરી. તે સાંભળીને ખુશ ખુશ થયેલો શતાન્તક રાજા જલ્દી જલ્દી પોતાના બધા સૈન્ય સાથે નગરની બહાર નીકળીને ચંપાનગરીના રાજાના સૈન્ય ઉપર એકદમ તૂટી પડયો. અકસ્માત આવી ચડેલાં તેને જોઇને ચંપાનગરીના રાજાના સર્વે સૈનિકો ભયભીત થઈ ત્યાંથી ભાગી ગયા, ચંપેશ પણ હવે કયાં જવું એનો વિચાર કરતાં તે ભયભીત થયેલો એકલો જ ભાગી છુટયો ત્યારે શતાન્તક રાજાએ વિજય પ્રાપ્ત કરીને ચંપાનગરીના રાજાના હાથી ઘોડા વિગેરે બધું ગ્રહણ કરીને મહોત્સવપૂર્વક પોતાના નગરમાં પ્રવેશ કર્યો. ત્યાર-પછી તે સેમુક બ્રાહ્મણને બોલાવીને તેને બહુમાન આપવાપૂર્વક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહ્યું: 'હે ઉત્તમ બ્રાહ્મણ! હું તારા ઉપર ખુશ થયો છું. તારી ઈચ્છા પ્રમાણે તું મારી પાસે માગ. તું જે માગે તે હું આપીશ." બ્રાહ્મણે કહ્યું: "હે રાજેન્દ્ર! મારી પ્રિયાને પૂછીને પછી મ ગીશ, ત્યારપછી રાજાની રજા લઈને સેમુક બ્રાહ્મણે ઘેરે આવીને પોતાની પત્નીને કહ્યું-હે પ્રિયા! આજે રાજા મારા ઉપર ખુશ ખુશ થયેલ છે. તેણે હું માંગુ તે આપવાનું કહ્યું છે. પણ મેં તો તને પૂછીને જ માંગવાનું નક્કી કર્યું છે! તો તું કહે હું રાજા પાસે શું માગું? "આ સાંભળીને બુદ્ધિમાન બ્રાહ્મણીએ મનમાં વિચાર્યું કે જો બુદ્ધિહીન બ્રાહ્મણ રાજા પાસે ગામ નગર કે એવું માગશે તો તો આ બ્રાહ્મણ બીજી પત્ની કરીને મારૂં અપમાન કરશે. આમ વિચારી તેણે બ્રાહ્મણને કહ્યુ: તો તો હે સ્વામી! આ રાજાના દેશમાં બધાંને હંમેશાં એકેક દિવસ ભોજન મળે, એમ એકેક સોનામહોર દક્ષિણામાં મળે તેવી તમે માગણી કરો: તે સાંભળી બ્રામણે તો રાજા પાસે આવીને તેજ રીતે માગ્યું ત્યારે રાજાએ કહ્યું: "અરે મૂર્ખ! તેં આવું જ શું માગ્યું! બીજું કંઈ ગામ વિગેરે માગ." બ્રાહ્મણે કહ્યું: "હે સ્વામી! ગામ વિગેરેના લાંબા વ્યવહારની વિડંબનામાં મને ગમતું નથી. તેથી આટલું જ મને સંતોષ પમાડશે. એથી એ જ આપો? ત્યારે રાજાએ પોતાના દેશમાં પટહોદ્ઘોષણા-ઢોલ વગાડીને જાહેરાત કરવા પૂર્વક બ્રાહ્મણને તેના માગ્યા પ્રમાણે આપ્યું.

:

હવે આ ખુશ થયેલો બ્રાહ્મણ હંમેશાં ઘેર ઘેર ભોજન કરે છે અને દક્ષિણામાં એક સોનામહોર ગ્રહણ કરે છે અને રાજ માન્ય હોવાથી લોકો પણ હંમેશાં તેને મિષ્ટાન્ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિગેરે ખૂબ સન્માન આપવાપૂર્વક જમાડે છે અને દક્ષિણા આપે છે. આમ કરતાં તેના ઘણા દિવસો વીતિ ગયા.

હવે એક વખત તે બ્રાહ્મણે લોભને વશ થઈ એમ વિચાર્યું કે ગામ ઘણાં છે; અને મારૂં આયુષ્ય તો થોડું છે, આથી; હું એક જ દિવસમાં ઘણાં ઘેર ભોજન કરૂં તો ઘણી સોનામહોરો મેળવી શકું ! એમ વિચારીને તે હંમેશાં પહેલાંનું ખાધેલું હોય તેનું વમન (ઉલટી) કરી કરીને એક જ દિવસમાં ઘણાં ઘેર ભોજન કરે છે અને ઘણી સોનામહોરોને મેળવે છે. આમ તે બ્રાહ્મણ થોડા જ ટાઈમમાં ઘણા ધન ધાન્ય પુત્ર પૌત્ર વિગેરે પરિવાર વાળો થયો. પરંતુ આ રીતે નિરંતર વારંવાર નહીં પાચન થયેલા અન્નનું વામન (ઉલટી) વિગેરે કરવાથી અને ફરી ફરીને ભોજન કરવાનું ચાલુ રાખવાથી અનુક્રમે તેના શરીરમાં કોઢરોગ પેદા થયો; અને તેથી તેનું માથું હાથ પગ વિગેરે સડી ગયાં. આ રીતે કોઢ રોગવાળો થવા છતાં પણ તે હંમેશાં રાજા પાસે જાય છે.

હવે એક વખત મંત્રીઓએ રાજાને જણાવ્યું : "હે સ્વામી ! આ બ્રાહ્મણ કોઢ રોગથી વ્યાપ્ત થયો છે; તેથી, તે હવે ઘેર જ રહે તે જ સારૂં. વળી આને ઘણા પુત્રો અને પુત્રના પુત્રો છે. તેઓમાંથી કોઈ એક લોકોના ઘેર ભોજન કરે તે સારૂં. "તે સાંભળી રાજાએ કહ્યું : "એમ હોય તો હવેથી એમ કરો." ત્યારે મંત્રીઓએ તે બ્રાહ્મણને બોલાવીને એમ કહ્યું: "હે બ્રાહ્મણ ! રાજાનો હુકમ છે, કે હવેથી તમારે તમારી જગ્યાએ ભોજનના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માટે લોકોના ઘેર તમારા એક પુત્રને મોકલવો તમારે તો હવે ઘેર જ રહેવું.

હવે તે બ્રાહ્મણ રાજાના તે હુકમને માન્ય રાખીને હંમેશાં પોતાના પુત્રને જ લોકોના ઘેર જમવા મોકલવા લાગ્યો. માખીઓના સમૂહથી ભરપૂર મધપૂડાની જેમ ઘરના દરવાજા બહાર તેને પુત્રોએ સ્થાપી દીધેલો, ઝુંપડીના એક વિભાગમાં પડયો રહે છે. ઘરની અંદર કોઈ તેની આજ્ઞાને—વાતને સાંભળતું નથી. તેના પુત્રો પણ તેને કૂતરાની જેમ લાકડાના વાસણમાં ભોજન આપે છે; અને બધા કુટુંબીજનો તેને મશ્કરીમાં ઊડાવે છે. યૌવનમાં ચકચૂર થયેલી વહુઓ પણ તેની સામે નાક મચકોડી (મરડી)ને થૂંકે છે.

હવે આ રીતે પુત્રો અને પુત્રની વહુઓથી પરાભવ પામેલો તે બ્રાહ્મણ વિચારે છે કે ખરેખર મેં જ જેઓને શ્રીમંત બનાવ્યા તે મારા પુત્રો વિગેરે મારો જ તિરસ્કાર કરે છે અને એમ સમજે છે કે—આ કોઢીઓ ખુશ થઇને કે નાખુશ થઇને આપણને શું કરવાનો છે? આમ વિચારી ક્રોધાંધ થઇને તેમના ઉપરના વેરનો ઈલાજ—બદલો લેવાની ઈચ્છાવાળો થયેલો પોતાના પુત્રોને બોલાવી આ પ્રમાણે કહ્યું: "હે પુત્રો! હવે હું જીવનથી કંટાળી ગયો છું; તેથી, હું હવે તીર્થયાત્રા કરવા ઈચ્છું છું. આથી તમારે મારા કહ્યા પ્રમાણેનો એક કુલમાં ચાલ્યો આવતો આચાર કરવાનો છે" તે સાંભળી પુત્રોએ કહ્યું: "હે પિતા! આપે આ ખૂબ સારો વિચાર કર્યો, તો હવે અમોને કુલ પરંપરાથી ચાલ્યો આવતો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આચાર જણાવો જેથી અમે આપના કહ્યા પ્રમાણે કરીએ !" સેમુક બ્રાહ્મણે કહ્યું : તમે એક બકરો લાવો; જેથી તેનો દેવોને બલિ અપાય જેથી, તમારા સર્વની ઋદ્ધિ વૃદ્ધિ અને કલ્યાણની પરંપરા ચાલુ જ રહે". તે સંભળીને તે પુત્રોએ એક બકરો લાવીને પિતાને આપ્યો. બ્રાહ્મણે કહ્યું : "હવે હું કેટલાક દિવસ સુધી આ બકરાને મંત્રોથી પવિત્ર કરીશ અને તમે એને માટે ભીના-લીલા જવ લાવો" ત્યારે તેઓએ તે બકરાને ચરાવવા માટે લીલા જવ પણ લાવીને પિતાને આપ્યા.

હવે તે સેમુક બ્રાહ્મણ તે લીલા જવને ગુપ્ત રીતે પોતાના લોહી વિગેરેથી ભીંજવીને તે બકરાને રોજ ખવડાવવા લાગ્યો. આમ કેટલેક દિવસે તે પણ અનુક્રમે કોઢીઓ થઈ ગયો. ત્યારપછી તે પાપી બ્રાહ્મણે તે બકરાને હણીને તેનું માંસ પોતાના પુત્રો વિગેરેને આપ્યું. પિતાના મનના મલિન આશયને નહીં જાણતા સરળ આશયવાળા તે પુત્રો વિગેરેએ પણ તે માંસ ખાધું. આવું અકાર્ય કરીને તે સેમુક બ્રાહ્મણ પોતે થોડુંક ભાથું લઇને યાત્રા માટે દેશાંતર ગયો. કેટલેક દિવસે એક ભયંકર અટવીમાં આવી પડચો. ત્યાં ખૂબ તરસ્યો થયેલો તે બ્રાહ્મણ પાણી માટે અહીંથી તહીં ભટકતો, જુદી જુદી જાતનાં ઝાડોનાં સડેલાં પાંદડા અને મૂળીયાંઓથી મિશ્ર થયેલા અને સ્વાદમાં લગભગ તૂરા પાણીવાળું એક સરોવર જોયું. ખૂબ તરસ્યા થયેલા તે બ્રાહ્મણે તે ખરાબ સ્વાદવાળા, તડકામાં તપી ગયેલા ઊકળતા પાણીને કંઠ સુધી—તૃપ્તિ થાય ત્યાં સુધી પીધું. ઘડી બે ઘડીમાં તો તે પાણી પીવાથી તેને મહા વિરેચ—મોટો રેચ લાગ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઝાડા થયા; તેથી તેનો બધો જ કોઢનો રોગ નાશ પામ્યો. ત્યારપછી કેટલાય દિવસસુધી ત્યાંજ વનમાં ફલ વિગેરેનું ભક્ષણ કરતો રહેવા લાગ્યો. તે પાણી પીવાથી અને તે તળાવના પાણીમાં સ્નાન કરવાથી અનુક્રમે તે સર્વથા રોગ વિનાનો થઈ ગયો. અને અત્યંત મનોહર–તેજસ્વી શરીરવાળો થઈ ગયો. ત્યારપછી તે બ્રાહ્મણ પાછો ફરીને પોતાના નગરમાં આવ્યો. નગરીમાં પેસતાં જ તે બ્રાહ્મણને નગરજનોએ પૂછ્યું : "હે બ્રાહ્મણ ! નીરોગી કેવી રીતે થઈ ગયો" બ્રાહ્મણે કહ્યું : "મેં દેવની આરાધના કરી અને તે દેવતાના પ્રભાવથી હું નિરોગી થઈ ગયો". તે સાંભળીને આશ્ચર્ય પામેલા લોકો તેને ભાગ્યશાળી માનવા લાગ્યા.

હવે ઘેર ગયેલો પોતાના પુત્રો વિગેરેને કોઢ રોગથી રોગી બનેલા જોઈને ખુશ થઈને કહેવા લાગ્યો : "હે પુત્રો ! સારૂં થયું કે તમે લોકોએ મારી અવજ્ઞા–તિરસ્કાર કર્યો તેનું તાત્કાલિક ફલ પામ્યા." તે સાંભળી પુત્રોએ વિચાર્યું : ખરેખર ! આ આપણા પિતાએ જ આ અકાર્ય કર્યું છે કે કોઢથી વ્યાપ્ત બકરાનું માંસ આપણને ભક્ષણ કરવા માટે આપ્યું. આવા પિશાચ જેવા પિતા હોવા છતાં પણ તેને ધિક્કાર હો. આમ તે પુત્રોએ તેને વારંવાર ધિક્કારીને તેઓએ પોતાના પિતાને ઘરમાંથી બહાર કાઢી મૂક્યો. તે બધું વૃત્તાંત જાણીને નગરવાસીઓએ તે બ્રાહ્મણનો તિરસ્કાર કર્યો અને તિરસ્કારાયેલો તે સેડુક બ્રાહ્મણ નગરમાંથી નીકળીને રાજગૃહ નગરમાં આવીને પોતાની આજીવિકા ચલાવવા માટે નગરના દ્વારપાલની સેવા કરવા લાગ્યો. એવા અવસરે અમે ત્યાં વિહાર કરતા કરતા સમોસર્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સર્વે નગરવાસીઓ અમને વંદન કરવા માટે ત્યાં આવ્યા ત્યારે તે દ્વારપાલ પણ પોતાના સ્થાને તે બ્રાહ્મણને મૂકીને અમારાથી અપાતી ધર્મદેશનાને સાંભળવા માટે અમારી પાસે આવ્યો !

હવે તે નગરના દરવાજે શું થયું તે સાંભળોઃ–

તે દરવાજાની આગળ **નવદુર્ગા** નામની વ્યંતરદેવીનું સ્થાનક હતું અને નગરના લોકો તેને ઈચ્છિત આપનારી છે એમ માનીને માનતા કરતા અને હંમેશાં ધૂપ દીવો વિગેરેથી પૂજતા.

હવે એક વખત કોઈ મોટી ઋદ્ધિવાળો હોવા છતાં પુત્ર વિનાના વેપારીએ ત્યાં આવીને દેવીને નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું: "હે માતા ! જો મને પુત્ર થશે તો તને ત્રણ રત્ન આપીશ. ત્યારપછી કેટલેક કાળે તેને પુત્ર થયો. પરંતુ તે ધૂતારો વેપારી દેવીને માનતારૂપે કરેલ ત્રણ રત્ન આપતો નથી. તે દેવી પણ તેને વારંવાર સ્વપ્નામાં આવીને તે રત્નો માગે છે. પરંતુ; ધૂતારાઓનો અગ્રેસર વેપારી આપતો નથી ત્યારે એક વખત તે દેવીએ સ્વપ્નામાં તે વેપારીને કહ્યું : "જો મને તું તે ત્રણ રત્ન નહીં આપે તો હું તારા પુત્રને મારી નાંખીશ ' તે સાંભળીને ભય પામેલો આ વેપારી પ્રભાતમાં ત્રણ રત્નો સહિત પરિવાર સાથે દેવી પાસે આવ્યો, ત્યાં દેવીની સામે તે ત્રણ રત્નો મૂકીને તે ધૂર્તે કહ્યું : "હે માતા ! તમારી મહેરબાની મારા ઉપર થવાના પ્રતીકરૂપ એક રત્ન મારા માટે. બીજું રત્ન પુત્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માટે અને ત્રીજું રત્ન મારી પત્ની માટે હું ગ્રહણ કરૂં છું. એમ કહીને તેણે તે રત્ન પાછાં લઈ લીધાં અને ત્યારપછી તે દેવીને નમસ્કાર કરીને પોતાના ઘેર આવ્યો.

હવે દેવીએ વિચાર્યું કે : અરે આ ધૂર્તે તો મને પણ ઠગી–છેતરી ! આમ તે દેવી જ્યાં ચિંતાતુર બની, એવામાં એનો એક નાયક યક્ષ તે દેવીને મળવા માટે ત્યાં આવ્યો અને તે દેવીને ચિંતાયુક્ત જોઇને યક્ષે પૂછ્યું: "હે દેવી ! આજે તું ચિંતાતુર કેમ જણાય છે? તે સાંભળી તે દેવીએ તે વેપારીનો બધો વૃત્તાંત તે યક્ષને જણાવ્યો. તે સાંભળી તે યક્ષે તેને કહ્યું: "હે દેવી ! તું તો ખરેખર મહાભાગ્યશાળી છું કે તે વેપારીએ પોતે મૂકેલાં પોતાનાં રત્નો માત્ર લઈ લીધાં; પરંતુ, એક તેના કરતાંય મહાધૂર્ત વેપારીએ તો મારા શરીરમાં પણ મોટી પીડા ઉત્પન્ન કરી હતી એમ કહીને તે યક્ષે ઘણા ઘાવાળું પોતાનું શરીર તે દેવીને બતાવ્યું. તે જોઇને આશ્ચર્ય પામી ગયેલી તે દેવીએ તેને પૂછ્યું: "હે યક્ષરાજ ! તમને આવી પીડા કઈ રીતે પેદા થઈ? યક્ષે કહ્યું: "એક વેપારીનું વહાણ સમુદ્રની અંદર? જલની અંદર રહેલા પર્વત ઉપર અટકી ગયું, ત્યારે હવે કરવું શું ! તેમાં જ મૂઢ થઈ ગયેલા તે વેપારીએ મારૂં સ્મરણ કર્યું અને કહ્યુ: "હે યક્ષરાજ ! જો મારૂં વહાણ અહીંથી બહાર નીકળી જશે તો હું તમને એક પાડો આપીશ. ત્યારે મેં પણ તેનું વહાણ ત્યાંથી તાર્યું, બહાર કાઢ્યું, ત્યારપછી ઘેર આવેલા તેણે મને માનેલો પાડો ન આપ્યો કેટલાક દિવસ પછી મેં સ્વપ્નામાં તેને કહ્યું: "હે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વેપારી! જો તું મને તેં માનેલો પાડો નહીં આપે તો હું તને મારી નાખીશ. ત્યારે તે મહાધૂર્ત એક જંગલી પાડો લાવ્યો. ત્યારપછી પોતાના માણસોથી પરિવરેલા તેણે ગીત, ગાન, નાટક, વાજિંત્ર વગાડવાપૂર્વક મારી પાસે આવીને તે પાડો મારા પગે બાંધ્યો ત્યારે લોકોએ તે વેપારીને કહ્યું કે આ પાડાને તું માર ત્યારે તે ધૂર્તે કહ્યું : "આ બધું કામ તો યક્ષ પોતે જ કરી લેશે એમ કહીને તેણે વાજિંત્રો વગાડવાનો મોટો અવાજ ત્યાં કરાવવા માંડયો તેના તે અવાજથી આકૂલવ્યાકૂલ થયેલો તે જંગલી પાડો મને પણ મૂળમાંથી ઉખેડીને, મને ઊંચો ઉપાડીને કૂદીકૂદીને શેરીઓમાં દોડવા લાગ્યો. તેથી ભૂમિ ઉપર પથ્થર વિગેરે સાથે ઘસાતાં મારા શરીરમાં મોટા ઘા પડી ગયા. આમ મને ભૂમિ ઉપર ઘસાતો જોઈ વચમાં જ લોકોએ દોરડું કાપી નાખીને મને ત્યાંથી ઉપાડીને મારા મૂળ સ્થાનમાં મૂકયો. તેથી તે ધૂર્તે કરેલી મને પણ આવા પ્રકારની પીડા થઈ છે, માટે તું હવે બોલ્યાચાલ્યા સિવાય જ મૌન થઇને અહીં સુખે રહે. આમ યક્ષે આશ્વાસન આપતાં તે દેવી પણ માન થઇને રહી.

હવે એક વખત તે શેઠની ત્યાં જતી તે પત્નીને તે દેવીએ જોઈ. તે શેઠની પત્નીને જોઇને પોતાનું પૂર્વનું વેર યાદ આવવાથી તે દેવીએ તેના શરીરને પોતાનાથી અધિષ્ઠિત કર્યું. દેવીએ તેના શરીરમાં પ્રવેશ કર્યો તેથી તે ગાંડી થઈ ગઈ અને ગાંડી થઈને ઘેર આવીને પોતાના પુત્રને સ્તન-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાન વિગેરે પણ કરાવતી નથી–ધવડાવતી નથી. શેઠે ઘણુય ઉપાયો કર્યા, પરંતુ" તે ગાંડપણમાંથી સાજી ન થઈ. રાત્રિમાં તે દેવીએ શેઠને સ્વપ્નની અંદર કહ્યું: "જો તું મને લાપશી વડાં વિગેરે નૈવેદ્ય આપીશ તો જ તારી પત્ની સાજી થશે નહીં તો નહીં જ થાય."

હવે પ્રભાતે તે બધી જાતનું નૈવેદ ત્યાં દેવી આગળ ધર્યું.

હવે ત્યાં ધરાયેલું તે નૈવેદ્યરૂપે વડાં વિગેરે જોઈને ખૂબ ભૂખ્યા થયેલા સેમુક બ્રાહ્મણે તૃપ્તિ થાય ત્યાં સુધી ખાધું; તેથી, તેને પાણી પીવાની ખૂબ તરસ લાગી અને ખૂબ તરસ લાગવાથી આકૂલવ્યાકૂલ થયેલા તે બ્રાહ્મણે દ્વારપાલના ભયથી તે સ્થાન છોડીને જ્યાં ક્યાંય કૂવા તળાવ વાવમાં પાણી હોય ત્યાં જવા સમર્થ ન થયો. અને ખૂબ તરસથી ઉદ્વેગ પામેલો તે આ પ્રમાણે વિચારવા લાગ્યો :

"તે જલચર (પાણીમાં રહેનારા) જીવોને ધન્ય છે કે જેઓ હંમેશાં ઈચ્છા પ્રમાણે જલમાં ક્રીડા–રમતગમત કરે છે. હું તો તદ્દન અભાગીયો કે પાણી વિના અત્યારે ખૂબ દુઃખી થઈ રહ્યો છું. ત્યારપછી તે "પાણી પાણી" એમ બોલતો અને ખૂબ બૂમો પાડતો મરીને તે આજ નગરમાં દરવાજા પાસેની વાવમાં દેડકાપણે ઉત્પન્ન થયો.

હવે ફરી પણ અમે આ નગરમાં સમોસર્યા ત્યારે પનિહારીઓના મુખેથી અહીં અમારા આગમનને સાંભળીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જેને જાતિસ્મરણ (પૂર્વ-જન્મનું સ્મરણ) થયું છે એવો તે દેડકો ઉલ્લાસયુક્ત ભાવથી-ભાવોલ્લાસથી અમને વંદન કરવા વાવનાં પગથીયાંના માર્ગે કૂદી કૂદીને વાવની બહાર નીકળીને જ્યાં માર્ગની વચ્ચે આવ્યો ત્યાં જ તમારા ઘોડાના પગનો પ્રહાર થતાં-પગની લાત વાગતાં મરી ગયો. શુભ ભાવમાં મર્યો, તેથી સૌધર્મ દેવલોકમાં દર્દુરાંક નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો.

હવે ઇન્દ્રે તે દેવસભામાં તમારી આ પ્રમાણેની પ્રશંસા કરીઃ "હમણાં ભરત ક્ષેત્રમાં શ્રેણીક રાજા જેવો ક્ષાયિક સમ્યક્ત્વને ધારણ કરનાર કોઈ નથી. ઇંદ્રના આ વચન ઉપર શ્રદ્ધા ન આવવાથી આ દેવ તમારી પરીક્ષા કરવા માટે અહીં આવ્યો હતો. તે દર્દુરાંક દેવે ગોશીર્ષ ચંદનથી જ મારા ચરણોને પૂજ્યા. માત્ર તમારી દૃષ્ટિને મોહ પમાડવા માટે જ દેવમાયાથી તમને વિષ્ટા ચોપડતો હોય તેમ વિપરીત દેખાડયું.

હવે ફરી શ્રેણિક રાજાએ પૂછયુંઃ "હે ભગવન્! તમે જ્યારે છીંક કરી ત્યારે આ દેવે 'મરો' એમ અમંગલ શબ્દો કેમ કહ્યા? અને બીજાઓએ જ્યારે છીંક કરી ત્યારે તેનાથી ઉલટું કેમ કહ્યું?" તે સાંભળી ભગવતે કહ્યુંઃ "હે રાજેન્દ્ર, મેં છીંક કરતાં તે દેવ એમ બોલ્યો કે, હે ભગવન્! તમે હજુ સુધી સંસારમાં કેમ રહ્યા છો? જલ્દી મોક્ષે જાઓ. એવાં આશીર્વાદનાં વચનો તેણે કહ્યાં. વળી તમને "ઘણું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જીવો" એવું આશીર્વચન તેણે કહ્યું : કારણકે, અહીં આપને સુખ છે. પરંતુ મર્યા પછી તમે નરકે જવાના છો.

અને અભયકુમાર માટે બંને બાબતો સારી છે. જીવે તો ધર્મ કરે અને મરે તો અનુત્તર વિમાનવાસી દેવ થાય. માટે જ અભયકુમારને કહ્યું કે તું જીવ કે મર.

જ્યારે કાલસૌકરિક તો અહીં હંમેશાં જીવ-હિંસા કરે છે અને મરીને સાતમી નરક જશે. તેથી તેણે તેને કહ્યું કે "તું જીવ પણ નહીં કે મર પણ નહીં."

આ બધું સાંભળી આશ્ચર્ય પામેલા શ્રેણિક રાજાએ ફરીથી કહ્યું : "હે ભગવન્! તમે મારા નાથ હોવા છતાં મારી નરક ગતિ કેમ થાય? ત્યારે ભગવંતે કહ્યું : "રાજન્! તમે પહેલેથી જ નરકાયુષ બાંધેલું છે, તેથી તમે ખરેખર નરકમાં તો જશો જ. કારણ કે શુભ કે અશુભ કર્મનું ફલ પ્રાણીઓને અવશ્ય ભોગવવું જ પડે છે. એ બાબતમાં અમારાથી પણ કંઈ ફેરફાર કરી શકાતો નથી. તેમજ હે રાજન્! તમે પદ્મનાભ નામના પહેલા તીર્થંકર માટે તમે કંઈ ચિંતા ન કરો. ફરી શ્રેણિક રાજાએ કહ્યું : "હે ભગવન્! એવો કોઈ ઉપાય બતાવો કે જેથી મારે નરકગતિમાં જવું ન પડે. ભગવંતે કહ્યું : "જો તમારી કપિલા[1] નામની દાસી મુનિઓને ભાવપૂર્વક દાન આપે!"

[2]કાલશૌરિક જો પાપ કાર્યને છોડી દે!

[3]રોજ પાંચસામાયિક કરનાર પુણીઓ શેઠ જો તમને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાના એક સામાયિકનું ફલ આપે ! તો તમારો નરક ગતિથી છુટકારો થાય. બીજી કોઈ રીતે થાય તેમ નથી.

આ સાંભળીને શ્રેણિક રાજા શ્રી મહાવીર ભગવંતને પ્રણામ કરીને પોતાના ઘર તરફ ચાલ્યા.

એટલામાં તે દર્દુરાંક દેવે વિકુર્વેલા કોઈ મુનિવેષધારી મનુષ્યે સરોવરના કાંઠે રહેલ વૃક્ષ ઉપરથી લીલાં ફળોને ગ્રહણ કરીને પોતાની ઝોળીમાં નાંખતો હોય તેમ રાજાએ જોયું. આમ છ જીવનિકાયનો વિરાધના કરનાર હોઇને જિનશાસનની ઉપજાવતા તે સાધુવેષધારી મનુષ્યને જોઇને હૃદયમાં ખેદ પામવા છતાં રાજાએ તેને પ્રણામ કરીને અને એકાંતમાં લઈ જઇને તે અકાર્ય કરવામાંથી અટકાવ્યો.

ત્યાંથી આગળ ચાલતાં શ્રેણિક રાજાએ તે જ દર્દુરાંક દેવે વિકુર્વેલ એક સાધ્વીના વેષ ધારણ કરેલી, કાજલ આંજેલી આંખોવાળી, પડખામાં જેણે બે પુત્રો તેડેલા છે અને કાંખમાં રાખેલા રજોહરણ (ઓઘા) વાળી મુખ ઉપર જેણે મુહપત્તિ રાખેલી છે એવી અતિસ્નિગ્ધ અને એકદમ કાળાશયુક્ત માથાના વેણીરૂપ દંડવાળી કોઈ એક ગર્ભિણી સ્ત્રીને સરોવરના કાંઠે હાથપગ ધોતી જોઈ.

આવી અત્યંત જિનેશ્વર ભગવાનના શાસનની અત્યંત મલિનતા પેદા કરાવતી તે સ્ત્રીને જોઇને શ્રેણિક રાજાએ કહ્યું : "હે સ્વામીની ! તમારે અહીં રહેવું યોગ્ય નથી અને તમારે આવું અકાર્ય પણ ન કરવું જોઈએ."

સાધ્વીએ કહ્યું : "હે રાજેન્દ્ર ! શ્રી વીર ભગવાનના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શાસનમાં આવા બધા મારા જેવા જ છે. કેટલાકનું આવા પ્રકારનું અકાર્ય કર્મ સંયોગથી પ્રગટ થાય છે, જ્યારે કેટલાકનું ગુપ્ત રહે છે.

રાજાએ કહ્યું : "હે મહા ભાગ્યશાલિની ! તમારો કર્મનો ઉદય આવ્યો છે, પરંતુ, જિનશાસનનો તો મહાન્ પ્રભાવ છે ! આથી તમે મારા ઘેર આવી જાઓ. તમારી સારી રીતે સેવા કરીશું અને સંતાનની ઉત્પત્તિ થઈ ગયા પછી તમારે જવાનું. ત્યાં સુધીમાં તમને બધી રીતે સાચવી લઈશું."

હવે તે દેવે તે શ્રેણિક રાજાને પોતાના જ્ઞાનથી અત્યંત દઢ સમકિતી છે એમ જાણીને પ્રત્યક્ષ પ્રગટ થઈને કહ્યું : "હે રાજન ! ઇંદ્ર મહારાજે દેવસભામાં જે રીતે તમારા સમ્યક્ત્વની પ્રશંસા કરી તે ખરેખર ! બરાબર સાચી છે, પણ તેમાં અશ્રદ્ધાવાળો થયેલો હું અહીં આવ્યો અને મેં આપની આ રીતે પરીક્ષા કરી છે. ખરેખર ! સાચું છે કે આપના જેવો આ ભરતક્ષેત્રમાં હાલમાં કોઈ દઢ સમકિતી નથી; આથી, ખરેખર ! તમે ધન્ય છો અને હવે તમે મારી પાસે કંઈક વરદાન માગો."

રાજાએ કહ્યું : "હે દેવ ! મારે છે એ જ ઘણું છે. કોઈ જાતની આછાશ નથી. છતાં પણ દેવે દેવતાઈ અને નક્ષત્રોની શ્રેણિમાંથી જાણે બનાવેલો ન હોય એવો એક હાર અને માટીના બે ગોળા રાજાને આપીને કહ્યું: "હે રાજન્ ! જે આ તૂટી ગયેલા હારને સાંધશે તે મરી જશે" એમ કહીને તે દેવ પોતાના સ્થાને ચાલ્યો ગયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાર પછી આનંદિત થયેલા શ્રેણિક રાજાએ તે દેવતાઈ હાર ચેલ્લણા રાણીને અને બે ગોળા નંદા રાણીને આપ્યા. તે વખતે ઈર્ષ્યાથી નંદારાણી બોલી: "હે સ્વામી! ચેલ્લણાને તમે આવો સુંદર દેવતાઇ હાર આપ્યો અને મને તો માત્ર આ માટીના બે ગોળા આપ્યા. તો હું આ બે ગોળાને શું કરું? એમ કહી તેણે તે બે ગોળા થાંભલાને અફાળી ફોડી નાખ્યા ત્યારે એક ગોળામાંથી ચંદ્રનું જાણે બિંબ જ ન હોય તેવાં બે કુંડલ નીકળ્યાં અને બીજા ગોળામાંથી દેવતાઈ સુંદર બે વસ્ત્ર નીકળ્યાં. ત્યારે નંદારાણી ખૂબ આનંદ પામી અને તે વસ્તુઓને તેણીએ ગ્રહણ કરી.

હવે રાજાએ પોતાની કપિલા દાસીને બોલાવી કહ્યું: "હે કપિલા! તું નિર્મલ ભાવથી મુનિઓને દાન આપ, હું તને ઘણું ધન અર્પીશ."

કપિલાએ કહ્યું: "હે સ્વામી! તમે જો મને આખીએ આખી સુવર્ણમય બનાવી દ્યો તો પણ તમે કહો છો તેવું મુનિઓને દાન આપવાનું કામ પ્રાણાન્તે પણ નહીં જ કરી શકું."

તે સાંભળી રાજાએ વિચાર્યું કે–વીર ભગવાનનું વચન ક્યારેય ખોટું પડે જ નહીં.

ત્યાર પછી રાજાએ તે કાલસૌરિકને બોલાવીને કહ્યું:

"હે કાલસૌરિક! તું મારી પાસેથી તારે જોઇએ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેટલાં અને જોઈએ તેવાં સોનું, મણિ માણેક, વિગેરે લે પણ હંમેશાં પાંચસો પાડાઓને મારવારૂપ હિંસાને છોડ"

ત્યારે કાલસૌરિકે કહ્યું: "હે રાજન્! પ્રાણાંતે પણ હું મારા વંશપરંપરાથી ચાલ્યા આવતા આચારરૂપ હિંસાના કાર્યને છોડી શકીશ નહીં. તે સાંભળી તેના ઉપર કોપાયમાન થયેલા રાજાએ તેને ભયંકર અંધકારમય કૂવામાં રાખી દીધો.

ત્યાર પછી રાજાએ પુણિયા શ્રાવકને બોલાવીને તેની પાસેથી એક સામાયિકનું ફલ માગ્યું. તેણે કહ્યું: "હે રાજન્! મારી પાસે તો સામાયિકનું ફલ છે જ નહીં, તેથી આપને હું કેવી રીતે આપું?

હવે પ્રભાત થતાં શ્રેણિક મહારાજ ભગવાનને વંદન કરવા માટે ગયા. ત્યાં જઈ સ્વામિને નમસ્કાર કરી તેમણે જણાવ્યું.

હે ભગવન્! મેં તે કાલસૌરિકને અંધારા કૂવામાં નાખ્યો છે અને આ રીતે મેં આજે તેની પાસે પાંચસો પાડા મારવારૂપ હિંસા છોડાવી છે.

ભગવંતે કહ્યું: "હે રાજન્! ત્યાં રહ્યો રહ્યો પણ તે માટીના પાંચસો પાડા બનાવીને તેણે મારવાનું કામ ચાલુ રાખ્યું છે, પ્રાણાંતે પણ એ કાલસૌરિક હિંસાના કાર્યને છોડશે જ નહીં.

તે સાંભળી આશ્ચર્ય પામેલો રાજા ભગવાનને નમ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્કાર કરી કાલસૌરિકની પાસે ગયો. ત્યાં તેણે મારેલા માટીના પાડાઓને જોયા.

તેથી ઉદ્વેગયુક્ત મનવાળા થયેલા શ્રેણિક રાજા વિચારે છે કે—અરે! મારા પૂર્વકૃત કર્મને જ ધિક્કાર હો! ભગવાનની વાણી તો ખોટી પડે જ નહીં.

હવે ચેલ્લણાનાં મનમાં મોટો ઉદ્વેગ પેદા થયો. તેથી તેણે રાજાને કહ્યું: "હે સ્વામી! મને તો તમે એક હાર જ આપ્યો, જ્યારે નંદાને તો બે દેવતાઈ કુંડલ સહિત બે દેવતાઈ વસ્ત્રો કેમ આપ્યાં? શ્રેણિક રાજાએ કહ્યું: "હે પ્રિયા! તને તો મેં અતિ કિંમતી હાર આપ્યો; જ્યારે નંદાને તો માટીના ગોળાજ આપ્યા હતા; પણ તેને ભાગ્ય યોગે તે બે ગોળામાંથી ઘણી કિંમતી વસ્તુઓ નીકળી એમાં મારો શું દોષ? ચેલ્લણાએ કહ્યું: "હે સ્વામી! જો તમે નંદાને મળેલી વસ્તુઓ મને નહીં આપો તો હું આપઘાત કરીશ" રાજાએ કહ્યું: "તો પછી તને રુચે તેમ કર!" આમ કહીને રાજા તો પોતાના મહેલમાં ગયા.

હવે રોષ પામેલી ચેલ્લણા આપઘાત કરવાની ઇચ્છાવાળી થયેલી પોતાના આત્માને ગોખમાંથી પડતું મૂકવા ગોખ ઉપર ગઈ અને ત્યાં જઈને ચારે બાજુ અહીંથી તહીં જોતાં એક આરોહક નામનો રાજકાર્યમાં કુશળ હસ્તિપાલ રહેતો હતો. અને તે હસ્તિપાલ મગધસેના નામની નગરની એક ગણિકામાં આસક્ત થયેલો હતો. એક બીજો પણ મહાવત તેનામાં આસક્ત હતો. તે ત્રણેય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે વખતે ચેલ્લણાના મહેલની નીચે વાત કરતા ઊભેલા હતા. ચેલ્લણા તેઓનાં વાર્તાલાપને સાંભળે છે. ત્યારે તે ગણિકા તે આરોહકને કહે છેઃ "હે સ્વામી આજે હું ઉત્સવમાં જવાની છું, તેથી રાજાના હાથીનું ચંપકમાલા નામનું આભૂષણ તું મને આપ! જો તું તે આભૂષણ મને નહીં આપે તો હું મરી જઈશ." ત્યારે આરોહકે કહ્યું: હે પ્રિયા! એ આભૂષણ રાજાનું મેં તને આપ્યું છે એવું જો રાજા જાણે તો મારો શિરચ્છેદ કરે." આરોહકે આ પ્રમાણે કહેવા છતાં પણ જ્યારે તે ગણિકાએ તેનો હઠાગ્રહ ન જ છોડયો ત્યારે તે બીજા મહાવતે તે આરોહકને કહ્યું: "હે મિત્ર! જે જયારે મીઠાં વચનોથી પણ પોતાનું અને પરનું બંનેનું હિત ન સમજે તો તેવાનો કર્કશ વચનોથી તિરસ્કાર કરવો જોઈએ. જેમકે—

## તાપસનું દષ્ટાંત

કોઈક તાપસ દેશાંતર ગયો. ત્યાંથી પલાશનું બીજ લાવ્યો. ત્યાર પછી તેણે તે બીજને પોતાનાં ખેતરમાં વાવ્યું. ઘણા પાણીથી તે બીજનું સિંચન પણ કર્યું. તે પલાશનું ઝાડ ખૂબ વધ્યું. પરંતુ તેના ઉપર ફૂલ આવ્યાં જ નહીં, ત્યારે ક્રોધાયમાન થયેલા તેણે તે પલાશના ઝાડને અગ્નિથી બાળી નાખ્યું. કેટલોક ટાઈમ વીત્યા બાદ તે પલાશનું ઝાડ પોતાની મેળે જ ફરી વૃદ્ધિ પામ્યું અને ફૂલના સમુહથી શોભાયમાન બન્યું. વળી બ્રહ્મદત્ત ચક્રવતીના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બોકડાની જેમ હિતની વાત કરનાર બીજાને ગમતો હોતો નથી. તે સાંભળી આરોહકે કહ્યું : "હે મિત્ર ! આ બ્રહ્મદત્ત તે વળી કોણ ?

મહાવતે કહ્યું–

## બ્રહ્મદત્ત ચક્રવર્તીની કથા

કાંપિલ્યપુર નામના મોટા નગરમાં બ્રહ્મદત્ત નામનો ચક્રવર્તી રાજા રાજ્ય કરતો હતો.

એક વખત ઘોડાની સેનાથી પરિવરેલો બ્રહ્મદત્ત ચક્રવર્તી વનમાં કૌતુક જોવા માટે ગયો. ઘોડાથી અપહરણ કરાયેલો તે મોટા ગહન વનમાં આવી ગયો; અને થાકી ગયેલો તે ઝાડની નીચે બેઠો અને તેનો ઘોડો મરી ગયો.

હવે તેનું સૈન્ય પણ આ બાજુ આવ્યું. ત્યાર પછી તેણે સૈન્યસહિત મહોત્સવપૂર્વક નગરીમાં પ્રવેશ કર્યો. રાત્રે પોતાના મહેલમાં પટરાણી પાસે ગયો. ત્યારે પટ્ટ-રાણીએ રાજાને પૂછ્યું : "હે સ્વામી ! આજે તમે જંગલમાં કોઈ આશ્ચર્ય જોયું ? રાજાએ કહ્યું : "હે પ્રિયા ! વનમાં મેં એક મોટું સરોવર જોયું. તેમાં સ્નાન કરીને જેટલામાં હું તે સરોવરના કાંઠે બેઠો હતો, તેટલામાં જ એક ખીલેલાં યૌવનવાળી નાગકુમારી પાણી ઉછાળતી ઉછાળતી સરો-વરમાંથી બહાર નીકળી અને મારી પાસે આવીને કામમાં આતુર થયેલી તે સંભોગ માટે મારી પાસે અત્યંત માંગણી કરવા લાગી. પણ મેં તો તેનો નિષેધ કર્યો !

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાર પછી તે નાગકુમારી બીજા ભોગીંદ્ર સાથે ક્રીડા કરવા લાગી ત્યારે તે બંનેને કોરડાના ઘાથી મેં તાડન કરવાથી તે બંને નાસી ગયા.

આમ કહીને તે બ્રહ્મદત્ત ચક્રવર્તી જેટલામાં લઘુ-ચિંતા (પેશાબ કરવા) માટે બહાર નીકળ્યો, તેટલામાં એક દેવ હાથ જોડીને અને પગમાં પડીને આ પ્રમાણે કહેવા લાગ્યો—

"હે રાજેન્દ્ર ! હું તારા ઉપર ખુશ થયો છું. આથી તું મારી પાસે વરદાન માગ. રાજાએ કહ્યું : "હે દેવ ! તું કયા કારણે મારા ઉપર ખુશ થયો છું ? દેવે કહ્યું : "હે રાજન્ ! સરોવરમાંથી બહાર નીકળીને લલનાને તમે જે જોઇ હતી તે મારી ભાર્યા–પત્ની હતી તે ઘેર આવીને મને આ પ્રમાણે કહેવા લાગી : "હે સ્વામી ! જલક્રીડા કરતી હતીત્યારેમારી પાસે બ્રહ્મદત્ત ચક્રવર્તીએ સંભોગ માટે માગણી કરી મેં ઘણોય નિષેધ કર્યો, તો પણ તેણે મારા શીલનું ખંડન કર્યું", આમ કહીને તે ખૂબ રડવા લાગી.

હવે તેની આ વાત સાંભળીને કોપાયમાન થયેલો હું, તમને મારી નાખવા માટે અહીં આવ્યો હતો. પરંતુ, આ સંબંધમાં તમે જે વાત તમારી પટ્ટરાણી આગળ કહી તે બધી વાત મેં બારીમાં રહીને સાંભળી.

આ રીતે મારી સ્ત્રીનું બધું જ ખરાબ ચેષ્ટિત મેં જાણ્યું. : "હે રાજન્ ! તમે તો ઉત્તમ છો. આથી હું તમારા ઉપર તુષ્ટ થયો છું. માટે તમે મારી પાસે વરદાન માગો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બ્રહ્મદત્તે કહ્યું : "હે દેવ ! મારી પાસે છે તે ઘણું છે મને કોઈ વસ્તુની ઓછાશ નથી."

દેવે કહ્યું : "પરંતુ હે રાજન્ ! દેવનું દર્શન નિષ્ફળ હોય જ નહીં તેથી તમે કંઈક તો માગો જ.

રાજાએ કહ્યું : "તો, હું સર્વજીવોની ભાષાને જાણનારો થાઉં તેવું કરો. દેવે કહ્યું : "એમ હો. પરંતુ તમારે "હું બધાની ભાષા જાણું છું" એવી વાત કોઈની આગળ કહેવી નહીં" જો તમે કોઈ ને કહેશો તો તમારૂં મરણ થઈ જશે.

રાજાએ તે વાતને સ્વીકારી દેવ પોતાને સ્થાને ગયો.

હવે એક વખત અંતઃપુરમાં રહેલા રાજાના શરીરે રાણીએ ચંદનનો લેપ કર્યો અને લેપ કરતાં વધેલા ચંદનનું કચોળું રાજાની પડખે મૂક્યું.

એટલામાં ત્યાં ભીંત ઉપર રહેલાં સ્ત્રી અને પુરુષ –મિથુન–યુગલરૂપ બે ગરોળી પરસ્પર અત્યંત પ્રેમવાળા ત્યાં રહેલા હતા. તેમાંની સ્ત્રી ગીરોલીએ પોતાના સ્વામીને કહ્યું : "હે સ્વામી ! આ ચંદનના કચોળામાંથી થોડુંક ચંદન તમે મને લાવીને આપો, કે જેથી મારા પણ શરીરનો સંતાપ–દાહ દૂર થાય. તે સાંભળીને પુરુષ ગરોલીએ કહ્યું–અરે હલકી સ્ત્રી ! તું તો મૂર્ખ છે. હું તારા જેવો મૂર્ખો નથી. જો હું રાજા પાસે (એવું કંઈ લેવા માટે) જાઉં તો રાજા ખરેખર ! મને મારી જ નાખે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માટે તું મૌન-છાનીમાની રહે. તે સાંભળી ગીરોળીએ કહ્યું: "અરે! તું તો કેવો સત્વ વિનાનો છે કે જેથી મને આવો (નાનો માત્ર) થયેલ મારો મનોરથ પણ તું પૂરો કરી શકતો નથી.

આવી તે બંનેની વાત સાંભળીને રાજાને જરાક હસવું આવ્યું; અને રાજાને હસવું આવેલું જોઈને સંશય પામેલી રાણીએ રાજાને પૂછ્યું: "હે સ્વામી! આમ વગર કારણે તમને હસવું કેમ આવ્યું?" રાજાએ કહ્યું: 'હે પ્રિયા! આવી વાત તારે મને પૂછવી જ નહીં; કારણ કે જો હું તને આવી વાત કહું તો ખરેખર મારૂં મરણ જ થઈ જાય. તે સાંભળી વધારે પડતા સંશયમાં પરેલી રાણીએ કહ્યું: "હે સ્વામી! જો તમારૂં મરણ થઈ જશે તો હું પણ તમારી સાથે જ આવીશ-મરી જઈશ."

ત્યાર પછી ઘણી જ રોકવા છતાં રાણીએ પોતાનો હઠાગ્રહ છોડયો જ નહીં ત્યારે રાજાએ પોતાની પત્નીના તે હઠાગ્રહની વાત પ્રધાનની આગળ કહી. પ્રધાને કહ્યું: "હે સ્વામી! તમારૂં આવી રીતે થયેલું અકાળમૃત્યુ પ્રજા વિગેરેને મહાન સંતાપરૂપ થશે. માટે આવું રાણીને કહેવાનું કામ તમારે કરવાનું જ નહીં. રાજાએ કહ્યું: "હે પ્રધાન! તમારી વાત તદ્દન સાચી છે પણ મારી પ્રાણ-પ્રિયાના આનંદને ખાતર હું મરણ પણ સ્વીકારવા તૈયાર છું. આથી તમે સ્મશાનભૂમિમાં ચિતા તૈયાર કરાવો. ત્યાં જઈને હું રાણીને મારી આ વાત કહીશ."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે ચિતા તૈયાર કરાવ્યા બાદ રાજા સ્નાન કરીને તેમાં બેઠો. મંત્રીશ્વર વિગેરે પ્રજાજનો-નગરજનો શોકમાં ગરકાવ થઈ ગયા અને આક્રંદ કરવા લાગ્યા.

હવે એટલામાં ત્યાં શું બને છે તે જણાવે છે: રાજાના અશ્વોનિમિત્તો ત્યાં જવનું ગાડું આવ્યું અને તેની પાછળ પાછળ બકરીઓનું ટોળું પણ આવ્યું, તે વખતે એક બકરીએ પોતાના સ્વામી બકરાને કહ્યું:

"હે સ્વામી! આ ગાડામાંથી થોડા જવ લાવીને મને આપો, તેનો સ્વાદ લેવાની મને ઈચ્છા ઉત્પન્ન થઈ છે. તે સાંભળીને તેના સ્વામી બકરાએ કહ્યું: "હે રાંડ હું કંઈ બ્રહ્મદત્ત જેવો નથી કે તારા જણાવેલા આ કાર્યને કરીને મારા આત્માને મરણ પમાડું. તારા જેવી રાંડ સ્ત્રીને ખાતર મારું હું મરણ કરવાનું ઈચ્છતો જ નથી" તે સાંભળીને બકરીએ કહ્યું: તું ખરેખર પ્રેમના સ્વરૂપને જાણતો જ નથી. તું જો તો ખરો, આ બ્રહ્મદત્ત ચક્રવર્તી રાજા હોવા છતાં પણ પોતાની પ્રિયાને માટે કરીને મરવા પણ તૈયાર થયો છે." તે સાંભળીને બકરાએ કહ્યું: "હે રાંડ! આ રાજાય મૂર્ખ છે કે જે રાંડ સ્ત્રી માટે મરણ સ્વીકારે છે. હું તો કદિ તેના જેવો થાઉં જ નહીં ને!" આવા પ્રકારની તે બંને બકરા-બકરીની વાત સાંભળીને આશ્ચર્ય પામેલો રાજા ચિતામાંથી ઊતરી જઈને પાછો ઘેર ગયો અને તેણે મનમાં વિચાર્યું: "ખરેખર! આ બકરો મારો ગુરુ થયો. ત્યાર પછી તે રાજાએ તે બકરા-બકરીના યુગલને પોતાની પાસે લેવડાવીને તે બંનેના કંઠે સોનાની સાંકળ પહેરાવીને ખાવા માટે લીલા-મીઠા જવ આપ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે રાણીએ કહ્યું : "હે સ્વામી ! મને તે હસવું આવવાનું કારણ જણાવો. રાજાએ કહ્યું : "એવો અવસર પામીને કહીશ." એમ કહીને તેણે દાસીઓની સામે જોયું. તે જ વખતે પહેલેથી કરેલા સંકેત પ્રમાણે દાસીઓએ તે રાણીને લોઢાની સાંકળમાં ઊંચે વાળથી બાંધી દીધી અને રાજાએ પોતે જ કોરડાના ઘાથી મારવા માંડી તેથી તે રાણી રડવા લાગી ત્યારે લોહીની ઉલટી કરતી તે રાણીએ કહ્યું : "હે સ્વામી ! મેં તે બધી વાત જાણી. ફરી ક્યારેય આવું નહીં કરું.' આમ બોલતી તે રાણીને રાજાએ છોડી દીધી.

આ રીતે જેમ બ્રહ્મદત્તે પોતાનું હિતકાર્ય કર્યું તેમ બીજાઓએ પોતાનું હિત કરવું જોઇએ. આ પ્રમાણે મહાવ્રતે કહેલા વચનને સાંભળીને મગધસેના ગણિકાએ પોતાના કદાગ્રહને છોડી દીધો. ચેલ્લણા પણ તે ત્રણેના વાર્તાલાપને સાંભળીને આપઘાતથી અટકી જઇને અને પોતાના કદાગ્રહને છોડી દઇને મળેલા હારથી જ સંતોષ પામી.

હવે એ રીતે કેટલાક દિવસો જતાં તે હાર તૂટી ગયો. કોઈ એ હારને સાંધી શકતું નથી. કદાચ કોઈ પોતાના બુદ્ધિ બલથી તે હારને સાંધવાનું જાણે તો પણ હારને સાંધનારનું મરણ થાય એવા મરણના ભયથી તે હારને સાંધવાનું કાર્ય કોઈ કરતું નથી.

તે વખતે રાજાએ નગરીમાં પટહ વગડાવી ઉદ્ઘોષણા—જાહેરાત કરી કે " જે કોઈ આ હારને સાંધી આપશે તેને રાજા એક લાખ સોનામહોર આપશે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે તે નગરમાં એક સોની રહેતો હતો. તે નિર્ધન, અત્યંત ગરીબ અને વૃદ્ધ હોવા છતાં ઘણો બુદ્ધિશાળી હતો અને તેને ચાર પુત્ર હતા. તે સોનીએ વિચાર્યું, હું તો હવે ઘરડો થઈ ગયો છું. તો પછી મરવાનું થાય તો પણ ભલે, પણ આ હાર સાંધવાનું કામ કરી આપી ધન મેળવું કે જેથી મારા પુત્રો તો સુખી થશે, તે પણ સારૂં જ છે. એમ વિચારી તેણે તે પટહનો સ્પર્શ કર્યો—જાહેરાતને પોતે કામ કરી આપવાની દૃષ્ટિએ ઝીલી લીધી. ત્યાર પછી તે રાજા પાસે ગયો. રાજાએ કહ્યું: "હે સોની! આ હારને તું સાંધી આપ તેના બદલામાં અર્ધું ધન તું અત્યારે લે અને અર્ધું પછીથી આપીશું. કદાચ તારૂં મરણ થઈ જશે તો તારા પુત્રોને અર્ધું ધન અમે આપી દઈશું. ત્યાર પછી તેના સાક્ષી વિગેરે સહી—સીક્કા કરીને રાજાએ તે હાર સોનીને સાંધવા આપ્યો. સોની પણ તે હાર લઈને પોતાના ઘેર ગયો. ત્યાં લઈ જઈ તેણે અનેક ઉપાયો કર્યા પણ તે હારને તે સાંધી શકયો નહીં—હાર સંધાયો નહીં ત્યારે બુદ્ધિમાન તે સોનીએ દોરડાનો છેડો મધથી લેપીને કીડીઓના દરમાં મૂકયો અને તેની પાસે તે રત્નો પણ મૂકયાં. મધના ગંધથી લોભાયેલી કીટીઓ તે દોરીના છેડાને મોંઢામાં લઈને રત્નોના કાણુંમાંથી નીકળવા માંડી તે જ વખતે તરત જ તે સોનીએ તે દોરીનો છેડો ગ્રહણ કરીને બીજા છેડા સાથે ગુંથી દીધો. એટલે અકસ્માત્ જાણે વીજળી પડી હોય તેમ તેનું માથું ફુટી ગયું, તેથી તે સોની મરી ગયો અને મરીને તે જ નગરના ઉપવનમાં વાંદરાપણે ઉત્પન્ન થયો. ત્યાર પછી તે હાર તે સોનીના પુત્રો રાજા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાસે લાવ્યા. રાજા પણ સંધાયેલા તે હારને જોઈને અત્યંત ખુશ થયો. ત્યાર પછી તે સોનીના પુત્રોએ રાજા પાસે બાકી રહેલું તે ધન માગ્યું; પરંતુ, લોભી બનેલા રાજાએ તેઓને તે બાકીનું અર્ધું ધન ન આપ્યું.

હવે તે સોની મરીને વાનર થયો હતો તે વાનર નગરની અંદર ભમતો ભમતો એક વખત પોતાના પૂર્વ-જનમના રહેઠાણમાં આવ્યો. ત્યાં પોતાના જ બનાવેલાં ઘર વિગેરે જોઈને વિચારમાં પડી ગયો અને વિચારતાં વિચારતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું– પૂર્વજન્મ યાદ આવ્યો; અને તેથી તે પોતાની હાટે–દુકાને, પોતાના પૂર્વ જન્મના પુત્રો પાસે આવ્યો. અને ત્યાં પુત્રોની પાસે તેણે અક્ષરો લખીને કહ્યું : "હે પુત્રો! હું તમારો પિતા છું અને તમે મારા પુત્રો છો. તો તમે મને કહો કે–રાજાએ તમને પચાસ હજાર સોનામહોર બાકી રાખલી તે (હાર સંધાઇ ગયા પછીથી મારી ગેરહાજરીમાં તમને આપવાનું નક્કી થયેલ તે) ધન આપ્યું કે નહીં ? તેઓએ કહ્યું કે; "હે પિતાજી! રાજાએ અમને તે ધન (લોભી થઇને) આપ્યું જ નથી." એ સાંભળી તે વાનર વનમાં જઈને મનમાં વિચારવા લાગ્યો : જો તે હાર જ મારા હાથમાં આવી જાય તો સારૂં. એમ વિચારી તે હંમેશાં રાજ-ભુવનની ઉપર જ ભમવા લાગ્યો.

હવે એક વખત તે ચેલ્લણા રાણી અશોકવાટિકામાં જઈને પુષ્પો એકઠાં કરીને સ્નાન કરવાની ઈચ્છાવાળી થયેલી, વાવના કાંઠે ગઈ. ત્યાર પછી તે રાણીએ હાર વિગેરે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બધાં આભૂષણો દાસીને સોંપીને વાવમાં ગઈ. દાસી પણ બધાં આભૂષણોને થાળમાં રાખીને અને તે થાળ પોતાના માથે મૂકીને વાવના કાંઠે રહેલાં આંબાના વૃક્ષની નીચે ઊભી રહી.

હવે અહીં તે વાનર ભમતો ભમતો ત્યાં–વાવ પાસે આવ્યો. અને દાસીના માથા ઉપર રહેલા આભુષણના થાલમાં રહેલ તે હારને જોયો, ત્યારે તે ધીમે ધીમે વૃક્ષની ડાળીમાં આવીને જેમ કોઈ જાણે નહીં તે રીતે ગુપ્ત રીતે હાથની લાઘવી કળાથી તે થાળમાંથી તે હાર લઈ લીધો. ત્યારપછી તે હારને પોતાની કાખમાં છુપાવીને જલ્દી જલ્દી પુત્રોની પાસે આવીને તે હાર તે પુત્રોને તેણે સોંપ્યો. પુત્રોએ પણ તે હાર ગુપ્ત રીતે રાખી લીધો.

હવે ચેલ્લણા રાણી વાવમાં સ્નાન કરીને બહાર આવી અને આવીને તેણે દાસી પાસે પોતાનાં આભરણોને ગ્રહણ કર્યાં પણ તેમાં ક્યાંય હારને જોયો નહીં ત્યાર પછી તે રાણી જલ્દી જલ્દી પોતાના મહેલમાં આવીને તે હારની હકીકત રાજાને જણાવી. રાજાએ પણ **અભયકુમારને** બોલાવીને તેને હારના ચોરને શોધી લાવવાની આજ્ઞા કરી. અભયકુમારે કહ્યું : "હે પિતાજી ! સાત દિવસની અંદર હું હારના ચોરને પકડી લાવી પ્રગટ કરીશ."

હવે અભયકુમારે સર્વ ઠેકાણે તે હારના ચોરની શોધ કરી પણ કોઈ ઠેકાણેથી હારનો ચોર મળ્યો નહીં ત્યારે અભયકુમારે નગરમાં આ પ્રમાણે પટહોદ્‌ઘોષણા—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જાહેરાત કરાવી કે, કોઈની પાસે હાર હોય તેણે તે મને જલ્દી સોંપી દેવો અને પાછળથી જે કોઈની પાસેથી તે હાર મળશે તેને હું મરાવી નાખીશ. આમ તે પટહ બધે ઠેકાણે ફર્યો પણ કોઈએ તેનો સ્પર્શ કર્યો નહીં.

હવે પેલા સોનીના પુત્રો ભય પામ્યા અને ભય પામેલા તેઓએ તે હાર તે વાનરને ફરી પાછો આપ્યો. અને વાનર પણ તે હારનો લઈને જંગલમાં ચાલ્યો ગયો. અને દિવસે વનની અંદર વૃક્ષની અંદર છુપાઈને રહી રાત્રે એક યક્ષના મંદિરની નજીકની વડીમાં ગયો.

હવે તે યક્ષના મંદિરમાં શ્રી સુહસ્તિસૂરિ આચાર્ય મહારાજ અને તેમના પાંચ સાધુઓ રહેલા હતા, ત્યાં તેઓએ પ્રતિક્રમણ કરીને સુહસ્તિસૂરિ આચાર્ય મહારાજે પોતાના શિષ્યોની આગળ કહ્યું : "હે શિષ્યો ! તમે અહીં જ રહેજો હું બહાર કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભો રહું છું. એમ કહીને બહાર નીકળ્યા અને જે વૃક્ષ ઉપર તે વાંદરો રહેલો હતો તે જ વૃક્ષની નીચે તે કાયોત્સર્ગ ધ્યાનમાં રહ્યા. ત્યારે તે વાનરે વૃક્ષ ઉપરથી નીચે આવીને તે હાર તે આચાર્ય મહારાજનાં કંઠામાં સ્થાપન કરી દીધો.

હવે અહીં અભયકુમાર પણ તે પાખીના દિવસે તે મુનિઓની પાસે રાત્રિનો પોષહ લઇને રહેલો હતો અને તેથી તે બધા ત્યાં ધર્મને લગતું રાત્રિજાગરણ કરે છે. તે વખતે ત્યાં રાતના પહેલા પહોરે શિવ નામના મુનિ ગુરુની સેવા સુશ્રુષા કરવા માટે તેમની પાસે જવા બહાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નીકળ્યા. એટલામાં ગુરુના કંઠમાં હાર જોઈને સાધુ ભય ભીત થઇ ગયા અને એક પહોર પૂરો થતાં ફરી પોતાના સ્થાનમાં પ્રવેશ કરતી વખતે – "નિસીહિ" બોલવાની જગ્યાએ "ભયં વર્તતે" (ભય છે) એમ બોલ્યા.

તે સાંભળી અભયકુમારે કહ્યું : "હે ભગવન્ ! આપ તો સંયમી છો, સંયમીઓનો ભય જ ક્યાંથી હોય ?" મુનિએ કહ્યું : "હે અભયકુમાર ! સંયમી એવા અમને કંઈ ભય હોય જ નહીં પણ હું જ્યારે ગૃહસ્થાવસ્થામાં હતો ત્યારે ભયનો અનુભવ કર્યો હતો.

અભયકુમારે કહ્યું : "હે સ્વામી ! ગૃહસ્થાવસ્થામાં રહેતા આપનો ભયનો શું અનુભવ થયો હતો ? તેને લગતું વૃત્તાંત આપ મને કહો.

——

## 'નિસિહિનાં' સ્થાને 'ભયં વર્તતે' બોલાઇ ગયું તે સંબંધી

## શિવ અને દત્તની કથા

(યાને અર્થમાંથી અનર્થ કેવી રીતે થાય છે તે)

મુનિએ કહ્યું :

"ઉજ્જયિની નામની મોટી નગરીમાં શિવ અને દત્ત નામના બે ભાઈઓ રહેતા હતા. પણ ધન વિનાના હોવાથી એક વખત તે બંને પરસ્પર આ પ્રમાણે વિચાર કરે છે :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આપણે બંને ધન મેળવવા સૌરાષ્ટ્ર દેશમાં જઈએ. એમ વિચારી તે બંને સૌરાષ્ટ્ર દેશમાં જઈને વેપાર કરવા લાગ્યા. છતાં પણ ધનની પ્રાપ્તિ ન જ થઈ. ત્યાર પછી એકે ત્યાં ખેતીનું કામ કરવા માંડ્યું અને બીજો કરિયાણા ભરેલા વહાણ ઉપર ચઢી પરદેશ ગયો.

હવે જેટલામાં તે માર્ગમાં જાય છે તેટલામાં ત્યાં રાત્રિમાં તેણે ચાર વિદેશી વેપારીઓને વડના વૃક્ષની નીચે બેઠેલા જોયા. તેટલામાં તો ત્યાં વૃક્ષની શાખામાંથી એક સુવર્ણ પુરુષ નીકળ્યો. તે ચારે વિદેશી વેપારીઓ તે સુવર્ણપુરુષને લઈને જેટલામાં ચાલવા લાગ્યા. તે સુવર્ણ પુરુષે કહ્યું : "અર્થમાંથી અનર્થ પેદા થાય છે" એમ સાંભળવા છતાં પણ તે વિદેશી પુરુષોએ તો તે સુવર્ણ પુરુષને લઈને ભૂમિ ઊપર સ્થાપન કર્યો.

હવે પ્રભાત થતાં તે ચારમાંના બે ભોજનની સામગ્રી લેવા નગરની અંદર ગયા અને બાકીના બે તે સુવર્ણ પુરુષને સાચવવા માટે ત્યાં જ રહ્યા.

હવે અહીં અર્થ કેવી રીતે અનર્થ રૂપ બને છે તે વિચારવા જેવું છે, શું બને છે તે જણાવે છે.

ભોજનની સામગ્રી લેવા માટે જે બે જણ નગરમાં ગયા છે તે બંને નીચે પ્રમાણેની વિચારણા કરે છે કે આપણે બંને જો ત્યાં સુવર્ણ પુરુષને સાચવવા બેઠેલા બંનેને મારી નાખીએ તો તે બંનેના ભાગનું દ્રવ્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ આપણને મળે, જેથી; આપણને ઘણું દ્રવ્ય મળે. એમ વિચારી તે બંનેએ ભોજનની અંદર ઝેર ભેળવ્યું !

હવે વડની નીચે સુવર્ણ પુરુષને સાચવવા બેઠેલા બંનેએ પણ વિચાર્યું કે જો આપણે બંને ભોજનની સામગ્રી લેવા ગયેલા બંનેને મારીને સુવર્ણ પુરુષને ગ્રહણ કરીએ.

હવે બન્યું એવું કે જેટલામાં ભોજન લઈને પેલા બે આવ્યા કે ત્યાં બેઠેલા બંનેએ તે બંનેને તરવારથી મારી નાખ્યા, અને ત્યાર પછી વિષ ભેળવેલું ભોજન કરીને તે બંને પણ મરી ગયા અને ત્યાં પડયા. તે વખતે વૃક્ષને આંતરે રહેલા મેં તે બધુ તેઓનું ચેષ્ટિત જાણ્યું અને જાણીને મેં વિચાર્યું કે ખરેખર ! અર્થમાંથી અનર્થ પેદા થાય છે તેનો આ પ્રત્યક્ષ દાખલો જોયો. ત્યાર પછી તે દોઢ હાથના સુવર્ણ પુરુષને લઈને હું પાછો ફરીને ભાઈની પાસે ગયો. ત્યાર પછી અમે બંનેએ મળીને ઘર તરફ આવતાં માર્ગમાં આ પ્રમાણે વિચાર કર્યો :

ત્યાં મેં એમ વિચાર્યું કે જો હું આ મારા ભાઈને મારી નાખું તો આ બધું ધન મારૂં થઈ જાય. એ જ વખતે મારા ભાઈએ પણ મારી જેમ જ મને મારી નાખવાનું વિચાર્યું આમ વિચાર કરતા કરતા અમે બંને અમારા નગર સુધી આવી પહોંચ્યાં.

ત્યારે મેં ફરી બીજી રીતે વિચાર કર્યો : “ આ ધનને ધિક્કાર છે કે જેનાથી મારા સગા ભાઈને પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારી નાખવાની બુદ્ધિ પેદા થાય છે. આમ વિચારીને મેં તે સુવર્ણ પુરુષને એક સરોવરની અંદર નાખી દીધો, ત્યારે મારા ભાઈએ મને કહ્યું : "હે ભાઈ ! તેં આ બહુ સારૂં કર્યું. (કે જેના કારણે એક બીજાને મારી નાખવાની બુદ્ધિ થતી હતો તેને છોડી દીધો એ બહુ જ સુંદર કાર્ય કર્યું") ત્યાર પછી તે બંને ભાઈઓ ઘેર આવ્યા. તે બંનેને જોઈને સર્વે સગાવહાલાઓ ખૂબ ખુશી થયા.

હવે તે સુવર્ણપુરુષ, સરોવરની અંદર પડેલો હતો તેને એક મોટો માછલો ગળી ગયો. તે માછલાને એક મચ્છીમારે પોતાની જાળમાં પકડયો. ત્યાર પછી તે મચ્છીમાર તે માછલાને વેચવા માટે ચૌટામાં, બજાર વચ્ચે લાવ્યો. તે વખતે અમારા બંનેની માતાએ બજારમાં વેચાતા તે માછલાને ભોજન માટે તેની કિંમત આપીને ઘેર લાવી અમારી બેનને આપ્યો; અને જેટલામાં તે અમારી બેન તે માછલાના બે વિભાગ કરે છે ત્યાં તો તેમાંથી નિધાન–સુવર્ણ પુરુષ પ્રગટ થયો. તે જોઈને ખુશ ખુશ થયેલી તેણે તે નિધાનને ગુપ્ત રીતે સંતાડવા માંડી.

તેમ કરતી તેને જોઈને મારી માતાએ પૂછયું : "હે પુત્રી ! એ માછલામાંથી શું નીકળ્યું ?" તેણીએ કહ્યું : "કંઈ નહીં." આમ તે બંને વાતવાતમાં લડી પડયા. એટલામાં લડતાં લડતાં મારી બેનની કાંખમાંથી તે નિધાન મારી માતાના મસ્તક ઉપર પડયું; અને મર્મ સ્થાનમાં ઘા લાગવાથી તે જ ક્ષણે તે મારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માતા ત્યાં જ મરણુ ને શરણુ થઈ. આમ, તે બંનેના કોલાહલ સાંભળી અમે બંને ભાઈઓ ત્યાં આવ્યા. અનર્થના કારણભૂત તે જ નિધાનને જોઈને તે નિધાન અમારી બહેનને આપી દઈને અમે બંને ભાઈઓએ વૈરાગ્ય પામી ગુરુ ભગવંત પાસે દીક્ષા લીધી.

આ બધી પોતાની વિતક કહ્યા પછી શિવ મુનિએ કહ્યું : "હે અભયકુમાર ! આમ ગૃહસ્થપણામાં અનુભવેલો ભય આજે મને યાદ આવી ગયો, તેથી "નિસિહિ"ના સ્થાને 'ભયં વર્તતે' એવું મારાથી બોલાઈ જવાયું.

"નિસિહિના સ્થાને ભયંવર્તતે" બોલાઈ જવાયું તેના ઉપરની શિવ અને દત્તની કથા સમાપ્ત.

—

ત્યાર પછી બીજા પહોરે સુવ્રત સાધુ ગુરુની વૈયાવચ્ચ કરીને ગુરુના કંઠમાં હાર જોઇને આવ્યા અને "મહાભયં વર્તતે" (મહાભય છે) એમ બોલતા પોતાના સ્થાનમાં આવ્યા

તે સાંભળીને અભયકુમારે પૂછ્યું : "હે સાધુ ભગવંત ! તમને પણ મહાભય કયાંથી આવ્યો ?" ત્યારે તે સુવ્રત સાધુ પણ ગૃહસ્થપણામાં મહાભયને લગતી વાર્તા કહે છે—

"નિસિહિ" ના સ્થાને "મહાભયં વર્તતે" બોલાયું તે સંબંધી—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## શ્રી સુવ્રતમુનિની કથા

અંગ દેશમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતો હતો. તે દેશના **સંગ્રામ** નામનું એક ગામ હતું તે ગામમાં **સુવ્રત** નામનો એક ખેડૂત–કણબી વસતો હતો. તે સુવ્રત તે જ હું અને તે હું ધનવાન્ હતો, લોકોને પ્રિય હતો અને દયાળુ હતો. મારે **પ્રિયમિત્રા** નામની પત્ની હતી; પરંતુ, તે ઇચ્છા પ્રમાણે ફરનારી વ્યભિચારિણી–બીજા જ પુરુષમાં આસકત હતી, પરપુરુષ લંપટ હતી.

હવે એક વખત એ ગામમાં ચોરોની ધાડ પડી અને તે ચોરોએ આખા ગામને લૂંટી લીધું; અને હું તો ભયથી આકૂળ વ્યાકૂળ થયેલો નાસીને કોઇ ગુપ્ત સ્થાનમાં ગુપ્ત રીતે રહી ગયો.

એટલામાં મારી પત્ની વસ્ત્રાભૂષણ પહેરીને ઘરના આંગણામાં ઊભેલી હતી ત્યાં ચોરોએ આવીને મારા ઘરને લૂંટી લીધું ત્યારે મારી પત્નીએ તેઓને કહ્યું: "હે ચોરો! તમે મને લઇ જાઓ. હું તમારી સાથે આવીશ" ત્યારે તે ચોરો મારી તે પત્નીને લઇ ગયા અને તેમના આગેવાન પલ્લીપતિને સોંપી. પલ્લીપતિએ મારી તે પત્નીને પોતાની સ્ત્રી બનાવી, ચોરો ગયા પછી ગામના બધા લોકો ત્યાં ભેગા થયા. ત્યાં આવેલા મેં પણ તે વખતે જાણ્યું કે મારી પત્નીને ચોરો લઇ ગયા છે; તો હું એને જલ્દી પાછી વાળું એવો નિશ્ચય કરીને હું ચોરોની પલ્લી–નિવાસસ્થાનમાં ગયો; અને રાત પડી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગઈ એટલે એક ઘરડી કુંભારણના ઘરમાં રહ્યો અને મેં તે કુંભારણને ઘણું ધન આપ્યું અને એથી ખુશખુશ થયેલી તે ઘરડી કુંભારણે મને પૂછ્યું: "હે પુત્ર! તું અહીં શેને માટે આવ્યો છું?" ત્યારે મેં તે ઘરડી કુંભારણને મારી પત્ની સંબંધી બધી વાત કહી; તેણે કહ્યું સવારે હું તેની બરાબર શોધ કરી આપીશ. ત્યાર પછી સવારમાં તે ઘરડી કુંભારણે ચોરોનાં બધાંનાં ઘર જોયાં; પરંતુ, કોઈ ઠેકાણે તેને જોઈ નહીં. છેવટે પલ્લીપતિના ઘરમાં તેને જોઈને ગુપ્ત રીતે તેના કાનમાં તેણીનો પતિ આવ્યાની વાત કરી; તે સાંભળી તેણે કહ્યું: "હે માતા! આજે સાંજે જ્યારે આ પલ્લીપતિ ધાડ પાડવા બહાર જાય ત્યારે મારા ભર્તારને તમારે અહીં મોકલવો, જેથી તેની સાથે હું મારા ગામ ચાલી જઈશ."

હવે તે ઘરડી કુંભારણે તેણીની પાસેથી આવીને મને તેણીએ કહેલી વાત કરી તે સાંભળી ખુશ થયેલો હું પણ સાંજ થતાં પલ્લીપતિના ઘેર ગયો ત્યાં મારી પત્નીએ મારો સત્કાર કરી મને ભોજન કરાવ્યું.

ત્યારપછી જેટલામાં પલંગ ઉપર અમે વાત કરતા બેઠા હતા તેટલામાં તો શુકન ન થવાથી તે પલ્લીપતિ પાછો ફરીને તુરત ઘેર આવ્યો. તેને ઘેર આવેલો જાણીને મારી પત્નીએ મને પલંગની નીચે છુપાવી દીધો અને પછી બારણું ખોલ્યું; એટલે તે પલ્લીપતિ અંદર આવીને હાથ પગ ધોઈને ભોજન કરીને મારી પત્નીની સાથે પલંગ ઉપર બેઠો. તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વખતે મારી પત્નીએ પલ્લીપતિને પૂછ્યું : “ હે સ્વામી ! જો કર્મસંયોગે મારો ભર્તાર અહીં આવી જાય તો તમે તેનું શું કરો ?” પલ્લીપતિએ કહ્યું : “ પ્રિયા ! જો તારો ભર્તાર અહીં આવે તો હું તેને સારી રીતે નમસ્કાર કરીને તને તેને હું પાછી આપું.” તે સાંભળીને નાખુશ થયેલી તેણે ભૃકૂટી ચડાવીને પલ્લીપતિ સામે જયારે જોયું ત્યારે તેનો અભિપ્રાય જાણી પલ્લીપતિએ ફેરવી તોળી ફરીને કહ્યું : “ હે પ્રિયા ! એ તો મેં તારી આગળ તારી મશ્કરી કરવા કહેલું, પરંતુ, જો તારો ભરતાર અહીં આવે તો ખરેખર ! તેને હું મારી જ નાખું.”

તે સાંભળીને ખુશ થયેલી તે મારી પત્નીએ આંખના ઈશારાથી હું પલંગ નીચે છું તેમ તેને બતાવ્યું; એટલે જલ્દીથી તે પલ્લીપતિએ ઊઠીને મને તે છુપાયેલા સ્થાનમાંથી બહાર કાઢી ચોરની જેમ બાંધી લાકડીના માર અને મુષ્ટિપ્રહાર—મૂઠીના મારથી માર મારીને બહારની ખાળમાં ફેંકી દીધો; અને ત્યાં નારકી દુઃખોને સહન કરતો હું પડી રહ્યો હતો; ત્યાં મારા કોઈ પુણ્યના યોગથી કોઈક કૂતરાએ આવીને મને જે ચામડાંની દોરીથી બાંધ્યો હતો તે ચામડાંની દોરીને ખાઈ ગયો; અને એ રીતે બંધનમાંથી છૂટેલો હું ફરી પણ ધીરજ ધરીને પલ્લીપતિનાં ઘરમાં પેઠો. ત્યાં પલ્લીપતિને નિદ્રાધીન થયેલો જાણીને મારા હાથમાં તરવાર લઈને મારી પત્નીને ઉઠાડીને મેં કહ્યું : “ હે રાંડ ! જો તું કંઈ બોલી તો આ તરવારથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તને જ હણી નાખીશ." તે સાંભળીને તે મારી પત્ની મૌન રાખીને મારી આગળ ચાલી.

હવે માર્ગમાં ચાલતાં ચાલતાં દુષ્ટા તે મારી ભાર્યાએ પોતાના વસ્ત્રના ટુકડા ટુકડા કરીને (નિશાની તરીકે) દરેક સ્થાનમાં નાખ્યા. ત્યાર પછી રાત્રિ પૂરી થતાં તે મારી પત્ની સાથે બીતો બીતો હું વાંશની જાળમાં પેસી ગયો.

અહીં પલ્લીપતિ જાગ્યો ત્યારે તે મારી પત્નીને નહીં જોઈને પોતાના સૈન્ય સાથે તેનાં પગલાંને અનુસારે અને નિશાની તરીકે નાખેલા વસ્ત્રના ટૂકડાના અનુસારે મારી પાછળ પાછળ તે વાંશની જાળમાં આવ્યો; અને મને જોઈને રોષ પામેલા તેણે મારો અનેક રીતે તિરસ્કાર કર્યો અને મને તિરસ્કારીને મારા હાથ પગમાં ખીલા ઠોકીને મને ત્યાં જ છોડી દઈને તે પલ્લીપતિ મારી પત્નીને લઈને પોતાના સ્થાને ચાલ્યો ગયો.

હવે અહીં આવા ભયંકર દુઃખોને હું ભોગવતો રહ્યો હતો તેવામાં મારા ભાગ્યબલથી ત્યાં કોઇક વાંદરો આવી ચડયો અને તે વાનર મને જોઇને તુરત મૂર્છા પામ્યો અને પછીથી સચેતન થયો. ત્યાર પછી તે વાનરે વનમાં જઇને કમલના પડીયામાં પાણી લાવીને તેણે મને પાયું. ત્યાર પછી તે વાનરે હાથપગમાં રહેલી સર્વ ખીલીઓને કાઢીને તે તે સ્થાનોમાં તેણે સંરોહિણી (ઘા રુઝવનારી) ઔષધિનો લેપ કર્યો. તેથી, તે જ વખતે હું સારા શરીરવાળો થઈ ગયો. ત્યારપછી તે વાનરે પૂછયું : "હે મહાભાગ્યવંતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શું તું મને ઓળખતો નથી ? હું પૂર્વભવમાં તમારા ગામમાં તમારા ઘરની નજીકમાં જ રહેતો હું સિદ્ધ નામનો વૈદ્ય હતો; અને આર્તધ્યાનથી મરીને આ વનમાં હું વાંદરાપણે ઉત્પન્ન થયો છું, અને આ જે તમને જોઈને મને જાતિ-સ્મરણ (પૂર્વજન્મની સ્મૃતિ) જ્ઞાન ઉત્પન્ન થયું છે; તે સાંભળીને ખુશ થયેલા મેં તે વાનરને કહ્યું : " હે વાનર ! તું તો મારો ઉપકારી થયો. તો હવે મારા યોગ્ય કંઈક તું મને તારૂં કામ બતાવ. તે વાનરે કહ્યું : " હું આ વનમાં પાંચસો વાનરો સહિત સુખે રહેતો હતો; પરંતુ એક વખત મારા કરતાં વધારે બલવાન એક વાનરે આવીને મને કાઢી મૂકીને, મારૂં તે બધું વાનરીઓનું ટોળું પોતાને સ્વાધીન કરી લીધું છે; તેથી દુઃખી થયેલા અને આધાર વિનાનો હું થઈ ગયો. અહીં ભમતાં ભમતાં મેં તમને જોયા : તો હે દયાવતાર ! મને મદદ કરો અને મારા વાન-રીઓના ટોળાને પાછું વાળી આપો. " તે સાંભળી હું તે વાનર સાથે તે વનમાં ચાલ્યો. ત્યાં તેના તે વેરી વાનરને હણીને મેં તેનો તે વાનરીઓનો પરિવાર પાછો વાળી તેને સોંપ્યો; ત્યાર પછી તે વાનર તે વનની અંદર સુખે રહેવા લાગ્યો.

હવે હું ત્યાંથી પાછો ફર્યો અને તે ચોરની પલ્લીમાં જઈને નિદ્રાધીન તે પલ્લીપતિને તરવારથી મારી નાખ્યો. ત્યારપછી ત્યાંથી તે મારી પત્નીને લઈને જતાં મેં માર્ગમાં વનની અંદર એક મુનિને કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભેલા જોયા, ત્યારે મેં તેમને પ્રણામ કર્યા. પ્રણામ કરીને હું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમની પાસે ત્યાં બેઠો. તેમણે પણ મને ધર્મનો ઉપદેશ આપ્યો, તે સાંભળી વૈરાગ્ય પામી મેં દીક્ષા લીધી.

આથી જ હે અભયકુમાર, આ રીતે ગૃહસ્થપણામાં અનુભવેલો મહાભય યાદ આવી જતાં મારા વડે હમણાં "નિસિહિ"ના સ્થાને "મહાભયં વર્તતે" એમ કહેવાઇ ગયું.

## સુવ્રત મુનિની કથા સમાપ્ત

ત્યારપછી ત્રીજા પહોરે **જોયણ** નામના મુનિ ગુરુની સેવા કરવા આવ્યા અને સેવા કરીને પાછા આવતા તેમણે ગુરુના કંઠમાં હાર જોઈને ભય પામી "અતિભયં વર્તતે" એ પ્રમાણે બોલતાં તેમને અભયકુમારે પૂર્વના બે મુનિઓની જેમ પૂછ્યું અને તેમણે પણ પોતાની બનેલી આખી વાત અભયકુમારની આગળ કહી—

## જોયણ મુનિની કથા

માલવદેશમાં ઉજ્જયિની નગરીની નજીકમાંના કોઇક ગામમાં ધનાઢ્ય અને યુવાન એવો ગુણસુંદર નામનો હું કુલપુત્ર રહેતો હતો. ઉજ્જયિની નગરીમાં રહેતા એક શેઠની કન્યાનું મેં પાણિગ્રહણ કર્યું—કન્યાને હું પરણ્યો.

હવે એક વખત તે કન્યાને લેવા માટે હું હાથમાં તલવાર ધારણ કરીને ઉજ્જયિની નગરી તરફ ચાલ્યો. માર્ગમાં જતાં જતાં રાત પડતાં સ્મશાનભૂમિમાં રહ્યો. ત્યાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અત્યંત રડતી એક સ્ત્રીનો અવાજ સાંભળીને હું તે સ્ત્રીની પાસે ગયો. ત્યાં એક પુરુષને શૂળી ઉપર ચડાવેલો તેને મેં જોયો. તેમજ તેની પાસે જ બેસી રુદન કરતી તે સ્ત્રીને પણ મેં જોઇ. મેં તે સ્ત્રીને પૂછયું : "હે ભાગ્યશાલિની! તું કેમ રડે છે? તેણીએ કહ્યું: "હે સુંદર પુરુષ! આ શૂલી ઉપર ચડાવાયલો પુરુષ મ.રો ભર્તાર છે. રાજપુરુષોએ વગર કારણે આ ભર્તારને શૂળી ઉપર ચડાવી દીધો છે. હું તેના માટે ભોજન લાવેલ છું; પરંતુ ઊંચે રહેલા હોવાથી તેમને જમાડવાને હું અસમર્થ છું. તે સાંભળી મેં કહ્યું: "તો તું મારા ખભા ઉપર ચડીને તેને ભોજન કરાવ" તેથી તે એકદમ મારા ખભા ઉપર ચડી ગઈ અને તેણીએ મને કહ્યું કે હવે તમારે ઊંચે જોવું નહીં.

એટલામાં ક્ષણવારમાં તો મેં "બચ બચ" એ પ્રમાણે તેણીના મોંઢામાંથી નીકળતો શબ્દ સાંભળ્યો અને મારા ખભા ઉપર પણ નાના નાના માંસનાં ટુકડા પડવા લાગ્યા, તેથી ભય પામેલા મેં જેટલામાં ઊંચે જોયું તેટલામાં તો છરીથી તે પુરુષના માંસના ટુકડાઓને તોડતી અને ખાતી તે શાકિનીને મેં જોઈ. તે જ વખતે મેં તો તેને એકદમ નીચે નાખી દઈને ત્યાંથી નગર તરફ દોડવા માંડયું. તે સ્ત્રી પણ મારી પાછળ દોડવા લાગી અને દરવાજાની પાસે પહોંચી ગયેલા મારી જાંઘમાંથી તે સ્ત્રીએ માંસનો પિંડ ગ્રહણ કર્યો ત્યારપછી તે પાછી ફરી. અને હું તો તે વેદનાથી ત્યાં જ બૂમ પાડતો દરવાજામાં જ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પડી ગયો તે વખતે લોકોએ મને કહ્યું : “ હે ભદ્ર ! તું દુર્ગાદેવીના મંદિરમાં જા, જેથી ત્યાં તું સ્વસ્થ (સારો) થઈ જઇશ.”

હવે હું દુર્ગાદેવીના મંદિરમાં ગયો ત્યાં તે દેવીએ કહ્યું : “ હે મુસાફર ! શું તું આ નગરીના સ્વરૂપને જાણતો નથી ? આ નગરમાં ઘણી જોગણીઓ ભૂત, પ્રેત વિગેરે ઘણા રહે છે. તેઓની મેં એ મર્યાદા બાંધી છે કે—જે કોઈ રાતે નગરની બહાર રહે તેને જ તમારે હેરાન કરવો. નગરની અંદર રહેતો હોય તેને હેરાન નહીં કરવો. તેથી આ વૃત્તાંતને નહીં જાણતા તારા પગમાં તે શાકિનીએ પ્રહાર કર્યો છે, છતાં હવે જ્યારે તું મારા મંદિરમાં સહાય—મદદ લેવા માટે આવ્યો જ છે તો હું તને સાજો કરું છું.” એમ કહી તે દેવીએ મારા પગે પોતાનો હાથ અડાડયો, તેથી તરત જ હું સાજો થઈ ગયો.

હવે ઠંડીથી ખૂબ પીડા પામેલો હું તે વખતે રાતે જ સસરાને ઘેર ગયો. મજબૂત રીતે બંધ કરેલો કમાડની આગળ ઊભો રહીને હું ઘરમાં રહેલાં મા—દીકરીની વાત સાંભળવા લાગ્યો:

મારી સાસૂએ કહ્યું: “હે પુત્રી ! તેં આજે લાવેલું આ માંસ તો અત્યંત મીઠું છે; તું આ કોનું માંસ લાવેલી ? પુત્રીએ કહ્યું : “ હે મા ! આ તારા જમાઈનું માંસ છે, એમ કહીને તેણે બધી જ બનેલી વિગત માતાને કહી. મેં પણ આ બધું સાંભળ્યું અને સાંભળીને ભય-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભીત થઈ ગયેલા મેં વિચાર્યું : "ખરેખર! આ સ્ત્રીના આ વિલાસને ધિક્કાર હો."

ત્યાર પછી આ બધી કર્મની વિચિત્રતા છે એમ સમજીને તે મારી પત્ની ઉપર આવી ગયેલા કોપને પણ છોડી દઈને વૈરાગ્ય પામી અહીંથી તુરત પાછા ફરી ગુરુની પાસે આવી દીક્ષા લીધી.

## જોયણ મુનિની કથા સમાપ્ત

તેથી હે અભયકુમાર ! તે અનુભવમાં આવેલો ભય યાદ આવી જવાથી મારાથી "નિસિહિ"ના સ્થાને "અતિભયં વર્તતે" એવું બોલાઈ ગયું.

હવે ત્યાર પછી ચોથા પહોરે ધન્ય નામના સાધુ ગુરુની વૈયાવચ્ચ કરવા ગયેલા તેમણે વૈયાવચ્ચ કરીને પાછા આવતાં "ભયાતિભયંવર્તતે" આ પ્રમાણે બોલ્યા. આમ બોલતા તેમને પણ પૂર્વના મુનિઓની જેમ જ અભયકુમારે પૂછતાં તેમણે પોતાનું વૃત્તાંત જણાવ્યું :

## ધન્ય મુનિની કથા

ઉજ્જયિની નગરીમાં અજિતસેન નામનો રાજા રાજ્ય કરતો હતો ત્યાં સુધન નામના શેઠ રહેતા હતા. તેમને સુભદ્રા નામની પ્રિયા હતી. તે બંને દંપતીનો હું ધન્ય નામનો પુત્ર છું. વળી મારે પણ શ્રીમતી નામની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારી પત્ની હતી તે પતિવ્રતા હતી, વિનયવંત હતી અને તેણીના વિનયથી સંતુષ્ટ રહેતો હું કયારેય પણ તેણીનાં વચનનું ઉલ્લંઘન કરતો નહીં, તેણીનું કહ્યું બધુ કરતો.

હવે એક વખત પ્રિયાને કરમાયેલા મુખવાળી—ખૂબ ઉદાસ થયેલી જોઈને મેં પૂછયું : "હે પ્રિયા! તું શા માટે ઉદાસીન થઈ ગઈ છે? પરંતુ લજ્જાળુ તેણીએ મને કંઈ કહ્યું નહીં! ત્યારે મેં ઘણો જ આગ્રહ કરવા પૂર્વક પૂછતાં તેણીએ કહ્યું : "હે સ્વામી! કસ્તૂરિયા મૃગના પુંછડાનું માંસ ખાવાની મને અભિ-લાષા થઇ છે. ત્યારે મેં તેણીને પૂછયું : "હે પ્રિયા! તે મૃગ કયાં છે?" તેણીએ કહ્યું : "હે સ્વામી! તે તો બહુ કષ્ટથી લાવી શકાય તેવા સ્થાનમાં છે; તેથી તમને તેવા કષ્ટ આપનારા સ્થાનમાં તેને લેવા માટે મોકલવાનો મારો જીવ ચાલતો નથી. કારણ કે તમારા વિયોગને પણ સહન કરવા હું સમર્થ નથી." તે સાંભળી તેણીના પ્રેમના બંધનમાં બંધાયેલા મેં કહ્યું : "હે પ્રિયા! તું તારે સુખે રહે! કષ્ટ સહન કરીને પણ હું તારા મનના મનોરથને જરૂર પૂરો કરીશ જ." ત્યારે તેણીએ કહ્યું : "હે સ્વામી! રાજગૃહ નગરમાં શ્રેણિક મહારાજાને ઘેર તે મૃગ તેઓ ક્રીડા કરવા માટે લાવ્યા છે. તે સાંભળી મેં કહ્યું: "હે પ્રિયા! તું ચિંતા ન કર સ્વસ્થ રહે. હું ખરેખર! તે કસ્તૂરિયા મૃગનું માંસ તને ચોક્કસ લાવી આપીશ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ કહી હું ઘરની બહાર નીકળી રાજગૃહ નગરની નજીકમાં જઈને એક ઝાડ નીચે ઊભો રહ્યો. તે વખતે એક ગણિકા પોતાની સખીઓના પરિવારથી પરિવરેલી ક્રીડા-મઝા કરવા ત્યાં આવી. તેને સુંદરરૂપવાળી જોઈને આકાશ માર્ગે જતો કોઈક વિદ્યાધર તેના ઉપર મોહિત થયેલો, તેનું હરણ કરી ગયો તે વખતે તેનો બધો પરિવાર રડા-રોળ કરવા માંડયો. તે સાંભળી હું પણ હાથમાં ધનુષ લઈને તે વિદ્યાધરની પાછળ ગયો અને બાણથી તેને હણીને ભૂમિ ઉપર પાડી દીધો તે વખતે તે ગણિકા તેના હાથમાંથી સરોવરમાં પડી અને સરોવરમાં ડૂબતી તેને મેં તે સરોવરમાંથી બહાર કાઢી. તેથી તે ગણિકા મારા પ્રત્યે ઘણી જ પ્રીતિ રાખતી મને પોતાના ઘેર લઈ જઈને ખૂબ આદરસત્કાર કરવાપૂર્વક અને સ્નાન વિગેરે કરાવવાપૂર્વક ભોજન કરાવ્યું. ત્યારે તે ગણિકાએ મને કહ્યું : " હે ભાગ્યશાળી ! તમારે તમારા ક્યા કામસર અહીં આવવાનું થયું ? એમાં કંઈ મારા યોગ્ય હોય તો જરૂર મને કહો. " તે વખતે મેં પણ તેની આગળ મારી પત્નીસંબંધી બધી વિગત જણાવી ત્યારે તે ગણિકાએ વિચાર્યું :" ખરેખર ! આ ભોળો માણસ છે. આ બિચારો સ્રીચરિત્રને જાણતો નથી, એમ વિચારી તે ગણિકાએ મને કહ્યું: " હે સજ્જન પુરુષ ! તમારી પત્ની ખરાબ આચરણવાળી—દુઃશીલ છે. " તે સાંભળી ભલાભોળા એવા મેં તે ગણિકાને કહ્યું : " હે ગણિકા ! મારી પત્ની જેવી તો જગતમાં કોઈ સતી નથી." ત્યારે તે એકદમ મૌન થઈ ગઈ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે એક વખત તે ગણિકાએ મને કહ્યું : “ હે ભાગ્ય શાલી! આજે શ્રેણિક મહારાજાની સભામાં નૃત્ય કરવા મ જવાની છું. તો તમારે પણ તે જોવા માટે ત્યાં આવવું, એમ કહીને તે રાજસભામાં ગઈ. હું પણ તેનું નૃત્ય જોવા બહાને ત્યાં ગયો.

અને ત્યાં અહીં તહીં ભમતા મેં તે મૃગને જો અને ગુપ્તપણે તે મૃગને મારી નાખીને તેનું માંસ મેં લીધું એટલામાં મૃગની ખબર રાખનારાઓ મને જોઈ ગયા તેથી ચોરની જેમ મને બાંધીને રાજાની પાસે લઈ ગયા નાચ કરી રહેલી તે ગણિકાએ મને ઓળખ્યો. અને ગણિકાના નૃત્યથી ખુશ થયેલા શ્રેણિક મહારાજાએ તે ગણિ કાને ત્રણ વરદાન આપ્યાં. તે ગણિકાએ કહ્યું : “ હું પછી તે વરદાનો માગી લઈશ. ”

હવે નૃત્ય પૂરું થયા પછી તે મૃગના રખેવાળો મ રાજા પાસે લઈ ગયા અને હરણને મારી નાખ્યાની વા કરી. તે સાંભળી રાજાએ હુકમ કર્યો : “ આને ચોરની જે હણી નાખો ! ” તે સાંભળી ગણિકાએ કહ્યું : “ હે સ્વામી મારા એક વરદાનમાં આને જીવતો છોડો. ” ત્યારે રાજા મને છોડી દીધો અને ગણિકા મને તેને ઘેર લઈ ગઈ.

એક વખત મેં ગણિકાને કહ્યું : “ હે ભાગ્યશાલિની જો તારી આજ્ઞા હોય તો હવે હું મારા ઘેર જાઉં ! તેણીએ કહ્યું : “ હે ભાગ્યશાલી! હું પણ તમારી સા આવીને તમને તમારી પત્નીનું ચરિત્ર પ્રત્યક્ષ રીતે દેખ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ડીશ ” એમ કહીને તે ગણિકા મારી સાથે ઉજ્જયિની આવવા ચાલી. ત્યારપછી તે ગણિકાના કહ્યા પ્રમાણે હું તેણીને ઉપવનમાં છોડીને હું એકલો જ રાત્રિમાં ગુપ્ત રીતે ઘેર જઇને તે એક ખૂણામાં સૂઈ ગયો. તે વખતે એક જાર પુરુષ મારા ઘેર આવ્યો. મારી પત્નીએ તેનો સત્કાર કરીને પલંગ ઉપર બેસાડયો. ત્યારપછી તે મારી પત્ની તે જાર સાથે અનેક પ્રકારના ભોગોને ભોગવીને થાકી ગયેલી સૂઈ ગઈ. તે જાર પણ તેને ખૂબ દૃઢ રીતે આલિંગન કરીને નિદ્રિત થઈ ગયો—સૂઈ ગયો, ત્યારે ક્રોધાયમાન થયેલા મેં તે જારને તલવારથી મારી નાખ્યો અને ફરી પાછો હું અંધારામાં તે ઘરના ખૂણામાં નિદ્રિત જ સૂઈ ગયો થોડી વારમાં જ તે મારી પત્ની જાગીને જ્યાં પોતાના જારને મરી ગયો છે એમ જાણી ત્યાં જ ઘરની અંદર જ ખાડો કરીને તેમાં તેને દાટીને તેના ઉપર પીઠ બનાવી દીધી.

હવે સવાર થતાં હું ગુપ્ત રીતે ઘરમાંથી નીકળી તે ગણિકા પાસે ગયો. જઇને સર્વ વૃત્તાંત તે ગણિકાને જણાવવાપૂર્વક કહ્યું : “ હે પ્રિયા ! તેં જે કહ્યું હતું તે બધું તદ્દન સત્ય જ છે હું મૂર્ખ કે મેં અત્યાર સુધી તે ન માન્યું. ત્યાર પછી હું તે ગણિકાની સાથે પાછો રાજગૃહ નગરમાં ગયો અને કેટલાક દિવસે પાછો હું ઘેર આવ્યો. મને ઘેર આવેલો જોઈને ખોટો સ્નેહ બતાવતી તે મારી પત્નીએ મને કહ્યું : “ હે સ્વામી ! વિદેશમાં ગયેલા તમને આટલા બધા દિવસ કેમ થયા ? ” મેં કહ્યું : “ હે પ્રિયા ! તારા માટે કસ્તૂરિયા મૃગનું માંસ શોધતા શોધતાં મને ઘણા દિવસો લાગ્યા છતાં તે તો ન જ મળ્યું. ”

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારે તેણીએ કહ્યું : “આપના દર્શનથી મારો આજનો દિવસ સફળ થયો, એમ કહી તેણે સુંદર ભોજન બનાવ્યું અને જ્યારે ભોજન કરવા બેઠો, ત્યારે તે પાપિણીએ પહેલાં તે પીઠની ઉપર બલિદાન તરીકે ભોજનને મૂકીને પછી મને તેણીએ જમવાનું પીરસ્યું અને આમ તે દરરોજ કરવા લાગી.

હવે એક વખત મેં કહ્યું : “હે પ્રિયા ! આજે તું ઘેબર બનાવજે અને મારા સિવાય બીજા કોઇને પણ તારે તે પહેલાં નહીં આપવા.” તે સાંભળી તેણે એકદમ કહ્યું : “હે સ્વામી ! તમારાથી અધિક મારે કોઈ છે જ નહીં. ત્યારપછી તેણે કડાઇમાં તપી ગયેલા ઘીમાં ઘેબર કરવાની શરૂઆત કરી. પણ કપટી એવી તેણીએ આ ઘેબર તો બળી ગયું છે. એમ કહી એક ઘેબર પીઠ ઉપર મૂકી દીધું. ત્યારે ક્રોધાયમાન થયેલા મેં કહ્યું : “હે પાપિણી ! શું આ પીઠની અંદર તારા બાપનું નિધાન પડયું છે કે શુ?” આવું મારૂં વચન સાંભળીને ક્રોધાયમાન થયેલી તેણીએ પણ મારા માથા ઉપર કડાઈમાં રહેલું તપેલું ઘી નાખ્યું; તેથી મારૂં બધું શરીર દાઝી ગયું અને અત્યંત પીડા પામેલો હું પોકાર કરતો ત્યાંથી નાશીને મારા પિતાના ઘેર ગયો. ત્યાં મારા માતાપિતાએ અનેક પ્રકારના ઈલાજ કરવાથી કેટલાક દિવસે હું સાજો થયો. ત્યારે મેં વિચાર્યું : “આવા આ ગૃહસ્થાવાસને ધિક્કાર છે; એવી રીતે વૈરાગ્ય પામીને મેં ગુરુની પાસે દીક્ષા લીધી.

ધન્ય મુનિની કથા સમાપ્ત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ હે અભયકુમાર ! તે અનુભવેલો ભય યાદ આવી જતાં આજે મારા વડે "નિસિહિ"ના સ્થાને "ભયાતિભયં વર્તતે" એવું બોલાઈ ગયું. ત્યાર પછી સૂર્યોદય થતાં અભયકુમાર પણ પોષહ પારીને આચાર્યની પાસે ગયો અને ત્યાં આચાર્યના કંઠમાં હાર જોઇને તેણે વિચાર્યું : અરે ! સાધુઓએ "નિસિહિ" ના સ્થાને–"ભયં વર્તતે અતિભયં વર્તતે" વિગેરે સાચું જ કહ્યું. ખરેખર તે નિર્લોભી સાધુઓ ધન્ય છે.

હવે તે ગુરુને વંદન કરીને તે હારને લઇને રાજાને સમર્પણ કર્યો.

આથી હે કુંચિક શેઠ! સાધુઓ તો હંમેશાં નિર્લોભી જ હોય છે. કુંચિક શેઠે કહ્યું "હે ભગવન્! ખરેખર સાધુઓ આવા જ પ્રકારના નિર્લોભી જ હોય છે; પરંતુ તમારામાં એવો ગુણ નથી. તમે તો ખરેખર ! સિંહ જેવું કામ કર્યું.

ત્યારે મુનિએ પૂછ્યું: "હે શેઠ! આ સિંહની શું વાત છે ?" શેઠે કહ્યું :

## સિંહની કથા

વારાણસી નગરીમાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો; તેની પાસે **દેવદત્ત** નામે એક વૈદ હતો, તેને **મનોરમા** નામની પત્ની હતી. તે બંને દંપતીને અનુક્રમે **જીવાનંદ** અને **કેશવ** નામના બે પુત્રો થયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પરંતુ, તે બંનેનું બાલપણુ હતું ત્યાં જ તેમનો પિતા મરણ પામ્યો. ત્યારે રાજાએ તે બંનેના પિતા વૈદની જગ્યાએ બીજાને વૈદ તરીકે નીમ્યો અને તે વૈદ રાજાનો માનીતો થવાથી ખૂબ સમૃદ્ધિવાન થયો.

હવે એક વખત તે નવો વૈદ વસ્ત્રાભૂષણથી શણગારાયેલો રંગમાં આવીને રાજ પુરુષોથી પરિવરેલો જૂના વૈદ્યના ઘર પાસેથી પસાર થતો હતો ત્યારે તેને મનોરમાએ જોયો અને તેને જોઈને મનોરમા રડવા લાગી ત્યારે પુત્રોએ પૂછ્યું : "મા! તું શા માટે રડે છે?" માએ કહ્યું : "હે પુત્રો! આ વૈદ્ય સરખા જ અને રાજાના માનીતા અને ઋધ્ધિ–સંપત્તિવાળા તમારા પિતા પહેલા હતા; પરંતુ તમે બંને વૈદક શાસ્ત્રને નહીં ભણેલા હોવાથી તે બધું ગયું; તે દુઃખના કારણે હું રડું છું." તે સાંભળી તે બંને પુત્રોએ કહ્યું : "હે મા! હવે અમે પણ અહીં શાસ્ત્રનો અભ્યાસ કરીને તે જ રાજમાન્ય પદવી પ્રાપ્ત કરીશું. માતાએ કહ્યું : "હે પુત્રો! અહીં તો તમારા પિતા ઉપર ઈર્ષ્યા કરનારા હોઈ તમને કોઈ ભણાવશે નહીં; આથી, તમે ચંપાનગરીમાં જાઓ, ત્યાં જ્ઞાનગર્ભ નામના તમારા પિતાનો પરમ મિત્ર છે તે જ તમને ભણાવશે. તે સાંભળી તે બંને પુત્રો ત્યાં ગયા. સર્વ શાસ્ત્રોને ભણી તે બંને પાછા આવતાં હતા ત્યાં રસ્તામાં પડેલા અને અંધ થયેલા એક સિંહને જોયો. તે જોઇ મોટાભાઈએ નાનાભાઇને કહ્યું : "હે ભાઈ આ, આંધળા થઇ ગયેલા સિંહની આંખો સાજી કરીને આપણે તેના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપર ઉપકાર કરીએ. ત્યારે નાનાભાઈએ મોટાભાઈને કહ્યું : " હે મોટાભાઈ ! ઉપકાર તો કોઈ મનુષ્ય વિગેરે અહિંસક જીવો ઉપર કર્યો હોય તો આપણા કલ્યાણ માટે થાય. હિંસક જીવો ઉપર કરવાથી કલ્યાણ માટે થતો નથી." એમ કહીને તે નાનોભાઈ તો ઝાડ ઉપર ચડી ગયો.

હવે અહીં બુદ્ધિ વિનાના મોટાભાઈએ તે સિંહની આંખોમાં ચૂર્ણ નાખ્યું એટલે તે સિંહ દિવ્ય ચક્ષુવાળો થઇ ગયો પણ તે ઘણા દહાડાથી અત્યંત ભુખ્યો થયેલો હતો. અત્યંત ભુખ્યા થયેલા તે સિંહે ઉપકારીની પણ અવગણના કરીને તે મોટાભાઈને મારી નાખીને ખાઇ ગયો.

ત્યાર પછી નાનોભાઈ સુખે સુખે પોતાના ઘેર ગયો.

સિંહકથા સમાપ્ત

આમ હે સાધુ ! જેમ તે સિંહે પોતાના ઉપકારીને પણ દુઃખ જ આપ્યું તેમ મારૂં ધન લઈ લેના તમે પણ તેવું જ કર્યું.

સાધુએ કહ્યું : " હે શેઠ ! તમે એવું ન બોલો. સાધુઓ તો મેતાર્ય મુનિ જેવા હોય છે. તેના કથાનકને તમે સાંભળો– "

## મેતાર્ય મુનિની કથા

આ જ જંબૂદ્વિપના દક્ષિણાર્ધમાં રહેલા ભરતક્ષેત્રમાં સાકેતપુર નામનું નગર છે. તેમાં ચંદ્રાવતંસક નામનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા છે, તે રાજાને પ્રિયદર્શના અને પદ્માવતી નામની બે રાણીઓ છે. પ્રિયદર્શનાને–**સાગરચંદ્ર** અને **મણિચંદ્ર** નામના બે પુત્રો હતા અને પદ્માવતી રાણીને **ગુણચંદ્ર** અને **બાલચંદ્ર** નામના બે પુત્રો હતા.

રાજા તો જૈનધર્મથી રંગાયેલો હોવાથી તે હંમેશાં પર્વતિથિ આવે ત્યારે પૌષધ કરતો હતો.

હવે એક વખત તે રાજાએ આઠમ પર્વતિથિ આવતાં પૌષધવ્રત લીધું, તેથી, તે પોતાના ઘરમાં જ બનાવેલા ઉપાશ્રયમાં સંધ્યા થતાં કાયોત્સર્ગ ધ્યાનમાં સ્થિર થયા. અને મનમાં તેમણે એવો નિશ્ચય કર્યો કે–જ્યાં સુધી આ નજીકમાં રહેલો દીવો પ્રકાશિત રહે–હોલવાઇ ન જાય ત્યાં સુધી મારે કાયોત્સર્ગ ધ્યાનમાં રહેવું. રાજાના આવા નિશ્ચયને કોઈ જાણતું ન હતું. એ વખતે દાસીએ રાજાને અંધકાર ન લાગે એટલે પ્રકાશ રાખવા માટે વારંવાર તે દીવાના પાત્રમાં તેલ નાખી દીવો પ્રકાશતો રાખ્યો. અને જ્યારે જ્યારે તે દીવો ઝાંખો પડવા લાગે ત્યારે ત્યારે પાછી તે દાસી ધ્યાન રાખીને વારંવાર તેમાં તેલ પૂરે છે.

દાસી મનમાં એમ વિચારે છે કે–કે મારા સ્વામી અંધારામાં શી રીતે રહી શકશે? એમ દાસી તો માલિકની ભક્તિમાં તત્પર રહી અને તે દીવાને ઝળહળતો રાખવા લાગી.

આમ રાત્રિના ચારેચાર પહોર વીતિ ગયા અને રાજાએ પણ ત્યાં સુધી કાયોત્સર્ગ પાર્યો ત્યારપછી સૂર્યોદય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થતાં દીવો પોતાની મેળે હોલવાઈ ગયો; અને તેથી રાજાએ પણ કાઉસ્સગ્ગ પાર્યો; પરંતુ, તે રાજા અત્યંત સુકોમલ હતા તેથી ખૂબ થાકી જવાથી મરી ગયા અને મરીને નીચે પડી ગયા.

હવે રાજાની મરણોત્તર ક્રિયા કર્યા બાદ તરત જ સામંત વિગેરેએ રાજાના તે ચારેય પુત્રોને રાજ્ય ગ્રહણ કરવાની વિનંતિ કરી. તેઓ તે પુત્રોએ વિચાર્યું, કે ખરેખર, રાજ્ય તો અંતે નરકમાં જ લઈ જનારૂં છે; છતાં પણ સામંત વિ. તો અત્યંત આગ્રહ થવાથી સાગરચંદ્રને તે રાજ્ય આપ્યું, આમ ન્યાયનીતિપૂર્વક રાજ્યનું પાલન કરતો તે સાગરચંદ્ર એક વખત ચતુરંગ સેના સહિત છત્ર-ચામર વિગેરે રાજચિહ્નોથી સુશોભિત બહારના ઉદ્યાનમાં ક્રીડા કરવા જતો હતો, તેને પદ્માવતી રાણીએ જોયો. તેવા પ્રકારના તેને જોઈને તેના મનમાં એવી ઈર્ષા ઉત્પન્ન થઈ કે, "જો મારો પુત્ર રાજા થયો હોત તો તે મારા પુત્રનું પણ હું આવા પ્રકારનું સુખ જોઈ શકત."

હવે ઉદ્યાનમાં જુદી જુદી જાતની ક્રીડા કરીને થાકી ગયેલોતે રાજા એક ઝાડની નીચે બેઠો અને પોતાની પાસેથી સેવક પાસે ભોજન મંગાવ્યું. તે સેવક પણ જલ્દી જલ્દી તે ભોજન લેવા માટે ગયો. પદ્માવતી રાણીએ ભોજન લેવા જતા સેવકને જોયો અને પૂછ્યું : "હે સેવક! આમ દોડતો દોડતો તું ક્યાં જાય છે?" સેવકે કહ્યું : "હે માતા! હું રાજા માટે તેમની માતા પાસે ભોજન લેવા જાઉં છું." એમ કહીને તે ત્યાં ગયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે તે દુષ્ટ પદ્માવતી રાણીએ વિચાર્યું–આજે જ સાગરચંદ્રને ઝેર આપી દઉં તો જ રાજ્ય મારા પુત્રનું થાય; એમ વિચારી તે પદ્માવતી રાણીએ લાડુ લઈને પાછા આવતઃ તે સેવકના હાથમાંથી જોવાના બહાને તે લાડું હાથમાં લઈને ઝેરથી લેપાયેલા પોતાનો હાથનો પાશ દઈને પછી તે મોદક સેવકને આપી દીધો.

હવે તે સેવક પણ જલ્દી જલ્દી આવીને તે ઝેરથી લેપાયેલ લાડુ રાજાને આપ્યો. હવે અહીં તે જ વખતે પદ્માવતી રાણીના ગુણચંદ્ર અને બાલચંદ્ર બંને પુત્રો રાજાની પાસે બેઠેલ જ હતા; અને ઉચિત શું કહેવાય તેને બરાબર સમજતા રાજાએ તે લાડુને ભાંગી ટૂકડા કરીને તે બંને ભાઈઓને આપ્યો, પરંતુ, નાનાભાઈઓને પહેલાં આપવું જોઈએ એ ઉચિત સમજી તેમને આપી પોતે તે લાડુ ખાધો નહીં; પણ તે લાડુને ખાતાંની જ તે બંને ભાઈઓ ઝેરની અસરથી મૂર્છા પામીને ભૂમિ ઉપર પડી ગયા. ત્યારે ખૂબ જ દુઃખી દુઃખી થઈ ગયેલા તે રાજાએ તે સેવકનો પૂછતાં લાડુ સંબંધી બધી વાત સેવકે રાજાને કરી, ત્યારે તે રાજાએ પણ પદ્માવતી રાણીનું આ કપટ હોય એમ જાણ્યું.

હવે તે જ વખતે કોઈક સાધુ ત્યાં આવીનો ગરુડ અધ્યયનનો પાઠ કરવા લાગ્યા તે જ વખતે ગરુડ દેવે ત્યાં આવીનો બંને રાજકુમારનું ઝેર હરી લીધું અને તે બંને સાજા થયા. સાજા થયેલા તે બંને રાજકુમારોનો જોઈને રાણી વિગેરે ખૂબ ખુશી થયા અને પોતાને ઘેર ગયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે સાગરચંદ્ર રાજાએ પદ્માવતી રાણીને નમસ્કાર કરીને કહ્યું : "હે માતા, આ રાજ્યથી મને કોઈ પ્રયોજન નથી; મેં તો પહેલેથી જ તમારા પુત્રોને રાજ્ય આપવા માટે કહેલું જ હતું; પરંતુ, તે બંને રાજકુમારોએ અને તમે પણ તેનો નિષેધ કર્યો હતો."

હવે આ અંતે નરકને જ આપનારા આ રાજ્યથી મને સર્યું એમ કહીને તે સાગરચંદ્ર રાજાએ **શ્રી ધર્મ-ઘોષ** મુનિ પાસે દીક્ષા લીધી અને દીક્ષા લઈ તે ભવ્ય જીવોને પ્રતિબોધ કરતાં પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા.

ત્યારપછી બધાંની અનુમતિ મેળવી સામંતો વિગેરેએ **મણિચંદ્રને** રાજ્ય આપ્યું; તે મણિચંદ્ર પણ પિતાની જેમ જ ન્યાય–નીતિપૂર્વક રાજ્યનું પાલન કરવા લાગ્યો. તે મણિચંદ્ર રાજાને જૈન ધર્મપરાયણ **કનકમાલા** નામની પટરાણી હતી.

એક વખત સુખે સુતેલી તે કનકમાલાએ સ્વપ્નમાં વૃષભ જોયો. જાગીને તેણે વે સ્વપ્નની વાત પોતાના ભર્તારને કહી સંભળાવી. રાજાએ પણ કહ્યું : "હે ભાગ્યશાલિની! તને પુત્ર થશે પણ તે વક્રસ્વભાવના કારણે કુટિલ બુદ્ધિ-વાળો થશે. ત્યારપછી સમય થતાં તેણીને પુત્ર થયો અને તેનું **દૃઢરથ** એવું નામ પાડયું. યુવાવસ્થાને પામેલો આ દૃઢરથ કપટ કરવામાં જ કુશલ, જૈનધર્મનો નિંદક સાધુ-ભગવંતોને હેરાન કરવામાં જ રક્ત અને વિષયોમાં આસ-ક્તિવાળો થયો અને તેનો **નિસઢ** નામનો મંત્રીનો પુત્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેના મિત્ર તરીકે તેને મળ્યો તે પણ તેના જેવો જ દુર્ગુણોથી ભરેલો હતો.

આ બંને પુત્રોથી પરાભવ થશે એવા ભયથી કોઈ સાધુ ભગવંત તે નગરીમાં આવતા જ ન હતા. રાજા વિગેરે પરિવારથી અનેકવાર રોકવા છતાં તે બંને પુત્રો પોતાના દુરાચારોમાંથી અટકતા જ ન હતા. કદાચ કોઈ આ વાતથી અજાણ્યા સાધુ ભગવંત આવી ચઢે અને તેમની દૃષ્ટિમાં આવી જાય તો તે બંને પુત્રો તે સાધુ ભગવંતને ખૂબ દુઃખી દુઃખી કરી દેતા. આ વાત બધે ઠેકાણે ફેલાઈ ગઈ, તેથી તીર્થયાત્રા કરવા માટે કોઈ સાધુ તે નગરીમાં આવતા જ નથી, તે વાત સાંભળીને એક વખત **સાગરચંદ્ર** મુનિએ પોતાના ગુરુને વિનંતી કરી : “હે ગુરુભગવન્! જો આપની આજ્ઞા હોય તો હું સાકેતપુર જાઉં અને ત્યાં જઈ તે બંને રાજપુત્ર અને મંત્રીપુત્રને પ્રતિબોધ પમાડું!”

ગુરુએ આજ્ઞા આપતાં તે સાગરચંદ્ર મુનિ અનુક્રમે વિહાર કરતા કરતા સાકેતપુરમાં આવ્યા. આહાર ગ્રહણ કરવા માટે તે રાજમંદિરે ગયા. રાણી વિગેરેએ બહુમાન આપવાપૂર્વક તેમને પડિલાભ્યા—સત્કાર કર્યો.

હવે એટલામાં ગોખમાં ઊભા રહેલા તે રાજપુત્ર મંત્રીપુત્ર બંનેએ બોલાવતાં તે સાગરચંદ્રમુનિ રાજાના સેવકોએ તેમને તેમની પાસે જતાં રોકવા છતાં તે મુનિ તો તે બંનેની પાસે ઉપરની ભૂમિ—અગાશીમાં ગયા. ત્યારે તે બંને પુત્રોએ મુનિભગવંતને કહ્યું: “કે હે મુનિ! તમને નાચ કરતાં આવડે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે! મુનિ ભગવંતે કહ્યું: "હા આવડે તો છે પણ જો તમે સારી રીતે ગાતા હોય તો તમે ગાવ, હું નૃત્ય કરુ."

હવે તે બંનેએ ગાવાની શરૂઆત કરી અને તેની સાથે પણ નૃત્ય કરવા લાગ્યા. આમ થોડી વાર નૃત્ય કરી મુનિએ કહ્યું: "અરે! તમે તો મૂર્ખ છો," તમને સારી રીતે ગાતા આવડતું લાગતું નથી. તે બંનેએ કહ્યું: "અરે મુંડ!' તને જ સારી રીતે નૃત્ય કરતા આવડતું નથી એમ કહીને જેટલામાં તે બંનેએ મુનિને મારવા માટે હાથમાં લાકડી લીધી, તેટલામાં વિદ્યાના બલથી મુનિએ તે બંનેને ત્યાં જ થંભાવી દીધા અને જાણે હાડકાં જ ભાંગી ગયાં ન હોય તેવી રીતે થઈને ખૂબ આક્રંદ-બૂમો પાડતા પૃથ્વી ઉપર પડયા. સાધુભગવંત તો પોતાના ઉપાશ્રયમાં ચાલ્યા ગયા.

હવે જ્યારે તે મણિચંદ્ર રાજા ભોજન કરવા બેઠા ત્યારે ત્યાં તે પુત્રને ન જોવાથી પોતાના સેવકોને ઘરની અંદર તેની તપાસ કરાવતાં તે સેવકોએ આવી રાજાને જણાવ્યું કે : "હે સ્વામી! કુમાર અને મંત્રીનો પુત્ર બંને મહેલની અગાશીમાં બૂમો પાડતા અને જાણે હાડકાં ભાગી ગયા હોય તેવા થઈને પડયા છે" ત્યારપછી રાજાએ સાધુભગવંત આવ્યાની વાત જાણી હૃદયમાં ખૂબ દુઃખી થતાં જ્યાં ધર્મશાળામાં ત્યાં ધર્મશાળામાં પોતાના ભાઈ (સાધુ ભગવત છે તેમ)ને ઓળખીને લજ્જાથી નમ્ર મુખવાળા થઈને નમસ્કાર કરીને કહેવા લાગ્યા : "હે ભગવન્! આપના જેવાં મહાપુરુષોને આવું કામ કરવું ઉચિત ન ગણાય."

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

મુનિભગવંતે પૂછયું: "હે રાજન્! તમે ધર્મધુરંધર થઈને પણ સાધુભગવંતોને પીડતા તમારા પુત્રોને અટકાવતા કેમ નથી?" રાજાએ કહ્યું: "હે ભગવન્! તે મારા અપરાધને ક્ષમા કરીને તે બંને મૂર્ખાઓને સાજા કરો!" મુનિભગવંતે કહ્યું: "જો તે બંને દીક્ષા લે તો જ બંનેને હું સાજા કરીશ નહીં તો નહીં જ કરૂં!" ત્યારપછી રાજાએ તે બંનેને તે મુનિ ભગવંત પાસે લાવ્યા; અને ભય પામેલા તે બંનેએ તે મુનિ ભગવંત પાસે દીક્ષા લીધી.

હવે તે રાજપુત્ર તો શુદ્ધ મનથી ખૂબ સારી રીતે અતિચાર–દોષ લગાડયા સિવાય દીક્ષાનું પાલન કરે છે. પરંતુ, મંત્રીનો પુત્ર કંઈક દુગંછાપૂર્વક–(પ્રસન્નતાપૂર્વક નહીં) દીક્ષાનું પાલન કરે છે અને મનમાં વિચારે છે કે જૈનધર્મ આંતરિક રીતે પવિત્ર છે, પણ બાહ્ય રીતે સ્નાન વિગેરેથી રહિત મલિનતા ભરેલો છે, એવું ચિંતવન કરવાથી તેણે નીચકુલમાં ઉત્પન્ન થવા રૂપ નીચગોત્રકર્મ બાંધ્યું.

હવે કેટલોક કાળ જતાં તે બંને મુનિઓ અનશન કરી, મરીને દેવ લોકમાં દેવ થયા. ત્યાં દેવતાઈ સુખોને ભોગવતા તે બંને એક વખત શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં ગયા. મહાવિદેહક્ષેત્રમાં દેવો દાનવો અને માનવોથી સેવા કરાતા કોઈ એક કેવલજ્ઞાની મુનિ ભગવંતને તેઓએ જોયા. તે મુનિ દેવતાઓ રચેલાં સુવર્ણકમલ ઉપર બેસીને ભવ્ય જીવોને ધર્મનો ઉપદેશ આપતા હતા. દેશના પૂર્ણ થયા પછી તે બંનેએ કેવલી ભગવંતને પૂછયું: "હે ભગવન્! અમે બં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભવ્ય છીએ કે અભવ્ય ?" કેવલી ભગવંતે કહ્યું : " તમારા બેમાં રાજાના કુમારનો જીવ જે તું દેવ છે તે સુલભબોધિ છું અને બીજો મંત્રીપુત્રનો જીવ જે દેવ છે તે તો દુર્લભ બોધિ છે બહુ મહેનતે બોધિ–સમકિતને પામશે." ત્યાર પછી તે બંને દેવો તે કેવલી ભગવંતને પ્રણામ કરીને પોતાને સ્થાને ગયા.

આ બંને એકબીજા પ્રત્યે ખૂબ જ પ્રીતિવાળા હતા, તેથી તે બંનેએ પરસ્પર એવો નિશ્ચય કર્યો કે આપણા બેમાંથી જે પહેલો મનુષ્યભવ પામે તેને બીજા દેવે બલાત્કારે પણ પ્રતિબોધ પમાડવો. આમ પરસ્પર–એક બીજા સોગન લઈને દેવલોકમાં સુખે કાલ વીતાવવા લાગ્યા.

હવે તે પુરોહિતનો જીવ, જે દેવ છે તે દેવલોકમાં ચ્યવીને (મરીને) રાજગૃહ નગરમાં ચંડાલણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો.

તે નગરમાં **ધનાવહ** નામના એક શેઠ રહે છે. તેમને **ભદ્રા** નામની પત્ની છે. તે ભદ્રા શેઠાણી પુત્ર–પુત્રીઓને જન્મ આપે છે પણ તે બધાં સંતાનો જન્મતાં મરણ પામી જાય છે. તે શેઠને ઘેર જેના ગર્ભમાં દેવનો જીવ આવ્યો છે તે ચંડાલણી રોજ કચરો સાફ કરવા આવે છે તે ચંડાલણી સાથે શેઠાણીને પ્રીતિ થઈ. એક વખત તે ભદ્રા શેઠાણીને સંતાનોના વિયોગથી (મરેલાં જન્મતાં હોવાથી) કરમાઈ ગયેલા મુખવાળી જોઈ તે ચંડાલણીએ કહ્યું : " હે ભદ્રાશેઠાણી ! તમે કેમ બહુ ચિંતામાં જ રહો છો ? મારા જેવું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કંઈ કામ હોય તો જરૂર કહો." ત્યારે ભદ્રા શેઠાણીએ કહ્યું: "હે સખી! તારે કરવા જેવું મારૂં કામ એ છે કે જે સંતાન તને થાય તે તારે મને આપવું અને મને જે સંતાન થશે તે હું તને આપીશ." ચંડાલણીએ સોગંદ-ખાવાપૂર્વક શેઠાણીની તે વાત સ્વીકારી.

કેટલાક મહિના જતાં તે બંનેને એક જ દિવસે પુત્રો ઉત્પન્ન થયા ત્યારે ચંડાલણીને ગુપ્ત રીતે પોતાનો પુત્ર શેઠાણીને આપ્યો અને શેઠાણીએ પણ પોતાનો પુત્ર ચંડાલણીને ગુપ્ત રીતે આપ્યો. આ વાત બીજું કોઈ જાણતું નથી. ચંડાલણીએ લીધેલો શેઠાણીનો પુત્ર તો તે જ વખતે મરી ગયો.

હવે ધનાવહ શેઠે પોતાને ઘેર પુત્ર જન્મનો મહોત્સવ કર્યો, વધામણી આપવી, વિગેરે મહોત્સવપૂર્વક શેઠે તેનું "મેતાર્ય" એવું નામ પાડયું. અને ધીમે ધીમે તે મોટો થતાં સકલ કલાઓમાં સંપૂર્ણ થયો.

હવે અહીં રાજપુત્રનો જીવ જે દેવ હતો તેણે તે મેતાર્યને પ્રતિબોધ પમાડવા માટે રાત્રિમાં સ્વપ્નામાં આવીને કહ્યું: "હે મિત્ર! તું દીક્ષા લે. પણ તે મેતાર્ય તો બોધ પામતો જ નથી."

હવે અહીં આઠ મોટા શેઠીઆઓની કન્યાઓ સાથે તેનો વિવાહ કરવા માટે શેઠે સામગ્રી એકઠી કરી. વરઘોડો ચઢાવ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અહીં દેવે જ્યારે તે બોધ પામતો જ નથી એમ સમજી તે જ વખતે તે માતા પિતા તરીકે શેઠ શેઠાણી હતાં તેને અદૃશ્ય કરી દઈને માતા પિતા તરીકે તે ચંડાલ—ચંડાલણીને પ્રગટ કર્યાં; અને તે બંને ચંડાલ ચંડાલણી લોકોની આગળ એમ કહેવા લાગ્યા : "આ મેતાર્ય તો અમારો પુત્ર છે. અમે જ શેઠને તેની કિંમત લઈને આપેલો છે." તે સાંભળી બધા સ્વજનો શરમાઈ ગયા. અને મેં ચંડાલયુગલે તો તેને વરઘોડાના ઘોડા ઉપરથી ઉતારી માંસ વિગેરેની દુર્ગંધથી ભરપૂર પોતાના ઘેર લઈ ગયા. હવે તે મેતાર્યને અત્યંત શોકાતુર જોઈને ચંડાલે કહ્યું : "હે પુત્ર! તું શોક ન કર, હું તને ચંડાલના જ કુલમાં ઉત્પન્ન થયેલી અત્યંત રૂપાળી અને તારૂં મન હરણ કરે તેવી કન્યા સાથે પરણાવીશ" ચંડાલે આમ કહેવાથી તે ઉલટો વધારે ખેદ પામ્યો અને ભોજન વિગેરે કંઈ નહીં કરતાં રાત્રે ઊંઘી ગયો; ત્યારે પાછા આવીને તેને કહ્યું : "હે મિત્ર! હજુ પણ તું બોધ પામ" તેણે કહ્યું : "તું કોણ છે?" ત્યારે દેવે પૂર્વભવમાં પરસ્પર બંનેએ જે નિશ્ચય કર્યો હતો તે બધો વૃત્તાંત તેની આગળ કહ્યો. તે સાંભળીને ખુશ થયેલા તે મેતાર્યે કહ્યું : "હે દેવ! હમણાં મને ભોગની ઇચ્છા છે, તો હમણાં તું તે મારી ઇચ્છાને પુરી કર. નીચકુલમાં ઉત્પન્ન થવારૂપ આવેલા મારા કલંકને તું દૂર કર. અને પછીથી સમય થતાં હું જરૂર દીક્ષા લઈશ."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારે ખુશ થયેલા તે દેવે એક બકરો તેને આપ્યો. અને કહ્યું : "આ બકરો રોજ લીંડીઓને બદલે રત્નો આપશે અને તે રત્નો થાલમાં ભરી તારે હંમેશાં રાજાને આપવા પણ તેનું કંઈપણ તારે માગવું નહીં; અને રાજા જે કંઈ કહે તે બધું તારે મારી આગળ કહેવું એમ કહી તે દેવ પોતાના સ્થાને ગયો."

મેતાર્યે દેવના કહ્યા પ્રમાણેની બધી વાત ચંડાલને જણાવી. હવે ચંડાલ તે રત્નો રાજાને ભેટ કરવા લાગ્યો. એક વખત રાજાએ તે ચંડાલને પૂછયું : "હે માતંગ, તું મને હંમેશાં કેમ આ રત્નોની ભેટ આપે છે ? વળી તારી પાસે આટલાં બધાં રત્નો આવ્યા કયાંથી ? ચંડાલે કહ્યું : "હે પ્રભુ ! મારે ઘેર એક બકરો છે તે હંમેશાં લીંડીઓને બદલે મને રત્નો આપે છે ત્યારે રાજાએ કહ્યું કે તો તું તે બકરો મને આપ અને ખુશ થયેલા ચંડાલે પણ તે બકરો રાજાને આપ્યો.

હવે રાજાને ઘેર જ્યારે બકરાને બાંધ્યો ત્યારે તે બકરો દુર્ગંધ ભરેલી લીંડીઓને જ તે કરવા માંડયો. ત્યારે રાજાએ તે બકરો તે ચંડાલને પાછો આપીને કહ્યું : "હે માતંગ ! તું તને તારી ઈચ્છા હોય તે મારી પાસે માગ" ત્યારે દેવતાએ જણાવ્યા પ્રમાણે ચંડાલે કહ્યું : "હે પ્રભુ ! તમારી પુત્રી મારા પુત્રને આપો. " તે સાંભળી ક્રોધાયમાન થયેલો રાજા ચંડાલને કોરડાના પ્રહાર કરી મરાવવા લાગ્યો ત્યારે અભયકુમારે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાને કહ્યું : "હે સ્વામી! આ ચંડાલને મારો નહીં, આ બધો દેવનો જ પ્રભાવ દેખાય છે." તે દેવનો પ્રભાવ છે એની પરીક્ષા કરવા ચંડાલને કહ્યું : "હે માતંગ! જો તું રાજકન્યાની માગણી કરે છે તો તું અમે કહેલા કામોને કરી આપ. જો તું તે અમે બતાવેલાં કામોને કરી આપીશ તો રાજા પોતાની કન્યા તારા પુત્રને આપશે. "ચંડાલે કહ્યું : "તમે બતાવેલાં કાર્યો હું જરૂર કરીશ. તમે તે કામો મને બતાવો" ત્યારે અભયકુમારે કહ્યું : "હે માતંગ! આ કામો—

૧ આ વૈભારગિરિ ઉપર પૂલ બાંધી આપ.

૨ રાજગૃહ નગરની ફરતો ચાર બાજુ રત્નમય કાંગરાવાળો સોનાનો કિલ્લો કરી આપ.

૩ ત્યાર પછી તું ક્ષીર સમુદ્રના પાણીથી તારા પુત્રને ન્હવડાવ.

આ બધી વાત મેતાર્યે દેવને કહી અને દેવે તે બધું તે જ વખતે કરી આપ્યું ત્યારે રાજાએ પણ મોટા મહોત્સવપૂર્વક પોતાની ગુણસુંદરી નામની પુત્રી તેને પરણાવી.

રાજાએ પોતાની પુત્રી પરણાવવાથી તે શેઠીઆઓએ પણ પોતપોતાની આઠ કન્યાઓ તેને પરણાવી.

આમ તે કન્યાઓ સાથે સુખ ભોગવતાં ભોગવતાં તે મેતાર્યનો ઘણો સમય ચાલ્યો ગયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે તે દેવે આવીને તે મેતાર્યને કહ્યું : "હે મિત્ર ! હવે તો તું સંયમ લે !" ત્યારે મેતાર્યએ કહ્યું : "હવે હું બાર વરસ ગૃહસ્થપણામાં રહી, પછી ચોક્કસ સંયમ લઈશ." દેવ પણ "તથાસ્તુ તેમ હો" એમ કહી પોતાના સ્થાને ગયો. બાર વર્ષ પુરાં થતાં ફરી તે દેવ આવ્યો. ત્યારે તેની પત્નીઓએ દેવને વિનંતી કરી બીજાં બાર વર્ષ માગ્યાં. દેવે પણ તેમ જ કર્યું. ફરી બાર વર્ષ પૂરાં થતાં દેવે આવીને પ્રતિબોધ કરાયેલા મેતાર્યે પોતાની નવ પત્નીઓ સહિત શ્રી વીરભગવાનના સમવસરણમાં જઈને દીક્ષા લીધી. સૂત્ર અર્થનું અધ્યયન કરીને અનેક પ્રકારની તપશ્ચર્યા કરતા અને વિહાર કરતા તે મેતાર્યમુનિ અનુક્રમે રાજગૃહ નગરમાં આવ્યા.

માસખમણના પારણે આહાર માટે ભ્રમણ કરતા તે એક સોનીના ઘેર આવ્યા. તે સોની હંમેશાં રાજાની જિનપૂજા નિમિત્તે ૧૦૮ સુવર્ણના જવ બનવતો હતો.

મુનિ આવ્યા એટલે જવલા ઘડતો સોની જવને ત્યાં જ મૂકીને મુનિને આપવાનો આહાર લેવા માટે ઘરની અંદર ગયો. અહીં તે દેવ ક્રૌંચ પક્ષીનું રૂપ કરીને ત્યાં આવી તે જવનું ભક્ષણ કરી ગયો. ત્યાં જ રહેલા મેતાર્ય મુનિએ આ બધું નજરોનજર જોયું.

હવે સોની જ્યારે ઘરની અંદરથી બહાર આવ્યો ત્યાં તેણે મૂકેલા જવનો નહીં જોતાં તે વિચારવા લાગ્યો:

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ મુનિએ જ લોભના માર્યા મારા જવ લઈ લીધા લાગે છે. એમ વિચારી તે સોનીએ તે મુનિને પૂછ્યું : “હે મુનિ ! આ સુવર્ણજવ કોણે લીધા ?” જીવદયાનું ચિંતન કરતા મુનિએ તો ઉત્તર જ ન આપ્યો ત્યારે ક્રોધાયમાન થયેલા તે સોનીએ તે મુનિને એકાંત સ્થાનમાં ઊભા રાખી લાકડી વિગેરેથી ખૂબ માર મારીને લીલું ચામડું વાધર તેમના મસ્તક ઉપર દૃઢ રીતે વીંટીને તેમને તડકામાં ઊભા રાખ્યા.

હવે તે મુનિ ન સહન થઈ શકે તેવી વેદના પામી તેને સારી રીતે સહન કરતા ધર્મધ્યાનમાં તન્મય બની ગયા અને અંતકૃત કેવલી થઇને મોક્ષે ગયા.

એટલામાં ક્રૌંચ પક્ષીએ તે જવને ત્યાં જ વમી દીધા–ઉલટીમાં કાઢી નાખ્યા. તે જોઈને ખૂબ પસ્તાવો કરતો તે સોની રાજાના જમાઇ મુનિને મારવાના કારણે અત્યંત ભયભીત થયેલા તેણે જલ્દી જલ્દી શ્રી વીર પ્રભુ પાસે જઈ દીક્ષા લીધી.

## મેતાર્ય મુનિની કથા સમાપ્ત

આમ હે કુંચિકશેઠ ! સાધુઓ તો મેતાર્ય મુનિ જેવા નિર્લોભી હોય છે; તેઓ પોતે ભલે કષ્ટ સહન કરે પણ બીજા જીવોની દયા જ કરતા હોય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શેઠે કહ્યું : "હે ભગવન્ ! પણ તમે તેવા નથી. તમે તો સુકુમાલિકાની જેમ કૃતઘ્નપણું—કરેલા ઉપકારને પણ ભૂલી જવા જેવું જ કર્યું છે." ત્યારે મુનિએ કહ્યું : "તે સુકુમાલિકાની શું વિગત છે તે જણાવો"—

## સુકુમાલિકાની કથા

કુંચિક શેઠે કહ્યું : "ચંપા નગરીમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતો હતો. તેને એક સુકુમાલિકા નામની પટ્ટરાણી હતી. તેમાં આસક્તિ પામેલો રાજા હંમેશાં રાજ્યના કામને છોડીને અંતઃપુરમાં જ પડી રહેતો હતો. તે વખતે રાજના ઘણાં કામો બગડતાં જોઈ એક વખત મંત્રીશ્વરે રાજાને કહ્યું : "હે રાજન્ ! હવે તો તમે રાજસભા ભરીને રાજસભામાં પધારો તો સારૂં. સામંતો વિગેરે બધાં આપનાં દર્શન કરવા ઉત્સુક થયા છે. આમ ઘણીએ રીતે કહેવા-સમજાવવા છતાં રાજા પોતાની રાણીની આસક્તિ છોડતો જ નથી. ત્યારે તે વખતે બધાએ ભેગા થઈ રાજાના પુત્રને રાજગાદી ઉપર બેસાડી દીધો. અને ત્યાર પછી મદિરા—દારૂ પી ચકચૂર બનેલા તે બંને—રાજા રાણીને પલંગમાં સૂતેલાં જ રાત્રિમાં સામંત વિગેરે લોકોએ ઉપાડી ભયંકર વનમાં મૂકી દીધો.

હવે સવાર થતાં ઉઠેલા તે બંને રાજારાણી પોતાના મહેલ વિગેરેને ન જોતાં બધી વિગત મનમાં જ સમજી લઈને પરદેશમાં જવા લાગ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ પરદેશમાં જવા માટે ચાલતાં ચાલતાં તેઓ ભયંકર વનમાં પેઠા. ત્યારે સુકુમાલિકાએ કહ્યું : "હે સ્વામી! મને પાણી આપો. પાણી વિના હું એક ક્ષણ પણ હવે રહી શકું તેમ નથી. રાજાએ તે વખતે અહીં તહીં તપાસ કરી પણ પાણી કયાંય તેના જોવામાં આવ્યું નહીં ત્યારે રાજાએ પોતાની ભુજામાંથી લોહી કાઢીને તે રાણીને પાયું." ત્યાંથી આગળ ચાલતાં તે રાણીએ કહ્યું :—"હે સ્વામી! આજે મને ભોજન આપો." રાજાએ વનમાંથી સ્વાદિષ્ટ ફળો લાવીને તે સુકુમાલિકાને આપ્યાં. પરંતુ તે ફળોથી તેને સંતોષ ન થયો. ત્યારે રાજાએ પોતાની જાંઘ ચીરીને તેમાંથી માંસના ટુકડા કાઢીને તેને ખાવા આપ્યા. આમ ચાલતા ચાલતાં તેઓ અનુક્રમે વારાણસી નગરીમાં પહોંચ્યા. વારાણસી નગરીમાં પોતાનાં ઘરેણાં વેચીને તેઓએ એક ઘર ભાડે લીધું અને ત્યાં ખરીદ-વેચાણ વિગેરે વેપાર કરતા તે રાજાએ થોડુંક ધન મેળવ્યું.

હવે એક વખત તે સુકુમાલિકાએ રાજાને કહ્યું : "હે સ્વામી! તમે તો સાંજ સુધી વેપાર કરવા માટે હાટમાં જ રહો છો, તેથી ઘેર એકલી રહેતા મારો દિવસ જતો નથી" રાજાએ કહ્યું : "હે પ્રિયા, તું ધીરજ રાખ"

હવે એક વખત હાટમાં રહેલા રાજા પાસે નગરમાં ચારે બાજુ ભમતો એક પાંગળો પુરુષ આવીને મીઠા સ્વરે, સુંદર ગાયન કરવા લાગ્યો—સારૂં ગાવા લાગ્યો.

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

ત્યારે રાજાએ કહ્યું : "હે પંગુ—લંગડા! જો તું આમ ભટકવા કરતાં મારે ઘેર રહે તો હું ખાવાપીવાનું, કપડાં વિગેરે બધું આપીશ." પાંગળાએ તો તરત તે સ્વીકારી લીધું.

હવે સાંજ પડતાં રાજાએ તે પાંગળા સાથે ઘેર આવીને રાણીને પાંગળા સંબંધી વાત કરીને તે ઘરની અંદર જ રાખ્યો.

હવે અહીં પાંગળા સાથેના એકાંત સંસર્ગથી રાણી કામાતુર થઈ અને તે પાંગળાની સાથે હંમેશાં ભોગવિલાસ કરવા લાગી.

એક વખત તેણે પોતાના હૃદયમાં વિચાર્યું : જો હું આ રાજાને મારી નાખું તો જ શંકારહિત થઈ આ પાંગળા સાથે રાતદિવસ કામભોગ કર્યા જ કરી શકું.

હવે એકદા વસંત ઋતુ આવતા બધા જ નગરજનો ક્રીડા—આનંદ-પ્રમોદ કરવા માટે ગંગાના કિનારા તરફના વનની અંદર ગયા. ત્યાં તે દુષ્ટ સુકુમાલિકાએ ગંગાનદીને જોવાના બહાને રાત્રિમાં રાજાને ગંગાનદીના પાણીમાં નાખી દીધો અને પોતે ઘેર જઈને તે પાંગળા સાથે ભોગવિલાસ ભોગવવા માંડી.

હવે અહીં રાજા જો કે નદીના કાંઠાની નજીકમાં જ પડી ગયેલો અને તેણે સ્ત્રીના ખરાબ આચરણને જાણીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાંથી નીકળીને તે સુપ્રતિષ્ઠિત નગરના ઉદ્યાનમાં જઈને સૂઈ ગયો.

એટલામાંજ તે નગરનો અપુત્રીઓ રાજા તે વખતે મરણ પામ્યો હતો, તે નગરના પ્રધાન પુરુષોએ પંચ દિવ્ય તૈયાર કર્યાં અને જે ઉદ્યાનમાં તે જિતશત્રુ રાજા સૂતો હતો ત્યાં જ પંચ દિવ્યો ગયાં—અને તે જ વખતે હાથીએ કલશમાં રહેલા પાણીથી તેનો અભિષેક કર્યો. તેથી પ્રધાન વિગેરેએ તે રાજાને રાજગાદી ઉપર સ્થાપન કરી તેને પ્રણામ કર્યા આમ તે જિતશત્રુ રાજા સુખે સુખે ત્યાં રાજ્ય કરવા લાગ્યો.

હવે અહીં પાંગળા સાથે ભોગવિલાસ કરતી તે સુકુમાલિકાએ પોતાના બધા ધનનો વિનાશ કર્યો. અને ત્યાર પછી તે પાંગળાને માથા ઉપર ચઢાવીને નગરની અંદર ભિક્ષા લેવા ફરવા લાગી; અને લોકોની આગળ કહે છે કે આ પાંગળો મારો ભરતાર છે. લોકો પણ તે પતિવ્રતા છે એમ માની તેના પતિવ્રતપણાની પ્રશંસા કરતા તે સુકુમાલિકાને ભિક્ષા આપે છે.

આમ ગામે ગામ ભમતી તે અનુક્રમે તે સુપ્રતિષ્ઠ નગરમાં આવી. ત્યાં પણ ભિક્ષાટન કરતી તે સુકુમાલિકાને નગરના લોકોએ પૂછયું: “હે સુભગા! આ પાંગળો પુરુષ કોણ છે?” તેણે કહ્યું: “આ મારો ભરતાર છે” ત્યારે લોકોએ કહ્યું કે “અત્યંત રૂપાળી અને અતિ સૌંદર્યવાળી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તારો આ ભરતાર પાંગળો કેવી રીતે થઈ ગયો ?” ત્યારે તે સુકુમાલિકાએ કહ્યું : “મારૂં કર્મભાગ્ય કે મારા પિતાએ મને આ પાંગળા સાથે પરણાવી, છતાં હું તો આ પંગુની પરમેશ્વરની જેમ ભક્તિ કરૂં છું.” અનુક્રમે તે વાત ફેલાતાં ફેલાતાં રાજા પાસે પહોંચી અને તે જ વખતે તે બંને પતિ–પત્ની ભિક્ષા લેવા માટે રાજા પાસે આવ્યા. અને પાંગળો રાજાના મનોરંજન માટે ગાયન કરવા લાગ્યો. રાજાએ તે બંનેને ઓળખી લીધા. સૌજણા તેના શીલની વારંવાર પ્રશંસા કરવા લાગ્યા.

હવે રાજાએ કહ્યું : “હે સુભગા ! આ ભરતાર તને કોણે આપ્યો ?” તેણીએ કહ્યું : “હે રાજન્ ! મારા પિતાએ આપ્યો. છતાં, હું સતી છું, તેથી, આને ઈશ્વરની જેમ આરાધું છું.”

તે સાંભળી રાજાએ પોતાનું મસ્તક ધૂણાવીને કહ્યું : “ખરેખર, જગતમાં તારું સતીપણું તો કોઈ આશ્ચર્ય-કારક જણાય છે કે જેણે પોતાના સ્વામીના હાથમાંથી કઢાવી લોહી પીધું. અને જાંઘના માંસને પણ ખાધું. વળી પાછો તે સ્વામીને ગંગાના જલમાં પાડી પણ દીધો. તે તારા સતીપણાની વાત કેવી આશ્ચર્યજનક છે ?”

આમ કહી રાજાએ તે સુકુમાલિકાનું સર્વ ખરાબ વર્તન લોકોની આગળ પ્રગટ કર્યું તે સાંભળી ભયથી ધ્રુજતી તે સુકુમાલિકાને રાજાએ પોતાના દેશની બહાર કાઢી મૂકી.

**સુકુમાલિકાની કથા સમાપ્ત**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ રીતે હે મુનિ ! સુકુમાલિકાની જેમ હું ઉપકારી હોવા છતાં પણ તમે મારા ઉપર અપકાર કર્યો.

મુનિએ કહ્યું : "હે કુંચિકશેઠ ! તમે એમ ન બોલો. જો તમને વિશ્વાસ ન બેસે તો હું સોગન ખાવાપૂર્વક શ્રેષ્ઠવૃષભ જેવું કરી બતાવીશ." ત્યારે શેઠે કહ્યું : "વૃષભે શું કર્યું ?" મુનિએ કહ્યું :

## વૃષભની કથા

ચંપાનગરીમાં અજિતસેન નામનો રાજા હતો. ત્યાં એક મઠનો માલીક રહેતો હતો. તેની પાસે બે ગોકુલ હતાં. તેમાંની એક ગાએ એક વૃષભને જન્મ આપ્યો; અને અનુક્રમે તે જુવાન અને જુવાનીના કારણે મદોન્મત્ત–મદથી ઉદ્ધત થઈને ઈચ્છા પ્રમાણે નગરમાં ફરવા લાગ્યો. લોકોએ તેનું **સૂર્યસંઢ** એવું નામ પાડી ચિહ્નિત કરાયેલા એને ગોકુલ અંદર મૂકી દીધો.

હવે તે જ નગરમાં એક **જિનદાસ** નામનો શ્રાવક રહેતો હતો. તે શ્રાવક સમ્યકત્વમૂલક બાર વ્રતધારી ધર્મિષ્ઠ અને રાજાને તે અતિપ્રિય તત્ત્વનો જાણકાર હતો. તે ત્રણેય કાલ જિનેશ્વર ભગવાનની પૂજા કરતો અને પર્વ-તિથિએ પૌષધવ્રત લેતો હતો; અને રાત્રે તે કોઈ શૂન્યઘર-માં જઈને કાઉસ્સગ્ગ કરતા. તેમને **ધનશ્રી** નામની પત્ની હતી; પરંતુ, તે સ્વેચ્છાચારી, કુલભ્રષ્ટ હોઇ અસતી-ઓમાં અગ્રેસર હતી અને તે હંમેશાં પોતાના પતિને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છેતરીને શૂન્યઘર વિગેરે સ્થાનોમાં જઈ અન્ય પુરુષો સાથે ભોગવિલાસ કરતી હતી.

હવે એક વખત જે શૂન્યઘરમાં જિનદાસ શ્રાવક કાઉસ્સગ્ગમાં રહેલ હતા. તે જ શૂન્યઘરમાં તે **ધનશ્રી** રાત્રે જઈને જાર પુરુષ સાથે પલંગમાં સૂઈ ગઇ. તે પલંગમાં ચારે પાયામાં ચાર લોખંડના ખીલા હતા, તેમાંના એક ખીલાથી જિનદાસ શ્રાવકનો પગ વીંધાયો. –અથડાયો. ત્યાર પછી પલંગ ઉપર સૂતેલી **તે ધનશ્રી** તે જારપુરુષ સાથે અનેક પ્રકારની કામાભોગની ક્રીડા કરવા લાગી. ત્યાં અંધારામાં પણ કાઉસ્સગ્ગમાં રહેલા જિનદાસ શ્રાવકે બધું જોયું, પરંતુ, તેણે મનમાં જરાપણ ક્રોધને આવવા દીધો નહીં. આમ અત્યંત વેદનાને અનુભવતા તેણે ચોથા પહોરને અંતે પોતાનું આયુષ્ય પૂર્ણ કરી મરીને દેવ થયો.

હવે થોડીક રાત્રિ બાકી રહી ત્યારે તે બંને જાગ્યાં અને તે **ધનશ્રી** એ જેટલામાં પલંગ ઉપાડયો તેટલામાં જિનદાસ ભૂમિ ઉપર પડી ગયો. અને પગમાંથી નીકળતા લોહીથી તે લેપાઈ ગયો.

આ પ્રમાણે જોઈ ને ભયભ્રાંત થયેલી ધનશ્રી જેટલામાં ત્યાં ઊભી છે તેટલામાં તે વૃષભ ભમતો ભમતો ત્યાં આવ્યો. ત્યારે તે ધનશ્રીએ તે બળદના બંને શિંગડાંને લોહીથી લીંપીને એવો પોકાર કર્યો કે "હે લોકો જલ્દી આવો, જલ્દી આવો, આ વૃષભે મારા પતિને મારી નાખ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે વખતે ત્યાં ભેગા થયેલા લોકોએ તે બળદનાં શીંગડાં લોહીખરડયાં જોઈને તે બળદને લાકડી વિગેરેથી ખૂબ માર્યો; પણ બોલી ન શકવાથી બળદ માત્ર તેઓની આગળ પોતાના શીંગડાને ધૂણાવે છે; પણ, તેનાથી કરાતી તે સંજ્ઞાને કોઈ સમજતું નથી. ત્યારે બળદે વિચાર્યું—આ લોકો મને ખોટું કલંક આપે છે; તેથી, હું કંઈક સોગન લઉં. એમ વિચારી તે બળદ નગરના રક્ષક પાસે જઈને પોતાના મસ્તકને ધૂણાવવા લાગ્યો. ત્યારે કોઈક આરક્ષકે કહ્યું કે, ખરેખર આ બળદ અહીં કંઈક સોગન ખાવા આવ્યો છે, ત્યારે બળદે પણ પોતાનું મુખ નીચું કરીને તે જ પ્રમાણે (હા એમ) જણાવ્યું.

હવે સર્વે નગરના લોકો કે બળદને લુહારની કોઢમાં લઈ ગયા, ત્યાં અગ્નિથી તપેલા લોઢાના ગોળાને ઉપાડીને જેટલામાં લોકો તેના મસ્તક ઉપર મૂકે છે, તેટલામાં તે બળદે મુખમાંથી પોતાની જીભ બહાર કાઢી ત્યારે લોકોએ તેની જીભ ઉપર તે તપેલો ગોળો મૂક્યો; પણ, તેની જીભ બળી ન ગઈ; પરંતુ, ઊલટો તે લોઢાનો ગોળો જ ઠંડો થઈ ગયો. તે વખતે આશ્ચર્ય પામેલા લોકોએ એવી ઉદ્ઘોષણા—જાહેરાત કરી કે, આ બળદ સર્વ રીતે નિર્દોષ છે.

ત્યાર પછી લોકોએ તે બળદના ગળામાં હાર પહેરાવીને તેનું પૂજન કર્યું; અને ધનશ્રીને ખૂબ હેરાન કરીને રાજાએ પોતાના દેશમાંથી બહાર કાઢી મૂકી.

**બળદની કથા સમાપ્ત**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માટે, "હે કુંચિકશેઠ! જો તમારી ઈચ્છા હોય તો હું પણ બળદની જેમ-દિવ્ય કરૂં. સોગન લઉં." શેઠે કહ્યું : "હે ભગવન્ આપતો ઘરોળી જેવા થયા, ત્યારે મુનિએ કહ્યું કે ઘરોળીની વળી શું વાત છે?—

## ઘરોળીની કથા

શેઠે કહ્યું : "કોઈ એક ગામમાં કોઈ એક ઘરમાં ઘરોળી રહેતી હતી. એક વખત તે રાત્રે ઉંઘ આવતાં પોતાની બન્ને આંખો મીંચીને સૂઈ ગઈ, તેથી આંખના મેલથી તેની બંને આંખો ભરાઇ જવાથી તે આંખો ઉઘાડી શકી નહીં.

પ્રભાતનો સમય થતાં તે ઘરોળીની બંને આંખો ઉપર ઘણી માખીઓ બેસીને તેના આંખના મેલને ખાઇ ગઈ તેથી તે ઘરોળીની બંને આંખો ઉઘાડી અને આંખો ઉઘડતાંની સાથે તે ઘરોળી તે બધી જ માખીઓને ખાઈ ગઈ.

## ઘરોળીની કથા સામપ્ત

"માટે હે સાધુ! તમે પણ મારું આવું જ કર્યું. વળી હે ભગવન્! જે ચોરીના કામમાં હોંશિયાર હોય તેનું હૃદય પણ બહુ કઠિન હોય છે. આથી તેણે કરેલું દિવ્ય-સોગન પણ કોણ માની શકે?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મુનિએ કહ્યું : "હે શેઠ, એવું ખોટું કલંક મુનિઓને આપો એ તમને શોભતું નથી. તમારે આવું કરવું યોગ્ય ન ગણાય. તમારા જેવા બુદ્ધિમાન પુરુષે તો સત્ય અને અસત્યને વિચારી ને જ કામ કરવું યોગ્ય ગણાય. જેમ સુબુદ્ધિ મંત્રીએ બુદ્ધિપૂર્વક કાર્ય કર્યું.

શેઠે કહ્યું. તે સુબુદ્ધિ મંત્રીની શું વાત છે? ત્યારે મુનિએ કહ્યું.—

## સુબુદ્ધિ મંત્રીની કથા

**ચંપકમાલા** નામની નગરીમાં **વસુપાલ** નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને મહા બુદ્ધિશાળી **સુબુદ્ધિ** નામનો મંત્રી હતો.

વળી તે જ નગરમાં ખૂબ ધનવાન્ અને લોકોને અત્યંત પ્રિય એવા **અભિનવ** નામના શેઠ રહેતા હતા. તેમને **સુંદરી** નામની પુત્રી હતી. અને તેમના ઘરની નજીકમાં—પાડોશમાં **ધનપાલ** નામનો એક નિર્ધન વાણીઓ રહેતો હતો. તેને પણ એક **કુંકુ** નામની પુત્રી હતી. તે બંને કન્યાઓ પરસ્પર અત્યંત પ્રીતિવાળી સખીઓ હતી.

એક વખત તે બંને સખીઓ જલક્રીડા નહાવા માટે વાવમાં ગઈ. તે વખતે સુંદરીએ પોતાના ઘરેણાં ઉતારી વાવના કાંઠે મૂકયાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે તે વખતે કંકુએ તો જલક્રીડા—સ્નાન જલ્દી જલ્દી કરીને પહેલાં જ વાવની બહાર આવીને સુંદરીનાં ઘરેણાં પોતે જ પહેરી લીધાં અને પહેરીને જલ્દી જલ્દી પોતાના ઘેર ચાલી ગઈ.

ત્યારપછી થોડી વારે સુંદરી પણ પાણીમાંથી બહાર આવી અને બહાર આવતાં—પોતાનાં ઘરેણાંને જોયાં નહીં એટલે ઘેર આવીને તેણે પિતાની આગળ ઘરેણાંને લગતી વાત જણાવી રડવા લાગી.

અભિનવ શેઠે તો ધનપાલની પાસે જઈને પોતાનાં આભૂષણ માગ્યાં. ધનપાલે કહ્યું : "આ આભૂષણો તો મારી પુત્રીનાં છે, આમ તે બંને વઢવાડ કરતા સુબુદ્ધિમંત્રીની પાસે ગયા.

હવે મંત્રીએ પણ તે બંને કન્યાઓને બોલાવી અને તે આભુષણો પણ લવડાવ્યાં.

અભિનવ શેઠની કન્યા શરીરે જાડી હતી અને ધનપાલની પુત્રી નિર્ધનપણાના કારણે દુબળા શરીરવાળી હતી.

હવે મંત્રીએ ધનપાલની પુત્રીને કહ્યું : "હે પુત્રી! જો આ આભુષણો તારાં જ હોય તો તેનાથી તું તારા શરીરને શણગાર. હવે જ્યારે તે નિર્ધનની પુત્રી આભુષણોને શરીરે લગાડવા તો માંડી પણ પહેરવાનો પરિચય જ ન હોવાથી તે આભુષણો ઘણો સમય જવા છતાં પણ તેણે તે આભુષણો તેનાં શરીરમાં ઊલટી રીતે લગાડયાં તેમજ શરીર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ દુબળું હોવાથી તે જાડા શરીરને લગતાં આભુષણો તેના શરીરને શોભાવી શકયાં નહી"

ત્યારપછી મંત્રીનો હુકમ પામેલી સુંદરીએ તો જલ્દી જલ્દી તે આભુષણો પોતાના શરીરમાં જ્યાં જે જે રીતે શોભે તે રીતે યોગ્ય યોગ્ય સ્થાને પહેર્યાં; જેથી, તેના શરીરે તે પ્રમાણસરનાં હોવાથી શોભવા લાગ્યાં.

ત્યારે મંત્રીએ પોતાની બુદ્ધિથી વિચાર્યું કે ખરેખર! આ આભુષણો સુંદરીના જ છે એમ વિચારી તે આભુષણો તે અભિનવ શેઠને સોંપીને મંત્રીએ ધનપાલનો દંડ કર્યો.

## સુબુધ્ધિ મંત્રીની કથા સમાપ્ત

માટે હે શેઠ! તમારે આ બાબતમાં બુદ્ધિબલથી વિચારીને નિર્ણય કરવો યોગ્ય ગણાય. શેઠે કહ્યું : "હે મુનિ, તમે ખરેખર પેલા બ્રાહ્મણ જેવા છો." મુનિએ કહ્યું "એ બ્રાહ્મણની શું વાત છે?" તે કહો. શેઠે કહ્યું.

## બ્રાહ્મણની કથા

મગધ દેશના કોઈ એક ગામમાં નિર્ધન બ્રાહ્મણ રહેતો હતો. એક વખત તે ગામમાં મોટો ભયંકર દુકાળ પડયો ત્યારે પોતાનું પેટ ભરવું પણ મુશ્કેલ સમજીને તે બ્રાહ્મણે વિચાર્યું—

હવે તો મારે ધન કમાવાનો કંઈક ઉપાય કરવો જ જોઈશે. એમ વિચારી તેણે એક લાકડાની દુર્ગા દેવીની

P.P. Ac. Gunratnasuri M.S.                Jun Gun Aaradhak Trust

મૂર્તિ કરાવી અને તે મૂર્તિને સિંદૂર વિગેરેથી વિલેપન કરી સાથે રાખી તે ગામેગામ ભ્રમણા કરવા લાગ્યો; અને લોકોની આગળ તે દુર્ગા દેવીના મહાન્ પ્રભાવનું વર્ણન કરવા લાગ્યો.

એક ગામમાં કોઈક અપુત્રીયા શેઠને તે દુર્ગા દેવીની પૂજા કરવાના પ્રભાવથી કાકતાલીય+ ન્યાયથી પુત્ર પેદા થયો. આવો તે દુર્ગાદેવીનો પ્રભાવ જોઈને ગામના બીજા બધા લોકો તે દુર્ગાદેવીની મૂર્તિનું ખૂબ ધન-ધાન્ય વિગેરેથી હમેશાં પૂજન કરવા લાગ્યા. આમ ધન મળવાથી તે બ્રાહ્મણ કેટલેક દિવસે મોટો ધનાઢય—ઋદ્ધિવંત બની ગયો તેથી તેણે દુર્ગા દેવીની સોનાની મૂર્તિ કરાવીને વિચાર્યું કે આ ધનની પ્રાપ્તિ તો મારા કર્મના પ્રભાવથી—સારા નશીબથી થઈ એમ વિચારી તે લાકડાની દુર્ગા દેવીની પ્રતિમા કચરામાં ફેંકી દીધી.”

## બ્રાહ્મણની કથા સમાપ્ત

---

+કાકતાલીય ન્યાય એને કહેવાય છે કે—કાગડાનું બેસવું અને તાડનું પડવું—દૃષ્ટાન્ત એમ છે કે—એક ટાલીયો—ટાલવાળો માણસ તડકે ટાલ તપી જવાથી ઝાડ નીચે છાયામાં ગયો તો તે ટાલ ઉપર જ કાગડો બેસતાં તાડનું ફળ પડયું—એટલે છાયો શોધવા જતાં માથામાં વાગ્યું. અહીં પૂજાનું કરવું ને પુત્રનું થવું બંને સાથે થવાથી આ ન્યાય લાગુ પડયો છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શેઠે કહ્યું: "હે મુનિ ! ખરેખર તમે પણ આવું જ કર્યું." ત્યારે મુનિએ કહ્યું: "હે શેઠ! સાધુઓ તો ખરેખર જિનદત્ત જેવા હોય છે"

શેઠે કહ્યું: 'હે ભગવન્, એ જિનદત્ત કોણ ? મુનિએ કહ્યું:

## જિનદત્તની કથા

**વસંતપુર** નામના નગરમાં **જિતશત્રુ** નામનો રાજા હતો અને તે જ નગરમાં જીવ- અજીવ ઈત્યાદિ તત્ત્વોનો જાણકાર **જિનદાસ** શેઠનો **જિનદત્ત** નામનો ઉત્તમ શ્રાવક રહેતો હતો. તે જિનદત્ત યુવાન છતાં પણ વૈરાગ્યથી વાસિત હોઈ દીક્ષા લેવાની ભાવનાવાળો હોવાથી કોઈ કન્યાને પરણુતો ન હતો.

તે જિનદત્ત એક વખત પોતાના મિત્રમંડલથી પરિવરેલો નગરના ઉદ્યોનમાં ગયો; ત્યાં તેણે ઊંચાં ઊંચાં શિખરોથી શોભિત જિન મંદિરને જોયું.

હવે તે જિનદત્ત હર્ષથી ઉલ્લસિત મનવાળો થયો અને તેણે વિધિપૂર્વક જિનમંદિરમાં પ્રવેશ કરીને પુષ્પ વિગેરે પૂજાની સામગ્રીથી જિનેશ્વર ભગવાનની વિધિપૂર્વક પૂજા કરીને જેટલામાં ચૈત્યવંદન કરવાં તૈયાર થયો, તેટલામાં એક કન્યાએ આવીને પોતાના ઉત્તરીય વસ્ત્રથી મુખકોશ બાંધીને કસ્તૂરીથી મિશ્ર કરાયેલા કંકુ કેસર આદિ સુંદર દ્રવ્યોથી જિન પ્રતિમાના મુખને શણગારવા માટે ગાલ ઉપર પાંદડાની વેલની રચના કરવા લાગી. સુંદર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આંગી કરવા લાગી. તે વખતે જિનદત્ત શ્રાવકે તે કન્યાને જિનેશ્વર ભગવાનની પ્રતિમાની ભક્તિ કરવામાં પરાયણ જોઈને આશ્ચર્યયુક્ત મનવાળા થયેલા તેણે પોતાના મિત્રોને કહ્યું : " હે મિત્રો ! આ કોની કન્યા છે ?" હસતાં હસતાં તે મિત્રોએ કહ્યું : "હે મિત્ર ! શું તું આ કન્યાને ઓળખતો નથી ? આ કન્યા પ્રિયમિત્ર નામના સાર્થવાહની સર્વ સ્ત્રીઓમાં અગ્રેસર સમાન જિનમતી નામની પુત્રી છે. જેમ તું પણ રૂપ મનોહરતા વિગેરે ગુણોમાં સર્વ પુરુષોમાં અગ્રેસર સમાન છે તેમ, આ કન્યા નારી સમુદાયમાં અતિસુંદર–શ્રેષ્ઠ છે. જો તમારા બંનેનો વિચાર થાય તો તમને બંનેને બનાવવાની વિધિની મહેનત પણ સફળ થાય"

મિત્રોનાં આવાં વચનો સાંભળીને જિનદત્તે કહ્યું : " હે મિત્રો ! આ જિનેશ્વર ભગવાનના મંદિરમાં તમારે આવાં મશ્કરી ભરેલાં વચનો બોલવાં તે શું યોગ્ય છે ? વળી, તમે મારે દીક્ષા લેવાના ભાવ છે, તે પણ શું નથી જાણતા ? મેં તો આ કન્યાની જિનેશ્વર ભગવાન પ્રત્યેની ભક્તિ જોઈને કેવલ નીરાગપણે સહજ ભાવે જ સમાચાર પૂછયા હતા." એમ કહીને જેવો તે થોભ્યો એટલામાં તો તે જિનમતીએ પણ તેની સન્મુખ જોયું. અને જોતાં જ રૂપ મનોહરતા વિગેરે ગુણયુક્ત તે જિનદત્તને જોઈને તે જિનમતી તે જિનદત્ત ઉપર રાગવાળી થઈ અને તેની સખીઓએ તેના મનનો ભાવ જાણી લીધો. તેથી ઘેર જઈને તે સખીઓએ જિનમતીનો અભિપ્રાય તેના પિતા આગળ કહ્યો.

અહીં જિનદત્ત પણ ઘેર જઈને, ભોજન કરી, દુકાને આવી પોતાનો ધંધો કરવા લાગ્યો.

હવે અહીં જિનમતીના પિતા પ્રિયમિત્ર જિનદાસ શેઠની પાસે આવીને સર્વ વિગત જણાવીને જિનદત્તને પોતાની પુત્રી આપી અને જિનદાસ શેઠે બહુ આનંદપૂર્વક તેનો સ્વીકાર કર્યો. કહ્યું પણ છે કે—

"જે બંનેની પાસે સરખું ધન હોય,
જે બંનેનું સરખે સરખું કુલ હોય.

તે જ બંનેની મિત્રતા વિવાહ શોભે છે. એક મોટો અને એક નાનો હોય તો તેઓનાં વિવાહ અને મિત્રતા બરાબર શોભતાં નથી.

ત્યારપછી જિનદાસ શેઠે પ્રિવ મિત્ર શેઠનું ખૂબ સન્માન કર્યું અને તે સન્માન પામી પ્રિયમિત્ર શેઠ પોતાને ઘેર ગયા.

હવે દુકાનેથી ઘેર આવેલા જિનદત્તની આગળ તેના પિતાએ તેના વિવાહ કર્યાના સમાચાર જણાવ્યા. ત્યારે જિનદત્તે કહ્યું :"હે પિતાજી ! હું તો પરણવાનો જ નથી, મારા મનમાં તો દીક્ષા લેવાનો ભાવ છે."

ત્યારે પિતાએ કહ્યું : "હે પુત્ર ! તે કન્યા શું તને ક્યારેય મળી હતી ખરી ?" ત્યારે જિનદત્તે જિનભવનમાં જવાથી માંડીને બધી જ વાત પિતાની આગળ જણાવી.

P.P. Ac. Gunratnasuri M.S.                Jun Gun Aaradhak Trust

ત્યારે પિતાએ ઘણો જ આગ્રહ કરવાથી જિનદત્ત મૌન રહ્યો.

હવે એક વખત તે જિનમતી કન્યા ઘરમાંથી બહાર નીકળી હતી તે વખતે વસુદ-ત નામના નગરના રક્ષકે તે જિનમતીને જોઈ, તેને જોઈને કામમાં આતુર થયેલા તે વસુદત્તો જિનમતીના પિતા પાસે તેના પાણિગ્રહણ લગ્ન માટે માગણી કરી, ત્યારે પ્રિયમિત્ર શેઠે કહ્યું : "હે આરક્ષક! એ કન્યા મેં જિનદાસ શેઠના પુત્ર જિનદત્તને આપી દીધેલી છે અને કન્યા અપાઈ ગયા પછી તેનો ફેરફાર કરી શકાય જ નહીં. કહ્યું પણ છે કે,

"રાજાઓ અને પંડિતો એક જ વાર બોલે છે એટલે બોલીને ફરી શકતા નથી. એમ કન્યા પણ એક જ વાર અપાય છે; આ ત્રણે બાબત એકેક વાર જ હોય."

તે સાંભળી દુષ્ટાત્મા આરક્ષક રોષે ભરાયો અને જિનદત્ત શેઠ ઉપર વેર રાખવા માંડયો; અને રાતદિવસ જિનદત્તનાં છિદ્રો જ જોવા લાગ્યો.

હવે એક વખત રાજા ઘોડા ઉપર ચઢી પરિવાર સહિત બહારના ઉદ્યાનમાં ગયા અને અતિવેગથી ઘોડદોડની રમત કરતો તેમનું એક કુંડલ કાનમાંથી કયાંક પડી ગયું. તેની તપાસ કરવા માટે રાજાએ તે જ વસુદત્ત આરક્ષકને હુકમ કર્યો. ત્યાર પછી રાજાના હુકમથી જ્યાં તે વસુદત્ત કુંડલની તપાસ માટે જે માર્ગે જતો હતો તે જ માર્ગમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે આરક્ષકે કોઇ કાર્ય માટે જતા તે જિનદત્તને પણ જોયો. હવે ત્યાં જ કુંડલ પડેલું હતું તેને જોઇ જિનદત્ત તો તે માર્ગ છોડી બીજા માર્ગે ગયો. કારણ કે,

"સર્વ પ્રાણીઓને પોતાની જેવા જ જોતો હોય, અને પરની માલિકીના દ્રવ્યને માટીના ઢેફાની જેમ જોતો હોય અને પરસ્ત્રીઓને માતાની જેમ જોતો હોય તે જ સાચું જોનાર છે.

હવે અહીં પાછળ આવતા તે વસુદત્તે ત્યાં પડેલા રાજાના કુંડલને લઈને રાજા પાસે લાવીને રાજાને સોંપ્યું.

ત્યારે ખુશખુશ થયેલા રાજાએ કહ્યું : "હે ભદ્ર વસુદત્ત ! તમને આ કુંડલ ક્યાંથી મળ્યું ?" ત્યારે દુષ્ટબુદ્ધિવાળા તેણે જિનદત્ત ઉપર દ્વેષ ભાવથી રાજાની આગળ કહ્યું : "હે સ્વામી ! મેં આ કુંડલ જિનદત્ત પાસેથી મેળવ્યું." તે સાંભળીને આશ્ચર્ય યુક્ત થયેલા રાજાએ કહ્યું : "હે આરક્ષક ! તે જિનદત્ત એક તો મહાધર્મિષ્ટ છે, બહુ વિચારીને કામ કરનારો છે, તે ચોરી કરે એ કઈ રીતે સંભવે ? કારણ કે–

"ડાહ્યો માણસ કોઈપણ ઠેકાણે બીજાની પડેલી, ભુલાઈ ગયેલી, નાશ પામેલી, રહેલી, થાપણ તરીકે મૂકાયેલી અને નહીં આપેલી વસ્તુને ગ્રહણ કરતો જ નથી."

આમ રાજાએ કહેતાં તેના ઉત્તરમાં વસુદત્ત આરક્ષકે કહ્યું : "હે સ્વામી ! જિનદત્ત જેવો કોઈ ચોર નથી. તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાંભળી ક્રોધાયમાન થયેલા રાજાએ વિચાર્યું : "ખરેખર ! આ જિનદત્ત ધર્મના બહાને ધૂતારો પેદા થયો. માટે આને તો મારી જ નાખવો જોઈએ. એમ વિચારી રાજાએ તે આરક્ષકને કહ્યું : "હે વસુદત્ત ! તો તો તમે જિનદત્તને ખૂબ ખૂબ હેરાન કરી મારી નાંખો. આમ રાજાનો હુકમ પામી તે આરક્ષક તો ખુશ ખુશ થઈ ગયો; અને ખૂબ ખુશ થઈ જલ્દી જલ્દી તે જિનદત્તને પકડી ગધેડા ઉપર ચડાવ્યો; અને પછી લાલ ગેરુચંદનથી તેના શરીર ઉપર વિલેપન કરીને તે જિનદત્તને નગરી અંદર ત્રિક (ત્રણ રસ્તા પડતા હોય તે) અને ચતુષ્ક (ચાર રસ્તા પડતા) હોય તે) ચૌટામાં ફેરવ્યો. જિનદત્તને આ રીતે વિડંબના પમાડાતો જોઈને દરેક સ્થાને લોકોએ-હાહારવ કર્યો-બધા લોકો ખૂબ ખિન્ન થઈ ગયા.

આ જાતના કોલાહલને સાંભળીને નજીકના ઘરના ગોખમાં આવેલી જિનમતીએ તે પોતાનો પ્રિય જિનદત્ત છે એમ જોઇને રુદન કરતી કરતી પોતાના મનમાં આ રીતે વિચારવા લાગી : ખરેખર ! આ મારો સ્વામી ધર્મિષ્ટ છે, દયાવાળો છે, દેવ ગુરૂની ભક્તિમાં પરાયણ છે, છતાંય કર્મના ઉદયથી કેવી વિચિત્ર દુર્દશાને પામ્યો છે ?

આ બાજુ જિનદત્ત પણ તેને જોઈને અત્યંત સ્નેહવાળો થયો પોતાના મનમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો : અરે ! મારા અશુભ કર્મના ઉદયથી આ સુંદર સ્રીનું મિલન પણ ન થયું"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે જો કદાચ ભાગ્યયોગથી આ કષ્ટમાંથી મારી મુક્તિ થાય તો આ સુંદર સ્ત્રી સાથે પાણિગ્રહણ–વિવાહ કરીને ભોગોને ભોગવીશ. નહીં તો મને સાગારિક અનશન હો. એમ વિચાર કરતા તે જિનદત્તને આરક્ષક અનુક્રમે ફાંસીને માંચડે લઈ ગયો.

હવે અહીં જિનમતી પણ પોતાના હાથપગ ધોઈ પોતાના ઘર દેરાસરમાં આવી હૃદયમાં શાસન દેવીનું ધ્યાન કરી જિનદત્તના કષ્ટ નિવારણ નિમિત્તે શુદ્ધ બુદ્ધિપૂર્વક કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહી.

હવે અહીં તે જિનમતીના શીલના પ્રભાવથી અને અત્યંત દૃઢભક્તિથી પ્રસન્ન થયેલી તે શાસન દેવી ત્યાં ત્રણ ત્રણ વાર જિનદત્તને શૂલી ઉપર ચડાવવા છતાં તે શૂલી જુનાઘાસની જેમ તુરત ભાંગી જવા લાગી, ત્યારે દુષ્ટ આરક્ષકે તે જિનદત્તને ઝાડની ડાળીએ દોરડીથી બાંધી લટકાવ્યો. ત્યારે તે દેવીએ તે દોરડી જ કાપી નાખી ત્યારે વળી વધારે પડતા રોષે ભરાયેલા તે આરક્ષક તલવારના પ્રહારો કરવા માંડયો, પણ તે પ્રહારો તે જિનદત્તના શરીરમાં લાગવાને બદલે ફુલની માળા રૂપે થઈ જતા હતા ! ત્યારે આશ્ચર્ય પામેલા લોકોએ તે બધી વિગત રાજાને જઈ જણાવી, ત્યારે ભય અને આશ્ચર્યયુક્ત થયેલા રાજાએ ત્યાં જઈને, તે જિનદત્તને પ્રણામ કરીને, હાથી ઉપર ચઢાવીને પોતાની સભામાં લાવ્યા. અને ત્યારપછી રાજાએ વિનય કરવા પૂર્વક અને બહુમાન આપવા પૂર્વક જિનદત્તને પૂછતાં જિનદત્તે સર્વ સત્ય હકીકત રાજાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આગળ જણાવી. તે સાંભળી રોષે ભરાયેલા રાજાએ તે આરક્ષકનો વધ કરવાનો હુકમ કર્યો, ત્યારે અતિ દયાળુ જિનદત્તે રાજાને વિનંતિ તેને જીવતો મૂકાવ્યો અને રાજાએ તેને દેશનિકાલ કર્યો.

ત્યારપછી રાજાએ પંચાંગ પ્રણામ કરવા પૂર્વક પ્રસન્ન થઈને મહોત્સવપૂર્વક તે જિનદત્તને તેના ઘેર મોકલ્યો. તે વખતે પ્રિયમિત્ર શેઠે જિનદત્તની આગળ જિનમતીએ કરેલા શાસન દેવીના સાંનિધ્ય માટેના કાઉસ્સગ્ગને લગતી વાત કરી અને તે સાંભળી અત્યંત ખુશ થયેલા જિનદત્તે પણ શુભ લગ્ન આવતાં મહોત્સવપૂર્વક તે જિનમતી સાથે પાણીગ્રહણ—લગ્ન કર્યું અને તે જિનમતી સાથે કેટલાક કાળ સુધી ભોગો ભોગવીને અંતે જિનદત્તે પોતાની પ્રિયા જિનમતી સહિત વૈરાગ્ય પામી સુસ્થિતસૂરિ—આચાર્ય ભગવાન પાસે દીક્ષા લઈને લાંબા કાળ સુધી પાલન કરી શુભ ધ્યાને મરી સ્વર્ગે ગયો.

## જિનદત્તની કથા સમાપ્ત

માટે હે કુંચિક શેઠ! સાધુભગવંતો જિનદત્ત જેવા હોય છે, તે સાંભળીને કુંચિક શેઠે કહ્યું: " હે ભગવન્! પરંતુ તમે તો નિષાદ સરખા જ છો. " ત્યારે મુનિએ કહ્યું: કોણ એ વિષાદએ જણાવો. શેઠે કહ્યું:

## નિષાદની કથા

આ જગતમાં સેંકડો વાનરોથી ભરપૂર હરિકાંતા નામની નગરી છે, તેમાં વાનરોનું પાલન કરવામાં તત્પર હરિપાલ નામનો રાજા હતો, અને તે જ નગરીમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અત્યંત ક્રુર યમનો જાણે ચાકર જ ન હોય તેવો અતિ-નિર્દય ઉપકાર ઉપર પણ અપકાર જ કરનારાઓમાં શિરોમણિ સમાન નિષાદ–પારધિ હતો. તે પાપી હતો. પાપી એવો તે હંમેશા વનમાં જઈને વરાહ, શૂકર, હરણ વિગેરે જંગલી પશુઓને માંરતો હતો, તે જ વનમાં રાજાના પાળેલા ઘણા વાનરાંઓ પણ રહેતા હતા, તે વાનરાઓમાં એક વાનરી હતી. તે માંસભોજન વિગેરે કરતી નહોતી અને દયા અને દાક્ષિણ્યતા વાળી હતી.

એક વખત તે નિષાદ હાથમાં શસ્ત્ર લઈ શિકાર કરવા માટે તે વનમાં ગયો. ત્યાં એક મહા ભયંકર વાઘને તે નિષાદે જોયો. વાઘને જોઈને ડરી ગયેલો તે નિષાદ નજીકના વૃક્ષ ઉપર ચઢી ગયો; અને ત્યાં પહોળા કરેલા મુખવાળી તે વાનરીને જોઈને ફરી પાછો ભયભીત થઈ ગયો.

અહીં તે વાઘ પણ નિષાદને મારવા માટે ગર્જના કરતો કરતો તે વૃક્ષની નીચે આવ્યો.

હવે ભયથી આકુળ–વ્યાકુળ થયેલા તે નિષાદને જાણીને તે સુશીલ વાનરી પોતાનું મુખ પ્રસન્ન રાખીને તેની નજીક બહેનની જેમ બેસી તે નિષાદના વાળને સમારવા લાગી.

ત્યારે તે થાકી ગયેલો નિષાદ પણ ચિંતા રાખ્યા સિવાય તે વાનરીના ખોળામાં માથું મૂકીને સૂઇ ગયો.

ત્યારે તે વાઘ વાનરીને કહેવા લાગ્યો : "હે ભદ્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાનરી ! જગત્માં ઉપકાર કરનારને કોઈ પછી ઓળખતું નથી અને તેમાંય માનવ ખાસ ઉપકાર કરનારને ભુલી જાય છે. આ બાબતમાં હું તને એક કથા કહું તે સાંભળ :

## શિવસ્વામી બ્રાહ્મણની કથા

કોઈ એક ગામમાં શિવસ્વામી બ્રાહ્મણ રહેતો હતો. તે બ્રાહ્મણ એક વખત તીર્થ યાત્રા કરવા માટે પોતાના ઘેરથી નીકળીને દેશાંતરમાં ભ્રમણ કરતો એક મોટી અટવીમાં આવી પહોંચ્યો ત્યારે તે ખૂબ તરસ્યો થયેલો; પાણીને શોધતાં તેણે એક જૂનો કૂવો જોયો. તે વખતે તેણે ઘાસની દોરડી બનાવીને તેના છેડે વાસણ બાંધીને તેણે તે વાસણ પાણી કાઢવા કૂવામાં નાખ્યું. તે વખતે તે દોરડીને પકડીને કૂવામાંથી એક વાંદરો બહાર નીકળ્યો. ત્યારે તે બ્રાહ્મણે વિચાર્યું : "ખરેખર ! આવી રીતે પરોપકાર થવાથી મારી મહેનત સફળ થઈ. વળી બીજી વાર દોરડી નાખી ત્યારે કૂવામાંથી વાઘ અને સાપ નીકળ્યા. અને તે બંનેએ પોતાનો જીવન આપનાર બ્રાહ્મણને પ્રણામ કર્યા ત્યારે ત્રણમાંના વાનરને જાતિસ્મરણ (પૂર્વ જન્મનું સ્મરણ) જ્ઞાન થતાં તે વાનરે ભુમિ ઉપર અક્ષરો લખીને બ્રાહ્મણને જણાવ્યું કે : "હે બ્રાહ્મણ ! અમે જાણે મથુરા નગરીની નજીક રહીએ છીએ તો કયારેક તમે ત્યાં જરૂર આવજો અમે પણ તમારી મહેમાનગતિ કરવાનો લાભ લઈશું."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વળી આ કૂવામાં એક મનુષ્ય પણ પડેલો છે; પરંતુ તેને તમારે બહાર કાઢવા જેવો નથી. કારણ કે તે મહા-કૃતઘ્ન (ઉપકારી ઉપર પણ અપકાર કરનારો) છે, એમ કહીને તે ત્રણે તો પોતાના સ્થાને ગયા. ત્યારે બ્રાહ્મણે વિચાર્યું: આ બિચારા માણસને પણ કૂવામાંથી કેમ નહીં કાઢવો જ જોઈએ? ઉપકાર તો પોતાની શક્તિ હોય તો થઈ શકે એટલો બહારૂ કરવો જ જોઈએ. આ મનુષ્ય જન્મ પામ્યાનું પણ એ જ ફલ છે. એમ વિચારી બ્રાહ્મણે ફરી પણ દોરડું કૂવામાં નાંખીને તે મનુષ્યને પણ બ્રાહ્મણે બહાર કાઢયો; ત્યારપછી બ્રાહ્મણે તે માણસને પૂછયું "હે ઉત્તમ પુરુષ! તું જાતે કોણ છું? કયાં રહે છે?" એમ પૂછતાં તેણે કહ્યું: "હું મથુરામાં રહું છું અને જાતે સોની છું અને કંઈક કામસર અહીં આવેલો હું ખૂબ તરસ્યો થયેલો, હું કૂવામાં પડી ગયો. પણ કૂવાની અંદર ઉગેલા વૃક્ષની ડાળી પકડીને જ્યાં હું સ્થિર થયો ત્યાં તો વાનર વિગેરે ત્રણે પણ આ કૂવામાં પડયા, બધાંનો એકસરખું દુઃખ આવવાથી એકબીજા પરસ્પર વેર છોડીને અમે બધા ત્યાં સાથે રહેલા હતા. હે ઉપકારી! અહીંથી તો અમને બહાર કાઢયા તો હે બ્રાહ્મણ! તું એક-વાર મથુરામાં જરૂર આવજે." એમ કહીને તે સોની પોતાના સ્થાને ગયો. ત્યારપછી તે બ્રાહ્મણ પૃથ્વી મંડલમાં ભ્રમણ કરતો અને તીર્થોને નમસ્કાર કરતો કરતો એક વખત મથુરાની નજીકના ઉપવનમાં આવ્યો, ત્યારે તે વાનર તે બ્રાહ્મણને ત્યાં આવેલો જોઈને અને પોતાના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપકારી તરીકે સારી રીતે ઓળખીને ખૂબ ખુશ થતા થતા તેણે સુંદર ફૂલો લાવી તેની ભક્તિ કરી.

એટલામાં તો તે વાઘે પણ તે બ્રાહ્મણને જોઈને અને પોતાના ઉપકારી તરીકે સારી રીતે ઓળખીને વિચાર્યું : "આ તો મહાન પુરુષ છે, મને જીવન આપનારો છે, માટે હું આના ઉપર કંઈક ઉપકાર કરૂં. એમ વિચારીને તે ઉપવનમાં જઈ ત્યાં બાગમાં સૂતેલા રાજપુત્રને અવિવેકથી હણી તેના ઘણા જ કીંમતી આભુષણને લાવીને તે પોતાને જીવન આપનાર તે બ્રાહ્મણને આપીને પ્રણામ કર્યા ત્યારે તે બ્રાહ્મણે પણ "તું દીર્ધાયુ—" લાંબી આવરદાવાળો થા એવો આશીર્વાદ આપીને મથુરા નગરીમાં જઈને સોનીનું ઘર પૂછતો પૂછતો અનુક્રમે તે સોનીના ઘેર પહોંચ્યો. ત્યારે દૂરથી જ તે બ્રાહ્મણને આવતા જોઈને અને તેને બરાબર ઓળખીને તે સોની નીચું મુખ રાખી, પોતાનું કામ કરવા લાગ્યો. ત્યારે બ્રાહ્મણે કહ્યું : "હે સોની મહાજન! શું તમે મને ભૂલી ગયા? નથી ઓળખતા?" ત્યારે સોનીએ કહ્યું : "હા હા મેં બરાબર આપને ઓળખ્યા નહીં" એમ તે સોનીએ કહેતાં બ્રાહ્મણે ફરી કહ્યું : "ખરેખર, જેણે જંગલમાં તમને કૂવામાંથી કાઢયા હતા તે હું બ્રાહ્મણ! અત્યારે તમારો મે'માન થઈને આવ્યો છું. એમ કહી તે બ્રાહ્મણે ત્યાં બેસીને તે સોનીને કહ્યું : "હે સોની મહાજન! મને આ આભૂષણ દક્ષિણા તરીકે એક યજમાને આપ્યું છે. આની કિંમત કરવામાં ખરેખર તમે જ હોંશિયાર છો. તો આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આભૂષણ લઈને મને જે યોગ્ય હોય તે કિંમત આપો. એમ કહી તે બ્રાહ્મણે તે આભૂષણ તે સોનીની પાસે મૂકીને, તે બ્રાહ્મણ નદીએ નહાવા ગયો.

હવે અહીં તે સોનીએ મથુરાનગરીમાં એવી પટહોદ્‌ઘોષણ—જાહેરાત થતી સાંભળી કે—"આજે રાજપુત્રને મારી નાખીને કોઇએ તેનું આભૂષણ લઈ લીધું છે, તો જે કોઈ તે હણનારને જાણતો હોય તેણે રાજાની આગળ આવીને કહી દેવું. કારણકે તે રાજદ્રોહી હણવા યોગ્ય છે"

તે સોની આ જાહેરાત સાંભળીને હૃદયમાં એકદમ આશ્ચર્યચકિત થઈ ગયો.

ત્યાર પછી તે સોનીએ વિચાર્યું કે : ખરેખર આ આભરણ મારું જ ઘડેલું છે, પણ આ બ્રાહ્મણે આભરણના લોભથી તે રાજપુત્રને મારી નાખ્યો હોય એમ લાગે છે. વળી, આ બ્રાહ્મણ કંઈ મારો સગોવ્હાલો નથી, તેથી નકામો હું આને માટે કરીને શા માટે ખોટા અનર્થમાં પડું ? એમ વિચારી પટહને સ્પર્શી—જાહેરાતને કબુલી, રાજા પાસે જઈને તે આભુષણને આપીને, તે આભુષણનો હરણ કરનાર પોતાને ત્યાં આવેલો બ્રાહ્મણ છે તેમ જણાવ્યું.

ત્યારે ક્રોધે ભરાયેલા તે રાજાએ પોતાના સેવકોને મોકલીને ગાય બંધનોથી બાંધી તે બ્રાહ્મણને લવડાવીને પૌરાણિકોને બોલાવીને પૂછ્યું : "હે પૌરાણિકો ! આ બ્રાહ્મણનો દંડ શું કરવો ?" ત્યારે પૌરાણિકોએ કહ્યું : "હે દેવ ! વેદના પારગામી હોય એવો બ્રાહ્મણ જો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માણુસની હિંસા કરે તો તેને રાજાએ હણવો જ જોઈએ; અને રાજા એને હણે તો તે રાજાને તેને હણવાનું પાપ લાગતું નથી." એ સાંભળીને રાજાથી હુકમ કરાયેલા રાજ પુરુષોએ તે બ્રાહ્મણને ગધેડે ચઢાવીને લાલ ગેરુચંદનથી તે બ્રાહ્મણના શરીરનું વિલેપન કરીને હણવાના સ્થાને—ફાંસીના માંચડે લઈ ગયા. આમ પોતાની આવી વિચિત્ર અવસ્થા કરીને ફાંસીને માંચડે લઈ જવાતા પવિત્ર સ્વરૂપ-વાળા બ્રાહ્મણે મનમાં વિચાર્યું: મારા કર્મના દોષથી મારી આ કેવી અવસ્થા થઈ? અને તે દુષ્ટ સોનીની કૃતઘ્નતા (ઉપકાર ઉપર અપકાર કરવો) કેવી તથા વાઘ અને વાનરની કૃતજ્ઞતા (ઉપકારને સમજી ઉપકાર ઉપર ઉપકાર કરવો તે) જુઓ એમ વિચારતો અને ખૂબ પશ્ચાત્તાપ કરતો બ્રાહ્મણ વારંવાર નીચેના બે શ્લોક બોલવા લાગ્યો—

> व्याघ्रवानरसर्पाणां, यन्मया न कृतं वच:।
> तेनाहं दुर्विनीतेन, कलादेन विनाशित:॥
> वैश्या धूतकृतश्चौरी, नीरमार्जरिनापिता:।
> जातवेदा: कलादाश्च न विश्वास्या इमे क्वचित्॥

વાઘ, વાનર અને સર્પનું મેં વચન માન્યું નહીં તેથી જ અવિનયી—દુષ્ટ તે સોનીએ મારો વિનાશ સર્જ્યો.

નીચે કહેવાતાનો કોઈએ વિશ્વાસ કરવો નહીં: વેપારીઓ, જુગારીઓ, ચોર, પાણી, બિલાડી, હજામ, બ્રાહ્મણ અને સોની.

હવે એટલામાં ત્યાં ભ્રમણ કરતા તે સાપે તે બ્રાહ્મ-ણના મુખે આ પ્રમાણે બોલાતા બે શ્લોકને સાંભળીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને તેને પોતાના ઉપકારી તરીકે સારી રીતે ઓળખીને એમ વિચાર્યું કે, અહો ! આ ગુણવાન બ્રાહ્મણે પહેલાં મને કૂવામાંથી બહાર કાઢી જીવન આપ્યું હતું આજે તે જ મહાન્ પુરુષ બ્રાહ્મણ સંકટમાં આવી પડયો છે તો હવે આજે હું ગમે તે કંઈ ઉપાય કરીને આ સજ્જન પુરુષનો ઉપકાર કરનારો થાઉં તો જ ખરેખર હું આ બ્રાહ્મણનો —અનૃણી થાઉં : ઋણ ચૂકવી શકું. એમ વિચાર કરતો તે સર્પે જલ્દી જલ્દી રાજાના ઉદ્યાનમાં જઈને ત્યાં સખીઓ સાથે ક્રીડા કરતી રાજકુમારીને ડંખ દીધો. તે જ વખતે તે રાજપુત્રી આકુળ–વ્યાકુળ થતી મૂર્ચ્છા ખાઈ ભુમિ ઉપર પડી અને સખીઓને જણાવતાં એ બાબતે સાંભળીને રાજા અત્યંત શોકથી આકુળ–વ્યાકુળ થઈને કહેવા લાગ્યો : “અરે ! હું જ્યાં પુત્રના મરણથી આવેલા એક દુઃખનો પાર પામ્યો નહીં, એટલામાં તો મારા ઉપર રાજપુત્રીને સાપ કરડવારૂપ બીજું દુઃખ આવી પડયું.”

હવે હું કરું શું ? એમ વિચારી રાજાએ તે જ ક્ષણે મંત્ર તંત્રના જાણકાર અનેક લોકોને બોલાવ્યા. તે બધા રાજકુમારીને થયેલા સર્પ દંશનો ઈલાજ કરવા લાગ્યા. પણ રાજકુમારીને કંઈ ગુણ લાગ્યો નહીં.

હવે આ તરફ એક મંત્રવાદી રાજા પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે—મારી પાસે નિર્મલ જ્ઞાન છે. તેથી હું એમ સમજું છું કે આ આપના વડે હણાતો આ બ્રાહ્મણ તદ્દન નિર્દોષ છે તે હકીકત સાંભળો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પહેલાં આ દયાળુ બ્રાહ્મણે જંગલની અંદર કૂવામાંથી સાપ, વાઘ અને વાનરને બહાર કાઢયા અને ત્યારપછી ચોથા સોનીને પણ કૂવામાંથી બહાર કાઢયો. ત્યારે સાપ, વાઘ, વાનર અને સોની બધાએ આ બ્રાહ્મણને કહ્યું: "હે બ્રાહ્મણ! તમે અમારા ઉપર મોટો ઉપકાર કર્યો છે, તો તમે ક્યારેક મથુરામાં આવજો" એમ કહીને તે બધા પોતાના સ્થાને ગયા. ત્યારપછી આ બ્રાહ્મણ પણ તીર્થયાત્રામાં ચારે બાજુ ભ્રમણ કરતો કરતો અહીં આવ્યો ત્યારે વાનરે સારાં ફૂલો લાવી તેનો સત્કાર કર્યો. વાઘે પણ આ સત્પુરુષના સત્કાર માટે તમારા પુત્રનો વિનાશ કરીને તેનું આભરણ લાવી બ્રાહ્મણને આપ્યું.

હવે આ બિચારો ભોળો બ્રાહ્મણ સોનીને મળવા માટે આવ્યો અને વાઘે આપેલું આભરણ તે સોનીને બતાવ્યું. ત્યારે તે સોનીએ તે આભરણને ઓળખીને કૃતઘ્નપણે તે બ્રાહ્મણના (ઉપકારને ભુલી જઈ અપકાર કરવા તૈયાર થઈને) તમને જણાવ્યું અને તમે તે બ્રાહ્મણને ફાંસીને માંચડે મોકલ્યો પણ ભાગ્ય—યોગથી તે માર્ગે જતાં વચમાં આવતા સર્પે તે બ્રાહ્મણને જોયો અને પોતાના ઉપકારી તરીકે ઓળખ્યો. ત્યારે તે સાપે આ બ્રાહ્મણે પોતાના ઉપર કરેલ ઉપકારને યાદ કરી તેને દુઃખમાંથી છોડાવવા ઉપવનમાં આવી તમારી પુત્રીને ડંખ દીધો છે, તો હે નાથ! જો આ બ્રાહ્મણને તમે છોડી દેશો તો જ તમારી પુત્રી જીવશે."

તે સાંભળી રાજાએ કહ્યું: "તો તે સંબંધમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમારા કહેલા ઉપર વિશ્વાસ ઉપજે તેવું કંઈક જણાવો. ત્યારે તે મંત્ર જાણનારે તે સર્પને રાજપુત્રીના શરીરમાં ઉતાર્યો ત્યારે તે રાજપુત્રીએ પણ મંત્રવાદીએ કહ્યા પ્રમાણે બધું જ કહ્યું. તે સાંભળી જેને બરાબર વિશ્વાસ બેઠો તે રાજાએ તે બ્રાહ્મણને જેટલામાં છોડયો તે જ વખતે તે રાજપુત્રી પણ ઝેરથી મુક્ત થઈ ઊભી થઈ.

હવે તે મંત્રવાદીએ બ્રાહ્મણને કહ્યું: "હે બ્રાહ્મણ! આ સર્વે તને જીવન આપ્યું છે, બ્રાહ્મણે કહ્યું : "ખરેખર! ક્રુર પ્રાણીએ પણ કૃતજ્ઞતા બતાવી અને આ સોનીએ માનવ હોવા છતાં કૃતઘ્નતા કરી."

ત્યારપછી રાજાએ પૂછતાં બ્રાહ્મણે બધી પોતાની કથા રાજાને કહી. તે સાંભળી ખુશ થયેલા રાજાએ તે બ્રાહ્મણનો સત્કાર કરવા પૂર્વક તેને પોતાના મંત્રીની જગ્યાએ નીમ્યો અને તે સોનીને પોતાના દેશમાંથી દેશનિકાલ કર્યો. ત્યાર પછી તે બ્રાહ્મણ હંમેશાં નાગપૂજા કરવા લાગ્યો. ત્યારથી **નાગપંચમી** પર્વ તરીકે પ્રસિદ્ધ થયું.

## બ્રાહ્મણની કથા સમાપ્ત

—તો હે વાનરી! જેમ તે બ્રાહ્મણ તે સોનીથી આપત્તિને પામ્યો, તેમ તું પણ આ ભિલથી—પારધિ—નિષાદથી દુઃખ પામીશ. આથી તું તેનો વિશ્વાસ ન કર અને એ મારૂં તો લક્ષ્ય છે માટે તેને તું નીચે નાખી દે. આમ વાઘે વારંવાર કહેવા છતાં તે સુશીલ વાનરીએ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે નિષાદને નીચે નાખ્યો નહીં. ત્યારે તે વાઘ ત્યાં જ બેસીને આ પ્રમાણે વિચારવા લાગ્યા કે : ખરેખર ! આ વાનરી કેટલા નિશ્ચલ સ્થિર સ્વભાવવાળી છે.

તે વાર પછી જાગતા રહેલા તે ભિલ્લના ખોળામાં માથું મૂકીને તે વાનરી ઊંઘી ગઈ, ત્યારે તે વાઘ તે ભિલ્લને કહેવા લાગ્યો : " હે ભિલ્લ ! તું આ વાનરીનો વિશ્વાસ ન રાખીશ. જો તું તારૂં પોતાનું હિત ઈચ્છતો હોય તો સાત સાત દિવસના ભુખ્યા મને આ વાનરી તું સોંપી દે. તું સુખેથી જીવતો રહેલો તારા પોતાના સ્થાને જા." આ સંબંધમાં રાજાના પ્રાણ લેનાર વાનરની કથા તું સાંભળ–

## વાનર કથા

નાગપુર નગરમાં પાવક નામનો મોત ઋદ્ધિવાળો રાજા હતો. એક વખત ઊંધી શિખામણ પામેલા ઘોડાથી અપહરણ કરાયેલો ભયંકર જંગલમાં આવી પડયો.

હવે ત્યાં તે ભુખ્યો અને તરસ્યો એકલો ચારે બાજુ પરિભ્રમણ કરતો હતો ત્યાં તે રાજાને એક વાનર મળ્યો. તે વાનરે સુંદર સ્વાદિષ્ટ ફળો લાવીને તે રાજાને આપ્યાં અને તે વાનરે નિર્મળ પાણીથી ભરેલું મોટું સરોવર તે રાજાને બતાવ્યું, ત્યારે તે રાજા ફળો ખાઈને અને પાણી પીને જેટલામાં સુખપૂર્વક ઝાડની છાયામાં બેઠો તેટલામાં તો પાછળ રહી ગયેલું તેનું સર્વ સૈન્ય ત્યાં આવી પહોંચ્યું. ત્યાર પછી પોતાના નગર તરફ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ્યારે ચાલવા લાગ્યો ત્યારે તે વાનરને પણ પોતાની સાથે લઇ ગયો. ત્યાં તે રાજા તે વાનરને રોજ મીઠાઈ જમાડવા લાગ્યો. આંબા–કેરી, ફળ વિગેરે ફળો આપવા લાગ્યો અને ત્યાર પછી પણ રાજા તે વાનરના ઉપકારને યાદ કરતો વસ્ત્ર આભુષણ વિગેરેથી તેને શણગારીને તેને પોતાનો અંગરક્ષક બનાવ્યો.

હવે એક વખત વસંત ઋતુ આવતાં તે રાજા વનમાં જઇને હીંડોળાની ક્રીડા, જલક્રીડા, ફૂલ એકઠાં કરવા વિગેરે કરી થાકી જઈ ઝાડના છાંયડામાં સૂઇ ગયો.

ત્યારે તે વાનર હાથમાં તલવાર લઇને તેના અંગરક્ષક તરીકે ઊભો રહ્યો.

હવે અહીં રાજાના શરીર ઉપર એક ભમરો બેઠો ત્યારે પોતાના માલીક ભક્તિ કરી રહેલા તે વાનરે તે ભમરા ઉપર તલવારનો ઘા કર્યો, ભમરો તો ઊડી ગયો પણ તેથી ઉલટો રાજા મરી ગયો.

## વાનર કથા સમાપ્ત

આ કારણે હે નિષાદ! તું પણ આ વાનરીનો વિશ્વાસ ન કર. તે સાંભળી તે દુષ્ટ ભિલ્લે તે વાનરીને જલ્દી વાઘની પાસે નીચે પાડી દીધી. ત્યારે તે વાઘે તે વાનરીને કહ્યું : "હે ભદ્ર! વાનરી! તારે હવે તારા મનમાં દુઃખ લાવવા જેવું નથી; કારણકે જેવા પુરુષને સેવીએ–સોબત કરીએ, તેવું જ તેનાથી ફલ મેળવીએ તેમાં સંદેહ નથી."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે તાત્કાલિક ઉત્પન્ન થયેલી બુદ્ધિવાળી તે વાનરીએ તે વાઘને એકદમ કહ્યું : " હે વાઘ ! તારે હવે મારૂં રક્ષણ કરવાનું રહેતું નથી; ભક્ષણ જ કરજે " પણ મારી એક વાત સાંભળ—

વાનરોના પ્રાણ પૂંછડામાં રહે છે, તેથી પહેલાં તારે મારૂં પૂછડું જ ગ્રહણ કરવા જેવું છે. તે સાંભળી ખુશ થયેલો વાઘ જેટલામાં તેને મૂકી તેના પૂંછડાને પકડવા જાય છે, તેટલામ તો તે વાનરી જલ્દી કૂદીને બીજા ઝાડ ઉપર ચઢી ગઈ.

હવે તે વાઘ પણ વિલખો થઈને બીજા વનમાં ચાલ્યો ગયો.

હવે તે વાનરીએ તે ભિલ્લ ઉપર જરાપણ રોષ રાખ્યા સિવાય કહ્યું : " હે ભાઈ! હવે તે વાઘ ચાલ્યો ગયો છે, તેથી તું હવે ઝાડ ઉપરથી ઊતર. ત્યારપછી ઝાડ ઉપરથી તે નીચે ઉતર્યો અને તેને વાનરી પોતાના લતામંડપના આશ્રય સ્થાનમાં લઈ ગઈ. ત્યાં તે વાનરી તેને સંતાનોની નજીકમાં મૂકી, તે ભિલ્લની મે'માન ગતિ કરવા માટે, ફૂલ વિગેરે લાવવા માટે, પોતે વનમાં ગઈ. તેટલામાં તો અત્યંત ભૂખ્યા થયેલા તે દુષ્ટાત્મા તે ભિલ્લે તેનાં સંતાનોનું ભક્ષણ કરી દીધું અને ત્યારપછી તે ચિંતારહિત થઈ સૂઈ ગયો.

અહીં તે વાનરી સ્વાદિષ્ટ ફળો લઈને ત્યાં આવી અને તે ભિલ્લને સૂતેલો જોયો, પણ તેણે પોતાના સંતાનોને ક્યાંય જોયાં નહીં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે તે વાનરીએ તે ભીલ્લને ઉઠાડીને ફળો આપીને પોતાના સંતાનોની તપાસ કરવા માટે તે ભીલ્લની સાથે વનની અંદર અહીંથી તહીં ફરવા લાગી. તે વખતે તે દુષ્ટ ભીલ્લે પોતાના હૃદયમાં વિચાર્યું કે આજે તો મને માંસ વિગેરે કંઇ મળ્યું જ નથી, આમ નિષ્ફળ થયેલો હું કેવી રીતે ઘેર જાઉં ? એમ વિચારી તે દુષ્ટ ભીલ્લે તે જ સુશીલ વાનરીને લાકડીના વિ.ના પ્રહારોથી મારી નાખી. ત્યારપછી તે ભીલ્લ તે વાનરીને લઇને જેટલામાં ઘેર જાય છે, તેટલામાં તે જ વાઘ તે ભીલને મળ્યો. વાઘે કહ્યું : " અરે દુષ્ટ ! તેં આ શું કર્યું ? જે વાનરીએ તને ભાઈની જેમ પાળ્યો—પોષ્યો તેના જ તેં પ્રાણ લીધા ? આથી તારૂં મોઢું જોવામાં પણ પાપ છે." તારી હું હત્યા કરૂં તોય મને પાપ લાગે, તેથી તને હું પણ જીવતો જવા દઉં છું" એમ કહી તે વાઘ ચાલ્યો ગયો. હવે તે ભીલ જ્યારે ઘેર આવ્યો ત્યારે ખરાબ વર્તન જાણીને રાજાએ એ પ્રમાણે વિચાર્યું કે હું વાનરોનું રક્ષણ કરૂં છું; છતાં આ દુષ્ટાત્માએ પોતાનાં બચ્ચાં સહિત સુશીલ વાનરીને મારી નાખી. માટે એણે મારી આજ્ઞાનો ભંગ કર્યો છે. તેથી મારે એને હણવો જ જોઈએ. કહ્યું પણ છે કે—

આજ્ઞાભંગો નરેન્દ્રાણાં, ગુરુણાં માનમર્દનમ્ ।
કુલટા ચ ગૃહે નારી, અશસ્ત્રવધ ઉચ્યતે "

રાજાઓની આજ્ઞાનો ભંગ, મોટાઓના માનની હાનિ અને ઘરમાં કુલટા—વ્યભિચારિણી સ્ત્રી એ ત્રણે વગર શસ્ત્રે હણાયેલા જેવા જ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ વિચારી રાજાએ તે નિષાદ—ભીલ્લને મજબૂત બંધનોથી બાંધી, લાકડીના અને મુષ્ટિના પ્રહારોથી મારતાં મારતાં રાજા જ્યાં ફાંસીને માંચડે લઈ જતા હતા, તેટલામાં જ તે વાઘે આવી રાજાને કહ્યું:— "હે રાજન્! આ દુષ્ટને તો મારવોય સારો નથી. કારણ કે આનો નાશ કરતા તમને પણ તેને લાગેલા પાપ લાગશે. કારણ કે પાપી પ્રાણીઓ પોતાની મેળે જ પોતાના કર્મના દોષથી મરણ પામે જ છે." ત્યારે આશ્ચર્ય પામેલા રાજાએ તે વાઘને કહ્યું: "હે વાઘ! તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થવા છતાં તું મનુષ્યની ભાષામાં કેવી રીતે બોલી શકે છે? અને તારામાં આવો વિવેક અને ચતુરાઈ કયાંથી પ્રાપ્ત થયાં?" ત્યારે વાઘે કહ્યું: "હે રાજન્! આ વનમાં વિશિષ્ટ પ્રકારના જ્ઞાની, આચાર્ય ભગવંત છે, તેમની પાસે જઇને તમે પ્રશ્ન પૂછો! જેથી તે તમને બધી વાત વિગતથી કહેશે." એમ કહી તે વાઘ ચાલ્યો ગયો.

હવે તે રાજાએ તે ભીલ્લને પોતાના દેશમાંથી કાઢી મૂકયો. ત્યારપછી રાજાએ આચાર્ય ભગવંત પાસે જઈને ભક્તિપૂર્વક વંદન કરીને, તેમની નજીકમાં બેસીને અંજલિ જોડીને પૂછ્યું: "હે ભગવંત! નિર્મલ જ્ઞાનરૂપી નેત્રથી આપ તો બધુંજ જાણો છો, તેથી મારા ઉપર કૃપા કરીને કહો કે—તે વાનરી મરીને કયાં ગઈ?" આચાર્ય ભગવંતે કહ્યું: "હે રાજન્! તે વાનરી શુભધ્યાનના કારણે મરીને દેવ લોકમાં ઉત્પન્ન થઈ. એમ સાંભળી રાજાએ ફરી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પૂછ્યું : "હે ભગવન્! પાપ કર્મમાં જ આ રક્ત તે દુષ્ટ નિષાદ મરીને ક્યાં જશે!"

આચાર્ય ભગવંતે કહ્યું : "હે રાજન! તે પાપીનું નરક સિવાય બીજું સ્થાન જ નથી. કહ્યું પણ છે કે—

જીવહિંસામૃષાવાદ—સ્તૈન્યાન્યસ્ત્રી નિષેવનૈ : ।
પરિગ્રહ કષાયૈશ્વ, વિષ વિંવવૈશીકૃત : ।।
કૃતઘ્નો નિર્દયઃ પાપી, પરદ્રોહ હે વિધાયક : ।
રૌદ્રધ્યાનપર : ક્રૂરો, નરો હિ નરકે વ્રજેત્ ।।

જીવહિંસા કરનાર, જુઠું બોલનાર, ચોરી કરનાર, પરસ્ત્રીનું સેવન કરનાર, પરિગ્રહ કષાય, અને વિષયોને આધીન થયેલો, કૃતઘ્ન—ઉપકારને ભૂલી જનાર, દયા-રહિત પાપી, બીજાનો દ્રોહ—વિશ્વાસઘાત કરનાર, રૌદ્ર ધ્યાનમાં તત્પર અનેક્રુર આ બધા મનુષ્યો મરીને નરકે જ જનારા હોય છે.

ફરી રાજાએ પૂછ્યું : "હે ભગવન્! તે વાઘ મનુ-ષ્યની ભાષા કેવી રીતે બોલી શકતો હતો?"

આચાર્ય ભગવંતે કહ્યું : "હે રાજન્! તેનું પણ કારણ કહું છું, તે તમે સાંભળો"—

સૌધર્મ દેવલોકમાં એક ઇંદ્ર સરખી જ ઋદ્ધિવાળો એક સામાનિક દેવ છે; તેની પ્રાણથી પણ પ્રિય દેવી ત્યાંથી ચ્યવી–મરીને કોઈક મનુષ્યપણે ઉત્પન્ન થઈ. તે વખતે તે દેવની પ્રિયાના આરક્ષકો દેવોએ તેના પ્રિય દેવને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એમ પૂછયું :–"હે સ્વામી ! આ વિમાનમાં હવે કોઈ દેવી આવશે કે નહીં ?" ત્યારે તે દેવે કહ્યું : "વનની અંદર જે એક વાનરી છે તે જ મરીને અહીં દેવી પણે ઉત્પન્ન થશે." તે સાંભળી તે દેવોમાંનો એક દેવ વાઘનું રૂપ ધરીને તે વાનરીની પરીક્ષા કરવા માટે અહીં આવ્યો. આમ દેવશક્તિના કારણે તે વાઘ મનુષ્યની ભાષામાં બોલતો હતો.

આમ ગુરુ ભગવંતનાં વચનો સાંભળીને જેને વૈરાગ્ય ઉત્પન્ન થયો છે, તે રાજાએ પોતાના પુત્રને રાજ્ય ઉપર સ્થાપન કરીને તે જ ગુરુ ભગવંત પાસે સંયમ લીધું અને કોઈપણ જાતના દોષ લગાડયા સિવાય–નિરતિચાર ચારિત્ર પામીને તે જ સૌ ધર્મ દેવલોકમાં તે રાજા દેવપણે ઉત્પન્ન થયો.

## નિષાદ કથા સમાપ્ત

આ પ્રમાણે કથા કહીને કુંચિક શેઠે મુનિને કહ્યું : "હે મુનિ ભગવંત ! તમે પણ નિષાદની જેમ કૃતઘ્નપણું જ કર્યું."

મુનિએ કહ્યું : "હે શેઠ ! તમે આવું વિરુદ્ધ વાક્ય બોલ્યા. ખોટું કલંક આપવાથી સજ્જનોના મનમાં મોટું દુઃખ પેદા થાય છે, જેમ દેવી નામની ચોર પત્નીને સંતાપ થયો."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ચોરપત્ની દેવીની કથા

તે આ પ્રમાણે—

મગધ દેશમાં કોઈએક ગામમાં **વીર** નામનો ચોર રહેતો હતો. તેના ઘરમાં **દેવી** નામની તેની પત્ની હતી તે ચોર રોજ ચોરી કરતો હતો.

હવે એક વખત તે ચોરના ઘરની ભીંતના બીલમાં એક નોળીયણુ વીયાણી અને ત્યાર પછી એક વખત તે ચોરપત્ની દેવીએ પણુ એક પુત્રને જન્મ આપ્યો. આમ તે નોળીયો અને દેવીનો પુત્ર પરસ્પર એક બીજા મળીને જ રહેતા હતા.

હવે એક વખત તે દેવી પોતાના પુત્રને માંચીમાં સુવાડીને અને નોળીયાને પણુ તેની પાસે મૂકીને પોતે પાડોશીને ઘેર અનાજ ખાંડવા માટે ગઈ.

હવે આ બાજુ દેવી પુત્રની માંચીની પડખેના બીલમાંથી એક સાપ નીકળ્યો. તે સાપને જોઈને નોળીયાએ જલ્દી તે સાપના ટુકડે ટુકડા કરી નાખ્યા. તે નોળીયાએ વિચાર્યું કે આ બાબતની હું મારી માને (દેવીને) પહેલી જ હું વધામણી આપું. એમ વિચારી તે નોળીઓ જ્યાં તે દેવી અનાજ ખાંડતી હતી ત્યાં ગયો. ત્યારે લોહી ખરડાયેલાં અંગોવાળા તે નોળીયાને જોઈને દેવીએ વિચાર્યું કે અહો ! આ દુષ્ટે તો મારા પુત્રને ખરેખર મારી નાખ્યો. એમ વિચારી તે દેવીએ સાંબેલું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારી તે નોળીયાને મારી નાખ્યો. ત્યાર પછી તે પોતે પોતાને ઘેર આવી પુત્રને જીવતો અને તેની પડખે મરેલા સાપને જોઈને જીવતાં સુધી મહાદુઃખી દુઃખી થઈ.

## ચોરપત્ની દેવીની કથા સમાપ્ત

એ રીતે હે શેઠ! તમે પણ વગર વિચાર્યે કામ કરશો તો દુઃખી થશો. કુંચિક શેઠે કહ્યું : "હે ભગવન્! તમે તો ખરેખર પામર જેવા થયા તે આ પ્રમાણે—

## પામર કથા

નાગરવેલ, કેતકી, માલતી, ચંપક, અશોક, જાયફળ લવીંગ, કંકોલ, બીજોરા, વિગેરે વૃક્ષોની શ્રેણિથી સુશોભિત કોઈક વનમાં મદથી ઉન્મત થયેલો, સફેદ વર્ણવાળો કોઈ એક હાથી સાતસો હાથણીઓ સાથે ક્રીડા–આનંદ કલ્લોલ કરતો રહેતો હતો.

હવે એક વાતમાં ભમતા તે હાથીના પગમાં એક ખીલો વાગ્યો. તેથી, તે અત્યંત પીડા પામતો, પૃથ્વી ઉપર પડી ગયો. અને એ રીતે ભૂખથી પીડાતા તેના સાત દિવસ વ્યતીત થયા.

અહીં એક હાથણીએ કોઈ એક ખેતરમાં એક પામરને સુતેલો જોયો અને તે હાથણીએ તેને સૂંઢથી ઉપાડીને હાથી પાસે લાવીને મૂકયો. ત્યારે તે પામરે તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હાથીનું શરીર તપાસ્યું તો તેના પગમાં ખીલો પેસી ગયેલો જોયો અને તે ખીલાને બહાર કાઢી નાખ્યો. ત્યારે ખુશખુશ થયેલા તે હાથીએ તે પામરને મોતી અને હાથી દાંતનો સમૂહ આપ્યો. પામર પણ તે બધું લઈને ઘેર આવ્યો. ત્યારે લોકોએ તેને પૂછ્યું : "હે પામર ! તેં આ બધા મોતીઓ વિગેરેનો જથ્થો ક્યાંથી મેળવ્યો ?" ત્યારે તે પામરે પણ હાથી સંબંધી વાત જણાવી અને અનુક્રમે તે વાત સાંભળી રાજા તે હાથીને પકડી લાવવા પોતાની સેનાસહિત વનમાં ગયો અને તે રાજાએ લુચ્ચાઈ કરવા પૂર્વક તે હાથીના સમૂહને ખાડામાં પાડી નાખી જુદી જુદી જાતનાં બંધનોથી બાંધી નગરની અંદર લાવીને આલાન સ્થંભ—હાથીના બાંધવાના થાંભલે બાંધ્યો.

## પામર કથા સમાપ્ત

આ રીતે હે ભગવન્ ! તમે પણ પામર જેવા થયા. મુનિએ કહ્યું : "હે શેઠ ! આ સંસારમાં તમારા જેવો મૂર્ખ નથી. તમારા કરતાં તો પશુઓ પણ સારૂં વિચારી શકનારાં હોય છે" તે આ પ્રમાણે—

## સિંહણ કથા

વૈતાઢ્ય પર્વતની એક ગુફામાં એક સિંહણ રહેતી હતી. તે સિંહણને એક મૃગલી અને એક શિયાળ એમ બે સખીઓ હતી. તે ત્રણેને પરસ્પર અત્યંત મિત્રતા હતી. એક વખત તે સિંહણે એક પુત્રને જન્મ આપ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે વખતે ખૂબ ભૂખી થયેલી તે સિંહણ તે બચ્ચા પાસે મૃગલી અને શિયાળને મૂકીને પોતે પોતાના ભક્ષણ માટે વનમાં ગઈ અને તે વખતે તે મૃગલીને તો નિદ્રા આવી ગઈ. ત્યારે તે શિયાળણીએ વિચાર્યું: આ સિંહણના બચ્ચાનું મારે તો સારામાં સારૂં ભોજન થશે એમ વિચારી તે શિયાળ સિંહણનું બચ્ચું ખાઈ ગઈ. અને તે શિયાળે સૂતેલી મૃગલીનું મુખ લોહીથી લીપી દીધું અને ત્યાર પછી તે શિયાળણી પોતાના સ્થાને ચાલી ગઈ. એટલામાં સિંહણે ત્યાં આવીને ચારે તરફ તપાસ્યું. પણ પોતાના બાળકને ક્યાંય જોયું નહીં. આ બાજુ તે શિયાળણી પણ આવી. ત્યારે સિંહણે તે શિયાળણીને પૂછ્યું: "હે સખી! મારૂં બચ્ચું કેમ દેખાતું નથી?" શિયાળણીએ કહ્યું: "હું તો કામ પડવાથી મારા ઘેર ગઇ હતી, તેથી હું કંઈ જાણુતી નથી. પણ તું જો તો ખરી આ મૃગલીનું મુખ લોહીથી ખરડાયલું છે. તેથી તે તારો બાલ આ મૃગલીએ જ મારી નાખ્યો હોય એમ જણાય છે."

હવે તે સિંહણે મૃગલીને ઉઠાડીને પૂછ્યું: "હે મૃગી! તારૂં મુખ લોહીથી ખરડાયેલું દેખાય છે, તેથી તો મારૂં બચ્ચું તેં જ ખાધું હોવું જોઇએ."

હવે સિંહણે વિચાર્યું: "ખરેખર! મોઢું તો લોહીથી ખરડાયેલું દેખાય છે; પરંતુ, આ મૃગલી તો હંમેશા ઘાસ જ ખાનારી છે અને શિયાળણી માંસ ખાનાર તરીકે પ્રસિદ્ધ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે." માટે ખૂબ સારી રીતે બુદ્ધિપૂર્વક વિચારીને તે સિંહણે કહ્યું : "બંને સખીઓ! તમે બંને વમન–ઉલટી કરો જેથી તમારા બંનેમાંથી કોણ સાચું, કોણ ખોટું તે હું નક્કી કરી શકું !" ત્યારે મૃગલીએ જલ્દી વમન કર્યું અને તેમાંથી સૂકાં ઘાસ વિગેરે નીકળ્યું. ત્યારપછી શિયાળણીને પણ સિંહણે બળાત્કાર કરી, ખૂબ આગ્રહ કરી વમન કરાવ્યું તો તેમાંથી હાડકાં, ચામડી, માંસના ટુકડા નીકળ્યા. ત્યારે તે સિંહણે શિયાળણીને જલ્દી મારી નાખી અને મૃગલીનું સારી રીતે સન્માન કર્યું.

## સિંહણ કથા સમાપ્ત

આ રીતે હે કુંચિક શેઠ, જેમ તે સિંહણ પશુ હોવા છતાં પણ તેણે વિચાર કર્યો, તેવી રીતે તારે પણ ખૂબ વિચાર કરીને નિર્ણય કરવો જોઈએ.

કુંચિક શેઠે કહ્યું : "હે ભગવન્! તમે તો સિંહ જેવા કૃતઘ્ન થયા." મુનિએ કહ્યું : ,'સિંહની વળી શું વાત છે તે કહો !"

શેઠે કહ્યું—

## સિંહ કથા

હિમવંત પર્વતની નજીકમાં એક તાપસોનો આશ્રમ હતો. તેની નજીકમાં ગુફામાં એક નિશાચર–રાક્ષસ રહેતો હતો અને તે તાપસોની સોબતથી દયાળુ થયો હતો અને તેઓની ભક્તિ કરતો પોતાનો સમય વિતાવતો હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક વખત શિયાળામાં કોઈ એક સિંહ ઠંડીથી પીડા-યેલો તે નિશાચરની ગુફામાં પેસીને સૂઈ ગયો.

હવે આ બાજુ આવેલા નિશાચરે ઠંડીથી પીડાતા સિંહને પોતાની ગુફામાં સૂઈ ગયેલા જોઈને તેના ઉપર દયા લાવી પોતે ઠંડીને સહન કરીને પણ બહાર સૂઈ ગયો. ત્યારપછી જાગી ગયેલા સિંહે ઊઠીને તે નિશાચરને મારી નાખ્યો અને તેનું ભક્ષણ કરી ગયો.

## સિંહ કથા સમાપ્ત

આ રીતે હે મુનિ ભગવંત ! તમે પણ આવું જ કર્યું. મુનિએ કહ્યું : " હે શેઠ ! હું હવે કુઠ નામના વાણીયાની જેમ મારા ઉપર આવેલું કલંક દૂર કરીશ. "

શેઠે કહ્યું : " કુઠ વણિકની વળી શું વાત છે ? " તે કહો—મુનિએ કહ્યું—

## કુઠ વણિકની કથા

રાજગૃહ નામના નગરમાં ભેગા થયેલા બધા રાજાઓએ જેના સિંહાસનને શોભાવ્યું છે એવો સકલ કલાનો જાણકાર બધી જાતની રાજનીતિમાં હોંશિયાર શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો.

તે શ્રેણિક રાજાને બધા ગુણોથી ભરપૂર જિનેશ્વર ભગવંતના ધર્મની પ્રભાવના કરનારી અને અત્યંત રૂપાળી ચેલ્લણા નામની પટરાણી હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે જ નગરમાં અત્યંત દયાળુ મનવાળો બારવ્રતધારી શ્રાવક ગુણોથી યુક્ત કઠ નામનો શેઠ હતો, તે શેઠને રૂપ સૌભાગ્ય અને સૌંદર્યથી ભરપૂર ભદ્રા નામની પ્રિય પત્ની હતી.

એક વખત શેઠે પોતાનો મહેલ બનાવવા શિલ્પિઓને બોલાવ્યા અને તે સૂત્રધારો–શિલ્પિઓ પણ વાસ્તુશાસ્ત્રમાં કહેલ વિધિ પ્રમાણે તે શેઠના મહેલને બનાવવા લાગ્યાઃ

કહ્યું પણ છે કે—

"વૈશાખે શ્રાવણે માર્ગે, ફાલ્ગુને ક્રિયતે ગૃહમ્ ।
શેષમાસે પુનર્નૈવ, ઇતિવારાહ સંમતમ્ ॥
પૂર્વસ્યાં શ્રીગૃહં કાર્યં,—માગ્નેય્યાં તુ મહાનસમ્
શયનં દક્ષિણસ્યાં તુ, નૈઋત્યામાયુધાપિકમ્ ॥
ભુક્તિક્રિયા પશ્ચિમસ્યાં, વાયવ્યાં ધાન્યસંગ્રહઃ ।
ઉત્તરસ્યાં જલસ્થાન—મૈશાન્યાં દેવતાગૃહમ્ ॥"

કયા માસમાં મકાન બનાવવું તે જણાવે છે—વૈશાખ શ્રાવણ માગશર અને ફાગણ માસમાં મકાન બનાવવું જોઈએ. બીજા મહિનાઓમાં નહીં. એમ વરાહસંહિતામાં કહેલું છે.

કઈ દિશાઓમાં મકાનનાં કયાં કયાં અંગ રાખવાં તે જણાવે છે—

પૂર્વ દિશામાં લક્ષ્મીગૃહ, (ધન રાખવાનું સ્થાન—તિજોરી વિ.), અગ્નિ ખુણામાં રસોડું; દક્ષિણ દિશામાં શયન સ્થાન (પથારી). નૈઋત્ય ખુણામાં—શસ્ત્ર સ્થાન—આયુધ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિગેરે રાખવાનું સ્થાન, પશ્ચિમ દિશામાં ભોજન સ્થાન, વાયવ્ય ખુણામાં ધાન્યનાં કોઠાર, ઉત્તર દિશામાં પાણીઆરૂં અને ઈશાન ખુણામાં દેવગૃહ બનાવવું જોઈએ.

ત્યારપછી છ મહિને તેઓએ તે મહેલ તૈયાર કર્યો ત્યારે શેઠે પણ તે બધા શિલ્પીઓને ખૂબ ધન વિગેરે આપી સંતોષ પમાડી વિસર્જન કર્યા. ત્યારપછી નિમિત્ત શાસ્ત્રના જાણકારોએ બતાવેલા સારા મુહૂર્તે જેટલામાં તે શેઠ તે મહેલમાં પ્રવેશ કરે છે તેટલામાં આકસ્મિક સભા-મંડપના નૈઋત્ય ખુણામાં છીંક થઈ ત્યારે છીંકની બાબ-તમાં પૂછેલા નિમિત્ત શાસ્ત્રના જાણકારોએ કહ્યું કે—

क्षणं ठिअस्स पढमं-तिअक्कं वि किंवि काउकामस्स ।
होइ सुहा असुहा वि अ. छीआ दिसिभुमिभागेण ॥

पुव्वदिसि धुव लाहो, लज्जणे हाणि जमालए मरणं ।

नेईएँ उव्वेउं, पच्छिमए परमसंपत्ति ॥

वाअव्वे सुहवत्ता, घणलहो हेइ उत्तरे पासे ।
ईसाणे सिरिविजउ, रज्ज पुण मज्झहाणंम ॥

पहपट्ठिअस्स समुहा, छींआ मरणं नरस्स सा होई ।
वज्जे य दाहिणविहि, वामावि हियसिध्धिकरा ॥

સ્થાનમાં સ્થિર થનારને અને પહેલા છેલ્લા કાર્યમાં કંઈ કામ કરનારને દિશાઓન્ત ભૂમિ ભાગથી છીંક શુભ અશુભ કેવી રીતે થાય તે જણાવે છે—

પૂર્વ દિશામાં છીંક થાય તો નિશ્ચે લાભ, અગ્નિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખૂણામાં થાય તો હાનિ, દક્ષિણુ દિશામાં મરણુ, પશ્ચિમ દિશામાં ઉત્કૃષ્ટ સંપત્તિ, વાયવ્ય ખુણામાં સુખની વાર્તા, ઉત્તર દિશામાં ધનનો લાભ, ઈશાન ખુણામાં લક્ષ્મી અને વિજય અને મધ્યસ્થાનમાં છીંક થાય તો રાજ્ય મળે છે. માર્ગે રહેલાને એકસામટી છીંક આવે તો તે મનુષ્યનું મરણુ થાય છે. દક્ષિણુ દિશામાં છીંક આવે તો પણ કામ છોડી દેવું જોઈએ અને ડાબા પડખે આવે તો સ્થિતિની સિદ્ધિ કરનારી થાય છે.

તો હે શેઠ આ સમયે ઘરમાં વાસ કરવાથી તમને મોટો ઉદ્વેગ થશે, તે સાંભળી શેઠે તે મુહૂર્ત છોડી બીજા મુહૂર્તે તે મહેલમાં પ્રવેશ કર્યો. તે વખતે એક કૂતરો મોંઢામાં ભક્ષ્ય લઈને જમણા પડખેથી આવીને ડાબા પડખે ઊભો રહ્યો. તે વખતે શેઠે પૂછેલા શુકન જાણુનારે કહ્યું: “હે શેઠ! તમારૂં કામ અત્યંત શ્રેષ્ઠ થશે.”

કારણુ કે—

गच्छतां च यदा श्वास्या—दक्षिणाद्वामगर्तकः ।
सर्वसिध्धिस्तदा नूनं, भवति कामितप्रदा ॥
गच्छतां च यदा श्वानो, दृश्यते मेध्यभक्षकः ।
मिष्टान्नाशनपानादि, प्राप्नोति पुरुषो ध्रुवम् ॥

માણુસને કયાંય જતાં કૂતરો ને જમણેથી ડાબો જાય તો સર્વ સિદ્ધિ અને ઈચ્છિત આપનાર થાય.

અને જો કયાંય જતાં કૂતરો વિષ્ટા ખાતો હોય તો તે પુરુષ નિશ્ચે મિષ્ટાન્ન અને મીઠું પાણી મેળવે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે તે કૂતરો પોતાના કાનને ખણુવા લાગ્યો. ત્યારે તે શુકન જાણુનારે કહ્યું : "હે શેઠ ! તમારૂં કામ અત્યંત સુંદર થશે." કારણકે—

गच्छतां च यदा श्वानः, कर्णं कण्डुयते पुनः ।
द्रव्यलाभं विजानीयात्, महत्त्वं च प्रजायते ॥

માર્ગે જતાં માણુસને જો કૂતરો કાનને ખણુતો મળે તેને દ્રવ્યલાભ અને મહત્ત્વ મળે તેમાં સંશય નથી.

તે સાંભળી શેઠે શુકનની ગાંઠ બાંધી. ત્યાર પછી તે શેઠે પરિવારસહિત તે ઘરમાં પ્રવેશ કર્યો; અને સર્વ લોકોને સુંદર ભોજનથી જમાડયા.

હવે કેટલાક દિવસ પછી **ભદ્રા** શેઠાણીએ રાત્રિએ સ્વપ્નની અંદર, સમુદ્રની અંદર તરતી નાવને જોઈ.

ત્યારે તે ભદ્રા શેઠાણીએ તે સ્વપ્નની વાત પોતાના પતિ શેઠ આગળ કહી ત્યારે શેઠે કહ્યું : "હે પ્રિયા ! તારા કુલને ઉજ્જવલ કરનાર પુત્ર તને થશે." ત્યાર પછી તે ભદ્રા શેઠાણીએ સમય પૂરો થતાં શુભલગ્નમાં સર્વ સારાં સારાં લક્ષણોવાળો પુત્ર થયો. શેઠે મહોત્સવ-કરવાપૂર્વક તેનું **સાગરદત્ત** એવું નામ પાડયું. પાંચ ધાવમાતાઓથી લાલનપાલન કરાતો તે પુત્ર અનુક્રમે સર્વાંગસંપૂર્ણ બત્રીસલક્ષણો આઠ વર્ષનો થયો. કહ્યું પણ છે કે—

इह भवति सप्तरक्तः, षडुन्नतः पंचसूक्ष्म दीर्घश्च ।
त्रिविपुललघुगम्भीरो, द्वात्रिंशल्लक्षणः पुरुषः ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાત લાલ, છ ઊંચાં, પાંચ સૂક્ષ્મ, પાંચ દીર્ઘ, ત્રણ મોટાં, ત્રણ ટૂંકાં અને ત્રણ ગંભીર એ રીતે અંગવાળો બત્રીસ લક્ષણો પુરૂષ કહેવાય છે.

હાથપગનાં તળીયાં, આંખના ખૂણા, નખ, તાળવું, જીભ અને બે હોઠ આ સાત લાલ હોય તે ઘણાં સારાં ગણાય છે.

કાખ, પેટ, છાતી, નાક, બે ખભા અને કપાળ આ છ ઊંચાં સુંદર ગણાય છે.

આંગળીઓની રેખાઓ, દાંત, વાળ, નખ અને ચામડી એ પાંચ સૂક્ષ્મ હોય તે વખાણવા યોગ્ય છે.

બે હાથ, આંખોનો વચલો ભાગ, ઢીંચણ, નાક, બે ભૂજાઓનો વચલો ભાગ, આ પાંચ લાંબાં પ્રશંસાપાત્ર છે.

ડોક, બે પગ, જાંઘ આ ત્રણ ટૂંકાં સુંદર છે.

સ્વર, સત્ત્વ અને નાભિ એ ત્રણ ગંભીર હોય તે પ્રશંસાપાત્ર છે.

હૃદય, માથું અને કપાળ એ ત્રણે વિસ્તૃત હોય તે સારાં.

આવાં બત્રીશેય લક્ષણોવાળો તે પુત્ર થયો.

શરીરમાં સૌથી મુખ્ય મુખ છે, કારણ કે બધાં અંગોમાં મુખ ઉત્તમ છે. મુખમાં પણ નાક શ્રેષ્ઠ છે. તેમાં પણ આંખ શ્રેષ્ઠ છે.

વર્ણ કરતાં સ્નેહ શ્રેષ્ઠ, સ્નેહ કરતાં સ્વર શ્રેષ્ઠ, સ્વર કરતાં સત્ત્વ શ્રેષ્ઠ કેમકે સત્ત્વમાં બધું સમાયેલું હોય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાલ આંખોવાળાને લક્ષ્મી છોડતી નથી, સુવર્ણ જેવી પીળી આંખવાળાને અર્થ છોડતો નથી, લાંબા હાથવાળાને સત્તા છોડતી નથી અને માંસથી ભરપુર પુષ્ટ માણસને સુખ છોડતું નથી.

જે પુરૂષની છાતી વિશાલ હોય તે ઘણા ધન ધાન્યનો ભોગવનાર થાય છે, જેનું માથું વિશાલ હોય તે મોટો રાજા થાય છે; જેની કેડ વિશાલ હોય, ઘણી સ્ત્રીઓ અને ઘણા પુત્રવાળો થાય છે અને જેના પગ વિશાલ હોય તો હંમેશાં સુખી રહે છે.

ચક્ષુમાં સ્નેહ હોય તો સૌભાગ્યવાળો થાય છે.

દાંતસ્નિગ્ધ હોય તો સારૂં ભોજન મળે છે અને પગમાં સ્નિગ્ધતા હોય તો વાહન મળે છે.

તેમજ—

નીચેની બાબતો રેખાથી સમજાવી—

સેતુબંધ, વજ્રબંધ, ઊર્ધ્વ રેખા, અંકુશ જવ, શંખ છીપ, યશસ્થંભ, સ્તૂપ, વાવ, છત્ર ધજાપતાકા, તોરણ, સમુદ્ર, કાકપદ, ઘર, આરિસો, મત્સ્ય, મગર, કાચબો, કમળ ચામર, શ્રીવત્સ, રથ, કળશ, કમંડલ, માળ, સ્વસ્તિક, વૃક્ષ,

ઉપરોક્ત બધાં ચિહ્નો રેખાથી જાણવો.

ત્યારપછી તે શેઠે પોતાના તે પુત્રને સારા મુહૂર્તે પાઠશાળામાં ભણવા મૂકયો—કારણ કે—

સારા મુહૂર્તે કરાયેલું કામ બુદ્ધિ અને લાભ માટે થાય છે. સારા મુહૂર્તે સ્થાપન કરાયલા ગૌતમ સર્વલબ્ધિધારી થયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે વખતે શેઠે પોતાના બધા સ્વજનોને ભોજન માટે નિમંત્ર્યા. તે વખતે આહાર માટે બે મુનિ ભગવંતો પધાર્યા.

એ જ વખતે શેઠના આંગણામાં રહેલા ઝાડ ઉપર રહેલો એક કૂકડો બોલ્યો : " હે શેઠ! હું તમારા પુત્રને રાજ્ય આપનારો છું, માટે મને પણ તમે ભોજન આપો." આવું તેનું વચન સાંભળીને એક મુનિએ પોતાનું મસ્તક ધૂણાવ્યું ત્યારે બીજા મુનિએ પૂછ્યું : " હે મુનિ! આ કૂકડો શું કહે છે? "— તે મુનિએ બીજાને કહ્યું : " હે મુનિ! આ કૂકડાથી આ શેઠનો બાલક રાજ્ય પ્રાપ્ત કરશે. "

તે વખતે ત્યાં રહેલા શેઠે આ બધું સાંભળ્યું. ત્યારપછી શેઠે બંને મુનિઓને પડિલાભ્યા—આહાર દાનનો લાભ લીધો. અને તે બંને સાધુ પોતાના સ્થાને ગયા.

હવે તે શેઠ તે કૂકડાને પોતાના ઘરમાં યત્નપૂર્વક—સારી રીતે સાચવવા લાગ્યા. પુત્ર પણ પાઠશાલામાં સારી રીતે અભ્યાસ કરવા લાગ્યો.

હવે એક વખત તે શેઠને રાજાએ હુકમ કર્યો કે—" હે શેઠ! તમે યવન દ્વીપમાં જઈને મારા માટે ઘણાં કીંમતી વસ્ત્રો લઈ આવો! "

શેઠે કહ્યું : "હે સ્વામી! લઇ આવીશ." એમ કહી શેઠ ઘેર આવ્યા. ત્યારપછી તેમણે પોતાની પત્ની સાથે વિચારણા કરી : "હે પ્રિયા! હું રાજાના હુકમથી યવનદ્વીપ જઈશ." તે સાંભળી તેમની પત્નીએ કહ્યું : "હે પ્રાણનાથ!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવું નહીં સાંભળવા જેવું વાક્ય તમે મને કેમ સંભળાવ્યું ? તમારા વિના નિરાધાર થઈ ગયેલી હું અહીં કઈ રીતે રહી શકીશ ? કારણકે—

नारीणां प्रिय आधार :, स्वपुत्रस्तु द्वितीयक : ।
शून्यं शुभमते स्वामिन् !, कथ्यते किं मुहुर्मुहु : ॥
सा जिह्वा शतधा भुता, दिशो दिशि शगता दरम् ।
यद्वा प्राणेश गच्छ त्व – मित्यक्षरमथोच्यते ॥

સ્ત્રીઓને પહેલો આધાર પોતાનો પતિ, બીજો આધાર તેનો પુત્ર, હે શ્રેષ્ઠ બુદ્ધિવાળા સ્વામી ! બાકી બધું શૂન્ય છે આ સંબંધી વારંવાર હું આપને શું કહું ?

હે પ્રાણવલ્લભ ! જો તું જા એવા અક્ષરો બોલાય તો જીભના સેંકડો ટુકડા થઈ જાય અને તે ટુકડા દરેક દિશામાં ફેલાઇ જાય.

તે સાંભળી શેઠે કહ્યું : “ પ્રાણથી પણ, અધિક હે પ્રિયા ! આ તો રાજાનું કામ છે, કારણકે રાજા તો જગતમાં દુસ્તર કહેવાય છે–કામ કર્યા સિવાય ચાલે જ નહીં, તેથી તેનું આ કામ કરીને હું જલ્દી પાછો આવી જઈશ. ” ત્યારે તેની પત્નીએ કહ્યું : “ જો તમારે પરદેશમાં જવું જ પડે તેમ હોય તો મારા માટે અહીં કંઇક આલંબન અને શાંતિ રહે તેવું આપીને જજો. ”

હવે એટલામાં હાટમાં બેઠેલા શેઠની પાસે હાથમાં બે પોપટ યુગલવાળું પાંજરું લઈ એક બ્રાહ્મણ આવ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શેઠે તે પાંજરૂં હાથમાં લીધું. ત્યારે તે પોપટના યુગલે શેઠને આશીર્વાદ આપ્યા ત્યારે ખુશ થયેલા શેઠે તે બ્રાહ્મણને પાંચસો સોનામહોર આપીને પોપટ યુગલ સહિત પાંજરૂં લીધું.

ત્યાર પછી શેઠે પોપટ યુગલને પૂછયું : "તમે મનુષ્યની ભાષામાં કેવી રીતે બોલી શકો છો ?"

પોપટે કહ્યું : "હે શેઠ ! હું દેવની યોનિમાં ઉત્પન્ન થયેલો છું. માનવ નથી, મારી તમે બધી વાત સાંભળો"—

## શુકકથા

ધરણેન્દ્ર દેવની સભામાં રહેનારો હું ધરણેન્દ્ર દેવનો ચાકર દેવ છું. એક વખત ધરણેન્દ્રે મને હુકમ કર્યો કે— "હે નંદાવર્ત્ત ! તું અહીંથી માનવ લોકમાં જા. વારાણસી નગરીમાં વનની અંદર મંદિરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની જીવતસ્વામિની (ભગવંત વિચારતા હોય ત્યારે બનાવડાવેલી) પ્રતિમા છે, ત્યાં જઈ ત્રણે કાળ–સવાર બપોર સાંજ ત્રિસન્ધ્યાએ તારે પૂજા કરવી અને આશાતના દૂર કરવી."

તે સાંભળી ખુશ થયેલો હું અહીં આવીને નિરંતર તે પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિની સેવા કરૂં છું.

એક વખત કોઈક વિદ્યાસિદ્ધ પુરુષ આ વનમાં આવ્યો. તે સિદ્ધની અનેક રાજપુત્રો વેપારીઓ સામંતો વિગેરે કેટલાય સેવા કરતા હતા. એક વખત કોઈક

P.P. Ac. Gunratnasuri M.S.                Jun Gun Aaradhak Trust

ગોવાળે તે સિદ્ધને કહ્યુ કે : “ હે સ્વામી ! મારા ઉપર મહેરબાની કરીને મને કંઈક આપો. ” સિદ્ધે ચિડાઈને કહ્યું : “ રે જા પર હું ફિટ્ટ ” આ સાંભળી ગોવાળે મનમાં વિચાર્યું કે ખરેખર ! આ સિદ્ધે મને આ મંત્ર આપ્યો. એમ વિચારીને તેણે જિનમંદિરમાં જઈને “ રે જા પર હું ફિટ્ટ ” એ મંત્રનો ત્રણ દિવસ સુધી જાપ કર્યો અને તે વખતે મેં તેને અનેક રીતે બીવડાવ્યો, પણ તે ભય પામ્યો, નહીં ત્યારે આ કૌતુકથી ચમત્કાર પામેલો તે મૂર્તિનો અધિષ્ઠાયક દેવ એવા મેં પ્રત્યક્ષ થઈને કહ્યું : “ હે ગોપ ! હું તારા ઉપર તુષ્ટ થયો છું. તું વરદાન માગ. ગોવાળે કહ્યું “મારે ઘેર રહેલા કોઠારને રત્નોથી ભરી દો” અને મેં પણ તેની માગણી પ્રમાણે કર્યું. તેથી આ ગોવાલે ઘેર જઇને રત્નથી ભરેલો કોઠાર જોઇને ખુશ ખુશ થઈ ગયો અને તેમાંથી કેટલાંક રત્નો લઈને તે સિદ્ધ પુરુષની પાસે જઈ ભેટ કર્યા.

સિદ્ધે કહ્યું : “ હે ગોપાલ ! તેં આ રત્ન કયાંથી મેળવ્યો ” તેણે કહ્યું : “ હે સ્વામી ! આપે કહેલા મંત્રના જાપથી મેં આ રત્નો પ્રાપ્ત કર્યાં છે, ત્યારે તે સિદ્ધ પુરુષે વિચાર્યું: મેં તો આને રોષમાં કહ્યું હતું પણ આનો વિશ્વાસ–શ્રદ્ધા ફલીભુત થઈ.

હવે તેં વખતે હું મૂર્તિની પૂજા કર્યા સિવાય જ જ્યારે તે ગોપાલના ઘેર રત્નો આપવા ગયેલો હતો તે જ વખતે મારા સ્વામી ધરણેન્દ્ર તે જિનમંદિરમાં આવ્યા અને એ આવ્યા તે વખતે જિનમૂર્તિને નહીં પૂજાયેલી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જોઈને રોષે ભરાયલા તે મારા સ્વામીએ મને શાપ આપ્યો કે "હે નિષ્પુણ્ય તું હવે અહીં જ વનમાં પોપટ યુગલ થઇને રહે, તો વખતે મેં મારા સ્વામીને ઘણી વિનંતિઓ કરી તે મારા સ્વામીએ કહ્યું : "રાજગૃહ નગરમાં રહેલા કુંઠ શેઠની સેવા કરવાથી તારો શાપ દૂર થશે."

ત્યારથી હું પોપટ યુગલરૂપે થઈને વનમાં ઝાડ ઉપર રહેલો હતો.

આ બાજુ આ નિર્ધન બ્રાહ્મણ દરિદ્રપણાથી હારી–થાકી ગયેલો તે જ ઝાડની નીચે આવ્યો અને મોટા શબ્દે રડવા લાગ્યો. ત્યારે મેં તે બ્રાહ્મણને કહ્યું : "હે બ્રાહ્મણ! તું અમને બંનેને અહીંથી લઈ જઇને રાજગૃહ નગરમાં કુંઠ શેઠની પાસે જા. તે શેઠ અમને બંનેને ગ્રહણ કરી તને પાંચસો સોનામહોર આપશે."

## શુક કથા સમાપ્ત

આમ હે શેઠ મેં મારી બધી વાત તમારી આગળ કરી. પણ હે શેઠ! આ મારૂં ચરિત્ર તમારે કોઇની આગળ કહેવું નહીં અને જો કહેશો તો તમને મોટું વિઘ્ન આવશે. શેઠે પણ તે વાત સ્વીકારીને તે પોપટ યુગલને સ્વાદિષ્ટ ફલોથી પોષણ આપતા પાંજરામાં રહેલા તે યુગલનું પાલન કરતા હતા.

હવે અહીં તે શેઠના હાટે કોઈક એક તાપસ ભિક્ષા

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

લેવા માટે આવ્યો અને તે વખતે તેના મસ્તક ઉપર શેઠની દુકાનના છાપરામાંથી એક ઘાસનું તણખલું પડ્યું. ત્યારે તે તાપસ પોતાના જ ઉપર ક્રોધ કરતો લોકોની આગળ કહેવા લાગ્યો : "હે લોકો! મહાવ્રતધારક એવા મેં ક્યારેય કોઈનું તણખલું પણ આપ્યા સિવાયનું લીધું નથી. આજે મારા મસ્તક ઉપર આ તણખલું પડ્યું, તેથી હું દોષિત થયો, દોષિત થયેલા તે મારા મસ્તકનો હું છેદ કરીશ." એમ કહી તેણે મ્યાનમાંથી તલવાર કાઢી. ત્યારે લોકોએ ઘણો આગ્રહ કરી આપઘાત કરતો હતો તેમાંથી રક્ષણ કર્યું.

આવા પ્રકારની તેની ચેષ્ટા જોઈને શેઠે વિચાર્યું : ખરેખર! આ તાપસ તો મહાધર્મિષ્ટ લાગે છે, જેથી હું એને મારી ગેરહાજરીમાં મારા ઘેર રાખું, એમ વિચારી તે શેઠે તાપસની આગળ કહ્યું : "હે મહાત્મા! હું થોડાક સમય પરદેશ જવાનો છુ" તો ભોજન વિગેરે કરવાપૂર્વક તમે મારા ઘેર રહેજો."

તાપસે કહ્યું : "હે શેઠ! મારા જેવા તાપસોને ગૃહસ્થને ઘેર રહેવું યોગ્ય ન ગણાય." તે સાંભળી શેઠે વિચાર્યું. આવો નિસ્પૃહી મહાત્મા મને કોણ મળશે? એમ વિચારી ફરી શેઠે કહ્યું : "હે તાપસ, તમારા જેવો નિર્મલ આત્મા મને કોણ મળવાનો છે? માટે મારા ઉપર કૃપા કરીને મારે ઘેર જ રહેવું. જો આમ શેઠના અત્યંત આગ્રહથી તાપસે પણ તે રહેવાનું કબૂલ રાખ્યું.

હવે શેઠે તે તાપસને પોતાના ઘરના બારણા આગળ રહેવાની વ્યવસ્થા કરીને પોતાની પત્નીને કહ્યું : "હે પ્રિયા!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તારે પોપટયુગલ અને આ કૂકડો સારી રીતે રાખવા યોગ્ય છે." એમ કહી શેઠ તો દેશાંતર જવા નીકળ્યા.

હવે અહીં ખરાબશીલવાળી શેઠની પત્નીએ ધીમે ધીમે તે તાપસને વશ કર્યો, પોતાને આધીન કર્યો એટલે તે તાપસ શેઠની પત્ની સાથે ભોગવિલાસ કરતો રહે છે અને દ્રવ્ય વિગેરેનો પોતાની ઇચ્છા મુજબ વિનાશ પમાડે છે.

એક વખત ઘરમાં આવતા તે તાપસને પોપટયુગલે જોયો. ત્યારે રોષે ભરાયેલી પોપટીએ તે તાપસને કહ્યું: "અરે દુષ્ટ પાપી! તું ઘરમાં કેમ આવે છે?" ત્યારે પોપટે પોપટીને કહ્યું: "હે પ્રિયા! હમણાં આપણે બોલવાનો સમય નથી." ત્યારે પોપટીએ કહ્યું: "હે સ્વામી! તું તો મૂર્ખાઓનો અગ્રેસર–મૂર્ખશિરોમણિ છે; કારણ કે આ ઘર અને એની સ્ત્રીનું રક્ષણ કરવાનું શેઠે આપણને સોંપ્યું છે. આ દુષ્ટ તાપસ હંમેશાં શેઠાણી સાથે ભોગવિલાસ કરે છે અને દ્રવ્યનો વિનાશ કરે છે તો આ બધાની આપણાથી ઉપેક્ષા કેમ કરી શકાય?"

આમ તે બંનેની વાતચીત સાંભળીને રોષે ભરાયેલી ભદ્રા શેઠાણી જેટલામાં તેને મારી નાખવા માટે પાંજરામાંથી બહાર કાઢે છે તેટલામાં તો તે પોપટી ઊડીને આકાશમાં કયાંક ચાલી ગઇ અને પોપટ મૌન રાખીને રહ્યો.

હવે એક વખત ભૂદેવ નામનો કોઈક નિમિત્ત જાણનાર ત્યાં આવ્યો ત્યારે તે તાપસે તેને પૂછયું: "હે ભૂદેવ! આ કૂકડાનો કયો ગુણ છે? તેણે કહ્યું: "જે આ કૂકડાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કલગીને ખાય તેને સાત દિવસની અંદર રાજ્ય મળે. એ સાંભળીને ખુશ થયેલા તે તાપસે ભૂદેવને રવાના કરીને ભદ્રા શેઠાણીને કહ્યું: "હે ભદ્રા ! આ કૂકડાનું કલગી સહિતનું માંસ મને આપ." તે સાંભળી ભદ્રાએ કહ્યું: "હે પ્રાણનાથ ! આ કૂકડો તો શેઠને અત્યંત વહાલો છે, તો એને જો હું મારીશ તો શેઠને હું પછી જવાબ શું આપું ?"

તાપસે કહ્યું: "હે પ્રિયા ! જો તને મારાથી પ્રયોજન હોય તો તું આ કૂકડાને મારીને તેનું માંસ મને જમાડ. અને એમ નહીં કરે તો હું ચાલ્યો જઈશ" તે સાંભળી તે પાપિણી ભદ્રા શેઠાણીએ તે કૂકડાને મારી નાખ્યો અને તેનું માંસ પકાવ્યું.

હવે તે તાપસ ન્હાવા માટે સરોવર ગયો તે જ વખતે નિશાળેથી આવેલા **સાગરચંદ્રે** મા પાસે ભોજન માગ્યું ત્યારે તેની માએ કહ્યું: "હે પુત્ર, ઠંડું ભોજન તો અત્યારે કંઈ નથી; પણ આ માંસ પકાવ્યું છે. એમ કહીને શેઠાણીએ તે સાગરચંદ્રને થોડુંક તે કૂકડાનું માંસ આપ્યું તેની અંદર કૂકડાની કલગી તેના ખાણામાં ગઈ.

અને સાગરચંદ્રે તે ખાધી અને ત્યારપછી તે તો પાછો નિશાળે ગયો.

હવે સ્નાન પૂજા ધ્યાન સ્મરણ વિગેરે બધું પતાવીને તે તાપસ ઘેર આવી હર્ષોલ્લાસપૂર્વક જ્યારે ખાવા બેઠો તે વખતે તે માંસની અંદર કૂકડાની કલગી નહીં જોઈને રોષે ભરાયેલો ભદ્રાને કહેવા લાગ્યો: "હે પ્રિયા ! આમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કલગી ?" કેમ કયાંય દેખાતી નથી, તેણીએ કહ્યું: "હે પ્રાણેશ! પુત્ર વિના આ માંસ કોઈએ ખાધું નથી." તે સાંભળી ક્રોધાયમાન થયેલા તાપસે ભદ્રાને કહ્યું કે : "હે પ્રિયા! હવે જો તું તારા પુત્રનું પેટ ફાડીને તે કલગી તેમાંથી કાઢીને મને નહીં આપે તો હું ચાલ્યો જઇશ. તે શેઠાણીએ કહ્યું: "હે પ્રિય! આવું નિંદા થાય એવું અને અસંબંધ કાર્ય હું કેમ કરી શકું ?" છતાં તે તાપસના અત્યંત આગ્રહથી કામભોગની આસક્તિથી વિહ્વલ ચિત્તવાળી તેણે તે પણ સ્વીકાર્યું.

આ બધી વાત સાંભળીને ત્યાં રહેલી **ગોમતી** નામની બાળકની ધાવમાતાએ વિચાર્યું: અહો ! આ શેઠાણી તો કામભોગમાં જ આસક્ત છે, તો આ કુલટા આવું પુત્રને મારી નાખવાનું અકાર્ય પણ કરી બેસશે. કારણ કે કહ્યું છે કે—

"ખરેખર! સ્ત્રીઓનું ચરિત્ર હૃદયથી કરાતી કલ્પનાની બહાર છે. નારીચરિત્રને તો બ્રહ્મા પણ જાણી શકતા નથી. તો માનવો તો શું જાણી શકે?" સ્ત્રીઓ—વિદ્યા વિનાનો હોય, કુલવાન ન હોય અને કોઈ તેને સારો ન ગણતું હોય તેવા પણ નજીકમાં રહેલા પુરુષને સેવે છે. લગભગ રાજાઓ, સ્ત્રીઓ, વેલડીઓ, નિરંતર નજીકમાં રહેલાને જ વળગી રહે છે."

"ભોગમાં આસક્ત સ્ત્રીઓ પતિ, પુત્ર, ભાઈ ગમે તેને પણ ક્ષણ વારમાં પ્રાણનોય સંશય હોય તેવા અકાર્યમાં નાખે છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તો આ તો હમણાં પુત્રનો વિનાશ કરશે. એમ વિચારી જલ્દી જલ્દી તે ધાવમાતા નિશાળે—ગઇ અને ત્યાં જઈ સાગરદત્તને કાખમાં લઇને ચાલતી ચાલતી છઠ્ઠે દિવસે ચંપાનગરીના ઉપવનમાં ગઇ.

હવે એટલામાં જ તે નગરીનો રાજા અપુત્રીઓ મરી ગયો. તેથી પ્રધાનો વિગેરેએ મળીને પાંચ દિવ્ય અધિવાસિત તૈયાર કર્યાં, તે દિવ્યો જે ઉપવનમાં સાગરદત્ત સૂતો હતો ત્યાં ગયાં.

હાથીએ જલથી ભરેલા કલશથી તેનો અભિષેક કર્યો. અને ઘોડાએ હેવારવ કર્યો.

તે જ વખતે પ્રધાનો વિગેરેએ મળીને તે સાગરદત્તને ચંપાનગરીના રાજ સિંહાસન ઉપર સ્થાપન કર્યો અને **ધાત્રીવાહન** એવું તેનું નામ પાડયુ!

હવે અહીં તે તાપસની સાથે વિલાસ કરવામાં તે દુષ્ટ ભદ્રાએ બધાં ધનનો વિનાશ કર્યો. દાસી વિગેરે બધો પરિવાર પોતપોતાના સ્થાને ચાલ્યો ગયો. હવેલી વિગેરે પડી ગયું.

આ બધું થઇ ગયા બાદ કેટલેક વર્ષે શેઠ પોતાનું કામ પતાવીને જ્યારે ઘેર આવ્યા અને ઘેર આવી અહીં તહીં જોવા લાગ્યા અને પુત્ર વિગેરે કોઇને નહીં જોતાં શેઠે પત્નીને પૂછયું—પણ તેણે કંઈ ઉત્તર ન આપ્યો. ત્યારે શેઠે પોપટને પૂછયું: "હે શુકરાજ!" મારા ઘરની આવી અવસ્થા કેમ દેખાય છે? સાચું કહો! ત્યારે પોપટે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહ્યું: "હે શેઠ! પહેલાં તમે મને પાંજરામાંથી બહાર કાઢો. "પછી હું તમને બધી વાત વિસ્તારથી જણાવું." શેઠે પોપટને બહાર કાઢયો એવો તે પોપટે ઊડીને ઘરના આંગણાના ઝાડ ઉપર બેસીને શેઠને બધી વાત જણાવી. તેથી દૂભાઈ ગયેલા શેઠે પોતાની પત્નીનું આ બધું ખરાબ આચરણુ જાણીને સંસાર ઉપરથી વૈરાગ્ય પામીને ગુણ-સુંદરસૂરિ આચાર્ય ભગવંત પાસે જઈને દીક્ષા લીધી. પોપટ પણુ પોતાના શાપનો સમય પુરો કરીને ફરી દેવ-પણું પામી ધરણેન્દ્રની સભામાં ગયો.

હવે તે મુનિ પણુ પાંચ સમિતિ અને ત્રણુ ગુપ્તિથી યુક્ત શાસ્ત્રના અધ્યયનમાં જ તન્મય થઈને અનેક પ્રકારના તપના પ્રભાવથી, અનેક લબ્ધિઓને પ્રાપ્ત કરી એમ અનેક લબ્ધિવાળા તે મુનિ ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા.

હવે તે દુષ્ટા ભદ્રા શેઠાણી અને તાપસ લોકોથી કરાતી નિંદાના ભયથી રાજગૃહ નગરમાંથી નીકળી દરેક સ્થાને લોકોથી નિંદા પામતા પામતા ભ્રમણુ કરતા કેટલેક દિવસે અનુક્રમે ચંપાનગરીમાં પહોંચ્યા. ત્યાં કોઈક પાડાના પોળના ખૂણે એક ઝુંપડી બનાવીને તે બંને રહેવા લાગ્યા.

ભદ્રા ત્યાં બીજાનાં ઘરોનું પાણી ભરવું, લાકડાં લાવવાં, ખાંડવું, દળવું વિગેરે કામ કરી આજીવિકા ચલાવે છે. તાપસ પણુ કોઈક ધનવાનને ઘેર ખેતીનું કામ કરે છે.

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

હવે અહીં તે મુનિભગવંત પણ વિહાર કરતા કરતા અનુક્રમે તે જ નગરમાં આવ્યા અને ભિક્ષા માટે ફરતા ફરતા ભદ્રાના જ ઘેર ગયા અને ભદ્રાએ તેમને ઓળખ્યા. ત્યારે તે દુષ્ટાએ એમ વિચાર્યું : "અરે આ મારો ભરથાર જો મારું ચરિત્ર બીજાઓની આગળ કહેશે તો મારે અહીં રહેવું દુઃખદાયી બનશે." એમ વિચારી તે ભદ્રાએ આહારની અંદર ગુપ્ત રીતે પોતાની એક સોનાની વીંટી મુનિને આપી અને મુનિ ઘરની બહાર નીકળતાંની સાથે જ તેણીએ આ રીતે પોકાર કર્યો કે, "હે લોકો! જલ્દી આવો, જલ્દી આવો–દોરો દોડો, આ મુનિવેષધારી ચોરે મારી સોનાની વીંટી લઈ લીધી છે. તે સાંભળી ઘણા લોકો ભેગા થઇ ગયા અને કોટવાલને બોલાવ્યો. ત્યારે તે કોટવાલે મુનિનાં ઉપકરણ વિગેરે તપાસ્યાં તો તેમના આહારની અંદરથી નીકળેલી તે વીંટીને જોઇને કોટવાલ તે મુનિને બાંધીને ચૌટામાં લઈ ગયો.

અહીં ગોખમાં ઊભેલી તે ગોમતી ધાવમાતાએ તેમને ઓળખ્યા. એટલે મોટા ઘાંટે રડતી રડતી તે રાજા પાસે ગઈ ત્યારે રાજાએ પૂછ્યું : "હે માતા તમે શા માટે રડો છો ?" તે ગોમતીએ કહ્યું : "હે પુત્ર! આ વિડંબના પમાડાતા તમારા પિતા છે." તે સાંભળી આશ્ચર્ય પામતો અને હૃદયમાં દુઃખી થતો રાજા જલ્દી મુનિની પાસે જઇને તે મુનિને બંધનમાંથી છોડાવી વંદન કર્યું, ત્યારે ગોમતીએ પૂર્વમાં બની ગયેલી બધી વાત મુનિની સમક્ષ રાજાને જણાવી. ત્યારે ક્રોધે ભરાયેલા રાજાએ તે ભદ્રા અને તાપ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સને પોતાના દેશમાંથી દેશનિકાલ કર્યા અને મુનિનું સન્માન કરવાપૂર્વક વિનંતિ કરીને રાજાએ ત્યાં ચોમાસું રાખ્યા. ત્યારપછી રાજા નિરંતર મુનિ પાસે વ્યાખ્યાન સાંભળતાં સાંભળતાં સમ્યકત્વમૂલક બાર વ્રતોને ગ્રહણ કર્યાં અને વ્રત ગ્રહણ કરી પોતાના દેશમાં અમારી–અહિંસાની પટહોદ્ઘોષણા–જાહેરાત કરાવી, તેમજ મુનિના ઉપદેશથી તેણે અનેક જિનમંદિરો કરાવ્યાં. દાનશાલાઓ કરાવી, દીનનો ઉદ્ધાર કર્યો, સાધર્મિક વાત્સલ્ય વિગેરે અનેક ધર્મનાં કામો કર્યાં.

હવે આ પ્રમાણે જિનેશ્વર ભગવાનના દર્શનનો પ્રભાવ જોઈને કેટલાક દુષ્ટ પાખંડિઓ મુનિ ઉપર દ્વેષ–ઈર્ષ્યા કરવા લાગ્યા અને તે બધાએ ભેગા મળીને એક ગર્ભવતી ચંડાલણીને કહ્યું કે—

"જો તું આ મુનિની ઉપર કલંક આપે તો અમે તને પાંચસો રૂપિયા આપીશું." ત્યારે તે ચંડાલણીએ પણ ધન લઈને વાત કબૂલ કરી.

હવે ચોમાસા પછી તે મુનિ ભગવંત પણ ત્યાંથી વિહાર કરીને નગરની બહારના ઉદ્યાનમાં આવ્યા. ત્યાં તેઓ દેશના આપે છે અને રાજા વિગેરે બધા નગરજનો દેશના સાંભળે છે.

હવે તે વખતે ચંડાલણી ત્યાં આવીને, તે સાધુને કહે છે: "હે મુનિ! હવે તમે કયાં જાઓ છો? તમે પેદા કરેલ ગર્ભવાળી હું થઈ છું, અને હવે થોડા જ દિવસમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રસૂતિ થવાની છે. વળી મારી પાસે તો કંઈ દ્રવ્ય નથી, તેથી હવે હું શું કરીશ ?" તે સાંભળી રાજા વિગેરે બધા લોકો સંશયમાં પડેલા પરસ્પર—એક બીજા તરફ જોવા લાગ્યા. ત્યારે મુનિએ વિચાર્યું: "અહો ! કોઈક દુષ્ટાત્માએ શ્રી જિન—શાસનની ઉન્નતિ જોઈને દ્વેષ રાખી આમ કર્યું છે. એમ વિચારી તે મહાત્માએ કહ્યું : "હે મુગ્ધા ! તું આવું અસંબદ્ધ કેમ બોલે છે? ખોટું બોલવાથી તને મોટું પાપ લાગશે ! અને આવતા ભવમાં તારે નરકમાં જવું પડશે !" એમ અનેક રીતે કહેવા છતાં પણ તેણે જવાબ ન આપ્યો. ત્યારે મનમાં જરાક ક્રોધાયમાન થયેલા સાધુએ કહ્યું—

"અરે દુષ્ટા ! જો આ ગર્ભ મારો જ હોય તે હમણાં જ તારા યોનિમાર્ગથી પ્રસૂતિ પામો ! અને જો મારો ન હોય તો તારૂં પેટ ફાટી જઈ બે વિભાગ થઈને પ્રસૂતિ થાઓ." આમ, ક્રોધાવેશમાં તે મુનિએ પણ તે વખતે ન સંભળાય તેવું વાક્ય કહ્યું.

હવે તે જ વખતે તેણીનું પેટ ફાટી ગયું; અને તેમાંથી ગર્ભ પૃથ્વી ઉપર પડયો અને ચંડાલણી પણ મૂચ્છિત થઈ ભુમિ ઉપર પડી અને બે ઘડી પછી તે ચંડાલણી ચેતનાવાળી થઈ. લોકો પણ બધા તે આશ્ચર્ય જોઈ વિચારવા લાગ્યા કે : ખરેખર ! કોઈ દુષ્ટાત્માએ આ કપટ કર્યું હોય એમ જણાય છે.

ત્યારપછી રાજાએ તે ચંડાલણીને કહ્યું કે : " અરે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દુષ્ટ! તું જે હોય તે સાચી વાત જણાવ. તને હું અભય આપું છું. મારાથી કોઈ પણ જાતનો ભય રાખ્યા સિવાય તું સાચી વાત કહે અને નહીં કહે તો તારા પ્રાણ લઈશ—મારી નાખીશ." ત્યારે ભયથી કંપતા દેહવાળી તે ચંડાલણીએ કહ્યું કે—

"હે રાજન્! આ સંબંધમાં મારો કંઈ દોષ નથી આ બધા પાખંડિઓએ મને પાંચસો રૂપિયા આપ્યા અને તેઓની પ્રેરણાથી લોભમાં પડેલી મેં આ કપટ કર્યું છે." તે સાંભળી ભયભીત થયેલા તે પાખંડિઓએ તે મુનિવરને વારંવાર નમસ્કાર કરી વિનંતિ કરી "હે મહાત્મન્! અમારા આ અપરાધની ક્ષમા કરો. અમે તો નિર્ભાગી અને પૂર્વ પુણ્ય વિનાના છીએ અને તમે તો ખરેખર જીવોની રક્ષામાં તત્પર છો."

હવે અત્યંત ક્રોધાયમાન થયેલા રાજાએ તે બધાંને મારી નાખવાનો હુકમ કર્યો. પણ દયાળુ મુનિએ તેઓને જીવતા રાખવાનું જણાવતાં રાજાએ તે બધાંને જીવતા રાખી પોતાના દેશમાંથી દેશનિકાલ કર્યા—કાઢી મૂક્યા.

આમ જિન શાસનની અત્યંત પ્રભાવના કરીને મુનિ બીજા સ્થાને વિહાર કરી ગયા. અને છેલ્લે તે મુનિ વૈભાર-ગિરિ ઉપર એક માસની સંલેખના અનશન કરી મરીને દેવ થયા. અને દેવ સંબંધી સુખો ભોગવીને તે પછી મહાવિદેહમાં તે મોક્ષે જશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ રીતે હે શેઠ! જેમ તે મહાત્મા મુનિએ પોતાના ઉપર આવી પડેલું કલંક ક્રોધ કરીને પણ દૂર કર્યું તેવી રીતે હું પણ કરીશ. તે સાંભળી ભયભીત થયેલા કુંચિક શેઠના પુત્રે પોતાના પિતા કુંચિક શેઠને કહ્યું : "હે તાત! તમે ફોગટ આ સાધુ મહાત્માને ખિન્ન શું કામ કરો છો? આ સાધુ લોભ વિનાના, પરિગ્રહ વિનાના અને રાગદ્વેષની પણ ગાંઠ વિનાના છે. જેમણે પારકી વસ્તુને તૃણ જેવી ગણીને તેમજ પોતાનું પણ રાજ્ય વિગેરે બધું તજી દીધું છે તે તમારૂં ધન કઈ રીતે લે? લે જ નહીં, પરંતુ આ મુનિ તો મહાવ્રત તપ વિગેરેના પ્રભાવથી અનેક લબ્ધિવાળા થયા છે. જો આ મહાત્મા ક્રોધે ભરાશે તો આપણા બંનેનું નમુચિની જેમ મરણ થઈ જશે. તે સાંભળી કુંચિક શેઠે કહ્યું: "હે પુત્ર! આ નમુચિ કોણ?" પુત્રે કહ્યું–

## નમુચિની કથા

શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનના તીર્થમાં ઉજ્જયિની નામની મોટી નગરી હતી; તેમાં ધર્મસેન નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજા ન્યાયી, સરળ બુદ્ધિવાળો, ધર્મનો જાણકાર હતો. તેને નમુચિ નામનો બુધિમાન્ મંત્રી હતો. પરંતુ તે કુટિલ આશયવાળો, સંસારમાં પરિભ્રમણ કરનાર અને જૈનધર્મથી વિપરીત દૃષ્ટિવાળો હતો.

એક વખત ત્યાં ઘણા શિષ્યોથી પરિવરેલા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**શ્રી સુવ્રતાચાર્ય** ભગવાન્ સમોસર્યા, તેમને વંદન કરવા માટે રાજા વિગેરે નગરજનો ખુશ થતા થતા ત્યાં ગયા. તેમની પાસે તેમની ધર્મ દેશનાથી ત્યાં અનેક જીવો પ્રતિબોધ પામ્યા; ત્યારે તે દુષ્ટ નમુચિએ ત્યાં નાસ્તિકવાદની પરૂપણા કરી. પરંતુ, એક નાના સાધુથી પરાભવ પામેલો આ નમુચિ મનમાં ક્રોધાયમાન થયેલો પોતાને સ્થાને ગયો. અને રાત્રે તલવાર લઈને સાધુને હણવા માટે ઉપાશ્રયે ગયેલા નમુચિને શાસન દેવતાએ ઉપાશ્રયના બારણે જ થંભાવી દીધો. તેથી સવાર થતાં રાજા ગુરુવંદન કરવા આવ્યા ત્યારે હાથમાં તલવારવાળા નમુચિને ત્યાં થંભેલો જોઈને અને તેના દુષ્ટ આચરણને જાણીને પોતાના દેશની બહાર કાઢી મૂકયો–દેશનિકાલ કર્યો. આમ તે નમુચિ દરેક જગ્યાએ નિંદા પામતો અનુક્રમે ભમતો ભમતો હસ્તિનાપુર નગરમાં પહોંચ્યો. તે નગરમાં **પદ્મોત્તર** નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને **જ્વાલાદેવી** નામની રાણી હતી. તે રાણી જિનશાસનની પ્રભાવના કરનારી દેવ ગુરુધર્મની ભક્તિ કરવામાં તન્મય અને સમ્યકત્વ અને શીલરૂપ અલંકારોથી અલંકૃત હતી.

તે રાજાને બીજી રાણી લક્ષ્મી નામની હતી. તે રાણી મોહમાં મૂઢ અને મિથ્યાત્ત્વમાં આસક્ત હતી. કહ્યું છે કે–

"મિથ્યાત્ત્વમાં આસક્ત ચિત્તવાળો જીવ નિશ્ચે તત્ત્વ કે અતત્ત્વને જાણતો જ નથી. જન્મથી આંધળો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હોય તે કોઈપણ દર્પણમાં સુંદર કે અસુંદર પોતાના સ્વરૂપને જોઈ શકે ખરો ?

તે રાણી બ્રહ્મા ભક્તિ કરનારી, પતિના ચિત્તને અનુસરનારી પતિને અતિપ્રિય હતી.

અનુક્રમે જ્વાલાદેવીને **વિષ્ણુકુમાર** અને **મહાપદ્મ** નામના બે પુત્રો થયા. તે બંને અનુક્રમે મહાપરાક્રમી બુદ્ધિમાન અને યુવાન થયેલા જાણીને રાજાએ પોતાના મનમાં વિચાર્યું—

હું હવે રૂપ અને સૌંદર્યયુક્ત આ બંને પુત્રોને યુવરાજ તરીકે સ્થાપું. એમ વિચારી તે રાજાએ વિષ્ણુકુમારને કહ્યું : "હે પુત્ર!" હવે તું યુવરાજપણાને ગ્રહણ કર. ત્યારે તે વિષ્ણુકુમારે કહ્યું: "હે પિતાજી! આ અસાર રાજ્યને હું શું કરૂં ? હું તો દીક્ષા લઈશ." ત્યારે રાજાએ મહાપદ્મકુમારને યુવરાજપણાનું પદ આપ્યું.

હવે અહીં તે મહાપદ્મકુમારને નમુચિ મળ્યો. ત્યારે તે મહાપદ્મ પણ તે નમુચિને સન્માન આપવાપૂર્વક પ્રધાન તરીકે સ્થાપન કર્યો.

એક વખત તે નમુચિએ મહાપદ્મની આજ્ઞાથી સેના સહિત કોઈક દુર્ધર–દુઃખે જિતાય એવા પલ્લીપતિને જીતવા ગયો, ત્યાં સમરાંગણમાં તે પલ્લીપતિને જીતીને તેને બાંધીને મહાપદ્મને સોંપ્યો. ત્યારે ખુશ થયેલા મહાપદ્મે તે નમુચિને વરદાન માગવા માટે કહ્યું : તે નમુચિએ કહ્યું : "હું કોઈ પ્રસંગે માગીશ."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે એક વખત જ્વાલાદેવી રાણીએ જલયાત્રા માટે જિનેશ્વર ભગવાનનો રથ બનાવડાવ્યો અને જુદાં જુદાં રત્નો વિગેરેથી સુશોભિત બનાવાયેલો તે રથ નગરબહાર ઉપવનમાં ફરી નગરના દરવાજે આવ્યો.

હવે તે જ પ્રસંગે લક્ષ્મીએ પણ ઇર્ષ્યાથી બ્રહ્માનો રથ કરાવ્યો. તે રથ પણ તે જ રીતે બહાર જઇને નગરના દરવાજે આવ્યો.

'હવે અહીં બંને રથ નગરના દરવાજે આવતાં દરવાજામાં પહેલા પ્રવેશ માટે તે બંને રાણીઓને વિવાદ–ઝગડો થયો. ત્યારે રાજાએ તે બંને રથોને રોકી દઇને વનની અંદર વાડી–ઉપવનમાં સ્થાપ્યા.

આમ, પોતાની માતાનું અપમાન સમજીને મહાપદ્મકુમાર હૃદયમાં દુભાયો અને એકલો જ દેશાંતર ચાલ્યો ગયો.

ત્યાં અનુક્રમે છખંડ યુક્ત પૃથ્વી મંડલને સાધીને ચક્રવર્તીના પદને પ્રાપ્ત કરીને ફરી પાછો ગજપુર નગરમાં આવ્યો અને પિતાએ તેને મહોત્સવપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો.

ત્યારપછી અનેક રાજાઓએ મળીને તે મહાપદ્મ રાજાનો ચક્રવર્તી રાજા તરીકેનો અભિષેક કર્યો.

હવે અહીં શ્રી સુવ્રતાચાર્ય ભગવંત ઘણા શિષ્યોથી પરિવરેલા તે નગરમાં સમોસર્યા. રાજા વિગેરે બધા નગર-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જનો તે આચાર્ય ભગવંતને વંદન કરવા માટે આવ્યા. આચાર્ય ભગવંતે પણ તેઓને ધર્મદેશના આપી. તે વખતે પ્રતિબોધ પામેલી તે પદ્મોત્તર રાજા અને વિષ્ણુકુમારે તે આચાર્ય ભગવંત પાસે દીક્ષા લીધી.

પદ્મોત્તર રાજર્ષિ નિર્દોષ–નિરતિચાર વ્રતનું પાલન કરીને અંતે કાલ કરીને દેવલોકમાં ગયા.

હવે વિષ્ણુકુમાર મુનિને ૭ હજાર વર્ષ ચારિત્ર પાલતાં તીવ્ર તપના પ્રભાવથી અનેક લબ્ધિઓ ઉત્પન્ન થઈ. એક વખત તેમણે ગુરુને વિનંતી કરી કે : "હે ભગવન્! જો આપની આજ્ઞા હોય તો મેરુપર્વતની ચૂલિકા ઉપર જઈને કાઉસ્સગ્ગ કરું." ગુરુભગવંતે પણ વિષ્ણુકુમારને યોગ્ય સમજીને તે પ્રમાણે આદેશ આપ્યો. તેથી તે વિષ્ણુકુમાર પોતાની લબ્ધિના પ્રભાવથી ત્યાં જઈને કાઉસ્સગ્ગ કર્યો.

હવે અહીં શ્રીમહાપદ્મ ચક્રવર્તીએ પણ ગામે ગામ જિનમંદિરોથી પૃથ્વીને સુશોભિત કરી. જિનેશ્વર ભગવાનની રથયાત્રા પણ મહોત્સવપૂર્વક કરીને પોતાની માતાના મનોરથને પૂર્યો.

હવે એક દિવસ તે નમુચિ મંત્રીએ રાજાને કહ્યું કે : 'હે સ્વામી! પહેલા આપે મને વરદાન આપેલું અને મેં તે વખતે અવસરે માગીશ એમ કહેલું તો તે વરદાન હવે મને આપો."

ચક્રવર્તીએ કહ્યું:"માગો!" તે પ્રધાનેકહ્યું : "હે પ્રભુ!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યજ્ઞ કરવા માટે કાર્તકમાસ સુધી મને રાજ્ય આપો.” અને એ રીતે એક માસ સુધી તમારે અંતઃપુરમાં જ રહેવું. કોઈનું સાંભળવું નહીં. તે સાંભળીને પોતાના વચનથી બંધાયેલા રાજાએ પણ તે પ્રમાણે સ્વીકાર્યું.

હવે અહીં તે જ વર્ષે શ્રી સુવ્રતાચાર્ય ભગવંત પોતાના પરિવારસહિત રાજાના આગ્રહથી તે જ નગરમાં ચોમાસું રહેલા હતા; અને તે સાધુઓ તે જુદી જુદી જાતના તપ કરતા હતા.

હવે ત્યાં ચોમાસું રહેલા આચાર્ય ભગવંતને જાણીને પૂર્વના વેરને યાદ કરી તે દુષ્ટ નમુચિએ તેઓને કહ્યું: “હે મુનિઓ! બીજા બધા લિંગીઓ–સાધુઓ મારા આ યજ્ઞમહોત્સવમાં મારી પાસે આવીને મને સેવે છે તો તમે પરિવાર સહિત મારી પાસે કેમ આવતા નથી? તો આ મારી ભૂમિમાં તમારે સાત દિવસથી વધારે નહીં રહેવું– અહીંથી તમારે ચાલ્યા જવું અને જો રહેશો તો તમને બધાંને હું મારી નંખાવીશ.”

આચાર્યે કહ્યું: “હે મંત્રી! ચોમાસામાં સાધુઓ વિહાર કરતા હોતા નથી.” તો ચોમાસું પૂર્ણ થયે અમે તમારી ભૂમિ છોડીને બીજે ચાલ્યા જઈશું.” આમ આચાર્ય ભગવંતે કહેવા છતાં દ્વેષી એવા તેણે તે ન માન્યું.

હવે આ જાતના પ્રધાનના અન્યાયને જાણી ચક્રવર્તી રાજા અત્યંત ખેદ પામ્યો. શોકાતુર થયેલો સર્વ શ્રી સંઘે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મલીને આચાર્ય ભગવંતને વિનંતિ કરી કે: “હે પ્રભુ! હવે આને માટે કોઈપણ ઉપાય કરાય તો સારું કારણકે કહ્યું છે કે”

“જિનશાસનના કાર્ય માટે ઋષિરાજ ચક્રવર્તીની સેનાને પણ જો ચૂરી શકે તેમ હોય અને જો તે કામ ન કરે તો તે ઋષિરાય અનંત સંસારી થાય છે.”

આવા પ્રકારના સંઘના વચનને સાંભળીને આચાર્ય ભગવંતે કહ્યું:

“આવો, વિઘ્નની શાંતિ કરી શકે તેવો શક્તિશાળી હાલમાં રાજાનો ભાઇ વિષ્ણુકુમાર છે, પણ તે હમણાં મેરુ પર્વતની ચુલિકા ઉપર રહેલા છે.”

ત્યારે સંઘે પૂછયું: “હે ભગવન! અહીં કોઇ તેવો વિદ્યાવાળો છે કે જે મેરુપર્વતની ચૂલિકા ઉપર જવાને સમર્થ હોય?”

ત્યારે એક મુનિએ કહ્યું કે: “હે ભગવન્! ત્યાં જવાની મારી શક્તિ છે, પણ ત્યાંથી પાછા આવવાની મારી શક્તિ નથી”. ત્યારે આચાર્ય ભગવંતે કહ્યું:

‘તો હે વત્સ! તું ત્યાં જઈને વિષ્ણુકુમારને આ બધી વાત જણાવ. એ તો મહાલબ્ધિવાળા છે. એ તને પણ અહીં લાવશે.”

હવે આ પ્રમાણે ગુરુ ભગવંતની આજ્ઞા પામેલો તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મુનિ સંઘના કાર્ય માટે આકાશમાર્ગે જલ્દી વિષ્ણુકુમાર મુનિ પાસે જઈને, નમસ્કાર કરીને, સર્વ વૃત્તાંત જણાવ્યું.

ત્યારે વિષ્ણુકુમાર મુનીશે પણ પોતાની વૈક્રિયલબ્ધિથી જલ્દી તે મુનિને લઈને, ત્યાં આવીને આચાર્ય ભગવંતને નમસ્કાર કર્યા.

તે વિષ્ણુકુમારને આવેલા જોઈને શ્રી સંઘ પણ ખૂબ હર્ષવાળો થયો. ત્યારપછી ગુરુ ભગવંતની આજ્ઞા લઈ વિષ્ણુકુમાર મુનિ નમુચિ પ્રધાનની પાસે રાજસભામાં ગયા. તે વખતે નમુચિ વિના સભામાં રહેલા બધા લોકોએ સન્માન આપવાપૂર્વક મુનિને વંદન કર્યું. ત્યારે તે મુનિએ મનમાં જરાક ક્રોધાયમાન થઈને નમુચિ પ્રધાનને કહ્યું કે: "હે અધમ રાજા! હજુ ચોમાસું પૂરું થયું નથી, તેથી સાધુઓને રહેવા માટે તું સ્થાન આપ!" તેણે કહ્યું: "હું તેઓને રહેવા માટે ત્રણ પગલાં મૂકાય એટલી જ પૃથ્વી આપીશ. ત્રણ પગલાં મૂકાય તેટલી ભૂમિથી વધારે નહીં જ આપું!"

તે વખતે ક્રોધે ભરાયેલા મુનિએ વિચાર્યું: ખરેખર! આ દુષ્ટ પ્રધાન શિક્ષા કરવા યોગ્ય જ છે. એમ વિચારી તે વિષ્ણુકુમાર મુનિએ પોતાની વૈક્રિયલબ્ધિથી લાખ યોજન પ્રમાણ પોતાનું શરીર વિકુર્વ્યું—બનાવ્યું. પૂર્વ–પશ્ચિમ કિનારા સુધી પોતાના બે પગ સ્થાપન કર્યા, તે વખતે કુલપર્વતો પણ કંપાયમાન થયા. પૃથ્વી અચલ હોવા છતાં ચલિત થઈ. સમુદ્રે પણ ઊંચા ઉછળતા તરંગો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વડે કરીને મર્યાદા ત્યજી દીધી. દેવલોકમાં દેવો પણ મહા-ક્ષોભ પામ્યા. આખું બ્રહ્માંડ જાણે ખળભળી ઊઠયું, ત્યારે વિષ્ણુકુમાર મુનિએ નમુચિને પૂછયું: "અરે દુષ્ટ! બોલ હવે હું ત્રીજો પગ કયાં મૂકું?" એમ કહી તે મુનિએ ત્રીજો પગ તેના માથા ઉપર મૂકયો. તેથી તે મરી ગયો અને તેનું શરીર પાતાલમાં પેસી ગયું. તેથી જ લોકમાં વામન અવતાર પ્રસિદ્ધ થયો.

## નમુચિ કથા સમાપ્ત

અહીં શંકાવાળા થયેલા ઇંદ્રે પોતાના અવધિજ્ઞાનથી આ બધું જોયું ત્યારે તે મુનિના કોપની શાંતિ માટે પોતાની અપ્સરાઓ અને ગાંધર્વો વિગેરેને મોકલ્યા. તેઓએ ત્યાં આવીને શાંતરસવાળું ગાન કરવાપૂર્વક મુનિના કોપની શાંતિ કરી. કહ્યું છે કે–

"પરના હિતની વિચારણા તે મૈત્રી,
પરના દુઃખના વિનાશની વિચારણા તે કરુણા
પરના સુખમાં આનંદ આવવો તે મુદિતા
અને પરના દોષની ઉપેક્ષા કરવી તે ઉપેક્ષા–માધ્યસ્થ્ય,

"દેશે ઊણી પૂર્વ ક્રોડ વર્ષ સુધી જે ચારિત્ર પાળ્યું હોય" તે ચારિત્ર પણ કષાયની મિત્રતા કરનાર મનુષ્ય અંતમુહુર્ત કાળમાં હારી જાય છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે આ પ્રમાણે શાંતરસથી જેનો ક્રોધ ઉપશાંત થયો છે, તે વિષ્ણુકુમાર મુનિએ પોતાનું વૈક્રિયરૂપ સંહરી લઈને આચાર્ય ભગવંત પાસે આવીને તેની આલોચના-પ્રાયશ્ચિત્ત કર્યું.

મહાપદ્મરાજાએ પણ જલ્દી ત્યાં આવીને વિનયપૂર્વક નમસ્કાર કરી, આવા દુષ્ટને વચન આપવાનો પોતાનો અપરાધ ખમાવ્યો. ત્યારપછી વિષ્ણુકુમાર શુદ્ધ મનથી ચારિત્ર આરાધીને મોક્ષે ગયા.

આ રીતે હે તાત! આ મુનિ પણ મહાન્ લબ્ધિવાળા છે, તો લબ્ધિના પ્રભાવથી આ મુનિ જે કાંઈ વિચારશે તે બધું કરવા સમર્થ થશે. જેમ શ્રી આર્યરક્ષિતસૂરિના ગચ્છમાં ઘૃતપુષ્પ અને વસ્ત્રપુષ્પ નામના બે લબ્ધિધારી શિષ્યો હતા.

તેમાં ઘૃતપુષ્પમિત્ર સાધુની એવી લબ્ધિ હતી કે આ મુનિ—

**દ્રવ્યથી**—ભિક્ષા વડે ઘીને પ્રાપ્ત કરે.

**ક્ષેત્રથી**—જ્યાં ઘી બહુ તકલીફથી મળી શકે તેવું હોય તેવા અવંતી વિગેરે દેશમાંથી પણ ઘી મેળવે.

**કાળથી**—જેઠ-અષાઢ માસમાં ઘી દુઃખે મળે તેમ હોય તો પણ ભિક્ષામાં પ્રાપ્ત કરે.

**ભાવથી** પણ એ પ્રમાણે જાણવું કે—કોઇ ગર્ભિણી બ્રાહ્મણી હોય અને તેનો ભરતાર તેની પ્રસૂતિ કાલ માટે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છ મહિના સુધી માંગી માંગીને થોડું થોડું કરીને જે ભેગું કરે, આવું દુઃખે પ્રાપ્ત થાય એવું પણ ઘી તે ભિક્ષામાં પ્રાપ્ત કરે. આ પ્રમાણે પોતાની લબ્ધિના પ્રભાવથી પોતાના સમસ્ત ગચ્છને માટે ઘી પ્રાપ્ત કરે.

હવે વસ્ત્રપુષ્પમિત્રસાધુ—

**દ્રવ્યથી**–ભિક્ષામાં વસ્ત્રને મેળવે.

**ક્ષેત્રથી**–દુઃખે મળી શકે તેવાં ક્ષેત્રો વિદેહદેશ કે મથુરામાં પણ વસ્ત્ર ભિક્ષામાં મેળવે.

**કાળથી**–દુઃખે મળી શકે તેવા વર્ષાકાળમાં કે શિયાળામાં પણ ભિક્ષામાં વસ્ત્ર મેળવે.

અને **ભાવથી**–આ પ્રમાણે જાણવું.

જેમ દરિદ્રી વૃદ્ધ વિધવા અત્યંત દુઃખ વેઠી થોડું થોડું સૂતર કાંતી પોતાની ઠંડી દૂર કરવા માટે જે સાડી બનાવી હોય, તે સાડીને પણ જો વસ્ત્રપુષ્પમિત્ર સાધુ તેની પાસે માગે તો, તે જ વખતે તે વૃદ્ધા અત્યંત ખુશ થઈ તે મુનિને તે આપી દે તો પછી ધનવાનોની વાત જ શી?

આવા પ્રકારની તે મુનિની પણ લબ્ધિ હતી.

આ રીતે હે તાત! આ મુનિ પણ પોતાના તપના બલથી મહાલબ્ધિવાળા છે. તે કદિ તમારા ધનને લે જ નહીં. આથી, આ મહામુનિને ફોગટ તમે હેરાન ન કરો. ત્યારે શેઠે પોતાના પુત્રને તે નિધાનની વાત કરી. તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાંભળી પુત્રે કહ્યું : " હે તાત ! તે નિધાન તો મેં જ લીધેલું છે અને ઘરમાં બીજી જગ્યાએ સ્થાપન પણ કર્યું છે."

હવે તે **મુનિપતિ** સાધુ પણ ક્રોધથી જરાક લાલ નેત્રવાળા થયા અને તેમના શરીરમાંથી તેજોલેશ્યાનાં પુદ્ગલ વિસ્તરવાનો સમય નજીક આવી ગયો. આથી, ભયભીત થયેલા શેઠે તે મુનિના ચરણોમાં પ્રણામ કરીને કહ્યું : " હે ભગવન્ ! દુષ્ટબુદ્ધિવાળા થયેલા મેં આપને ખોટા જ હેરાન કર્યા, ખરેખર આપ તો તદ્દન નિર્દોષ છો." એમ કહીને તે શેઠ તે મુનિને વારંવાર ખમાવવા લાગ્યા.

તે વખતે શાંતમનવાળા થયેલા સાધુ ભગવંતે કહ્યું : " હે મહાભાગ્યશાળી ! ખોટાં કલંક આપવાથી પ્રાણીઓનો મહાઅનર્થ થાય છે. અને ચાર ગતિરૂપ સંસારસમુદ્રમાં ભ્રમણ કરવું પડે છે."

તે સાંભળી તે કુંચિક શેઠે વૈરાગ્યરંગથી રંગાઇને તે જ મુનિપતિ મુનિની પાસે દીક્ષા લીધી અને તેમના પુત્રે મોટા મહોત્સવપૂર્વક તેમનો દીક્ષા મહોત્સવ ઉજવ્યો.

હવે અનુક્રમે નિર્દોષ–નિરતિચાર ચારિત્ર પાળીને તે કુંચિક શેઠે છેલ્લે અનશન કરીને મુનિપતિગુરુ સાથે પહેલા દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવી તે બંનેય મહાવિદેહ ક્ષેત્રમાં અવતાર લઈ મોક્ષને પ્રાપ્ત કરશે.

**॥ ઈતિ શ્રી મુનિપતિ ચરિત્ર સમાપ્ત ॥**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# श्री मुनिपति चरित्र समाप्त

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

卐

श्री

श्री श्रा श्री

मुनि श्री क्षेमसागर विरचित

# श्री मोहजित चरित्रम्

[ગુજરાતી અનુવાદ]

卐

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

卐

॥ ॐ अर्हम् ॥

॥ श्री नवलखा पार्श्वनाथाय नमो नमः ॥

॥ अनंतलब्धिनिधान श्री गौतमस्वामिगणधरेभ्यो नमो नमः ॥

॥ योगनिष्ठा आ. श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमो नमः ॥

॥ आ. श्रीमत्कैलाससागरसूरीश्वरेभ्यो नमो नमः ॥

卐

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

卐

प्रणम्य वीरं निजमानसे हि,

पुनश्च नत्वा कुशलाख्यसूरिम् ।

श्री मोहजितस्य वदामि किञ्चत्

॥ भव्यं चरित्रं भवनाशाकारि ॥

પોતાના મનમાં શ્રી વીરજિનેશ્વરને નમસ્કાર કરીને તેમજ વળી કુશલસૂરીશ્વરને નમસ્કાર કરીને ભવસંસારનો નાશ કરનાર મોહજિત રાજાના અતિસુંદર ચરિત્રને સંક્ષિપ્તમાં કહીશ.

卐

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જંબૂદ્વિપના ભરત ક્ષેત્રમાં કંબુ નામના દેશમાં અલકાપુરી નામની નગરી હતી, જે નગરીના બહારનાં ભાગમાં ગીચઝાડી હતી. અનેક જાતનાં ફલ-ફુલવાળા બગીચાઓ હતા અને અત્યંત ઊંચા તોરણો અને ધજાઓવાળાં મંદિરો શોભી રહ્યાં હતાં.

વળી, દેવો પણ જે નગરીમાં જન્મ લેવાની ઇચ્છા કરે તેવાં અનેક જાતની વિદ્યાઓ વિગેરે તેમજ અનેક સદ્‌ગુણોથી ભરપૂર શ્રાવકોનાં ઘરોથી જે નગરી શોભી રહી હતી.

સકલકલાઓથી ભરપૂર અનેક રાજાઓનાં મંડલોથી પરિવરેલો સમસ્ત રાજનીતિઓથી યુક્ત સમકિતધારી અને અત્યંત ધાર્મિક તે નગરનો રાજા હતો.

તેમજ રાજાઓમાં જે પાંચ ગુણો ખાસ હોવા જોઈએ તે પાંચગુણોવાળો હતો. તે પાંચ ગુણો આ પ્રમાણે છે :—

૧. પાત્રમાં આપનારો-પોતાની વસ્તુના મમત્વનો ત્યાગી
૨. ગુણનો અનુરાગી
૩. ખાનપાન વિગેરે પરિજનોની સાથે જ લેનારો
૪. શાસ્ત્રોને સારી રીતે જાણનારો
૫. લડાઈમાં શૂરવીર

પુરુષનાં આ પાંચ લક્ષણો કહ્યાં છે તે તેનામાં બરાબર હતાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ નીતિશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ગુણોથી સુશોભિત મોહજિત રાજા તે નગરીમાં રાજ્ય કરતો હતો. તેની પટ્ટરાણી—શીલરૂપી અલંકારોથી અલંકૃત, અત્યંત રૂપવાળી, ચંદ્રમુખી, મનોહર સ્ત્રીઓની ચોસઠે કલાઓમાં પ્રવીણ અને સમ્યકત્વ વિગેરે ગુણોયુક્ત હતી તે આ પ્રમાણે—

अनुकूला सदा तुष्टा, दक्षा साध्वी विचक्षणा।
एभिरेव गुणैर्युक्ता, श्रीरेव स्त्री न संशयः॥

હંમેશાં પતિને અનુકૂળ રહેનારી, પોતાના પતિમાં જ સંતોષ માનનારી, વ્યાવહારિક અને ધાર્મિક બધી બાબતોમાં હોંશિયાર, સજ્જનતાયુક્ત, વિચક્ષણ, વિવેકી, આ બધા ગુણોવાળી સ્ત્રી સાક્ષાત્ ઘરની લક્ષ્મી જ કહેવાય છે. આવાં સુલક્ષણોવાળી મોહધ્વાન્તવિનાશિકા (મોહરૂપી અંધકારનો નાશ કરનારી) નામની રાણી હતી.

તે બંને પતિ-પત્ની દેવપૂજા, ગુરુસેવા વિગેરે સત્કાર્યોમાં મગ્ન બની પોતાનો કાળ વીતાવતાં હતાં.

આ રીતે તે બંનેનો સારો એવો સમય વ્યતીત થવાથી પૃથ્વી પણ તે બંને દંપતીથી શણગારાયેલી જણાતી હતી. કારણ કે—

देवान् पूजयतो दयां विदधतः
सत्यं वचो जल्पतः।
सद्भिः संगमनुज्झतो वितरतो दानं मदं मुञ्चतः।
यस्योत्थं पुरुषस्य यान्ति दिवसा-
स्तस्यैव मन्यामहे;
श्लाघ्यं जन्म च जीवितं च सफलं
तेनैव भूर्भूषिता॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"દેવનું પૂજન કરતા, દયા રાખતા, વચન સત્ય બોલતા, સજ્જનોની સાથેના સંગને નહીં છોડતા, દાનને વિસ્તારતા, મદને છોડતા, એવા જે પુરુષના દિવસો વીતતા હોય તેનો જ જન્મ અમે વખાણવા યોગ્ય માનીએ છીએ. તેનું જ જીવન—જીવવું પણ સફળ માનીએ છીએ. અને તેવા પુરુષોથી જ આ ભૂમિ પણ શણગારયુક્ત બનેલી હોય છે."

ઉપરોક્ત બધા ગુણોવાળા તે બંનેના દિવસો વીતતા હતા, એમ કરતાં વૃદ્ધાવસ્થામાં તેમને એક પુત્ર થયો.

ત્યારે પોતાના સગાં-વ્હાલા જ્ઞાતિજનોને જમાડી, સંતોષ પમાડી, આનંદ કરાવી, તે પુત્રનું **શાર્દૂલ** એવું નામ પાડ્યું.

પાંચ ધાવમાતાઓના લાલનપાલનથી ઉછેરાતો એ બાલક પાંચ વર્ષનો થયો ત્યારે તેને ઉત્સવ કરવાપૂર્વક **કલાચાર્ય** પાસે કલા શીખવા માટે મોકલ્યો.

તે બાલક પણ પ્રમાદ છોડી થોડા જ સમયમાં પુરુષને લગતી બોંતેર કલાઓનો પારગામી થયો.

ત્યાર પછી શાંત, જિતેન્દ્રિય, શૂરવીર અને પરાક્રમી એવો તે યૌવન અવસ્થાને પામ્યો.

ત્યારપછી તેણે **દત્તવીર્ય** નામના રાજાની **મોહ-વિનાશિકા** નામની પુત્રીની સાથે પાણિગ્રહણ–લગ્ન કર્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે મોહવિનાશિકા—અત્યંત મનોહર ચંદ્ર જેવા સુંદર મુખવાળી, જૈનશાસનની પ્રભાવના કરનારી, જીવ-અજીવ આદિ નવેય તત્ત્વોના અર્થને જાણનારી, સ્ત્રીઓને લગતી ચોસઠે કલાઓથી યુક્ત હતી.

એક વખત આઠેય કર્મને લગતી વિચારણા કરતાં મોહનીય કર્મની પ્રબલતા જોઈને તેણે વિચાર્યું :

અહો! તે મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સીત્તોર કોડાકોડી સાગરોપમની છે, વળી તે મોહનીય કર્મ ઝેરમાં મોટામાં મોટા ઝેરરૂપ છે, કારણ કે ખવાઈ ગયેલું ઝેર તો કેવલ એજ ભવમાં દુઃખ આપે છે અને જો તેનો ઉપચાર —ઈલાજ કરવામાં આવે તો તે દૂર પણ થઈ જાય છે; પરંતુ, મોહનીય કર્મ તો ભવોભવમાં દુઃખ આપનાર થાય છે. હે આત્મા! તેનું લક્ષણ તું ધ્યાન રાખી સાંભળ—

" स्नेहमूलानि दुःखानि "

બધાં દુઃખો સ્નેહમાંથી પેદા થાય છે.

હે આત્મા! જ્યારે તું આર્ત્ત, રૌદ્ર, ધર્મ, અને શુકલ આ ચાર ધ્યાનમાંના પહેલા આર્ત્તધ્યાનના ચાર પાયામાંથી इष्टवियोग આર્ત્તધ્યાનમ પહેલા પાયા ઉપર જ વિચાર કરે તો સમજાશે કે—આ ધ્યાન ખરેખર તિર્યંચગતિને જ આપનારૂં થાય છે. તેથી આ મોહનીય કર્મ તો અતિદુષ્ટ અને જેને જીતવામાં મુશ્કેલી પડી જાય તેવું છે.

વળી ઠાણાંગ સૂત્રના આઠમા સ્થાનમાં તેમજ દુર્લભતા વિજય નામના અષ્ટકમાં પણ પહેલાં જ કહ્યું છે કે—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"આઠે કર્મમાં મહાદુષ્ટ, મોહનીય કર્મ ઉપર વિજય મેળવવો અતિકઠિન છે."

આમ અનેક રીતે વિચારીને સ્વજન–સંબંધીઓ અને નગરજનો સહિત પોતે મોહને જીતીને ધર્મધ્યાનમાં લીન થઈ આનંદપૂર્વક પ્રજાનું પાલન કરતો હતો.

એક વખત કોઈક પ્રસંગે ઈંદ્રે દેવસભામાં કહ્યું કે:

"મનુષ્યલોકમાં અલકાપુરી નગરીના અધિપતિ મોહજિત રાજાએ પોતાનાં સ્વજનો અને નગરજનો સાથે મોહ ઉપર વિજય એવો મેળવ્યો છે કે જેને દેવો પણ ચલાયમાન કરી શકે તેમ નથી.

તે જ ધન્ય છે કે જેણે આઠ કર્મમાં મુખ્ય મોહનીય કર્મને જીતીને મનુષ્યજન્મને સફળ કર્યો છે." આમ અનેક રીતે મોહજિત રાજાની પ્રશંસા કરી ઇન્દ્ર અટકયા.

તે જ વખતે, તે જ સભામાં રહેલો એક મિથ્યાત્વી દેવ તે સાંભળીને આ વાતનો નહીં સ્વીકાર કરતો ઊભો થયો અને કહેવા લાગ્યો :

"હે સ્વામી! અન્ન ખાઈને જીવનાર એટલે-અન્નના કીડાની આટલી બધી પ્રશંસા કેમ કરો છો? શું તમે એમ માનો છો કે, "જો દેવો ચલાયમાન કરે તો ચલિત ન જ થાય? એમ? હું જ ત્યાં જઈને તેને ચલાયમાન કરૂં છું!"

આમ તે દેવ અહંકાર કરી દેવલોકમાંથી તે મોહજિત રાજાને ચલાયમાન કરવા માટે મનુષ્યલોકમાં ઉપડયો. અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ક્ષણમાત્રમાં મનુષ્યલોકમાં અલકાપુરીની નજીક આવી પહોંચ્યો. અને અલકાપુરીમાં આવીને તે રાજાની પરિક્ષા કરવા માટે સિંહનું રૂપ કરીને મેઘની ગર્જના સરખો અને અત્યંત ભય ઉપજાવે તેવો મોટો સિંહનાદ કર્યો. તેની ગર્જના સાંભળીને પશુઓ તો બિચારાં જેની બુદ્ધિ જ બહેર મારી ગઈ છે તેવા થઈ ગયાં—એક પગલું પણ ધારણ કરવા સમર્થ ન રહ્યા. તેમજ નગરીની બહાર રહેલા મનુષ્યો પણ ભયભીત થઈ પોતાના પ્રાણ બચાવવા અહીં તહીં દોડવા માંડયા.

એમાંના એક મનુષ્યે આવીને નગરજનોના રક્ષણ માટે નગરીના દરવાજાનાં કમાડ વાસી દીધાં અને પછી તે જ પુરુષે રાજસભામાં જઈને રાજાને વિનંતી કરી :

"હે સ્વામી! નગરીની બહાર સિંહ આવ્યો છે; તે અનેક પ્રાણીઓના જીવ લેશે તો જીવ હિંસા ન થાય તેમ કરો!"

આ સાંભળી રાજા વિચારે છે કે :

"અરે! પ્રજાને કાંટાની જેમ ખૂંચતા, જીવોની હિંસા કરનાર એ સિંહને સમરાંગણમાં જીતીને પ્રજાના દુઃખને હું દૂર કરું." નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

सशस्त्रवृत्तिः समरे रिपुः स्या—
यः कण्टको वा निजमण्डलामस्य ।
अस्त्राणि तत्रैव नृपाः क्षिपन्ति,
न दीनकानीं न शुभाशयेषु ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"લડાઈમાં શસ્ત્રધારી શત્રુ હોય અથવા પોતાના દેશ માટે જે કંટક સમાન હોય તેના ઉપર જ રાજાઓ પોતાનાં શસ્ત્રોનો ઉપયોગ કરે છે. હીનમાણુસો ઉપર કે સારા આશયવાળા પ્રાણીઓ ઉપર શસ્ત્રનો ઉપયોગ કરતાં નથી."

આમ સમજી રાજા જ્યાં તે સિંહને જીતવાની ઈચ્છા કરે છે તેટલામાં તો તે દેવથી પ્રેરણા પામેલા રાજપુત્રે રાજાને આ પ્રમાણે કહ્યું કે :

"હે પિતાજી ! સિંહ ઉપર વિજય મેળવવા માટે તો હું જ જાઉં. આપ તો અહીં જ રહો. હું એકલો જ તેને જીતી લઈશ"

આમ કહીને પિતાની આજ્ઞા મેળવીને કેટલીક સેનાને લઈને નગરીની બહાર આવીને ભાલાં, બરછી વિગેરે શસ્ત્રોથી સિંહના શરીરને આચ્છાદિત-યુક્ત કરી દીધું-ઢાંકી દીધું. સિંહ પણ રાજપુત્રને અત્યંત નજીકમાં આવેલો જોઈને તે સ્થાનમાંથી પલાયન કરી ગયો-નાશી ગયો. રાજપુત્રે પણ તેની પાછળ પાછળ ઘોડાને દોડાવ્યો; અને તે ઘોડો અત્યંત વેગપૂર્વક તેની પાછળ દોડતો રહેવાથી બધા સૈનિકો અને રાજપુત્રને ઘણું અંતર પડી ગયું. અને તેથી રાજપુત્રને નહીં જોવાથી બીજા માર્ગે જવા લાગ્યા.

રાજપુત્ર તો સિંહની પાછળ અત્યંત ભયંકર વનમાં પેઠો એટલામાં. સિંહ તો લોપ થઇ ગયો; અને પછી તે દેવ સિંહરૂપ છોડી યોગીનું રૂપ કરી પોતાના આસન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપર રાજપુત્રને મરી જ ગયો હોય તેવો કરી સ્થાપન કર્યો અને ત્યારપછી તરત જ જ્યાં રાજાની દાસીઓ પાણી ભરવા માટે આવતી હતી તે અલકાપુરીના બહારના ઉદ્યાનની વાવ ઉપર રહીને તે દેવ વિચારે છે કે :

"રાજાની દાસીઓ આવશે ત્યારે હું આ વાત તેમને કહીશ."

ત્યારપછી રાજાની દાસીઓ આવી ત્યારે યોગીએ કહ્યું :

विचित्रवार्तां कथयामि चेट्यः,
श्रृण्वन्तु विज्ञापनमस्ति भद्राः ।
राज्ञः सुतोऽसौ हरिणा हतस्तत्,
कायं वने क्षिप्तमहं तु खिन्नः ॥

"હે દાસીઓ, હું તમને એક વિચિત્ર વાત કહું, તે મારી વાત, હે ભદ્ર સખીઓ! તમે સાંભળો. રાજાના એ પુત્રને સિંહે મારી નાખ્યો છે અને તેના શરીરને વનમાં નાખી દીધું છે, તેનું મને ઘણું જ દુઃખ થાય છે.

તે સાંભળી દાસીઓ કહે છે—

वयं न कस्यापि दासत्वं गताः,
स्वामी न कोऽप्यस्ति मनुष्यलोके ।
जलस्य योगात्प्रचलन्ति पोताः,
स सारवाहः खलु तादृगेषुः ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અમે કોઈનું દાસીપણું પામેલા જ નથી અને મનુષ્યલોકમાં કોઈ અમારો માલિક નથી. જલના યોગથી વહાણ ચાલે છે, તેમ તેવાઓમાં સંસારપ્રવાહ ચલ્યા જ કરે છે.

દાસીઓનું આ કથન સાંભળી યોગી વિચારે છે કે : "શું અહીંની દાસીઓએ પણ મોહને જીતી લીધો છે? પણ એવું તો સંભવી શકે જ નહીં.

દાસીઓ ક્યાં ઉત્પન્ન થઈ? ક્યા સ્થાનમાંથી આવી? અરે! એવી દાસીઓ ક્યારેયે મોહને જીતી શકે જ નહીં! પરંતુ દાસીઓ તો સ્વાર્થી જ હોય, છતાં હું શાર્દૂલ-રાજપુત્રની માતા પાસે જાઉં. માતા તો પુત્ર ઉપર અત્યંત મોહ રાખે જ તો રાજકુમારની માતા પાસે જઈને કહું. એમ વિચારી અનુક્રમે તે યોગીએ રાજકુમારની માતા જે ગોખમાં રહેલી છે તે ગોખની નીચે જઈને એમ કહ્યું કે :

"હે માતા હું તમને એક બની ગયેલી દુઃખની વાત કહું. તમારા પુત્રને સિંહે મારી નાખ્યો. હું આ જાણી દયા આવવાથી મારૂં ખાવાનું પણ પડતું મૂકીને અહીં આવ્યો છું. બીજું મારે અહીં આવવાનું કોઈ કારણ નથી"

માતા તેને ઉત્તર આપે છે કે—

"જે લોકો ઉત્પન્ન થયા તે મરવાના જ હોય છે કારણ કે—જન્મ પામનારનું અવશ્ય મૃત્યુ છે જ એટલે કોણ કોને રાખી શકે એમ છે? જે થવાનું હોય તે થાય જ છે. માટે તું તપ કરવું છોડીને શું કામ આવું ભ્રમણ કરે છે?"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

पातालम विशतु यातु सुरेन्द्रलोके,
आरोहति क्षितिधराधिपति च मेरुम् ।
मन्त्रौषधप्रहारणैश्च, करोतु रक्षां,
यद्भावि तद्भवति नात्र विचार हेतुः ॥

પાતાલમાં પેસી જાય છે, દેવલોકમાં જાય કે મોટા મોટા પર્વતોના અધિપતિ મેરુપર્વત ઉપર ચડી જાય. મંત્ર ઔષધિ કે શસ્ત્રથી રક્ષણ કરો, છતાં જે થવાનું હોય તે જ થાય. એમાં બીજો શું વિચાર કરવાનો હોય ?

આમ સાંભળી દેવ આશ્ચર્ય પામી ફરી પાછો વિચારે છે કે—

"આ તે કેવું થયું. પહેલાં હું દાસીઓને સ્વાર્થી જાણીને અહીં આવ્યો; પરંતુ, અહીં તો માતાએ પણ મોહ કર્યો નહીં, તેથી હું માનું છું કે–માતાનો મોહ ત્યાં સુધી જ હોય છે કે જ્યાં સુધી પુત્ર સ્તનપાન કરતો હોય ? પછી તો કોણ કોની માતા અને કોણ કોનો પુત્ર !

"હજુ શું બગડી ગયું છે ? પ્રયત્ન ચાલુ રાખું તે રાજકુમારની સ્ત્રી પાસે જાઉં તે તો અવશ્ય પોતાના પતિ ઉપર મોહ રાખતી જ હશે કારણકે સ્ત્રીઓને તો પતિ જ આધાર રૂપ હોય છે"

આમ વિચારી તે યોગી રાજકુમારની સ્ત્રીની હવેલી નીચે જઇને આમ બોલ્યો :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"લાવણ્યથી ભરપૂર, બહુ સુખને આપનારી, રતિસમાન સૌંદર્યવાળી, ગુણોથી ભરપૂર એવી હે નારી! હું તને જે વાત કરૂં છું તેમાં જરાય શંકાને સ્થાન નથી—શાર્દૂલ-નામના રાજકુમારને સિંહે હણ્યો છે."

ત્યારે તે શાર્દૂલ રાજકુમારની સ્ત્રીએ ઉત્તર આપ્યો :

"હે યોગી! જંગલમાં વૃક્ષ ઉપર જે પક્ષીઓ ભેગાં થાય છે અને રાત્રિ વીતિ જતાં—સૂર્યોદય થતાં તે સૌ પક્ષીઓ પોત—પોતાના નિવાસ સ્થાનમાં જાય છે. તેવી જ જાતનો આ જગતમાં સંસારી પ્રાણીઓનો પણ સંગમ છે.

વળી આ અસાર સંસારમાં કોઈનું કંઈ નિત્ય હોય છે ખરૂં ? નથી જ હોતું. જેના માટે કહ્યું છે કે—

કેટલીય વાર અત્યંત આબાદીવાળો રાજા હોય તે પણ કેટલીય વાર કીડો પણ થયો હોય છે. કોઈનેય સુખ કે દુઃખ કાયમ હોતું જ—રહેતું જ નથી. તો આવા અનિત્ય જગતમાં આનંદ કરવાથીયે શું, શોક કરવાથી એ શું!

આ સાંભળીને ત્રિલખો થયેલો તે દેવ વિચારે છે કે :

"આ બધું શું થયું! મેં પહેલાં વિચારેલું ખરૂં કે તેની સ્ત્રી તો જરૂર તેના પતિ ઉપર મોહ કરશે જ. પરંતુ એણે પણ મોહ ન જ કર્યો. તો હવે શું મારી પ્રતિજ્ઞાનો ભંગ થશે ?"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નહિ નહિ પ્રતિજ્ઞાનો ભંગ તો નહીં જ થવા દઉં. હું તો બીજા સ્થાનમાંથી આવેલો છું, તેથી કેમ જાણી શકાય કે આ સ્ત્રીએ મોહને જીતેલો છે?

ઠીક! જે થવું હોય તે થાય, હવે તો રાજાને જ કહું, તે તો પોતાના પુત્ર ઉપર અવશ્ય મોહ કરશે જ. કારણ કે રાજ્યનો ભાર વહન કરવા માટે એકલો પુત્ર જ છે અને તે એક જ છે. એમ વિચારી તે સ્થાનમાંથી અનુક્રમે જતા જતા તે રાજસભામાં આવ્યો અને રાજાને આશીર્વાદ આપીને આ પ્રમાણે કહ્યું :

"હે રાજન્! ન કહેવા યોગ્ય અને રોષ પેદા કરે એવી પણ સત્ય હોવાથી હું આપને સાચી વાત કરું છું, તો મને આપ ક્ષમા કરજો. શાર્દૂલ નામનો તમારો હોંશિયાર પુત્ર સિંહથી મરણ પામ્યો છે. સિંહે મારી નાખ્યો છે. આમાં બીજો કોઈ દોષપાત્ર નથી."

આવું યોગીનું વચન સાંભળીને મોહજિત રાજા મનમાં વિચારે છે કે—

"અહો! આશ્ચર્ય છે કે–આ દુષ્ટ એવા મોહનીય કર્મે તો યોગીઓને પણ પોતાના બંધનથી બાંધી સ્વાધીન કર્યા છે!"

આમ વિચાર કરીને મોહનીય કર્મને, "હે મોહનીય કર્મ! તને ધિક્કાર હો!" એ રીતે સંબોધન કરવાપૂર્વક મોહનીય કર્મને ધિક્કારે છે—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હે દુષ્ટ મોહનીયકર્મ ! તેં તારી જાલ આટલા મોટા વિસ્તારપૂર્વક વિસ્તારી છે—પ થરી છે, પણ તું શું એટલું જાણતો નથી કે મહાન શૂરવીર પુરુષોએ તો તને તૃણ સમાન માની ભસ્મ કર્યો છે, તો પણ તેં તારો કુટિલ સ્વભાવ ન છોડયો, વણાયેલી દોરડી અગ્નિમાં નાખવા છતાં પણ તે પોતાના વળને છોડતી નથી, ભલે તેવો તારો સ્વભાવ હોય, હે દુષ્ટ મોહનીય કર્મ ! તેં તો મોટા મોટા ઋષિઓને પણ ભલે ન છોડયા, પરંતુ મારામાં કે આ નગરમાં તારા સરખા દુષ્ટને આવવાનું સ્થાન જ નથી.

એમ વિચારીને યોગીને સરલ સ્વભાવે ઉત્તર આપે છે

योगो न सिद्धो ममता न रिक्ता,
इतस्ततः किं भ्रमणं करोषि ।
तपो मलिनं भवतश्च जातं,
तस्यैव दुःखं मम नास्ति चान्यत ॥

હે યોગી ! તમને યોગ સિદ્ધ ન થયો, તમારી મમતા ઓછી ન થઇ તો પછી અહીં તહીં શું કામ ભટકો છો ? મને તો એ જ દુઃખ છે, બીજું કંઇ નહીં કે તમારૂં તપ મલીન થયું.

આમ કહ્યા પછી ફરી પણ યોગીને શિખામણ આપે છે કે, “હે યોગીશ્વર ! જો તમે યોગને ગ્રહણ જ કરી શકયા નથી, તો ફોગટ શા માટે મોહનીય કર્મને આધીન થઈ અહીં તહીં ભટકયા કરો છો ?”

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વળી પણ બીજું પણ સાંભળો—જો કે વ્યવહારથી તે મારો પુત્ર હતો. છતાં તેના મરણથી મને કોઇ શોક થયો નથી, કારણ કે—

यस्मिन्देशे, यदाकाले, यन्मुहुर्ते च यद्दिने ।
हानिर्वृद्धिर्यशो लाभो, यद्यथा तस्य नान्यथा ॥

જે દેશમાં, જે કાલે, જે મુહૂર્તે અને જે દિવસે હાનિ કે વૃદ્ધિ, યશ કે લાભ, જે થવાનું હોય તે જ થાય છે, બીજી રીતે થતું જ નથી.

વળી આ જગત્‌માં રોજેરોજ કેટલાય ઉત્પન્ન થાય છે, કેટલાય મરે છે. આમ સંસાર અનિત્ય છે. પણ મને એમ લાગે છે કે તમે યોગને પુરો સિદ્ધ કર્યો નથી.

આવાં શિખામણનાં વચનો યોગીને કહીને રાજા વિરામ પામ્યા.

આવાં રાજાનાં વચન સાંભળીને અને આવી અવસ્થા જોઈને યોગી વિચારે છે કે :

અહાહા ! ખરેખર ! મેં વિચાર્યું શું ! અને થયું શું ! ખરેખર મારી અવસ્થા તો કમળના ડોડામાં બીડાઈ ગયેલા ભમરા જેવી થઈ છે. જેમ કે—

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं,
भास्वानुदेष्यति हसिष्यति पंकजश्रीः ।
एवं विचिन्तयति कोशगते द्विरेफे,
हा हन्त हन्त नलिनीं गज उज्जहार ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભમરો આખી રાત કમળમાં બિડાઇ ગયેલો એમ વિચારે છે કે—

રાત વીતશે, પ્રભાત થશે, સૂર્ય ઉગશે, કમળની શોભા વિકાસ પામશે; આમ ભમરો (પોતાને બીડાયેલા કમળમાં મૂંઝાઈ ગયેલો શેખચલ્લીના) વિચારો કરે છે ત્યાં તો ખરેખર હાથીએ એ કમલિનીને જ ઉખેડી નાખી.

યોગી વિચારે છે કે, મારી પણ આ ભમરા જેવી દશા થઈ છે ખરેખર ! મેં તો વિચારેલું, અન્નના કીડારૂપ મનુષ્યને કેમ ચલિત ન કરી શકાય ? પરંતુ આ તો ઊલટું થયું. ઉપદ્રવ રૂપ થયું. આવા બધા વિચારો કરીને દેવ ઇન્દ્ર મહારાજનું વચન સત્ય છે એમ માની યોગીવેશ છોડી પોતાનું મૂળ દેવ સ્વરૂપ પ્રગટ મોહજિત રાજા ઉપર ખુશ થયો. તેટલામાં તો આનંદપૂર્વક ભ્રમણ કરતો તે શાર્દૂલ રાજકુમાર લીલામાત્રમાં આવીને રાજા પાસે ઊભો રહ્યો.

ત્યારે તે દેવ કહે છે—

હે પૃથ્વીનાથ ! જેવી આપની પ્રશંસા મેં ઈન્દ્ર મહારાજ પાસે સાંભળી તેનાથી પણ અધિક આપના તેજ અને પ્રભાવનો મને અનુભવ થયો. હું તો સર્વજ્ઞ ભગવંતને એવી પ્રાર્થના કરૂં છું કે, આપનો આ આવો શુદ્ધ વ્યવહાર દિનપ્રતિદિન વૃદ્ધિ પામો. જેમ આપની આ પ્રવૃત્તિ આજે છે અને શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞામાં જ રહો

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

તમારી આ ભગવાનની આજ્ઞાપાલનની પ્રવૃત્તિ
સુધી રહો અને આ આપના કિંકર(મને)ને
કામ પડે ત્યારે યાદ કરજો."

શુભ આશીર્વાદ આપીને તે દેવ પોતાના સ્થાને
જ્યારે તે દેવ ઇન્દ્ર મહારાજની પાસે ગયો
જત રાજાનું સર્વ બનેલ વૃત્તાંત જણાવ્યું. તે
માં સુખે રહે છે અને મોહજિત રાજા પણ
શ કરવામાં જ ઉત્કટ બુદ્ધિવાળા થયેલા પોતાનો
વા લાગ્યા.

એક વખત નગરીના બહારના ઉદ્યાનમાં શ્રી
ાચાર્ય ભગવંત પધાર્યા ત્યારે તેમની તપશ્ચર્યાની
આખું વન આશ્ચર્ય ઉપજાવે એવું બની ગયું.
યું તે નીચે પ્રમાણે—

ोकक्दम्ब-अम्रबकुलाः खर्जूरिका दाडिमा,
पुष्फफलप्रल्लवयुताः शाखापशाखान्विताः ।
ोजब्बापिकाप्रभृतयो जाताः पयःपूरिताः ।
ह सुराजहंसशिखिनश्चक्रुः स्वर कोकिलाः ॥
पकपारिजातकजण सत्केतकी मल्लिका,
मुखाः क्षणाद्विकसिताः प्रापुर्मधुपारतत ।
मधुरस्वरं सुललितं तङ्गन्धमाघ्रायते,
बहुगायनं स्वरपरैः भातीदृशं तद्वनम् ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અશોક, કદંબ, આંબા, બકુલ, ખજૂરી, દાડમી વિગેરે વૃક્ષો જે સૂકાઈ ગયેલાં હતાં તે બધાં ફુલ, ફળ અંકુર વિગેરે તથા શાખા પ્રશાખાથી સહિત થયાં, પાણી જેમાંથી સૂકાઈ ગયેલાં હતાં તે વાવડીઓ પાણીથી ભરપૂર થઇ ગઈ અને જે ઉદ્યાનમાં સારા રાજહંસ મોર, કોયલ, વિગેરે સુંદર સ્વરે ગાન કરવા લાગ્યા. વળી કરમાઈ ગયેલાં જાઈ ચંપક, પારિજાત, જયાકુસુમ, કેતકી, મલ્લિકા, કમલિની વિગેરે ક્ષણવારમાં વિકસિત થઈ ગયાં. તેથી તેમાં આવેલા ભમરાઓ મનોહર રીતે ગુંજારવ કરવા લાગ્યા અને તેની સુગંધને સુંઘવા લાગ્યા અને એ બધા શ્રેષ્ઠ સ્વરે ગાયનો ગાઈ રહ્યા હોય તેવું તે સુંદર વન-ઉદ્યાન બની ગયું.

આવું આશ્ચર્ય બનેલું જોઈને વનપાલકે રાજાની પાસે આવીને કહ્યું કે—

'હે પૃથ્વીનાથ! આજે આપના પ્રબળ પુણ્યના ઉદયથી ઉદ્યાનમાં—

શાંતમુદ્રાધારી, ભવ્યજીવોના તારક, મહાબુદ્ધિશાળી ચંદ્ર જેવા અતિ સૌમ્ય, સૂર્ય જેવા જ તેજસ્વી, સમુદ્ર જેવા ગંભીર, અનેક મુનિવરોના સમુદાયથી પરિવરેલા જ્ઞાની ગુરુ ભગવંત આવ્યા છે."

એ સાંભળી રોમાંચથી કંચુકિત થયેલા શરીરવાળા (જેના શરીરમાં રોમાંચ ખડાં થયાં હોય તેવા) અને એથી જાણે આભૂષણો શરીર ઉપર ઢબ્બલ જ ન થઇ ગયાં હોય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેવા મોહજિત રાજા રાજચિન્હ છોડીને બાકીનાં બધાં વસ્ત્રા-ભૂષણો ખુશાલી તરીકે વધામણી આપનાર વનપાલકને આપી દીધાં.

ત્યારપછી આનંદપૂર્વક ભેરીના અવાજથી દિશાઓના વિભાગોને ભરી દેતા ચતુરંગ લશ્કર સાથે ગુરુ ભગવંતને વંદન કરવા માટે નીકળ્યા અને અનુક્રમે ગુરુ ભગવંત પાસે જઈ વિધિપૂર્વક વંદના કરી યોગ્ય સ્થાને બેઠા અને પછી નીચે પ્રમાણે ગુરુભગવંતની સ્તુતિ કરી—

હે ગુરુ ભગવંત! આજે મારૂં અહોભાગ્ય છે કે મને આપના જેવા ગુરુભગવંતનાં દર્શન થયાં. વળી આપ તો ત્રણલોકમાં તિલક સમાન લાગો છો અને જે આપની આગળ આ સંસાર એક ચાંગળા સમાન ભાસે છે.”

એમ અનેક પ્રકારે સ્તુતિ કરીને રાજા અટક્યા, ત્યારે શુભ અવસર જાણીને આચાર્ય ભગવંત ધર્મનો ઉપદેશ આપે છે—

હે ભવ્યપ્રાણી! આ મનુષ્યભવની પ્રાપ્તિ દશ દૃષ્ટાન્તે દુર્લભ છે. છતાં કદાચ પુણ્યયોગે પ્રાપ્ત થયેલ મનુષ્યજન્મ પામીને જે મનુષ્ય ઉંઘ, આળસ, કષાય વિગેરેને વશ થઇ સંસાર સમુદ્રમાં પાડે છે તે આ લોક પરલોકમાં અત્યંત દુઃખો ભોગવનાર બને છે. કારણકે—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

अर्थाः पादरजःसमा गिरिन्दी—वेगोपमं यौवनं ।
मनुष्यं जलबिन्दुलोलचपलं फेनोपमं जीवितम् ॥
धर्मं यो न करोति निश्चलमतिः स्वर्गार्गलोद्घाटनं,
पश्चात्तापहतो जरापरिणतः शोकाग्निना दह्यते ॥

વિષયો પગની રજ સમાન છે, યૌવન પર્વતમાં વહેતી નદી સમાન ચંચલ છે. મનુષ્યપણું પાણીના બિંદુની જેમ અત્યંત ચપલ છે. જીવન પાણીના ફેણ સમાન છે. આ બધું ચંચલ હોઈને આ બધું પામ્યા પછી, માણસ જો તેમાં જ આસક્ત થઈ જાય અને નિશ્ચલાયમાન બુદ્ધિ-પૂર્વક સ્વર્ગના દરવાજા ઉઘાડી આપનાર ધર્મને જો ન કરે તો પછી પાછળથી પશ્ચયાત્તાપ થતાં દુઃખી દુઃખી થયેલા અને ઘડપણથી જર્જરિત થયેલાં તેને શોકરૂપી અગ્નિ બાળી નાખે છે.

વળી, આ જેનો પાર પામી શકતો નથી તેવા સંસાર સમુદ્રથી પાર પામવો તે અતિકઠિન છે; પણ, જેમ સમુદ્રમાં પાટીયું વળી જાય અને સમુદ્રમાંથી બહાર નીકળી શકે છે તેમ સમ્યકસ્વરૂપ આધાર જો મળી જાય તો જ તે સંસાર સમુદ્ર પાર ઊતરી શકે છે.

કદાચ શુભકર્મનો ઉદય થતાં સમ્યક્ત્વનો આધાર મળી જાય તો પણ ઉદયમાં આવેલાં કેટલાંક કર્મો જીવને અનેક પ્રકારે ભ્રમણ કરાવે છે, ભટકાવે છે, આવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પરિસ્થિતિમાં આત્માનો ઉદ્ધાર કેવી રીતે થઈ શકે છે તેના માટે અહીં ઉત્તમોત્તમ દૃષ્ટાન્ત આપવામાં આવે છે. તે નીચે પ્રમાણે—

કોઈ એક અપાર સમુદ્રમાં એક મનુષ્ય ભયભીત થયેલો અહીં તહીં ભટકી રહ્યો છે. સમુદ્રના કાંઠે જવા માટે કોઇક વસ્તુને શોધે છે, તે પ્રસંગે શુભકર્મના ઉદયથી એક પાટીયું તેણે મેળવ્યું તેની મદદથી તે ધીમે ધીમે તરે છે તે સમયે એકદમ એવું બન્યું કે—

એક મોટા ઝંઝાવાતનો પણ જલમાં પ્રવેશ થયો. છતાં અત્યંત કષ્ટે પાટીયાની મદદથી બહાર આવવા પામે છે તે વખતે કાંઠે રહેલ મનુષ્ય તેને એમ કહે છે કે–

"હે ભવ્યજીવ! ધીરજ રાખીને આ તારી આગળ ચાલતી નાવ ઉપર ચઢી જઇને અનુક્રમે નાવને વહન કરતો કરતો કાંઠે લાગેલી સાંકળને પકડીને કાંઠે આવી જા અને પછી આપણે બંને આ નગરમાં જઈએ તો જ ઘણા સુખી થઈશું"

આવો આનંદ આપનારાં વચનો સાંભળીને નાવ ઉપર ચઢી જઇને યત્નપૂર્વક કાંઠે જવા માટે પાટીયાને વહાવે છે અને અનુક્રમે કાંઠાની નજીક આવીને કાંઠે રહેલાં મનુષ્યે બતાવેલ સાંકળને પકડી કાંઠે રહેલા મનુષ્યને એમ કહે છે કે—

"હે સમુદ્રના તારાઓ! હમણાં તો હું અત્યંત મહેનત પડવાથી ખૂબ થાકી ગયો છું: જેથી, હવે મારામાં કાંઠા સુધી પહોંચવાની પણ શક્તિ રહી નથી."

ત્યારે કાંઠા ઉપર રહેલા મનુષ્યે અનેક રીતે ઉપદેશ અને ધીરજ આપીને ફરી પણ કહ્યું કે, "તું હમણાં જ કાંઠે આવી જઈશ. હવે થોડી જ મહેનત કરવાની છે, તો પ્રયત્ન કર. આવાં ધીરજ આપનારાં અને પડતાને ટેકો આપનારાં વચનો સાંભળી ઘણી મહેનત કરી કાંઠે એ પહોંચ્યો. પછી તેઓ બંને મળી તેની નજીકમાંજ રહેલા નગરમાં જઈને આનંદપૂર્વક રહેવા લાગ્યા.

હવે દૃષ્ટાંતની ઘટના આ પ્રમાણે—સંસાર એ જ સમુદ્રમાં તેનાં દુઃખથી પીડાયેલો જીવ તરવા માટે કંઈક શોધે છે. શુભ કર્મના ઉદયથી સમ્યક્ત્વરૂપી પાટીયું મેળવી ઉપર આવીને તરવા માંડે છે પણ તે વખતે મોહરૂપી વાવંટોળ લાગવાથી ફરી પાછો સંસાર રૂપ સમુદ્રમાં પડી ગયો. આ રીતે સંસારમાં ભયંકર કષ્ટો સહન કરતો કરતો અને સતત પ્રયત્નવાળો રહેતો ફરી સમ્યકત્વ રૂપી પાટીયાની મદદથી બહાર આવી તરવા માંડે છે, તે વખતે કેવલ જ્ઞાનરૂપી કાંઠે રહેલા મનુષ્યરૂપ અરિહંત દેવ એમ કહે છે કે—

"હે ભવ્યજીવ! આ બારવ્રતરૂપ નાવનો તું સ્વીકાર કર. એમ અનુક્રમે સાંકળરૂપ સંયમ ગ્રહણ કરીને કેવલ જ્ઞાન રૂપી કાંઠે આવ (એટલે કે ચાર ઘાતી કર્મનો વિનાશ કરી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કેવલ જ્ઞાનને ધારણ કર) તેથી મોક્ષરૂપ નગરમાં જઈને અનંત સુખવાળા આપણે બંને થઈએ.”

તે પુરુષ પૂર્વે કહ્યા પ્રમાણે મહાન્ કષ્ટે સાધના કરતો કરતો કેવલજ્ઞાન રૂપી કાંઠે આવીને બાકીનાં પણ કર્મોનો ક્ષય કરીને અનંત સુખમય સિદ્ધગતિરૂપી નગરીને પામ્યો.

આ દૃષ્ટાન્ત કહેવાનું પ્રયોજન એ જ છે કે—જે જીવ ઘોરદુઃખ આપનાર ગૃહસ્થાશ્રમને છોડીને સાધુપણાને સ્વીકારતો નથી, ત્યાં સુધી શુદ્ધપરિણામ રૂપ શ્રેણિ ઉપર ચઢવું, અતિકઠિન છે, તે કારણથી હે ભવ્યપ્રાણી! શક્તિ મુજબ દેશવિરતી—શ્રાવકવ્રત કે સર્વવિરતિ—સાધુવ્રતને અંગીકાર કરીને માનવભવની સફર કર કે જેથી તું ભવોભવમાં સુખી થઇશ.

આમ અનેક રીતે ઉપદેશ આપી, ગુરુ ભગવંત અટકયા.

આનંદ આપનાર અને ભવનો નાશ કરનાર દેશના સાંભળી કેટલાંક ભવ્ય પ્રાણીઓએ દેશવિરતિ—શ્રાવકધર્મ અંગીકાર કર્યો. કેટલાક ભવ્ય પ્રાણીઓએ સાધુ ધર્મ—પાંચ મહાવ્રત અંગીકાર કર્યાં.

ભવભીરૂ મોહજિત રાજાએ પણ સંસારને બંધન સ્વરૂપ માનીને શાર્દૂલ નામના પોતાના પુત્રને રાજ્ય આપીને—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચારિત્રરત્ન જેવું બીજું કોઇ રત્ન નથી,
ચારિત્રધન જેવું બીજું કોઇ ધન નથી,
ચારિત્રના લાભ જેવો બીજો કોઇ મોટો લાભ નથી,
અને ચારિત્રરૂપી યોગથી મહાન કોઈ યોગ નથી

આવા લક્ષણવાળા ચારિત્રને ગ્રહણ કરી જેણે ઉત્કટ ભાવથી એક દિવસનું પણ જેણે સંયમ પાળ્યું હોય તે જીવ મોક્ષે જાય છે. કદાચ કાળપ્રભાવે મોક્ષ ન મળે તો પણ દેવતાઓમાં પણ વિશિષ્ટ કોટિના વૈમાનિક દેવપણાને અવશ્ય પામે જ છે.

આ પ્રમાણે ચારિત્રની અતિમહાનતા જાણીને અનુક્રમે તે મોહજિત રાજા ગીતાર્થ થયા. ત્યારે ગુરુ ભગવંતની આજ્ઞા મેળવી ગામેગામ વિહાર કરી ભવ્યજીવોને પ્રતિબોધ પમાડી અને એ રીતે જૈનધર્મનો અલૌકિક પ્રભાવ પાડીને અંતે—

"ક્ષમારૂપી માંકડીવાવી ધીરજરૂપી હાથાવાળી, મનરૂપી ખીલાવાળી, આ તપરૂપી ઘંટી, કર્મરૂપી ધાન્યને પીસી નાખે છે."

આવા લક્ષણવાળી તપશ્ચર્યા કરીને સમાધિપૂર્વક મરણ પામી સદ્ગતિને ભજનારા થયા—પામ્યા.

## શ્રી મોહજિત ચરિત્ર સમાપ્ત

(પ્રશસ્તિ પાછળના પાને છે)

P.P. Ac. Gunratnasuri M.S.                Jun Gun Aaradhak Trust

## [પ્રશસ્તિ]

કોટા નામના શ્રેષ્ઠ નગરમાં—વીર સંવત્ ૨૪૩૯ ના શુભ વર્ષમાં આ મોહજિત રાજાનું ચરિત્ર મેં મારી બુદ્ધિ પહોંચી તે રીતે રચ્યું છે.

તે શ્રી વીરભગવાનના શાસન – રાજ્યમાં ત્રણેય લોકના સિંધુ સમાન ગણનાનાયક ગુરુ ભગવંત થયા તેમના સામ્રાજ્યમાં રહીને ઉર્જ માસની સુદ ૧૫ ના દિવસે આ ગ્રંથ સમાપ્ત થયો.

અમારો ગચ્છ ખરતર નામનો છે. જે ગચ્છમાં ગુણસમુદાયથી યુક્ત સુખસાગર નામે થયા તેમના સમુદાયમાં હું નિવાસ કરૂં છું અને તેમાં મારા ગુરુ ગુણોથી ભરપૂર પૂર્ણસાગર નામે થયા.

શ્રમણપણાને અનુસરતા તેમના શિષ્ય ક્ષેમસાગર નામે મેં મારી બૌદ્ધિક શક્તિ અનુસાર ભવ્ય જીવોનાં બોધ માટે આ ચરિત્ર રચ્યું છે.

બુદ્ધિમાનો માટે ઘણા વિસ્તારથી સર્થ

ઇત્યલમ્

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust